| | |
|---|---|
| આંક | : |
| રજૂ તારીખ | : ૧૭–૦૭–૨૦૨૧ |
| દાખલ તારીખ | : ૧૭–૦૭–૨૦૨૧ |
| નિકાલ તારીખ | : ૩૦–૦૩–૨૦૨૪ |
| સ મ ય | : ૦૨–૦૮–૧૩<br>વર્ષ–માસ–દિવસ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટીફીકેશન નંબર – C-2001-93 તારીખ : 20-05-2022 ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**મહુવાના એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ, મહુવા, જિ.ભાવનગર.**

**(ચુકાદાની તારીખ :– ૩૦/૦૩/૨૦૨૪)**

**સેશન્સ કેસ નં.– ૧૫/૨૦૨૧**

**-: FORM-A :-**

| **એફ.આઈ.આર.ની વિગતો / ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | મહુવા પોલીસ સ્ટેશન |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી :– પરેશભાઈ પ્રેમજીભાઈ સેંતા) |
| **વિ.એ.પી.પી.શ્રી** | સ્પે.પી.પી.શ્રી એમ.આર.જોષી |
| **આરોપી** | (૧) સાગરભાઈ મગનભાઈ ગોહીલ,<br>ઉ.વ.૩૦, ધંધો–કડીયાકામ,<br>રહે. બારપરા, રામ પાસ રહો મંદિર વાળો ખાંચો, મહુવા |

| | |
|---|---|
| આરોપી તરફે વિ.વ.શ્રી | ડી.જે.દસાડીયા |

## -: FORM-B :-

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તારીખ : ૦૭/૦૫/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | તારીખ : ૦૭/૦૫/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | તારીખ : ૨૩/૦૬/૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તારીખ : ૨૮/૦૯/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તારીખ : ૧૮/૦૨/૨૦૨૨ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખ | તારીખ : ૩૦/૦૩/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | તારીખ : ૩૦/૦૩/૨૦૨૪ |
| સજા હુકમની તારીખ જો કોઈ હોય તો | તારીખ : ૩૦/૦૩/૨૦૨૪ |

<u>આરોપીઓની વિગત :–</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ. પ્રો. કોડની કલમ – ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સાગરભાઈ મગનભાઈ ગોહીલ | ૦૭/૦૫/ ૨૦૨૧ | – | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) | કસુરવાર | ઈ. પી. કો. કલમ – ૩૦૬ ના ગુના સબબ ૧૦ (દસ) વર્ષની | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સખત<br>કેદની સજા<br>તથા<br>ઈ. પી. કો.<br>કલમ –<br>૫૦૬(૨)<br>ના ગુના<br>સબબ<br>૩(ત્રણ)<br>વર્ષની<br>સખત<br>કેદની સજા | |

## -: FORM-C :-

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (A) ફરીયાદપક્ષ તરફે :–

### –: મૌખિક પુરાવાઓ :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | પરેશભાઈ પ્રેમજીભાઈ સેતા | ફરીયાદી | ૧૭ |
| ૨ | ડો. પ્રફુલભાઈ મોહનભાઈ સોલંકી | મેડીકલ ઓફીસર | ૨૧ |
| ૩ | ડો. દિનેશ ઘુસાભાઈ કુચા | મેડીકલ ઓફીસર | ૨૯ |
| ૪ | શામજીભાઈ છગનભાઈ સેતા | સાહેદ | ૩૩ |
| ૫ | વિજયભાઈ દેવજીભાઈ ઢેઢી | સાહેદ | ૩૯ |
| ૬ | મુકેશભાઈ અરજણભાઈ સોલંકી | પંચ | ૪૪ |
| ૭ | શૈલેષભાઈ ધીરુભાઈ સેતા | સાહેદ | ૪૯ |
| ૮ | રમેશ ધીરુભાઈ સેતા | સાહેદ | ૫૭ |
| ૯ | જાગૃતીબેન પ્રેમજીભાઈ સેતા | સાહેદ | ૬૪ |
| ૧૦ | મહેશકુમાર મનુભાઈ વડગામા | સાહેદ | ૬૬ |
| ૧૧ | વિજયભાઈ મનસુખભાઈ દેસાઈ | પંચ | ૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ધીરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા | ફરીયાદ દાખલ કરનાર | ૭૯ |
| ૧૩ | યજ્ઞેશકુમાર પ્રવિણચંદ્ર વ્યાસ | ત.ક.અ. | ૮૫ |
| ૧૪ | હિતેષભાઈ જયંતીલાલ ત્રિવેદી | સાહેદ | ૧૨૮ |

## (B) બચાવપક્ષના સાહેદો :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## (C) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ

## (A) ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૮ |
| ૨ | સુસાઈડ નોટ તથા અન્ય કાગળો | ૧૯ |
| ૩ | પી.એમ. કરવા માટેની યાદી | ૨૨ |
| ૪ | એફ. એસ. એલ. અહેવાલ | ૨૩ |
| ૫ | પી.એમ. નોટ | ૨૪ |
| ૬ | સેમ્પલ સીલ અંગેનું પ્રમાણપત્ર | ૨૫ |
| ૭ | પી. આઈ. મહુવાને કરેલ લેખીત યાદી | ૩૦ |

| | | |
|---|---|---|
| ૮ | સારવાર સર્ટી. | ૩૧ |
| ૯ | કેસ પેપર્સ | ૩૨ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૭ |
| ૧૧ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૪૦ |
| ૧૨ | આરોપીનું અટક પંચનામુ | ૪૧ |
| ૧૩ | વિશેરા તથા કપડા કબજે કર્યાનું પંચનામુ | ૪૫ |
| ૧૪ | ચોપડાનું લખાણ | ૫૦, ૫૧ |
| ૧૫ | મહુવા પો.સ્ટે.માં અગાઉ થયેલ ફરીયાદની નકલ | ૫૮ |
| ૧૬ | એફ. એસ. એલ. પહોંચ | ૬૭ |
| ૧૭ | હસ્તાક્ષર નિષ્ણાંતને કરેલ યાદીઓ | ૬૮, ૬૯ |
| ૧૮ | પૃથ્થકરણ અહેવાલ | ૭૦ |
| ૧૯ | અભિપ્રાયના વૈજ્ઞાનિક કારણો | ૭૧ |
| ૨૦ | મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ | ૭૫ |
| ૨૧ | પંચ સ્લીપ | ૭૬ |
| ૨૨ | એકઝી. મેજી.શ્રીને કરેલ યાદી | ૮૦ |
| ૨૩ | મરણોતર ફોર્મ | ૮૧ |
| ૨૪ | તપાસનો હુકમ | ૮૨ |
| ૨૫ | ફેકસ મેસેજ | ૮૩ |
| ૨૬ | સ્ટે. ડાયરીની નકલ | ૮૪ |
| ૨૭ | એમ.એલ.સી. યાદી | ૮૬ |
| ૨૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૮૭ |
| ૨૯ | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૮૮ |
| ૩૦ | સારવાર સર્ટી. મેળવવા અંગેની યાદી | ૮૯ |
| ૩૧ | પી.એમ. રીપોર્ટ મેળવવા કરેલ યાદી | ૯૦ |
| ૩૨ | કોલ ડીટેઈલ મેળવવા અંગેની યાદી | ૯૧ |

| | | |
|---|---|---|
| ૩૩ | રવાનગી નોંધ | ૯૨ |
| ૩૪ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૯૩ |
| ૩૫ | રવાનગી નોંધ | ૯૪ |
| ૩૬ | એફ. એસ. એલ. પહોંચ | ૯૫ |
| ૩૭ | કોલ ડીટેઈલ | ૯૬ |
| ૩૮ | તપાસના કાગળો | ૯૭ |
| ૩૯ | ચેપ્ટર કેસના કાગળો | ૯૮ |
| ૪૦ | એકઝી. મેજી.ને કરેલ યાદી | ૯૯ |
| ૪૧ | મહુવા પો.સ્ટે.માં કરેલ અરજી | ૧૦૦ |
| ૪૨ | એફ. એસ. એલ. જુનાગઢને કરેલ યાદી | ૧૦૧ |
| ૪૩ | એફ.એસ.એલ. પત્ર | ૧૦૨ |
| ૪૪ | સીલના નમુનાનો ફોરવર્ડીંગ | ૧૦૩ |
| ૪૫ | હસ્તાક્ષર નિષ્ણાંતને પ્રમાણપત્ર આપવા કરેલ પત્ર | ૧૦૪ |
| ૪૬ | એફ.એસ. એલ. રીપોર્ટ મોકલવા કરેલ યાદી | ૧૦૫ |
| ૪૭ | પૃથ્થકરણ કર્યા સબંધે ફોરવર્ડીંગ | ૧૦૬ |
| ૪૮ | કલમ – ૬૫(બી) અન્વયે આપેલ સર્ટી. | ૧૦૭ |
| ૪૯ | એનાલીસીઝ અંગે કરવામાં આવેલ સીડી | ૧૨૯ |
| ૫૦ | ડી.એફ.એસ.માંથી આવેલ સીડી | ૧૩૧ |

**(B) <u>બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સીડીમાંથી તૈયાર કરેલ ઈમેજીસ | ૧૧૦ થી ૧૨૩ |

**(C) <u>કોર્ટના સાહેદ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u> :–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**–: <u>ચુકાદો</u> :–**

૧. આ કામે કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી, ફરીયાદીના ઘર પાસે રહેતા હોય આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેઓની સાથે પ્રેમ સંબંધ રાખવા અને વાત કરવા માટે દબાણ કરતા હતા અને તે બાબતે ફરીયાદીના બહેને ના પાડી દીધેલ તો આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી, હેરાન પરેશાન કરી તેમજ ફરીયાદીના પરીવારના સભ્યોને પણ હેરાન પરેશાન કરી માનસીક ત્રાસ આપી, ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર)ને મરવા મજબુર કરી, આરોપીના ત્રાસના કારણ કંટાળી જઈ ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર) ગઈ તા.૦૭–૦૫–૨૦૨૧ ના કલાક ૦૫:૦૦ દરમ્યાન એસીડ પી સારવાર દરમ્યાન મરણ જતા, આરોપીએ ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે.

આ કામે ફરીયાદીએ મહુવા પો. સ્ટે. ખાતે પોતાની ફરીયાદ જાહેર કરતા જે અન્વયે મહુવા પો. સ્ટે. પાર્ટ–એ ગુન્હા રજી. નં.– ૩૭/૨૦૨૧ થી ગુન્હો દાખલ કરી ત.ક.અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, આરોપી વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબના ગુન્હાનું ચાર્જશીટ એડી. ચીફ જ્યુડી. મેજી., મહુવા સમક્ષ દાખલ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ આ કેસ ચલાવવાની સતા સેશન્સ કોર્ટને હોય આ કેસ અત્રે કમીટ થઈને આવતા આ કેસને સેશન્સ કેસ નં.– ૧૫/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ આંક–૮ થી આરોપી વિરૂધ્ધમાં ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનું તહોમતનામુ ફરમાવેલ છે. તે સબંધે આરોપીનું આંક–૯ થી નિવેદન લેતા આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. **<u>:: આરોપીનું વધારાનું નિવેદન ::</u>**

પ્રોસીકયુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે સી. આર. પી. સી. કલમ : ૩૧૩ ની જોગવાઈ અનુસાર આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરતાં આરોપીએ પોતાના વધારાના નિવેદનથી ફરિયાદપક્ષના મોટા ભાગના તમામ પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી વધુમાં તેઓ નિર્દોષ છે. તેઓની ઉપર ખોટા આક્ષેપો કરી કેસ કરવામાં આવેલ છે. મરનારને અને તેઓને ખુબ પ્રેમ હતો, મરનારના મોતનુ તેઓને અનહદ દુ:ખ છે. મરનારના ઘરે તેઓના સબંધની જાણ થયા પછી તેને તકલીફ ન પડે તે માટે તેઓની વચ્ચે કોઈ સંપર્ક ન હતા, તે સંપર્ક કરે ત્યારે જ તેઓને તેને જવાબ આપવાનો હતો, તમામ આક્ષેપો ખોટા છે. વધુમાં તેઓ પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનું અને બચાવના સાહેદ પણ તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરતા તેમના તરફે કોઈ પુરાવો ન હોય, હાલના કામે બન્ને તરફે દલીલ સાંભળી હાલનું કામ ચૂકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૪. આરોપી સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ઘ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી, ફરીયાદીના ઘર પાસે રહેતા હોય આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેઓની સાથે પ્રેમ સંબંધ રાખવા અને વાત કરવા માટે દબાણ કરતા હતા અને તે બાબતે ફરીયાદીના બહેને ના પાડી દીધેલ તો આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી, હેરાન પરેશાન કરી તેમજ ફરીયાદીના પરીવારના સભ્યોને પણ હેરાન પરેશાન કરી માનસીક ત્રાસ આપી, ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર)ને મરવા મજબુર કરી, આરોપીના ત્રાસના કારણ કંટાળી જઈ ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર) ગઈ તા.૦૭–૦૫–૨૦૨૧ ના કલાક ૦૫:૦૦ દરમ્યાન એસીડ પી સારવાર દરમ્યાન મરણ જતા, આરોપીએ ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે ::

:૧: હકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

૬. **મુદ્દા નં.૧ ના નિર્ણય માટેના કારણો ::**

૬.૧) **પુરાવાનો બોજો ::**

હાલના કામે મુદ્દા નં.–૧ ના સ્વરૂપને ધ્યાને લેતાં આરોપી, ફરીયાદીના ઘર પાસે રહેતા હોય આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેઓની સાથે પ્રેમ સંબંધ રાખવા અને વાત કરવા માટે દબાણ કરતા હતા અને તે બાબતે ફરીયાદીના બહેને ના પાડી દીધેલ તો આરોપીએ ફરીયાદીની બહેન ભાવનાબેન (મરણજનાર)ને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી,

હેરાન પરેશાન કરી તેમજ ફરીયાદીના પરીવારના સભ્યોને પણ હેરાન પરેશાન કરી માનસીક ત્રાસ આપી, ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર)ને મરવા મજબુર કરી, આરોપીના ત્રાસના કારણ કંટાળી જઈ ફરીયાદીના બહેન ભાવનાબેન (મરણજનાર) ગઈ તા.૦૭–૦૫–૨૦૨૧ ના કલાક ૦૫:૦૦ દરમ્યાન એસીડ પી સારવાર દરમ્યાન મરણ જતા, આરોપીએ ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય તેવી બાબતે પુરતા અને નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષના શીરે રહેલ છે.

## ૭. <u>દલીલોનો ટૂંકસાર ::</u>

૭.૧) આ કામે મુદ્દા નં.–૧ સબંધે ફરીયાદપક્ષના મુળ ફરીયાદીના વિ.વ.શ્રી કે.એસ.ગઢાદરાએ આંક–૧૩૯ થી તેઓની લેખીત દલીલો રજુ રાખેલ છે અને તે વંચાણે લેવામાં આવેલ છે તથા તેજ રીતે સ્પે. એ. પી. પી. શ્રી એમ.આર.જોષી દવારા મૌખિક દલીલો રજુ કરવામાં આવેલ છે તેની ટુંકમાં હકીકત એવી છે કે, પરેશભાઈ પ્રેમજીભાઈ શેતાની આંક–૧૭ ની સરતપાસની જુબાની રીફર કરેલ છે તેમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જે આંક–૧૮ થી રજુ કરેલ છે તેને પણ સ્પષ્ટપણે સમર્થન આપેલ છે અને સરતપાસમાં અને ફરીયાદમાં જે બનાવ તા.૦૭/૦૫/૨૧ ના રોજ સવારે પાંચ વાગ્યે તેના ઘરે બનેલો અને તે વખતે ભાવનાબેન એસીડ પી ગયેલા અને તેને જીવવુ નથી અને આરોપી તેની સાથે વાત કરવા માટે અવાર નવાર ધમકી આપે છે અને વાત ન કરે તો ભાઈને મારી નાખવાની ધમકી આપે છે અને તેના ત્રાસના કારણે કંટાળી એસીડ પીધેલ છે તેને સમર્થન કરેલ છે અને આ હકીકત ફરીયાદમાં જણાવેલ છે તથા પ્રેમ સંબધ રાખવા દબાણ કરતો હતો અને એસીડ પીધા પછી ભાવનાબેનને મોટર સાયકલ ઉપર ડો. કુંચા સાહેબને ત્યાં લઈ ગયેલા અને ત્યાં

આગળ સારવાર દરમ્યાન તે મરણ ગયેલા અને તેની લાશને મહુવા સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને ત્યારબાદ પી.એમ. કરેલુ તે હકીકતને સમર્થન આપેલ છે અને આંક–૧૯ થી સ્યુસાઈડ નોટને સમર્થન આપેલ છે અને રમેશભાઈ ધીરુભાઈએ જે આરોપી સાગર વિરૂધ્ધ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ તેને પણ સમર્થન આપેલ છે જે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. આમ, ફરીયાદના પેરા નં.–૯ માં ફરીયાદી દવારા એવુ જણાવેલ છે કે, આરોપી સામે રમેશભાઈએ તા.૨૦–૦૪–૨૧ ના રોજ ફરીયાદ આપેલ છે જે આંક–૯૭ થી રજુ કરેલ છે અને તેના સાહેદ રમેશભાઈ ધિરુભાઈ સાહેદ નં.–૮ ને આંક–૫૭ થી તપાસેલ છે અને તેમા આ હકીકતને સમર્થન આપેલ છે.

ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ શેતાની ઉલટતપાસમાં પેજ નં.–૬ પેરેગ્રાફ નં.–૧૪ માં એવી હકીકતો કબુલ કરેલ છે કે, મારાભાઈ અને સાગરભાઈ સાથે પહેલો ઝઘડો તા.૨૦–૦૪–૨૧ ના રોજ થયેલો તે ઝઘડો ફેબ્રુઆરી મહીનામાં થયેલો કે કેમ તે મને યાદ નથી. પરંતુ સદર સાહેદની જુબાની જોઈએ તો તે તા.૨૦–૦૪–૨૧ ના રોજ રમેશભાઈએ ફરીયાદ આપેલ છે તેને સમર્થન આપેલ છે. વધુમાં સદરહુ સાહેદની ઉલટતપાસમાં પેજ નં.–૬ પેરા નં.–૧૪ ના પ્રથમ લાઈનમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, ૨ ફેબ્રુઆરી – ૨૦૨૧ પહેલા અમારા કુટુંબ અને આરોપીના કુટુંબ વચ્ચે સારા સબંધ હતા. એ વાત ખરી છે કે, માર્ચ – ૨૦૨૧ થી અમારા અને આરોપી સાગરના કુટુંબ સાથેના સબંધો ખરાબ થયેલા અને ફેબ્રુઆરી–૨૦૨૧ થી આરોપી સાગર સાથે બોલવાનો કોઈ સબંધ ન હતો.'' આ અનુસંધાને જોઈએ તો બનાવ તા.૦૭–૦૫–૨૧ ના રોજ બનેલ છે અને તે પહેલા ફેબ્રુઆરી–૨૧ થી સબંધો પુરા થઈ ગયેલ છે.

આરોપી તરફે વોટસએપ મેસેજનો સ્ક્રીન શોટ રેકર્ડ પર લાવવામાં આવેલ છે. તે સ્ક્રીન શોટના મેસેજ ફેબ્રુઆરી – ૨૦૨૧ પહેલાના છે તેથી આ સ્ક્રીન શોટ મેસેજ આ બનાવ અનુસંધાને ધ્યાને લઈ શકાય નહી. એ. પી. પી. શ્રી દવારા વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, કોઈપણ સ્ત્રી પોતે પોતાનુ કેરેકટર ખુલ્લુ કરીને આરોપીને સંડોવવા ખોટા પ્રયત્નો કરી શકે નહી. આઈ.પી. સી. ની કલમ – ૧૦૭ મુજબ દુષ્પ્રેરણા માટે તે હકીકત સહન કરવા માટે શકિત દરેક વ્યકિતની જુદી જુદી હોય છે. નામદાર કોર્ટ દવારા આરોપી સામે ઈ. પી. કો. કલમ – ૫૦૬(૨) નો કલમનો ઉમેરો તપાસ કરનાર અધિકારીની અરજીથી કરેલ છે. પરેશભાઈની જુબાની જોતા સદરહું સાહેદ જે બનાવ અંગેની હકીકત જણાવે છે તે બનાવની હકીકતો સાચી જણાવે છે અને ખોટી જણાવતો નથી તે હકીકત સ્પષ્ટપણે જણાય છે. એ. પી. પી. શ્રી વધુમાં દલીલમાં જણાવે છે કે, મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ વિજયભાઈએ મોબાઈલની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને તે આંક–૭૫ થી સાબિત કરેલ છે. ધીરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા સાહેદનં.–૧૨ ફરીયાદ લેનાર પોલીસ અધિકારી છે અને ઈન્કવેસ્ટ પંચનામુ પણ સદરહુ અધિકારીએ કરેલ છે જે આંક–૪૦ થી આ કામે રજુ કરેલ છે. સદરહુ સાહેદ ધીરેન્દ્રસિંહ ઝાલાની જુબાની જોઈએ તો તેણે આ કામે ફરીયાદ લીધેલ છે અને આંક–૧૮ ની ફરીયાદને સમર્થન આપેલ છે. સદરહું સાહેદની ઉલટતપાસમાં સદરહું સાહેદે એવી હકીકત કબુલ કરેલ છે કે, પો.સ્ટે.માં સવારે ૬:૦૦ વાગ્યે વર્ધી આવેલી અને તે વર્ધી ડો. કુંચા તરફથી આવેલી અને આ હકીકત ડો. કુંચાને ફરીયાદપક્ષે તપાસેલ છે તેમા આંક–૨૯ થી સમર્થન આપેલ છે. વધુમાં ઉલટતપાસમાં એવો પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, ''એ વાત ખરી છે કે, કુંચા સાહેબે આજરોજ તા.૭–૫–૨૧ ના રોજ શુક્રવાર સમય ૫:૩૦ એ.એમ. એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે.'' અને તે

અનુસંધાને સદરહુ સાહેદે હા પાડેલ છે અને તે યાદી આંક–૩૦ થી ડો. કુંચા સાહેબે રજુ કરેલ છે અને ડો. કુંચાની જુબાનીના પેરા નં.–૪ જોઈએ તો તેમા તેમણે એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, મે કેસ પેપર્સમાં જે માહીતી લખેલ છે તે તેમના સગાના લખાવ્યા મુજબની લખેલ છે.'' ઉપરોકત બંને સાહેદની જુબાની જોતા એ હકીકત સ્પષ્ટ જણાય છે કે, જે આંક–૩૦ ની યાદીમાં જે હકીકતો લખેલ છે તે મરનારે લખાવેલ નથી. સાહેદ નં.–૧૩ યજ્ઞેશ પ્રવિણચંદ વ્યાસને ફરીયાદપક્ષે તપાસ કરનાર અધિકારી તરીકે આંક–૮૫ થી તપાસેલ છે તેમા તેમણે બનાવની હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને પુરતો પુરાવો હોવાથી આરોપી સામે ચાર્જશીટ કરેલ. આ સાહેદની સરતપાસમાં તેમણે આંક–૮૬ થી આંક–૧૦૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે. સદરહું તપાસ કરનાર અધિકારીએ આંક–૩૦ ની યાદી ડો. કુંચા સાહેબે આપેલ છે તેને સમર્થન આપતો પુરાવો સદરહુ સાહેદે આપેલ છે. આંક–૩૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામા અંગે સદરહું સાહેદની જુબાની જોઈએ તો તેમા સાંજે ૫:૦૦ વાગ્યે બનાવવાળી જગ્યાના પંચનામા કરેલ હોવાની હકીકતને ઉલટતપાસમાં સમર્થન આપેલ છે. સાહેદ નં.–૯ જાગૃતીબેનની જુબાની જોઈએ તો તેણે પોતાની સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેણે મરનારની સ્યુસાઈડ નોટ રજુ કરેલ છે તે સંદર્ભે તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ જોઈએ તો પેરા નં.–૨૭ માં ''એ વાત ખરી છે કે, સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ જાગૃતીબેને રજુ કરેલ છે.'' જાગૃતીબેન સાહેદે પોતાની સરતપાસમાં એવુ પણ જણાવેલ છે કે, સ્યુસાઈડ નોટ મરનારે સંચા પાસે મુકેલ છે તે હકીકત અંગે તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ પેજ નં.–૫ પેરા – ૨૭ માં એવી હકીકત એડમીટ કરેલ છે કે, ''એ વાત ખરી છે કે,

જાગૃતીબેનને મરનારે એવુ જણાવેલ છે કે, સંચા પાસે તેમણે સ્યુસાઈડ નોટ મુકેલ છે તેવુ તેમની તપાસમાં ખુલેલ છે.'' અને વધુમાં તેમણે એવી હકીકત કબુલ કરેલ છે કે, ''મરનારે જાગૃતીબેન અને તેમના કુટુંબીજનોને તેણે તહોમતદારના ત્રાસથી એસીડ પીધેલ છે તેવુ જણાવેલ છે.'' ઉપરોકત હકીકતોથી એ હકીકત સાબિત થાય છે કે, મરનારે આરોપીના ત્રાસથી એસીડ પી આપઘાત કરેલ છે. વધુમાં એ. પી. પી. શ્રી દવારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે હેન્ડરાઈટીંગ એક્ષપર્ટનો ઓપીનીયન માટે સાહેદ નં.–૧૦ તરીકે મહેશભાઈ મનુભાઈ વડગામાને આંક–૬૬ થી તપાસેલ છે તેમા પણ તેમણે પારા નં.–૪ માં જે કુદરતી દસ્તાવેજો આંક–૫૦ અને ૫૧ થી રજુ કરેલા છે અને આંક–૫૯ થી સ્યુસાઈડ નોટ રજુ કરેલ છે તેનુ પરીક્ષણ તેઓએ કરેલ છે તેમા આંક–૭૦ અને ૭૧ થી તેમણે જે અભિપ્રાય રજુ કરેલો છે તેમા ગુજરનાર ભાવનાબેનના જ હસ્તાક્ષર સ્યુસાઈડ નોટ અને તેના કુદરતી લખાણના અક્ષરો મેચ ખાય છે અને તેના જ છે તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે જે સ્યુસાઈડ નોટ આંક–૧૯ થી રજુ કરેલ છે તેને પુરેપુરુ સમર્થન મળે છે. તેથી તેનાથી પણ આરોપીએ પ્રેમ સબંધ બાંધવા માટે દુ:ખ ત્રાસ આપેલ છે તે હકીકત સાબિત થાય છે અને તેના કારણે ભાવનાબેને એસીડ પી લીધેલ છે અને આપઘાત કરેલ છે તે હકીકતને સમર્થન મળે છે. આ કામે એ. પી. પી. શ્રી દવારા એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ પોતાની ઉલટતપાસમાં પેરા નં.–૨૮ માં એવી હકીકત જણાવેલ છે કે, ''એસીડ પીધા પછી મરનાર બોલવા માટે સક્ષમ હતા કે કેમ તે બાબતે તપાસ કરવી જરૂરી જણાયેલી. તો તેના અનુસંધાને સદર સાહેદે હા પાડેલ છે અને આ હકીકત અનુસંધાને પી.એમ. કરનાર ડો. પ્રફુલ મગનભાઈ સોલંકીની આંક–૨૧ ની જુબાની જોવામાં આવે તો તેણે ઉલટતપાસ પછી જે નોંધ લખાવેલ છે તે જોઈએ તો તેમા તેણે એવી

હકીકત લખાવેલ છે કે, ''મને ફોરેન્સીક એકસપર્ટની બુક બતાવી સલ્ફ્યુરીક એસીડ અને હાઈડ્રોકલોરીક એસીડના સવાલો જે પુછેલા છે તેના જવાબો બુક એસેન્સીયલ ઓફ ફોરેન્સીક મેડીકન અને ટોકસીકોલોજી બાય કે. એસ. નારાયણ રેડીની બુકમાં થી બતાવેલ છે અને તે બુક મુજબ મે જવાબ આપેલ છે.'' ઉપરોકત હકીકત અંગે એ. પી. પી. શ્રી દલીલમાં જણાવે છે કે, એસીડ પીધા પછી પણ મરનાર બોલવા માટે સક્ષમ હતા તે સાબિત થાય છે. વધુમાં આંક–૧૩૩ થી તે આરોપીપક્ષ સીડી માં વોટસએપ મેસેજીસ રજુ કરવા માટેની અરજી તા.૧૮–૧૨–૨૨ ના રોજ આપેલ છે પરંતુ આ વોટસએપ મેસેજીસને ત.ક.અ.ની ઉલટતપાસમાં આંક–૧૧૦ થી ૧૨૩ આપેલ છે. આ વોટસએપ મેસેજના સ્ક્રીન શોટ રજુ કરેલ છે પરંતુ ચેટ રજુ કરેલ નથી અને આ વોટસએપ મેસેજ બાલો નામના વ્યકિતના રજુ કરેલ છે અને તેનો સ્ટેટસ ફોટો જે આરોપીનો નથી. તેથી આ વોટસએપ મેસેજીસના સ્ક્રીનશોટ કોઈપણ રીતે સાબિત થતા નથી. ફરીયાદપક્ષ દવારા સાહેદનં.–૮ આંક–૫૭ થી રમેશભાઈ ધીરુભાઈ સેતાને તપાસેલ છે અને તેમની સરતપાસ રીફર કરેલ છે અને તેના સરતપાસના પારા નં.–૩ અને ૫ નામદાર કોર્ટના ધ્યાન પર લાવેલ છે જેમા પણ ભાવનાબેને આરોપી સાગરના ત્રાસથી કંટાળીને એસીડ પી ગયેલ છે તે હકીકતને સમર્થન આપેલ છે તથા બનાવ પહેલા મોડી રાત સુધી શેરીમાં તેમના ઘરની સામે બેસી રહેતો, બકવાસ કરતો તેથી પણ અને અવાર નવાર હેરાન કરતો હતો અને પ્રેમ સબંધ રાખવા દબાણ કરતો હતો તેથી ભાવનાબેને ચોખ્ખી ના પાડી દીધેલી તેથી સદર સાહેદે સાગર વિરૂધ્ધ પો.સ્ટે.માં અરજી કરેલી ત્યારપછી પણ તા.૨૦/૦૪/૨૧ ના રોજ તેણે પોતે અરજી કરેલી તેથી તેની દાઝ રાખી મહુવા બંદર રોડ ઉપર તેના મિત્રની મદદથી લાકડી અને છરી વડે માર મારેલ અને પગે અને જમણા હાથે કોણી પાસે ઈજા કરેલી તેની પણ મહુવા પો.સ્ટે.માં

આંક–૫૮ થી સાગર વિરૂધ્ધ ફરીયાદ કરેલી તે હકીકતને પણ સમર્થન આપેલ છે તથા પેરા નં.–૫ મા ડો. કુચાને ત્યાં સારવાર આપેલ છે અને ત્યાં ભાવનાબેન મરણ ગયેલ છે તથા હાલના સાહેદે પણ સ્યુસાઈડ નોટને સમર્થનકારી પુરાવો આપેલ છે તેને ધ્યાને લેવા અરજ કરેલ છે અને આ ડો. કુંચા સાહેબને આંક–૨૯ થી તપાસેલ છે તેમા પણ તેમણે સમર્થન આપતો પુરાવો આપેલ છે. સાહેદ નં.–૩ આંક–૨૯ થી ડો. દિનેશભાઈ કુંચાને ફરીયાદપક્ષે તપાસેલ છે જે પ્રથમ સારવાર કરનાર મેડીકલ ઓફીસર છે તેઓએ પણ ભાવનાબેન એસીડ પી જવાથી મૃત્યુ પામેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આંક–૩૦ થી ૩૨ ના દસ્તાવેજી પુરાવા સારવારને લગતા રજુ કરેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે. સાહેદ નં.–૨ ડો. પ્રફુલભાઈ મોહનભાઈ સોલંકીને આંક–૨૧ થી તપાસેલ છે અને તેમા પણ તેમણે ભાવનાબેનની લાશનુ પી.એમ. તેમણે કરેલ છે અને ભાવનાબેનની લાશને ઓળખી બતાવેલ છે તથા પેરા નં.–૧૦ અને ૧૧ એ. પી. પી. શ્રી દવારા રીફર કરવામાં આવેલ છે અને તેમા એફ. એસ. એલ. જુનાગઢનો પૃથ્થકરણ અહેવાલ વિષેરા રીપોર્ટને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને તેમા જણાવેલ છે કે, ભાવનાબેન દવારા એસીડ પી ગયેલ તેના કારણે મૃત્યુ પામેલ છે અને એફ. એસ. એલ. રીપોર્ટમાં દર્શાવેલ કે હાઈડ્રોકલોરીક એસીડનુ પરીણામ મૃત્યુ માટે હોઈ શકે તેવુ જણાવેલ તેથી સદરહું મેડીકલ ઓફીસરની જુબાનીમાં જે દસ્તાવેજી પુરાવા આંક–૨૨ થી આંક–૨૫ સુધીના રજુ કરેલ છે તે માનવાને કારણ રહે છે. વધુમાં ડો. પ્રફુલભાઈ મોહનભાઈ સોલંકી પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરની જુબાનીમાં ઉલટતપાસમાં જે નોંધ કરવામાં આવેલ છે અને જે મેડીકલ ઓફીસર દવારા સ્વૈચ્છાએ જણાવેલ છે તે તરફ કોર્ટનુ ધ્યાન દોરવામાં આવેલ છે કે, પી.એમ. નોટ રીફર કરીને સવાલો પુછેલા છે અને તેને ફોરેન્સીક એક્ષપર્ટની બુક

બતાવી અને સ્લ્ફુરીક એસીડ અને હાઈડ્રોકલોરીક એસીડના સવાલો પુછેલા છે તેના જવાબો બુક (ધી એસેન્સીયલ ઓફ ફોરેન્સીક મેડીસીડ અને ટોકસીકોલોજી બાય કે. એસ. નારાયણ રેડી) માથી બતાવેલ છે અને તે બુક મુજબ મે જવાબો આપેલા છે. આ નોંધને ઘ્યાન ઉપર લેવા અરજ કરેલ છે. એ. પી. પી. શ્રી દવારા વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, સાહેદ નં.–૪ શામજીભાઈ છગનભાઈ શેતાને આંક–૩૩ થી તપાસેલ છે અને તેઓએ જે પોતાની સરતપાસમાં પારા નં.–૨ માં જે હકીકતો જણાવેલ છે તેને સમર્થન આપતો પુરાવો રીફર કરેલ છે અને કોર્ટનુ ઘ્યાન દોરેલ છે કે, આરોપીના માનસીક ત્રાસથી આત્મહત્યા કરેલ છે તે હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે તેથી આ પુરાવાને માનવા માટે રજુઆત કરેલ છે. વધુમાં એ.પી. પી. શ્રી દવારા સદરહું સાહેદની ઉલટતપાસના પેજ નં.–૫ ઉપર કોર્ટનુ ઘ્યાન દોરેલ છે અને જણાવેલ છે કે, બીજા પંચ મનસુખભાઈને સ્થળ પર બોલાવેલ છે તેથી બંને પંચોની હાજરીમાં જે પંચનામુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપતો પુરાવો મળી રહે છે તથા પેજ નં.–૬ માં સ્યુસાઈડ નોટની ચીઠ્ઠી કયારે લખાયેલી તેનુ તેને જ્ઞાન નથી અને તે તેણે પહેલી વખત જોયેલી અને તે ચીઠ્ઠી રજુ થઈ તે તેની રુબરુમાં લખાયેલ નથી તેવી જે હકીકતો રેકર્ડ પર આવેલ છે તેનાથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે ફરીયાદપક્ષનો એવો કોઈ કેસ જ નથી કે જે પંચનામા વખતે ચીઠ્ઠી રજુ થઈ તે તેની રુબરુ લખાયેલ છે તેથી આ હકીકત કોઈ રીતે માનવાની રહેતી નથી પરંતુ સ્યુસાઈડ નોટ મળી આવેલ છે તે હકીકત માનવાને કારણ રહે છે. આમ ઉપરોકત સંજોગોમાં ત.ક.અ. તથા મુળ ફરીયાદી, મેડીકલ ઓફીસર, પી.એમ. કરનાર તથા સારવાર આપનાર તથા પંચોની જુબાની તથા જાગૃતીબેન તથા રમેશભાઈ અને શૈલેષભાઈની જુબાનીથી સ્પષ્ટપણે એ હકીકત સાબિત થાય છે કે, ભાવનાબેન આરોપીના ત્રાસના કારણે એસીડ પીને આપઘાત કરેલ છે તેથી

ઉપરોકત સંજોગોમાં પ્રોસી.પક્ષે પોતાનો કેસ સાબિત કરેલ છે અને આરોપી વિરૂઘ્ધ ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કરેલ છે જેથી આરોપીને મહતમમાં મહતમ સજા કરવા અરજ કરેલ છે.

વધુમાં દલીલના સમર્થનમાં નીચે મુજબના સાઈટેશન રજુ રાખેલ છે.

1. Bharwada Bhoginbhai Hirjibhai V/s State of Gujarat, 1983(0) aijel-sc-3468
2. State of Himachal Pradesh V/s Lekh Raj And Another, (2000)1 SCC 247

૭.૨) આ કામે આરોપી પક્ષે વિ.વ.શ્રીએ આંક–૧૪૩ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને તેની ટુંકમાં હકીકત એવી છે કે, મરનાર ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે અને આત્મહત્યા કરવામા આવેલ છે અને તેઓ પોતાના રુમમાં હતા અને ઉલ્ટી કરતા હતા તે વખતે જાગૃતીબેન ગયેલા અને તેમણે આ હકીકત જોયેલી અને ત્યાથી બધાને જાણ કરેલી અને ત્યારપછી ભાવનાબેનને ડોકટર કુંચા સાહેબને ત્યાં સારવાર માટે લઈ ગયેલા તે વખતે રસ્તામાં પણ આરોપીના કારણે આત્મહત્યા કરેલ છે અને જીવવા જેવુ રાખેલ નથી તેવી હકીકત જણાવીને તેણે આ હકીકત સ્યુસાઈડ નોટમાં જણાવેલ છે અને તે સીલાઈના સંચા આગળ મુકેલ છે તે હકીકત જણાવેલ છે, પરંતુ આ હકીકત ઉપજાવી કાઢવામાં આવેલ છે અને તે અંગે જોઈએ તો, ડો. કુંચા સાહેબને લઈ જનાર જાગૃતીબેન અને શૈલેષભાઈ છે અને તેઓના કહેવા પ્રમાણે આ કામમાં તપાસેલ તમામ સાહેદો કુંચા સાહેબના દવાખાને આવેલા અને તેઓની હાજરીમાં મરનારને સારવારમાં લાવેલ તે કારણ બાબતે કુંચા સાહેબને આ બધા સાક્ષીઓની હાજરીમાં મરનારે અકસ્માતે એસીડ પીઘેલાની હીસ્ટ્રી આપેલ છે. આ હીસ્ટ્રીને સમર્થન આપવા

માટે ફરીયાદપક્ષે જાગૃતીબેનને તપાસેલ છે. તેની જુબાની આંક–૬૪ ના પેરા – ૧૩ જોઈએ તો તેમા તેણે એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, કુંચા સાહેબને ત્યાં મારી બહેન ભાવનાને અમે સારવાર માટે લઈ ગયેલા તે વખતે હું અને શૈલેષભાઈ તેમની સાથે હતા. મારા બીજા બે ભાઈઓ પરેશભાઈ અને પ્રવિણભાઈ જે પાછળ આવેલા તે કુંચા સાહેબને ત્યાં અમારા પહોચ્યા પછી આશરે પાંચેક મીનીટમાં આવ્યા હશે. મારા ભાવનાબેનને સારવારમાં શા માટે લાવવામાં આવેલા છે તે બાબતે કુંચા સાહેબ સાથે વાત મારા ભાઈ પરેશ અને શૈલેષભાઈએ કરેલી. તે વાત ખરી છે કે, તે વખતે ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલુ છે  તેવુ જણાવવામાં આવેલુ.'' આમ, ઉપરોકત સાહેદની જુબાની જોતા મરનારને જાગૃતીબેન અને શૈલેષભાઈ કુંચા સાહેબના દવાખાને લઈને આવેલા હતા અને પરેશભાઈ અને પ્રવિણભાઈ પણ કુંચા સાહેબને ત્યાં આવી ગયેલા અને તબીબી હીસ્ટ્રી પરેશભાઈ અને શૈલેષભાઈએ આપેલી છે. આ ચાર સાહેદોની હાજરીમાં તબીબી હીસ્ટ્રી આપવામાં આવેલ છે તથા બનાવ માટે પણ સદરહું કેસમાં તપાસવામાં આવેલ છે. જો મરનારે તેમના ઘરે અથવા તો રસ્તામાં આરોપીના ત્રાસથી એસીડ પીધેલાની હીસ્ટ્રી જણાવેલ હોય તો આવા પ્રકારની હીસ્ટ્રી આપેલ ન હોત. આમ, હીસ્ટ્રી ડી.ડી. અને સ્યુસાઈડ નોટથી તદ્દન વિપરીત છે તેવા સંજોગોમાં જો મરનારે તહોમતદારના ત્રાસના કારણે એસીડ પી આત્મહત્યા કરેલ હોય તો અકસ્માતે એસીડ પીધેલાની હીસ્ટ્રી આવી શકે નહી. ડો. કુંચાસાહેબ દવારા એમ.એલ.સી. મરણજનાર ભાવનાબેનનુ જે આંક–૩૦ થી રજુ રાખેલ છે તેમા પણ અકસ્માતે એસીડ પીધેલાની હકીકત જણાવેલ છે. આંક–૩૦ ના એમ.એલ.સી.ની વિગત જોઈએ તો તેમા ચેકચાક કરવામાં આવેલ છે અને તેમા ઝેરી દવા ચેકીને એસીડ હકીકત લખેલ છે અકસ્માતે એમજ રહેવા દીધેલ છે, અસર થવાથી ચેક મારેલ છે અને પછી પીધેલ

હોવાથી દાખલ કરેલ છે તેવી વિગત લખેલ છે. એટલે આ આંક–૩૦ ના એમ.એલ.સી. પરથી ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલ હોવાથી દાખલ કરેલ છે તે તબીબી હીસ્ટ્રીને સમર્થન મળે છે. આ જ હકીકત બાબતે ત.ક.અ. ધીરેન્દ્રસિંહ ઝાલા આંક–૭૯ થી તપાસેલ છે અને તેના પેજ નં.– ૨ પેરા – ૪ માં જે હકીકતો જણાવેલ છે કે, ''ડો.કુંચા સાહેબ દવારા બનાવની જાણ થયેલ છે.......... એસીડ અકસ્માતે પીધેલાની જાણ કરેલ છે................ અને આ કામની તપાસ ડી.આર.ગોહીલને સોંપેલ છે.'' ઉપરોકત ઉલટતપાસ પરથી એવુ જણાય છે કે, ડો. કુંચા સાહેબે જે જાણ કરેલ કે એસીડ અકસ્માતે પીધેલ છે તે હકીકત ફલીત થાય છે. ચાર્જશીટ કરનાર ત.ક.અ. એ પણ આ હકીકતને સમર્થન કરેલ છે. જે ત.ક.અ. યજ્ઞેશકુમાર વ્યાસે પણ આંક–૮૫, પારા નં.–૨૬ થી સમર્થન આપેલ છે. ''એ વાત ખરી છે કે, આ કામમાં સૌપ્રથમ મરનાર ભાવનાબેને સારવારમાં દાખલ કર્યા અંગેની યાદી કુંચા સાહેબને ત્યાંથી આવેલી. એ વાત ખરી છે કે, યાદીના આધારે અમારા પો.સ્ટે.ના હે. કો. ડી. આર. ગોહીલનાઓને તપાસ સોંપેલી. તે વાત ખરી છે કે, ડી. આર. ગોહીલને જે તપાસ સોંપેલી તેમણે કરેલ તપાસ અંગેના કાગળો મે મેળવેલા નથી. એ વાત ખરી છે કે, મે આ કામે કુંચા સાહેબનો કોઈ જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે, કુંચા સાહેબે મોકલેલ યાદી આંક–૩૦ વાળી યાદી વાંચેલ છે. એ વાત ખરી છે કે, તે પત્રમાં ''આજરોજ તા.૭–૫–૨૧ શુક્રવાર સમય ૫:૩૦ એ.એમ. એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે લખેલુ છે.'' એ વાત ખરી છે કે, આ યાદી ભાવનાબેનને દાખલ કર્યા અંગેની હતી.'' આ હકીકત પરથી એવી હકીકત ફલીત થાય છે કે, કુંચા સાહેબે મોકલેલ એમ.એલ.સી. યાદીમાં પણ મરનારે એસીડ પીધેલાનુ જણાવેલ હતુ. જે જાગૃતીબેનની હકીકતને સમર્થન આપે છે. તેથી જાગૃતીબેન ખોટા નથી તે આ હકીકતથી સાબિત થાય છે. આ

એમ.એલ.સી.ની તપાસ શ્રી ડી. આર. ગોહીલને સોંપવામાં આવેલ હતી અને તેના કોઈ કાગળો ત.ક.અ.એ મેળવેલ નથી તેવી હકીકત ફલીત થાય છે. જે વખતે મેડીકલ ઓફીસર ડો. કુંચા સાહેબ રુબરુ હીસ્ટ્રી આપેલી તે વખતે ચારેય સાહેદો હાજર હતા તેવુ શૈલેષભાઈની જુબાની આંક–૪૯ ના પેજ નં.–૪, પારા – ૧૦ થી ફલીત થાય છે. ''તેમા મરનારને લઈને કુંચા સાહેબના દવાખાને જયારે પહોચ્યા ત્યારે ........................ હું અને જાગૃતીબેન હાજર હતા.'' આમ, ઉપરોકત સંજોગોમાં આંક–૩૦ ની એમ.એલ.સી. ની તપાસ ત.ક.અ. ડી. આર. ગોહીલ દવારા કરવામાં આવેલ તેના કોઈ કાગળો ત.ક.અ. શ્રી વાય.પી.વ્યાસે મેળવેલ નથી અને તે ઈરાદાપુર્વક નામદાર કોર્ટથી છુપાવેલ છે. આ ત્રણેય સંજોગો બતાવે છે કે, મરનારે અકસ્માતે એસીડ પીધેલાનુ સાબિત થાય છે. તેથી મરનારે રસ્તામાં સ્યુસાઈડ નોટ વિશે હકીકત જણાવેલ હોય તે માની શકાય નહી. આ ચારય સાક્ષીઓ મરનાર જયારે આઈ.સી.યુ.માં દાખલ હોય છે તે વખતે એસીડ પીધા બાબતે એક બીજા સાથે ચર્ચા કરે છે અને ત્યારપછી મરનારના મૃત્યુ પછી આ ચાર સાહેદો સહીત મરનારના અન્ય સગાઓની તપાસ અધિકારી પુછપરછ કરે છે અને તેના આધારે કોઈ ફરીયાદ તહોમતદાર સામે નોંધવામાં આવતી નથી. આ હકીકત અંગે જોઈએ તો ફરીયાદી પરેશભાઈ આંક–૧૭ થી પેરા નં.–૧૦ માં પેજ નં.–૪ માં ઉલટતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, '' મારા બેન ગુજરી ગયા ત્યારે ડો. કુંચા સાહેબને ત્યાં હું, શૈલેષભાઈ, પ્રવિણભાઈ અને મનિષાબેન હાજર હતા, મારી બહેન ગુજરી ગયાના ૧૫–૨૦ મીનીટ પછી મારા મોટા બા, રમેશભાઈ પણ આવી ગયેલા. મારી બહેન ગુજરી ગયા પછી........................'' તેમજ પેરા નં.–૧૧ માં જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, મારી બેન જાગૃતી જે વખતે ડો. કુંચા સાહેબના દવાખાને હાજર હતા તે વખતે મારી ગુજરનાર બેનની સારવાર આઈ.સી.યુ.માં ચાલુ

હતી અને અમે બધા આઈ.સી.યુ. રુમની બહાર હતા. એ વાત ખરી છે કે, તે વખતે અમે મારી બેનની બાબતે વાત કરતા હતા.'' ઉપરોકત જુબાનીથી એ હકીકત ફલીત થાય છે કે, નામદાર કોર્ટ સમક્ષ તપાસાયેલ સાહેદો જે વખતે કુંચા સાહેબને ત્યાં હાજર હતા તે વખતે મરનાર બાબતે ત્યાં વાતચીત થયેલ હતી. વધુમાં સદરહુ ફરીયાદીની ઉલટતપાસ જોઈએ તો તેમા પેરા નં.–૧૧ માં જણાવેલ છે કે, ''મહુવા સરકારી દવાખાને ગયા તેની ૧૦–૧૫ મીનીટ બાદ પોલીસ આવી ગયેલી, પોલીસ આવ્યા બાદ પોલીસે મારી, મારા મોટા બેન, શૈલેષભાઈ, પ્રવિણભાઈ, રમેશભાઈની પુછપરછ કરેલી. અમારા બધાની જે પુછપરછ કરી તે મહુવા સરકારી દવાખાને પહોચ્યા પછી આશરે અડધો કલાક બાદ કરેલી.'' સદરહું સાહેદની ઉલટતપાસની હકીકતો જોતા તેમા એવી હકીકત ફલીત થાય છે કે, ત.ક.અ. એ મરનારના મૃત્યુ પછી મહુવા સરકારી દવાખાને ઉપરોકત ચારેય સાહેદોની પુછપરછ કરેલી. વધુમાં ઉલટતપાસ જોઈએ તો સદર સાહેદે પેજ નં. –૫ ના પેરા નં.–૧૧ માં એવી હકીકત જણાવેલ કે, ''એ વાત ખરી છે કે, લાશના ઈન્કવેસ્ટ પંચનામા પહેલા જયારે મારી પુછપરછ કરવામાં આવેલી ત્યારે બનાવ શા માટે બનેલો તે બાબતે મે પોલીસને કાઈ કહેલુ નહી.'' સદરહું ઉલટતપાસ પરથી એ હકીકત ફલીત થાય છે કે, પોલીસે સાહેદોની ઈન્કવેસ્ટ પહેલા જયારે પુછપરછ કરેલી તે વખતે બનાવ બાબતે કોઈ હકીકત જાહેર કરવામાં આવેલ નથી. જે દર્શાવે છે કે, તે વખતે સ્યુસાઈડની હકીકત પણ જાહેર કરવામાં આવેલ નથી અન્યથા કોઈ ફરીયાદ નોંધવામાં આવેલ હોત. આ બાબતે રમેશભાઈ સાહેદ નં. –૮ ની આંક–૫૭ ની ઉલટતપાસ જોઈએ તો તેમા પારા નં.–૭, પેજ નં.–૩ જોઈએ તો તેમા એવી હકીકત જણાવેલ છે કે, ''ડો. કુંચા સાહેબના દવાખાને હું પહોચ્યા પછી એકાદ કલાકમાં મારી બેન ગુજરી ગયાનુ જાહેર કરેલુ. તે વખતે

કુંચા સાહેબના દવાખાને હું, પરેશભાઈ, જાગૃતીબેન, શૈલેષભાઈ અને બીજા અમારા કુટુંબીઓ હાજર હતા. ત્યાં કુંચા સાહેબના દવાખાને અમારી વચ્ચે ભાવનાબેને એસીડ પીધુ તે અંગેની વાતચીત થતી હતી. કેસ બાબતની કોઈ વાતચીત થયેલી નહી.'' આ હકીકત બતાવે છે કે, કુંચા સાહેબને ત્યાં ચારેય સાહેદો હાજર હતા અને તે વખતે ભાવનાબેનના એસીડ પીધા બાબતે ચર્ચા થયેલ છે. વધુમાં સાહેદની ઉલટતપાસ જોઈએ તો ''સરકારી દવાખાને હું, પરેશભાઈ, શૈલેષભાઈ, પ્રવિણભાઈ, જાગૃતીબેન અને બીજા કુટુંબીજનો હતા. ત્યાં પહોચ્યાના ૧૦–૧૫ મીનીટના સમયગાળામાં પોલીસ આવી ગયેલી. પોલીસે આવીને અમારા બધાની પુછપરછ કરેલી, તે પછી આશરે એકાદ કલાક બાદ ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલી.'' ઉપરોકત ઉલટતપાસથી એ હકીકત ફલીત થાય છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ થયા પહેલા ચારેય સાહેદોની પુછપરછ કરેલી છે અને ત્યારબાદ એક કલાક સુધી ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ નથી. આમ, ચારેય સાહેદોની પુછપરછ કર્યા બાદ ત.ક.અ. ફરીયાદ લઈ શકયા હોય પરંતુ આવી કોઈ ફરીયાદ લેવામાં આવેલ નથી. અને પુછપરછ બાદ એક કલાક બાદ ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ છે જે ફરીયાદ લેવા માટે પુરતો ગાળો હતો. આ બાબતે જાગૃતીબેનની આંક–૬૪ ની જુબાની જોઈએ તો તેમા પેરા – ૧૩, પેજ નં.–૫ જોઈએ તો તેમા એવુ જણાવેલ છે કે, ''અમે પી.એમ. માટે મહુવા સરકારી દવાખાને પહોચ્યા ત્યારે ત્યાં પોલીસ હાજર જ હતી. એ વાત ખરી છે કે, તે વખતે પોલીસે ફરીયાદ આપનાર મારા ભાઈ સહીત અમારા પરીવારવાળા જે હાજર હતા તેમની પુછપરછ કરેલી, તે વખતે કોઈપણ વ્યકિતની પુછપરછનું લખાણ કરવામાં આવેલ નહી.'' આમ ઉપરોકત હકીકતથી ફલીત થાય છે કે, ત.ક.અ. દવારા ચારેય સાહેદોની પુછપરછ કરવામાં આવેલ હતી તેમ છતાં કોઈ ફરીયાદ કે લખાણ પણ લેવામાં આવેલ નથી.

**ત.ક.અ. દવારા ચારેય સાહેદોની પુછપરછ કરેલી તેમ છતાં સ્યુસાઈડની કોઈ હકીકત જાહેર કરવામાં આવેલ નહી અને ત્યારપછી એક કલાક પછી થયેલા ઈન્કવેસ્ટ પંચનામા વખતે પહેલી વખત સ્યુસાઈડની હકીકત જાહેર કરવામાં આવેલ છે અને તે ફરીયાદીની જુબાની પરથી ફલીત થાય છે** અને આ અંગે જોઈએ તો ફરીયાદીને આંક–૧૭, પારા નં.–૧૧, પેજ નં.–૫ જોઈએ તો, ''એ વાત ખરી છે કે, લાશના ઈન્કવેસ્ટ પંચનામા પહેલા જયારે મારી પુછપરછ કરવામાં આવી ત્યારે બનાવ શા માટે બનેલો છે તે બાબતે મે પોલીસને કાઈ કહેલુ નહી.'' હાલના સાહેદ પણ ઈન્કવેસ્ટ પહેલા જે હકીકત જણાવેલ છે તેમા બનાવ શા માટે બનેલો તેની કોઈ હકીકત ત.ક.અ.ને જણાવેલ નથી. આમ, ખરી હકીકત જોઈએ તો ખરેખર આરોપીના ત્રાસના કારણે મરણજનારે એસીડ પી આત્મહત્યા કરેલ હોય તો તેઓએ ત.ક.અ. રુબરુ ઈન્કવેસ્ટ પંચનામા પહેલા આ હકીકત જાહેર કરેલ હોત પરંતુ તે ચારેય સાહેદોએ જાહેર કરેલ નથી. આમ, ત.ક.અ. રુબરુ આ ચારેય સાહેદો ચુપ રહેલ છે તેના પરથી એ હકીકત ફલીત થાય છે કે, ત.ક.અ.ની પુછપરછ પહેલા જો મરનારે તેના ઘરે આત્મહત્યાની વાત કરી હોત કે કુંચા સાહેબના દવાખાને જતા પહેલા સ્યુસાઈડ નોટની વાત કરી હોત તો તે વખતે મરનારના મૃત્યુ પછી તહોમતદાર પ્રત્યે તેઓને સૌથી વધુ નફરત હોત તે વખતે તેઓ સ્યુસાઈડ નોટ અને સ્યુસાઈડ મરનારે કરેલ છે તે બાબતની હકીકત ચારેય સાહેદોએ ઈન્કવેસ્ટ પંચનામા પહેલા ત.ક.અ.ની સામે જાહેર કરેલ હોત. જે થયેલ નથી તેથી આ હકીકત પાછળથી ઉભી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે.

એસીડ પીધા પછી મરનાર બોલવા માટે શકિતમાન હતા કે કેમ તે અંગે આરોપીના વિ.વ.શ્રી દલીલમાં જણાવે છે કે, મરનારના શરીર પર જોવા મળેલ ઈજાઓ જોતા અને સ્થિતી જોતા અને તબીબશ્રીના અભિપ્રાય મુજબ એસીડ

પીધા પછી મરનાર બોલી શકે તેવી કોઈ શકયતા ન હતી. તે અંગે પી.એમ. નોટ આંક–૨૪ જોઈએ તો તેમા કોલમ નં.–૧૭ માં 'ઈનર પાર્ટ ઓફ ઘ બોથ લીપ્સ, મયુકોઝા એન્ડ ટંગ ઈરોડેડ(ખવાઈ ગયેલુ)' આ હકીકત જોઈએ તો જીભ, બંને હોઠ અને મયુકોઝા ખવાઈ ગયેલા હતા. તેથી તેવા સંજોગોમાં કોઈપણ વ્યકિત બોલવાની શકયતા નથી. કંઠેન્દ્રીય બાબતે કોલમ નં.–૨૦ માં સબ કોલમ – 'ગ' માં કંઠેન્દ્રીય, શ્વાસનળી અને કલોમના કોલમ સામે લખાયેલ છે કે, 'ઈનર સાઈડ ઓફ મ્યુકોઝા ઈરોડેડ' એટલે કંઠેન્દ્રીય, શ્વાસનળીના મ્યુકોઝા ખવાઈ ગયેલ હતા અને આ હકીકત અંગે મેડીકલ ઓફીસર ડો. પ્રફુલભાઈ મોહનભાઈ સોલંકી, સાહેદ નં.–ર, આંક–૨૧ નાઓએ પોતાની ઉલટતપાસના પેજ નં.–૩ પેરા નં.–૧૫ માં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, મરનારની કંઠેન્દ્રીયની તપાસ કરેલ હતી...................... આવી વ્યકિત એસીડ લીધા પછી બોલી શકે નહી.'' સદરહું સાહેદની જુબાનીથી એ હકીકત ફલીત થાય છે કે, એસીડ પીધા પછી મરનાર બોલી શકે તેમ ન હતા તેથી આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલ છે અને સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલ છે તેવુ કહી શકે નહી કે બોલી શકે નહી તેથી આ હકીકત પાછળથી ઉપજાવી કાઢેલ છે. સદરહું સાહેદની જુબાનીથી એ હકીકત પણ ફલીત થાય છે કે, એસીડ પીધા પછી થોડો સમય કે કોઈપણ સમય બોલી શકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ અંગે આરોપીના વિ.વ.શ્રી દવારા નામદાર સુપ્રિમ કોર્ટનુ ૨૦૦૩ (સુ.કો.) ૩૫૩૦, સાધુરામ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન, તા.૧૦–૦૪–૨૦૦૩ ના પેરા નં.–૧૪ પર આધાર રાખેલ છે.

ઈન્કવેસ્ટ પહેલા અને પછી વિચાર વિમર્સ કરીને ફરીયાદ આપેલ છે અને આ ફરીયાદમાં મરનારે મરણોન્મુખ નિવેદન આપી તહોમતદારના ત્રાસથી એસીડ પીધાની હકીકત પ્રથમ વખત જાહેર કરેલ છે. આમ, ફરીયાદ પહેલા ઈન્કવાયરી

કરવામાં આવેલ હોય અને વિચાર વિમર્સ કરવામાં આવેલ હોય તે સંજોગોમાં ફેબ્રીકેશન એટલે કે ખોટી ફરીયાદ કરેલ હોવાની શકયતા નકારી શકાય નહી એટલે ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. તેની સાથે ફરીયાદમાં જણાવેલ હકીકત જોઈએ તો ડોકટર પાસે જે તબીબી હીસ્ટ્રી જાહેર કરેલ છે તેની સાથે સંપુર્ણ વિરૂધ્ધની હોય જેથી ખોટી ફરીયાદ કહેલ હોવાની શકયતા નકારી શકાય નહી. તેના અનુસંધાને ૨૦૦૨ બી.સી.આઈ. ૧૫૧, તથા ઈકવેલન્ટ ૨૦૦૩ ઓલ મહારાષ્ટ્ર રીપોર્ટ ક્રી. ૨૨૩૭ નુ સાઈટેશન રજુ રાખેલ છે તેના પારા – ૨૧ માં રજુઆત કરેલ છે કે, ઈન્કવેસ્ટ તથા ફરીયાદ દાખલ કરતા પહેલા જો ત.ક.અ. એ પુછપરછ કરેલ હોય તો પાછળથી કરવામાં આવેલ ફરીયાદ માની શકાય નહી.

મુદ્દો– ૧ ફરીયાદની અંદર સ્યુસાઈડ નોટની કોઈ વિગત નથી તેથી ફરીયાદ કર્યા પછી પાછળથી સ્યુસાઈડ નોટ મળી આવેલ છે તે હકીકત ઉભી કરવામાં આવેલ છે તેથી તેનો ફરીયાદપક્ષને લાભ મળી શકે નહી. તે અનુસંધાને જોઈએ તો ફરીયાદમાં સ્યુસાઈડ નોટનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ઘરેથી ડો. કુચા સાહેબના હોસ્પિટલે જતી વખતે રસ્તામાં જાગૃતીબેન અને શૈલેષભાઈને મરનારે સ્યુસાઈડ નોટ ઘરે સિવણના સંચા પાસે રાખેલ છે તેવી હકીકત જણાવેલી અને આ હકીકત સાહેદ જાગૃતીબેને પોતાની સરતપાસમાં પારા – ૫ માં જણાવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં ખરેખર જો ભાવનાબેનને આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલ હોત તો આ હકીકત ડો. કુચા સાહેબની રુબરુ જણાવેલ હોત પરંતુ તે જણાવેલ નથી અને અકસ્માતે એસીડ પીધેલાની હકીકત જણાવેલ છે તેથી સ્યુસાઈડ નોટ ઉભી કરેલાનુ જણાય છે તથા ડો. કુચા સાહેબ આગળ સ્યુસાઈડ નોટની હકીકત જણાવેલ ન હોય અને અકસ્માતે એસીડ પીધેલાની હકીકત જણાવેલ હોય તેથી તેવા સંજોગોમાં સ્યુસાઈડ નોટ ખોટી ઉભી કરેલાની હકીકતને સમર્થન મળે છે તથા

મરનારને કંઠનળી જ ખવાઈ ગયેલ હોવાથી તે બોલી શકે તેવી પરીસ્થિતી ન હોવાથી સ્યુસાઈડ નોટની વાત કરી શકે તેવુ બને નહી.

સ્યુસાઈડ નોટની હકીકત બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરતી વખતે પ્રથમ વખત જાહેર કરવામાં આવેલ છે. આમ, અગાઉથી સ્યુસાઈડ નોટની હકીકત જાણતા હોવા છતાં તેની હકીકત ડોકટર રુબરુ જાહેર કરેલ નથી કે ઈન્કવેસ્ટ પહેલા પણ જાણ કરેલ નથી, ફરીયાદમાં જાણ કરેલ નથી અને માત્ર બનાવવાળી જગ્યાના પંચનામા વખતે પ્રથમ વખત જાહેર કરેલ હોય તેથી આ હકીકત માની શકાય નહી કે સ્યુસાઈડ નોટ સાચી અને ખરી છે.

ફરીયાદી પરેશભાઈની ઉલટતપાસના પારા નં.–૧૨ માં જે હકીકત જણાવેલ છે તેનાથી એવી હકીકત ફલીત થાય છે કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ તે વખતે પહેલી વખત મરનારની સ્યુસાઈડ નોટની હકીકત જાહેર કરવામાં આવેલી અને આ હકીકત અંગે સાહેદ શૈલેષભાઈને પણ ઉલટતપાસમાં પારા નં.–૧૪ માં પુછેલ છે તે હકીકતને સમર્થન આપે છે અને આ અનુસંધાને સાહેદ રમેશભાઈએ પણ પારા નં.–૧૩ ઉલટતપાસમાં આ હકીકતને સમર્થન આપેલ છે તથા જાગૃતીબેન સાહેદે પણ ઉલટતપાસ પારા નં.–૧૩ માં સમર્થન આપેલ નથી પરંતુ જુદી હકીકત જણાવેલ છે કે, પી.એમ. કરતી વખતે અમો ઘરે આવેલા અને ઘરેથી આ સ્યુસાઈડ નોટ લીધેલી અને સાંજે ૫:૩૦ વાગ્યે પોલીસને પ્રથમ વખત જાહેર કરેલાની હકીકત જણાવેલ છે તો ફરીયાદ પહેલા અને ફરીયાદ પછી શા માટે સ્યુસાઈડ નોટ અંગે કોઈ હકીકત ત.ક.અ.ને જણાવેલ નથી તેનો કોઈ યોગ્ય ખુલાસો કરેલ નથી તેથી આ સ્યુસાઈડ નોટ ઉભી કરેલાનુ ફલીત થાય છે. જાગૃતીબેને ઉલટતપાસના પારા નં.–૫ માં પી.એમ.ની કાર્યવાહી ચાલુ હતી તે વખતે તેની મમ્મી અને ભાઈની હાજરીમાં સિવણના સંચા આગળથી સ્યુસાઈડ નોટ કાઢી બધાની હાજરીમાં

વાંચેલાનુ જણાવેલ છે. પરંતુ આ હકીકત ખરી નથી. કારણ કે જાગૃતીબેનના માતાને આ કામે તપાસેલ નથી તથા સગાભાઈ પરેશભાઈ તેમની જુબાનીના પારા નં. –૧૨ માં પંચનામા વખતે જાહેર કરેલાનુ જણાવે છે તેથી સાહેદ જાગૃતીબેનને હકીકત ખોટી ઠરે છે. આ બાબતે સાહેદ શૈલેષભાઈ તેઓની જુબાનીમાં આંક–૪૯ અને પારા નં.–૧૪ માં જણાવે છે કે, પંચનામુ કર્યુ ત્યા સુધી મરનારે સ્યુસાઈડ નોટ અંગે કોઈ હકીકત જાહેર કરેલ નથી અને પંચનામા વખતે પહેલી વાર જોયેલ છે તે અનુસંધાને જોઈએ તો જો પંચનામા વખતે પહેલી વખત જોયેલ હોય તો તે પહેલા પી.એમ. વખતે જાગૃતીબેન સાથે આવેલા અને સ્યુસાઈડ નોટ મળી આવેલાની હકીકત ખોટી ઠરે છે.

પંચ સાહેદ શામજીભાઈની જુબાની આંક–૩૩ થી તપાસેલ છે તેઓ બનાવવાળી જગ્યાના પંચ છે અને મરનારના સગા છે અને એક દિવાલે રહે છે અને મરનારની અંતીમ વિધી વખતે હાજર રહેલા છે છતાં પંચનામા પહેલા તેઓએ કથીત સ્યુસાઈડ નોટની હકીકત જાણવા મળેલ નથી તે પણ જણાવે છે કે સ્યુસાઈડ નોટની હકીકત પાછળથી ઉભી કરવામાં આવેલ છે.

મરનારના સ્યુસાઈડ નોટ તથા તેનુ કથીત કુદરતી લખાણ પંચનામા વખતે તેના સગાએ રજુ કરેલ છે અને મરનારના છે તેવુ કહી રજુ કરેલ છે તેથી પાછલા તબકકે આ બંને દસ્તાવેજો ઉભા કર્યાનુ નકારી શકાય નહી.

બનાવવાળી જગ્યાનામુ પંચનામુ આંક–૩૭ નુ ઉભુ કરેલ છે જેના થકી કથીત સ્યુસાઈડ નોટ તથા મરનારના લખાણના નમુના છે તે પંચનામુ ઉભુ કરવામાં આવેલ છે. પસંદગીના પંચોને ફોન કરી બોલાવેલ હોય તેથી સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચનામુ કરેલ હોય તે માની શકાય નહી. જો પંચનામુ કરતી વખતે પોલીસ

પુછપરછ કરતી હતી તેવુ તમામ સાહેદો જણાવતા હોય તો આવુ પંચનામુ થઈ શકે નહી.

સાંજે પાંચ થી લઈને સાડા છ સુધી જો પંચનામુ કરેલ ન હોય અને માત્ર પુછપરછ કરેલ હોય તો પંચનામુ થઈ શકે નહી અને પંચનામાની હકીકત ખોટી ઠરે છે. આ બાબતે રમેશભાઈ સાહેદે પારા નં.–૭ માં ઉલટતપાસમાં આજ હકીકત કબુલ કરેલ છે.

હસ્તાક્ષર નિષ્ણાંત સાહેદ વડગામા એફ. એસ. એલ. અધિકારીએ સ્પષ્ટપણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના રુબરુ પંચોની સહીવાળી કાપલી મળી આવેલ નથી. જયારે પંચનામુ સ્યુસાઈડ નોટનુ કબજે કર્યાનુ કરેલ છે તેમા પંચોની સહીવાળી કાપલી મુકેલાની હકીકત જણાવેલ છે. તેથી આ હકીકત પંચનામાની ખોટી સાબિત થાય છે.

આજ હકીકત બાબતે ત.ક.અ.શ્રી વાય.પી.વ્યાસને પુછેલ છે અને તેમણે આ બાબતનો ખુલાસો કરેલ નથી કે, પંચોની સહીવાળી કાપલી તેઓએ હસ્તાક્ષર નિષ્ણાંત એફ. એસ.એલ.ને મળેલ નથી.

બનાવવાળી જગ્યાના પંચનામામાં કથીત સ્યુસાઈડ નોટને બનાવની જગયાએથી બહાર મોકલી ઝેરોક્ષ કરવામાં આવી હોય તેવો કોઈ ઉલ્લેખ નથી અનેતે વખતેમોકલવામાં આવેલ હોય તો તેમા ઘણો સમય લાગેલ હોય અને પંચનામુ થતી કાર્યવાહી મુજબ કરવાનુ થતુ હોય પંચનામામાં કથીત સ્યુસાઈડ નોટ બહાર મોકલી ઝેરોક્ષ કરવાનુ નોંધવાનુ રહી જાય તે શકય નથી પરંતુ નામદાર કોર્ટ સમક્ષ એફ. એસ. એલ.નો મુદ્દામાલ આવ્યા પહેલા કથીત સ્યુસાઈડ નોટની ઝેરોક્ષ રજુ કરેલ હોય તેનો ખુલાસો આપવા માટે પંચનામા વખતે સ્યુસાઈડ નોટની ઝેરોક્ષ કરવામાં આવેલાનુ નોંધવાનુ શરતચુકથી રહી ગયેલાનુ સ્વીકારી શકાય નહી. વધુમાં

જોઈએ તો બંને પંચોની સહીવાળી સ્યુસાઈડ નોટની ઝેરોક્ષ નકલ નામદાર કોર્ટ સમક્ષ દસ્તાવેજી પુરાવા રજુ કરતી વખતે એફ. એસ. એલ.માંથી મુદ્દામાલ આવ્યો ન હોવા છતાં રજુ કરવામાં આવેલ પંચે પોતે પંચનામાની કથીત કાર્યવાહી વખતે કથીત સ્યુસાઈડ નોટ બહાર મોકલ્યાનુ જણાવેલ નથી.તેનો પંચનામામાં કોઈ ઉલ્લેખ નથી અને પંચનામા વખતે જો આવી કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે નોંધવાનુ શરતચુકથી રહી થાય તે શકય નથી અને આ અનુસંધાને શામજીભાઈની જુબાની જોઈએ તો તેણે સ્યુસાઈડ નોટને બહાર ઝેરોક્ષ કરવા માટે મોકલેલ હોય તેવુ બહાર આવતુ નથી. તેજ રીતે ત.ક.અ. વાય.પી.વ્યાસની જુબાની જોઈએ તો તેણે પણ બહાર ઝેરોક્ષ કરવા સ્યુસાઈડ નોટની મોકલેલ છે તે હકીકત અંગે જે તેમણે પોતાની જુબાનીમાં ખુલાસો કરેલ છે તે ખોટો કરેલ છે તથા પંચો રુબરુ જે સ્યુસાઈડ નોટ કબજે કરેલ છે તેમા સર્કલ કરેલ છે તે બાબતે પંચ સાહેદ શામજીભાઈએ તે હકીકત અંગે તેઓએ સરતપાસમાં જણાવેલ નથી તેથી તે સ્યુસાઈડ નોટ સર્કલ કરી કબજે કરવામાં આવેલ તે હકીકત સ્વીકારી શકાય નહી.

મરનારના કુદરતી લખાણ અંગે પહેલો સંજોગો જોઈએ તો પંચે તેની હાજરીમાં કુદરતી લખાણ કબજે કરેલાનુ જણાવેલ નથી અને તે હકીકત બાબતે એ. પી. પી. શ્રી દવારા હોસ્ટાઈલ જાહેર કરેલ નથી તેથી કુદરતી લખાણની હકીકત સાબિત થઈ શકે નહી.

એફ.એસ. એલ.ના રીપોર્ટ આધારે મરનારના અક્ષરો અને સ્યુસાઈડ નોટ સાબિત થઈ શકે નહી.

મુદ્દામાલ શીલબંધ જે સ્થિતીમાં કરેલ હોય તે સ્થિતીમાં એફ. એસ.એલ.માં મળેલ હોવો જોઈએ. જે હકીકત સાબિત થવી જોઈએ અને જો જે શીલબંધ જે સ્થિતીમાં મુદ્દામાલ મોકલેલ હોય તેજ શીલબંધ સ્થિતીમાં જો એફ. એસ. એલ.માં

મુદ્દામાલ મળેલ ન હોય તો તે મુદ્દામાલ સબંધે એફ.એસ.એલ.નો અભિપ્રાય સ્વીકારી શકાય નહી. શીલ વાંચી શકાય તેવી હાલતમાં ન હોવાની હકીકત એફ. એસ.એલ. અધિકારીએ એડમીટ કરેલ છે તેથી એફ.એસ. એલ.નો અભિપ્રાય માની શકાય નહી અને આ અનુસંધાને આરોપીના વિ.વ.શ્રી દવારા સાઈટેશન ૨૦૧૫ ક્રી.લો.જ. પેજ નં.–૬૩૪ ના પેરા –૧૧ અને ૧૨ પર આધાર રાખેલ છે અને તેનો લાભ આપવા અરજ કરેલ છે આ અન્વયે તેઓની લેખીત દલીલમાં મુદ્દા નં.–૩ અને ૪ અન્વયે આ દલીલ કરેલ છે.

લેખીત દલીલના મુદ્દા નં.–૫ અન્વયે તેઓએ જણાવેલ છે કે, આરોપીના મોબાઈલમાંથી ડી.એફ.એસ.એલ.એ મરનાર તથા આરોપી વચ્ચેના વોટસએપ ચેટના રીટ્રીવ કરેલ સ્ક્રીન શોટસની ઈમેજીસ પુરવાર કરે છે કે મરનાર અને આરોપી વચ્ચે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી વોટસએપ ચેટ ચાલુ હતા અને તેમની વચ્ચે ઘણો પ્રેમ હતો. આવા સંજોગોમાં આરોપી મરનાર પર પ્રેમ સબંધ માટે ત્રાસ આપતો હતો તેવો આક્ષેપ ટકી શકે નહી.

વધુમાં જોઈએ તો ડી.એફ.એસ.એલ. દવારા આરોપીના બે મોબાઈલના નંબર અને મરણજનારના બે મોબાઈલના નંબર અંગેની તપાસ માટે ત.ક.અ. દવારા મોકલેલ તે અંગેની તપાસના અંતે બે સીડી મોકલવામાં આવેલ છે અને તે બે સીડી આ કામે રજુ થયેલ છે. પરંતુ એક સીડી જે કોર્ટમાં રજુ થયેલ છે તે જ સીડી કોર્ટમાં રજુ થયેલ છે તે સીડી આરોપીના વિ.વ.શ્રી ને આપવામાં આવેલ નથી. પરંતુ જે બે સીડી રજુ કરવામાં આવેલ તે પૈકી એકની નકલ આપેલ છે અને પાછળથી બીજી સીડી જે કોર્ટમાં રજુ થયેલ છે તેની કોઈ નકલ આરોપીના વિ.વ.શ્રીને આપવામાં આવેલ નથી અને આ બાબતે કોઈ તકરાર આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ નથી તથા વધુમાં જોઈએ તો મરનારનો મોબાઈલ ડી.એફ.એસ.એલ.માં તપાસ અર્થે

મોકલેલ નથી માત્ર આરોપીનો મોબાઈલ ડી.એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ છે તથા જે રીટ્રીવ કરલો ડેટા ડી.એફ. એસ. એલ. દવારા તૈયાર કરીને બે સીડીમાં કોર્ટમાં રજુ કરેલ છે તે ફરીયાદપક્ષને બંધનકર્તા રહે છે કારણ કે એવીડન્સ એકટની કલમ – ૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર આપેલ છે અને આ પોતાના દસ્તાવેજો હોવાથી તે ફરીયાદપક્ષને બંધનકર્તા રહે છે અને તેથી ડી.એફ.એસ.એલ. અધિકારી દવારા જે બે સીડી રજુ કરેલ છે તે એડમીશીબલ છે અને તેના કનટેન્ટ અને રીટ્રીવ કરેલ ડેટા આંક–૧૧૦ થી ૧૨૩ સુધીનો સાબિત થાય છે અને તે ફરીયાદપક્ષને બંધનકર્તા રહે છે અને આ સીડીમાં મરનાર દવારા જે આરોપીને મેસેજ અને ચેટ મોકલેલ છે તેજ ડેટા આંક–૧૧૦ થી ૧૨૩ માં છે જેના પરથી એવુ ફલીત થાય છે કે, તા.૨૦–૦૨–૨૧ ના રોજ સુધીનો ડેટા સીડીમાં છે અને ત્યાં સુધીનોજ નિકળેલ છે પરંતુ તે પછીનો ડેટા મૃત્યુ સુધીનો કે આત્મહત્યા સુધીનો રીટ્રીવ કે નિકળેલ જ નથી, જે દર્શાવે છે કે, મરનાર અને તહોમતદાર વચ્ચેનો વોટસએપ વ્યવહાર ૨૦, ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધી ચાલુ હતો અને તેમા બંને વચ્ચે ઉત્કટ લાગણી હતી અને છ મહીના સુધી આ વ્યવહારની રાહ જોવાની હતી.

લેખીત દલીલના મુદ્દા નં.–૬ અન્વયે તેઓએ જણાવેલ છે કે, કોલ ડીટેઈલ મુજબ ફેબ્રુઆરી–૨૧ પહેલા મરનાર જ આરોપીને કોલ કરતી હતી આરોપીને મરનારે સમેથી વોટસએપ ચેટ કરવાની પણ ના પાડી હતી. આરોપીએ માત્ર ૧૦ એસ.એમ.એસ. કરેલા છે તે સંજોગોમાં આરોપી મરનાર પર સબંધ રાખવા દબાણ કરતો હતો તેવુ સ્વીકારી શકાય નહી અને મરનાર મૃત્યુ બાદ તહોમતદાર પર ખોટો આક્ષેપ કરી કેસ કરવામાં આવેલાનુ પુરવાર થાય છે.

લેખીત દલીલના મુદ્દા નં.–૭ અન્વયે તેઓએ જણાવેલ છે કે, ફેબ્રુઆરી – ૨૧ પહેલા મરનારના કુટુંબ અને આરોપીના કુટુંબને સારા સબંધો હતા અને માર્ચ–૨૧ થી

મરનાર અને આરોપીના કુટુંબ વચ્ચે આવવા જવાના સબંધો તથા મરનાર તથા આરોપી વચ્ચે બોલવાના સબંધો પુર્ણ થઈ ગયેલા હતા.

લેખીત દલીલના મુદ્દા નં.–૮ અન્વયે તેઓએ જણાવેલ છે કે, મરનારના પાડોશી ઘરની સ્થિતી જોતા બાજુના બંધ ઘરમાંથી મરનારના ઘરમાં આવવુ શકય નથી છતાં આરોપી બાજુના બંધ ઘરમાંથી ઠેકડો મારી મરનારના ઘરમાં આવેલો તેવો આક્ષેપ ઉપજાવી કાઢવામાં આવેલ છે અને તપાસ અધિકારી પણ બાજુના બંધ ઘરમાં થી મરનારના ઘરમાં આવવાની શકયતા બાબતે ઈરાદાપુર્વક ખોટુ બોલે છે. વધુમાં આ બાબતે શૈલેષભાઈની જુબાની રીફર કરવામાં આવેલ છે અને પારા – ૮ ઉલટતપાસમાં જણાવેલ છે તે હકીકતોનુ ધ્યાન દોરેલ છે.

લેખીત દલીલના મુદ્દા નં.–૯ અન્વયે તેઓએ જણાવેલ છે કે, આરોપી મરનાર સાથે કોઈ સબંધ ન રાખે તેથી મરનારના કુટુંબ તરફથી આરોપી પર ખોટો કેસ કરવામાં આવેલ હતો અથવા તેનુ ખોટુ રેકર્ડ ઉભુ કરવામાં આવેલ છે અને છેલ્લે મરનારના મૃત્યુ પછી હાલનો ખોટો કેસ કરવામાં આવેલ છે. હાલના કામે જુદી જુદી ત્રણ ફરીયાદો ફરીયાદપક્ષ દવારા મુકવામાં આવેલ છે જેમા પ્રથમ ફરીયાદ આંક–૧૦૦ થી રજુ કરેલ છે જે મરનારની સહીવાળી રજુ કરેલ છે. બીજી ફરીયાદ આંક–૯૮ થી રજુ થયેલ છે જે ફરીયાદ પરેશભાઈએ કરેલ હોય તે પ્રકારનો કેસ રજુ કરેલ છે અને ત્રીજી ફરીયાદ આંક–૯૭ થી રમેશભાઈને તહોમતદારે મારેલાની ફરીયાદ કરેલ છે. પરંતુ તેની સર્ટીફાઈડ કોપી રજુ કરેલ નથી. જેથી એવીડન્સ એકટની કલમ – ૬૨, ૬૩ માં સેકન્ડરી એવીડન્સ રજુ કરવા માટેની જોગવાઈ છે તેનુ પાલન કરવામાં આવેલ નથી અને સેકન્ડરી એવીડન્સ તરીકે જે પ્રકારના દસ્તાવેજો રજુ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે તેનુ પાલન કરવામાં આવેલ નથી તેથી આ

ત્રણેય ફરીયાદોને આંકે પાડેલ હોવા છતાં વંચાણે લઈ શકાય નહી તેથી તે આંકને ડીએકઝીબીટ કરવા રજુઆત કરેલ છે. પરંતુ તેની કોઈ અરજી આપેલ નથી.

લેખીત દલીલના મુદ્દા નં.–૧૦ અન્વયે તેઓએ જણાવેલ છે કે, કથીત બનાવના સાહેદો તરીકે તપાસવામાં આવેલ તમામ સાહેદો મરનારના નજીકના સગા છે અને ફરીયાદ તથા સાહેદોના પોલીસ નિવેદનો શંકાસ્પદ સંજોગોમાં લેવામાં આવેલ છે તેથી ફરીયાદપક્ષનો કેસ સ્વીકારી શકાય નહી.

લેખીત દલીલના મુદ્દા નં.–૧૧ અન્વયે તેઓએ જણાવેલ છે કે, આ કામના બનાવની જગ્યાનુ પંચનામુ આંક–૩૭, ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૪૦, આરોપીનુ અટક પંચનામુ આંક–૪૧, મરનારના પી.એમ. સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ આંક–૪૫ અને આરોપીના મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ આંક–૭૫ આ કુલ પાંચ પંચનામા રજુ કરેલ છે તે પૈકી કથીત બનાવની જગ્યાના પંચનામાની ચર્ચા અગાઉ કરેલ છે અને પંચનામા શંકાસ્પદ હોય તેનો લાભ આરોપીને આપવા અરજ કરેલ છે.

લેખીત દલીલના મુદ્દા નં.–૧૨ અન્વયે તેઓએ જણાવેલ છે કે, મરનાર તેમના ઘરે હતા તેમના ઘરે બનેલ કોઈ બનાવને છાવરવા પોતાની ચામડી બચાવવા અને સત્ય બહાર આવતુ અટકાવવા પાછલા તબકકે આરોપીને સંડોવવા કથીત મરણોન્મુખ નિવેદન તથા સ્યુસાઈડ નોટની હકીકતો ઉભી કરેલ છે તે શકયતા નિવારી શકાય નહી.

લેખીત દલીલના મુદ્દા નં.–૧૩ અન્વયે તેઓએ જણાવેલ છે કે, હાલના કેસમાં આરોપી મરનારને તેની સાથે પ્રેમ કરવા અને વાત કરવા દબાણ કરતા હતા અને મરનારે ના પાડી દીધેલ તેથી મરનાર ભાવનાબેન તથા તેના પરીવારના સભ્યોને હેરાન કરવા લાગેલ તેથી આ માનસીક ત્રાસથી કંટાળી મરનારે આત્મહત્યા કરેલ તેવો આરોપી સામે કરવામાં આવેલ આક્ષેપો શંકાસ્પદ અને ખોટી છે.

વધુમાં દલીલના સમર્થનમાં નીચે મુજબના સાઈટેશન રજુ રાખેલ છે.

1. 2003 DGLS(SC) 391 (Supreme Court), Sadhu Ram V/s State of Rajasthan
2. 2013 DGLS(SC) 432 (Supreme Court), Sujit Biswas V/s State of Assam
3. 2003 DGLS(M.P.) 211 (Madhya Pradesh High Court), Bherusingh @ Raju V/s State of M.P.
4. 2011 DGLS(SC) 401 (Supreme Court), Satyavir Singh Rathi V/s State Tr.C.B.I.
5. 2002 DGLS(H.P.) 238 (Himachal Pradesh High Court), Sandeep Kumar V/s State of H.P.
6. 2021 DGLS(Utt.) 404 (Uttarakhand High Court), Praneet Bhati V/s Central Bureau of Investigation
7. 2007(Supp.) Bom.C.R. 294 (Bombay High Court), Ramkrishna @ Pintu @ Ramkishan & ors. V/s State of Maharashtra
8. 2014 DGLS(Ori.) 372 (Orissa High Court), Bishnu Dakua V/s State of Orissa
9. 2021 DGLS(M.P.) 349 (Madhya Pradesh High Court), Pappu alias Dayaram V/s State of Madhya Pradesh
10. 2002 BCI 151 (Bombay High Court), State of Maharashtra V/s Prakash Sakha & Anr.

૮. **<u>પુરાવાનું મુલ્યાંકન ::</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તે નીચે મુજબ છે.

૯. આ કામે સૌપ્રથમ ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાને સાહેદનં.–૧ તરીકે આંક–૧૭ થી ફરીયાદપક્ષ તરફે તપાસેલ છે તેણે પોતાની સરતપાસમાં સોગંદપર સ્પષ્ટપણે જણાવેલ છે કે, બનાવ તા.૦૭/૦૫/૨૧ ના રોજ તેઓના ઘરે બનેલો. તેમા ભાવનાબેન એસીડ પી ગયેલા હતા તેથી જાગૃતીબેને તેઓને જગાડેલ અને કહેલ કે, જલ્દી ઉભો થા, ભાવનાબેન એસીડ પી ગયેલ છે તેથી જાગીને જોયુ તો ભાવનાબેને ઉલ્ટી કરતા હતા અને તેણીને પુછેલ કે શુ થયુ બેન અને તુ કેમ ઉલ્ટી કરો છો તો ભાવનાબેને તેને જણાવેલ કે, ''હવે મારે નથી જીવવુ અને આ સાગર મને તેની સાથે વાત કરવા માટે અવાર નવાર ધમકી આપે છે અને જો તે વાત ન કરે તો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપે છે તેથી તેના ત્રાસથી કંટાળી એસીડ પીધેલ છે તેવી વાત કરેલ અને તે વખતે તેના કાકાના દિકરા શૈલેષભાઈને બોલાવેલ અને વાત કરેલ અને શૈલેષભાઈ અને જાગૃતીબેન મોટર સાયકલ ઉપર ભાવનાબેનને બેસાડી ડો. કુચા સાહેબના દવાખાને લઈ ગયેલા અને તેની પાછળ તેના કાકાના દિકરા પ્રવિણભાઈ અને તેઓ કુચા સાહેબના દવાખાને ગયેલા ત્યાં ડો. કુચા સાહેબે ભાવનાબેનને સારવાર આપેલી તે સમયે જાગૃતીબેને તેમને પાસે આવીને વાત કરેલ કે મોટર સાયકલ ઉપર ભાવનાબેનને દવાખાને લાવતા હતા ત્યારે ભાવનાબેન તેમ કહેતી હતી કે જીવવુ નથી દવાખાને લઈ જાવ મા સાગરે મારી જીંદગી જીવવા જેવી રહેવા દીધી નથી તે પછી ડો. કુંચા સાહેબે ભાવનાબેનને મરણ ગયેલાની હકીકત જણાવેલી તે બાદ પી.એમ. કરવા માટે ભાવનાબેનની લાશ મહુવા સરકારી દવાખાને લઈ ગયેલા તયાં પોલીસ આવેલી અને ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પી.એમ. કરેલુ અને તે વખતે તેઓએ લાશ ઓળખાવી પંચ વિજયભાઈ, વેલજીભાઈ અને કાંતાબેન હાજર હતા, પી.એમ. થયા બાદ લાશ તેઓને સોંપેલી

અને બનાવના કારણમાં જણાવેલ કે, તેમની બાજુમાં રહેતો સાગર મગનભાઈ ગોહીલ અવાર નવાર તેમના બેન ભાવનાબેનને પ્રેમ સબંધ બાંધવા માટે દબાણ કરતો હતો અને આ બાબતે તેણે ના પાડી દીધેલી તેમ છતાં તેના બેનને હેરાન પરેશાન કરતો હતો અને પરીવારના સભ્યોને પણ હેરાન પરેશાન કરતો હતો તેથી તેના માનસીક ત્રાસના કારણે તેની બેને એસીડ પી આત્મહત્યા કરેલી જેની ફરીયાદ કરેલી જે આંક–૧૮ ની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૧૯ થી એન–૧, એન–૨, એન–૩ ના હસ્તાક્ષરવાળુ લખાણ ભાવનાબેનનુ છે તે ઓળખી બતાવેલ છે તથા ભાવનાબેને પહેરેલ કપડા ઓળખી બતાવેલ છે. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે અને તા.૨૦/૦૪/૨૧ ના રોજ ભાવનાબેને આરોપી સાગર વિરૂધ્ધ મહુવા પો.સ્ટે.માં અરજી આપેલી અને તેની દાઝ રાખીને રમેશભાઈ ધીરુભાઈ સેતાને આરોપીએ છરી વડે હુમલો કરી ઈજા પહોચાડેલ તે બાબતે મહુવા પો.સ્ટે.માં સાગર વિરૂધ્ધ રમેશભાઈને માર મારવા બાબતે ફરીયાદ થયેલી તેને સમર્થન આપેલ છે. આમ, ઉપરોકત સંજોગોમાં સદરહું ફરીયાદીએ આંક–૧૮ ની ફરીયાદને સંપુર્ણપણે સમર્થન આપતો પુરાવો આપેલ છે કે આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પીધેલ છે અને આત્મહત્યા કરેલ છે તથા ભાવનાબેનના હસ્તાક્ષરવાળો કુદરતી લખાણ જે સ્યુસાઈડ નોટ એન–૧, એન–૨ અને એન–૩ ના દસ્તાવેજી પુરાવાઓ સમગ્રપણે રજુ કરેલ છે જે આંક–૧૯ થી રજુ છે તેને સમર્થન કરેલ છે અને તેને એફ. એસ. એલ.ના પૃથ્થકરણ રીપોર્ટથી સમર્થન મળે છે કે, આ સ્યુસાઈડ નોટનુ લખાણ અને કુદરતી હસ્તાક્ષરના લખાણના અક્ષરો ભાવનાબેનના છે અને આ સ્યુસાઈડ નોટ પરથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પી લીધેલ છે અને આરોપી વારંવાર હેરાન કરતો હોવાથી રમેશભાઈ અને ભાવનાબેને પો.સ્ટે.માં જે ફરીયાદ આપેલી તેના

અનુસંધાને રમેશભાઈને છરી વડે હુમલો કરી ઈજા કરેલી અને જેની ફરીયાદ રમેશભાઈએ આપેલી તેને હાલના સાહેદ વળગી રહેલ છે જેથી આરોપી શરૂઆતથી માથાભારે હતો અને આરોપી ફરીયાદી અને તેના કુટુંબીજનોને વારંવાર હેરાન કરતો તે સ્પષ્ટપણે સાબિત થાય છે અને આરોપીના ત્રાસના કારણે ભાવનાબેનને એસીડ પી આત્મહત્યા કરેલ છે અને સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે તેને સ્પષ્ટ સમર્થન મળે છે. વધુમાં જોઈએ તો ગુજરનાર ભાવનાબેનના હસ્તાક્ષરવાળી સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ એન–૧ થી એન–૩ વાળા લખાણને આંક–૧૯ આપતી વખતે આરોપીના વિ.વ.શ્રી દવારા કોઈ જ વાંધો લેવામાં આવેલ નથી તેથી તે ઝેરોક્ષ નકલ આ કામે આંક–૧૯ થી રજુ રાખેલ છે તેને સદરહું સાહેદ સમર્થન આપતા હોય તથા તેના હસ્તાક્ષરોને પણ સમર્થન આપતા હોય તેની સહીઓને પણ સમર્થન આપતા હોય તેવા સંજોગોમાં આંક–૧૯ ની સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી તથા વધુમાં જોઈએ તો આ કામે પંચ સાહેદ સામજીભાઈ છગનભાઈ સેતાની સરતપાસ ફરીયાદપક્ષે લેવામાં આવેલ છે જે આંક–૩૩ થી લેવામાં આવેલ છે તેમા તેમણે પોતાની સરતપાસમાં મુદ્દામાલ આર્ટીકલ નં.–ર અને ૩ સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ લખેલ ચોપડો તેમણે ઓળખી બતાવેલ છે તેમા પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે અને આંક–૩૭ નુ પંચનામુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને તેમણે પણ પોતાની જુબાનીમાં સ્યુસાઈડ નોટની ઝેરોક્ષ અને ચોપડાના ઉતારાની નકલ છે તે ઓળખી બતાવેલ છે તેથી આંક–૧૯ ની સ્યુસાઈડ નોટ અને કુદરતી હસ્તાક્ષર વાળુ લખાણ એન–૧ થી એન–૩ સુધીનુ રજુ કરવામાં આવેલ છે તે ભાવનાબેન દવારા લખવામાં આવેલ છે તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી તથા આ કામે જે અસલ ચોપડો જે રજુ કરેલ છે તેમા સ્યુસાઈડ નોટ અસલ માર્ક–

ડી–૧ થી રજુ કરેલ છે તેને પણ સમર્થન આપેલ છે અને આ ચોપડામાનુ કુદરતી લખાણ આંક–૫૦ અને આંક–૫૧ થી રજુ કરેલ છે તેમા ભાવનાબેનના હસ્તાક્ષર છે તેને પંચ સાહેદ અને હાલના ફરીયાદી પરેશભાઈ સમર્થન આપતા હોય તેથી સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણના અક્ષર ભાવનાબેનના છે તે સાબિત થાય છે.

વધુમાં આરોપીના વિ. વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, સવારે ૮:૫૦ કલાકે ડો. કુચા સાહેબના દવાખાને સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હતુ અને ઈન્કવેસ્ટ કર્યા બાદ ફરીયાદ કરવામાં આવેલ છે પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તેનો લાભ આરોપીને મળી શકે નહી. તે સિવાય ઉલટતપાસમાં કોઈ હકીકત બહાર આવતી નથી. માત્ર એટલી હકીકત બહાર આવેલ છે કે, હોસ્પિટલમાં પોલીસે પુછપરછ કરેલ હતી પરંતુ સ્યુસાઈડ નોટની હકીકત તે વખતે જણાવેલ ન હતી પરંતુ આ અંગે આરોપીના વિ.વ.શ્રીના બચાવની દલીલોમાં તેની ચર્ચા કરવામાં આવેલ છે તેથી તે અંગે વધુમાં કોઈ ચર્ચા કરવામાં આવતી નથી. આમ, ઉપરોકત સંજોગોમાં સ્યુસાઈડ નોટ આંક–૧૯, ફરીયાદ આંક–૧૮ સરતપાસની હકીકતોથી સાબિત થાય છે અને આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ ફરીયાદીની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''ડો. કુચા સાહેબનું દવાખાનું તેઓના ઘરથી બાઈક ઉપર જતાં દસ મીનીટના અંતરે આવે છે. તેઓની બહેન ડો. કુચા સાહબેને ત્યાં પહોચ્યાં તેની પાંચ દસ મીનીટમાં જ પાછળ પાછળ તેઓ પણ ત્યાં પહોંચેલા. તેઓ ડો. કુચા સાહેબને ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં શૈલેષભાઈ તથા તેઓના બેન જાગૃતીબેન હાજર હતા. તેઓની બેન જાગૃતીબેન ડો. કુચા સાહેબના

દવાખાને આશરે એકાદ કલાક રહયા હશે. તેઓના બેન ભાવનાબેન આશરે સાતેક વાગ્યા પછી ગુજરી ગયા હશે. તેઓના બેન હયાત હતા ત્યારે મહુવા પોલીસને ડો. કુચા સાહેબે તેઓના બેનને દાખલ કર્યાની જાણ કરેલી કે કેમ તે તેમને ખબર નથી. તેઓના બેન ગુજરી ગયા ત્યારે ડો. કુચા સાહેબના દવાખાને તેઓ, શૈલેષભાઈ, પ્રવીણભાઈ અને મનીષાબેન હાજર હતા. તેઓની બેન ગુજરી ગયાના પંદર વીસ મીનીટ પછી તેઓના માતા, મોટા બા, રમેશભાઈ પણ આવી ગયેલા. તેઓની બહેન ગુજરી ગયા પછી ડો. કુચા સાહેબને ત્યાં વીસેક મીનીટ રોકાયેલા અને તે પછી મહુવા સરકારી દવાખાને ગયેલા. તેઓને એ વાતનું ધ્યાન રહેલ નથી કે તેઓની બેનને મહુવા સરકારી દવાખાને લઈ ગયા તે સમય દરમીયાન મહુવા પોલીસ ડો. કુચા સાહેબના દવાખાને આવી ગયેલી કે કેમ. મહુવા સરકારી દવાખાને પહોંચ્યા તેની દસ પંદર મીનીટ બાદ મહુવા પોલીસ આવી ગયેલી. પોલીસ આવ્યા બાદ પોલીસે તેઓની, તેઓના મોટાબેન, શૈલેષભાઈ, પ્રવીણભાઈ, રમેશભાઈની પુછપરછ કરેલી. તેઓના બધાની જે પુછપરછ કરી તે મહુવા સરકારી દવાખાને પહોચ્યા પછી આશરે અડધો કલાક બાદ કરેલી. તેઓની બહેનની લાશનું પંચનામું કેટલા વાગે થયેલ તે સમય તેઓને યાદ નથી. તેઓની બધાની પુછપરછ થઈ તેના આશરે અડધા કલાક બાદ તેઓની બેનની લાશનું પંચનામું થયું હશે. લાશના પંચનામું થયા પહેલા તેઓની જે પુછપરછ થયેલી તેનું પોલીસે લખાણ કરેલું કે કેમ તે તેમને ખયાલ નથી. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓની બેનની લાશના પંચનામા વખતે તેઓની બેનની લાશ તેઓએ ઓળખાવેલી. જે વખતે પોલીસે તેઓના બધાની પુછપરછ કરેલ તે વખતે તેઓની બેન જાગૃતીબેન ત્યાં ના હતી. તેઓની બેન જાગૃતી જે વખતે ડો. કુચા સાહેબના દવાખાને હાજર હતા તે વખતે તેઓન ગુજ. બેનની સારવાર આઈ.સી.યુ.માં ચાલું હતી અને તેઓ બધા આઈ.સી.યુ. રુમની બહાર હતા.

તે વખતે તેઓ તેઓની બેનની બાબતે વાત કરતાં હતા. લાશના ઈન્કવેસ્ટ પંચનામાં પહેલા જયારે તેઓની પુછપરછ કરવામાં આવી ત્યારે બનાવ શા માટે બનેલો તે બાબતે તેઓએ પોલીસને કઈ કહેલું નહી. તેઓના સંબંધીઓની પુછપરછ પોલીસે કરી અને તેમણે શું કહેલું તેની તેમને ખબર નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓની ફરિયાદ લખાવી ત્યાં સુધી તેઓની બહેને સુસાઈડ નોટ લખેલી છે તે હકીકત જાહેર થયેલી નહી. તેઓના ઘરમાં તેઓ, ભાવનાબેન, જાગૃતીબેન, મનીષાબેન, વર્ષાબેન ભણેલા છે અને લખતાં વાંચતા આવડે છે. બનાવવાળી જગ્યાનું પંચનામું થયું ત્યારે તેઓ હાજર હતા. બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવ્યું ત્યારે પહેલી વખત જાહેર થયેલું કે મરનારે સુસાઈડ નોટ લખેલ છે. તેમજ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મરનારે પોતે કોઈ દીવસ આરોપી સાગર વિરુઘ્ધ ફરિયાદ કરેલી નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, મરનાર પાસે બે મોબાઈલ નંબર હતા. તે પૈકી એક નંબર –૮૬૯૦૯૧૯૫૫૯ તથા બીજો નંબર–૮૭૮૦૩૭૭૫૬૬ છે. તેઓએ કોઈ દીવસ તેઓની ગુજ. બહેનના મોબાઈલમાં આવેલા કોલના નંબરો તપાસેલા નથી. લાલજીભાઈ ભુપતભાઈ તેઓના બનેવી છે. તેઓના ભાઈ રમેશભાઈ અને આરોપી સાગર વચ્ચે પહેલો ઝઘડો તા.૨૦/૪/૨૦૨૧ ના રોજ થયેલો. ફેબ્રુઆરી મહીનામાં તે બંને વચ્ચે ઝઘડો થયેલો કે કેમ તે તેમને ખયાલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ફેબ્રુઆરી–૨૦૨૧ પહેલા તેઓના કુટુંબ અને આરોપી સાગરના કુટુંબને સારા સંબંધો હતા. તેઓને એ વાતનો ખયાલ નથી કે ફેબ્રુઆરી–૨૦૨૧ પછી મારી ગુજ. બહેન અને આરોપી વચ્ચે કોઈ ફોન કોલ થયેલા છે કે કેમ. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, માર્ચ–૨૦૨૧ થી તેઓના અને આરોપી સાગરના કુટુંબના આવવા–જવાના સંબંધો પુરા થઈ ગયા હતા. ફેબ્રુઆરી–૨૦૨૧ પછી તેઓની ગુજ. બહેનને આરોપીની સાથે બોલવાનો કોઈ

વ્યવહાર ના હતો. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની બહેનને દવાખાને લઈ ગયા તે પહેલાથી જ તેઓની બહેને કોઈ સાથે વાતચીત કરેલી નથી. તેઓના માનવા પ્રમાણે તેઓના ભાઈ રમેશે સાગર ઉપર જે કોઈ ફરિયાદો કરી છે તે સાચી છે.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૦. ડો. પ્રફુલભાઈ મોહનભાઈ સોલંકી સાહેદ નં.–ર ને આંક–ર૧ થી ફરીયાદપક્ષે તપાસેલ છે જેઓએ ભાવનાબેનની લાશનુ પી.એમ. કરનાર ડોકટર છે અને તેઓએ તા.૦૭/૦પ/ર૧ ના રોજ જનરલ હોસ્પિટલ મહુવા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ભાવનાબેનની લાશ મળેલી, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોતર ફોર્મ, પી.એમ.ની યાદી સાથે મૃતદેહ મોકલાવેલ હતો જે એક વાગ્યે રસીવ કરેલ હતો અને તા.૦૭/૦પ/ર૧ ના રોજ બપોરે એક કલાક શબ પરીક્ષણ કરેલ અને બપોરે બે કલાકે શબ પરીક્ષણ પુરુ કરેલ હતુ. તેમને પોતાની સરતપાસમાં એવી પણ હકીકત જણાવેલ છે કે, કોલમ નં.–૧૭ મુજબ બંને હોઠના અંદરનો ભાગ, મ્યુકોઝા અને જીભ ખરડાયેલી હતી, દાંત સફેદ ચોક જેવા થઈ ગયેલ હતા, જઠરની ઉપરનો ભાગ ખરડાયેલ હતો અને બ્લેક કલરનુ મટીરીયલ હાજર હતુ આખા શરીર ઉપર અન્ય કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહી. કોઈપણ બાહય અસ્થિભંગ ન હતો, કોલમ – ૧૭ અને ૧૮ મુજબ આ ઈજાઓ મરણ ગયા પહેલાની હતી. શબની આંતરીક તપાસ કરતા ત્વચા નીચે કોઈ ઈજા ના હતી. ખોપરીના ઉપરના અને નીચેના ભાગે કોઈ અસ્થી ભંગ ના હતો. મગજની તપાસ કરતાં મગજની અંદરનો ભાગ અને આવરણ કંન્જસ્ટેડ અને સોજાયેલા હતા. છાતી અને હૃદયની તપાસ કરતાં છાતીની દીવાલ, પાંસળીઓ અને હાડકાઓ નોર્મલ હતા.

કંઠેન્દ્રીય, શ્વાસનળી અને કલોમની તપાસ કરતાં તેની અંદરનો ભાગ મ્યુકોઝા ખરડાયેલો હતો અને બ્લેક રંગના પાર્ટીકલ જોવા મળેલા. જમણું અને ડાબુ ફેફસું નોર્મલ અને કંન્જસ્ટેડ હતા. હૃદયનું આવરણ નોર્મલ હતું. હૃદયનું વજન નોર્મલ હતુ. બધા ચેમ્બર અને આરટ્રીમાં ગંઠાયેલ લોહી હતું. મોટી રકતવાહીનીઓ નોર્મલ હતી. પ્રાથમીક સારવાર માટે તેમને ડો. કુચા સાહેબને ત્યાં લઈ ગયેલા હતા અને ત્યાં મૃત જાહેર કરેલા હતા. પી.એમ. માટે સરકારી હોસ્પીટલ, મહુવા ખાતે મોકલવામાં આવેલા હતા. પેટની તપાસ કરતાં પેટની દીવાલ અને અંદરની ત્વચાનું આવરણ નોર્મલ હતું. પેટના પોલાણમાં આશરે બસ્સોથી અઢીસો જેટલું કાળા ભુખરા રંગનું પ્રવાહી હતું. મોંનું બો, દાંત, જીભ અને કંઠનળી કોલમ નંબર-૧૭ પ્રમાણે હતા. અન્નનળી કોલમ નંબર-૧૭ પ્રમાણે હતી. હોજરીની તપાસ કરતાં તેમાંથી આશરે ૨૦૦ એમ.એલ. જેટલું કાળા રંગનું ગંઠાઈ ગયેલા જેવું મટીરીયલ મળેલું. હોજરીની દીવાલ કપાઈ ગયેલી હતી. દીવાલની આજુબાજુનો ભાગ ખરડાયેલો હતો અને કંન્જસ્ટેડ હતો. હોજરીનું મ્યુકોઝા કંન્જસ્ટેડ હતું અને કાળા રંગનું હતું. નાના આંતરડાની તપાસ કરતાં તેમાં કાળા રંગનું મટીરીયલ હતું. મ્યુકોઝા ખરડાયેલ હતું અને કાળા રંગનું હતું. તેમાંથી કોઈ અસામાન્ય ગંધ આવતી ના હતી. મોટા આંતરડાની તપાસ કરતાં તેમાંથી ગેસ અને મળ હાજર હતા. યકૃત, અન્નાશય, અધીવૃક્રો, બરોળ આ ચારેય અંગો ઈન્ટેકટ અને કંન્જસ્ટેડ હતા. પેશાબની કોથળી ખાલી હતી. જનેન્દ્રીયમાં કાઈ અસામાન્ય લાગતું ના હતું. પી.એમ. દરમીયાન શબના વીસેરા લેવામાં આવેલા, લેબલ કરવામાં આવેલા, સીલ કરવામાં આવેલા અને પોલીસને સોંપવામાં આવેલા. તેમા (૧) હોજરી અને નાના આંતરડાનો ભાગ અને તેની અંદરની વસ્તુઓ, (૨) લીવર, સ્પ્લીન, કીડનીના કટકાઓ લેવામાં આવેલા, (૩) બ્લડ, (૪) કપડા ( કુર્તી, પાયજામો, બ્રા અને પેન્ટી), ૧ અને ૨ નંબરને સ્પીરીટમાં રાખવામાં આવેલા અને તેને કેમીકલ

એનાલીસીસ માટે મોકલવામાં આવેલા. કરોડરજજુમાં કોઈ અસામાન્ય વસ્તુ જોવા મળેલી નહી. તેઓના અભીપ્રાય મુજબ શબ પરીક્ષણ સમયે મૃત્યુંનું કારણ, હૃદય અને ફેફસાના ફેઈલ થવાથી થયેલ હોય તેવું તેઓનુ મારવુ છે, પણ તેનો ફાઈનલ રીપોર્ટ વીસેરાના રીપોર્ટ આવે તે બાદ કહી શકાય. તેઓની સાથે પી.એસ.આઈ. મહુવા મારફત મળેલ એફ.એસ.એલ. જુનાગઢનો અહેવાલ ફોરવર્ડીંગ લેટર સાથેનો લઈને આવેલ જે જોઈને જણાવે છે કે, તેમાં હાઈડ્રો કલોરીક એસીડ નામના અકાર્બનીક પ્રકારના રાસાયણીક ઝેરની હાજરી શોધાયેલી, જેથી તેમનો શ્વાસ રુંધાવાથી મૃત્યું થયેલ હોય તેવું તેઓનુ માનવું છે. કોલમ નંબર–૧૭ માં દર્શાવેલી ઈજા એફ.એસ.એલ. રીપોર્ટમાં દર્શાવેલ હાઈડ્રોકલોરીક એસીડનું પરીણામ હોઈ શકે. આંક–૨૩ થી પી.એસ.આઈ. મહુવા મારફત મળેલ એફ.એસ.એલ. જુનાગઢનો અહેવાલ ફોરવર્ડીંગ લેટર રજુ છે. તેમજ આંક–૨૪ થી શબ પરીક્ષણ કર્યા બાદ ગુજ. ભાવનાબેન સેતાની પી.એમ. નોટ તેઓના હસ્તાક્ષરમાં લખેલ, તેમાં તેઓની સહી છે તથા હોસ્પીટલનો સીકકો છે જે રજુ કરેલ. આંક–૨૫ સેમ્પલ ઓફ સીલનું પ્રમાણપત્ર છે, તેમાં તેઓની સહી છે.

આમ ઉપરોકત સાહેદની સરતપાસ જોતા સ્પષ્ટપણે એ હકીકત સાબિત થાય છે કે, સદરહું સાહેદે વિશેરા રીપોર્ટ જોઈને સ્પષ્ટપણે એફ. એસ. એલ.ના અભિપ્રાય મુજબ પોતાનો અભિપ્રાય જણાવેલ છે કે, ''તેમા હાઈડ્રોકલોરીક એસીડ નામના અકાર્બનીક પ્રકારના રાષાયણીક ઝેરની હાજરી જોવા મળેલી જેથી તેમનો શ્વાસ રુંધાવાથી મૃત્યુ થયેલ હોય તેવુ મારુ માનવુ છે.'' આમ આરોપીની હોજરીમાંથી જે વિશેરા પૃથ્થકરણ માટે નમુનો લેવાયેલ હતો તેમા એફ. એસ. એલ.ના પૃથ્થકરણના અંતે એ હકીકત સ્પષ્ટપણે સાબિત થયેલ છે કે, મરણજનાર ભાવનાબેને એસીડ પીધેલ હતુ અને તેના કારણે શ્વાસ રુધાવાના કારણે તેનુ મૃત્યુ થયેલ હતુ અને આ

એસીડ પીવાના કારણે તેની હોજરીનુ મ્યુકોઝા કન્જેસ્ટેડ હતુ, ખરડાયેલ હતુ, કાળા રંગનુ હતુ, શ્વાસનળી, કંઠેન્દ્રીય અને કલોમની તપાસ કરતા તેની અંદરનો ભાગ મ્યુકોઝા ખરડાયેલ હતો અને બ્લેક કલરના પાર્ટીકલ જોવા મળેલ હતા. આમ એસીડ પીધેલ હોય તો જ આવી ઈજાઓ થયેલી હોય તે સિવાય થઈ શકે નહી. તેથી ઉપરોકત સંજોગોમાં સદરહું મેડીકલ ઓફીસરે ભાવનાબેનનુ પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર છે અને એસીડ પીવાના કારણે જ ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે તે હકીકત સદર મેડીકલ ઓફીસરની જુબાનીથી સાબિત થાય છે અને તે હકીકતને સમર્થન આપતો પુરાવો મળી રહે છે. સદરહું સાક્ષીની ઉલટતપાસમાં એ હકીકત બહાર આવેલ છે કે, હાઈડ્રોકલોરીક એસીડનો ઉપયોગ થાય ત્યારે મ્યુકોઝા બ્રાઉનીસ કલરની થાય છે તેઓને એ વાતનો ખ્યાલ નથી કે, એસીડમાં સલ્ફયુરીક એસીડ સૌથી ઝલદતા દર્શાવતુ એસીડ છે કે કેમ ? હાલના કેસમા હોજરીનુ પરફોરેશન જોયેલ છે અને સલ્ફયુરીક એસીડનો ઉપયોગ થાય ત્યારે હોજરીના પરફોરેશન વધારે થાય છે. હકીકતે મરનારે એસીડ પીને આપઘાત કરેલ છે કે કેમ અને તેના કારણે મૃત્યુ થયેલ છે કે કેમ તે કોર્ટે જોવાનુ રહે છે. સલ્ફયુરીક એસીડ વધારે જલદ છે કે હાઈડ્રોકલોરીક એસીડ વધારે જલદ છે તે જોવાનુ રહેતુ નથી. જયારે હાઈડ્રોકલોરીક એસીડ ગુજરનાર ભાવનાબેનની હોજરીમાંથી વિશેરાના નમુનામાં મળી આવેલ હોય અને તેને મેડીકલ ઓફીસર દવારા પુરતો સમર્થન આપતો પુરાવો આપતો હોય ત્યારે તે પુરતુ છે અને તેથી કયુ એસીડ વધારે જલદ છે તે જોવાનુ રહેતુ નથી. પરંતુ એસીડ પીવાના કારણે મૃત્યુ થયેલ કે કેમ તે જોવાનુ રહે છે અને હાલના કેસમાં હાઈડ્રોકલોરીક એસીડના તત્વો વિશેરાના રીપોર્ટમાં મળી આવેલ છે તેનાથી સાબિત થાય છે કે, ગુજરનારે એસીડ પીધેલ છે અને તેનાથી મૃત્યુ થયેલ છે જે પ્રોસીકયુશનની થીયરીને સમર્થનકારી પુરાવો આપેલ છે તેથી તે ન માનવા

માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો આ કામે આંક–૨૪ થી પી.એમ. નોટ રજુ કરવામાં આવેલ છે તેની ઉપરથી પણ એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, વિશેરાનો રીપોર્ટ આવ્યા પછી તેનુ ફાઈન્ડીંગ કોઝ ઓફ ડેથ જાણી શકાય છે અને તેના માટે તેમણે પૃથ્થકરણનો અભિપ્રાય રીપોર્ટ પરથી પોતાનો અભિપ્રાય જણાવેલ છે કે, ભાવનાબેન દવારા એસીડ પી જવાના કારણે શ્વાસ રુંધાવાથી મૃત્યુ થયેલ છે અને આ હકીકતો રેકર્ડ પરથી સાબિત થયેલ છે તેથી તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેઓએ મરનારની કંઠેન્દ્રીયની તપાસ કરેલી હતી. કંઠેન્દ્રીયનું મ્યુકોઝા લેવલ ખવાઈ ગયેલ હતું. આ કેસમાં કંઠેન્દ્રીય છે તે ખવાઈ ગયેલી હતી. કંઠેન્દ્રીય બોલવા માટેનું મુખ્ય અવયવ છે. કંઠેન્દ્રીય ખવાઈ જાય એટલે તેના અવયવો કામ કરતાં નથી. ખવાઈ ગયેલાની સ્થીતી તે કોન્સ્ન્ટ્રેટેડ (જલદ) એસીડ લેવાયાની સ્થિીતી બતાવે છે. આવી વ્યકતી એસીડ લીધા પછી બોલી શકે નહી. મ્યુકોઝાના કલર ઉપરથી કયા પ્રકારનું એસીડ લીધેલ છે તેનો ચોકકસ પણે ખયાલ ના પણ આવે. હોઠ, અન્નનળી, કંઠેન્દ્રીય, શ્વાસનળી, હોજરી, નાના આંતરડાના મ્યુકોઝાનો કલર કાળો પડી ગયેલો હતો. પેટના પોલાણમાં જે પ્રવાહી મળેલું તે બ્લેકીશ બ્રાઉન રંગનું હતું. જયારે સલ્ફયુરીક એસીડનો ઉપયોગ થાય ત્યારે મ્યુકોઝા પ્રથમ ગ્રેઈશ વ્હાઈટ થઈ તુરંત જ બ્રાઉનથી કાળી થઈ જતી હોય છે. હાઈડ્રો કલોરીક એસીડ(એચ.સી.એલ.)નો ઉપયોગ થાય ત્યારે મ્યુકોઝા બ્રાઉનીશ કલરની થતી હોય છે. તેઓને એ વાતનો ખયાલ નથી કે એસીડમાં સલ્ફયુરીક એસીડ સૌથી વધુ જલદતા બતાડતું એસીડ છે કે કેમ. હાલના કેસમાં તેઓએ હોજરીનું પર્ફોરેશન જોયેલું છે. જયારે સલ્ફયુરીક એસીડનો ઉપયોગ થાય છે ત્યારે હોજરીના

પર્ફોરેશનની શકયતા સૌથી વધુ હોય છે. જે જે અવયવો એસીડના કોન્ટેકટમાં આવ્યા છે તેના મ્યુકોઝા કાળા રંગના જોવા મળ્યા છે. તેઓ તે કહી શકે નહી કે જયારે કોન્ટેકટમાં આવેલા મ્યુકોઝા કાળા થઈ ગયેલા હોય અને હોજરીનું પર્ફોરેશન જોવા મળેલું હોય તે વખતે સલ્ફયુરીક એસીડનો ઉપયોગ થયો હોવો જોઈએ. મેડીકલ ઓફીસરશ્રી સ્વૈચ્છાએ જણાવે છે કે, ઉલટ તપાસમાં આરોપીના વિ.વ.શ્રી. દવારા પી.એમ. નોટ રીફર કરીને સવાલો પુછેલા છે અને તેઓને ફોરેન્સીક એક્ષપર્ટની બુક બતાવી સલ્ફયુરીક એસીડ અને હાઈડ્રો કલોરીક એસીડના સવાલો જે પુછેલા છે તેના જવાબો બુક (ધી એસેન્સીયલ ઓફ ફોરેન્સીક મેડીસીન અને ટોક્ષીકોલોજી બાય કે.એસ. નારાયણ રેડ્ડી)માંથી બતાવેલ છે અને તે બુક મુજબ તેઓએ જવાબો આપેલા છે.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૧. ફરીયાદપક્ષે ડો. દિનેશભાઈ ઘુસાભાઈ કુંચાને આંક–૨૯ થી સાહેદ નં.–૩ તરીકે તપાસેલ છે અને તેમણે ભાવનાબેનને તા.૦૭/૦૫/૨૧ ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરેલ અને સારવાર આપેલી તેના આંક–૩૦ થી આંક–૩૨ સુધીના દસ્તાવેજી પુરાવાને સમર્થન આપેલ છે અને એસીડ ભાવનાબેન દવારા પીધેલ હોવાની ફરીયાદ તેઓના સગાઓએ કરેલ છે તે હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે. ટ્રીટમેન્ટના પેપર્સ રજુ રાખેલ છે તથા તેણીને સતત ઉધરસ અને ઉબ્કા આવતા હતા અને પેટમાં દુખાવો હતો તેની પણ ફરીયાદ હતી. પરંતુ આરોપીના વિ.વ.શ્રી દવારા હીસ્ટ્રી પેપર્સમાં જે લખેલ છે તે સગાના લખાવ્યા મુજબ લખેલ છે તેના આધારે ભાવનાબેને બનાવના દિવસે એસીડ પીધેલ નથી તેવી કોઈ હકીકત સાબિત થતી નથી તથા આંક–૩૦ થી ૩૨ ની વિગતવારની ચર્ચા આરોપીના વિ.વ.શ્રીની

દલીલમાં હવે પછી કરવામાં આવેલ હોવાથી હાલ કરેલ નથી. આમ સદર દિનેશભાઈ કુંચા દવારા ભાવનાબેનની સારવાર કરેલ છે તેમા તેણીએ એસીડ પીધેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને એસીડ પીવાના કારણે મૃત્યુ થયેલ છે તેવી હકીકત સારવારના પેપર્સ પરથી સાબિત થાય છે તેથી આ હકીકત ન માનવા માટે કોઈ કારણ નથી.

આ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ કેસ પેપર્સમાં જે માહીતી લખી છે તે તેમના સગાના લખાવ્યા મુજબની લખેલી છે. તેઓને એ વાત યાદ નથી કે તેઓએ યાદી મોકલી તેના અનુસંધાને પોલીસ તેઓના દવાખાને આવેલી કે કેમ.

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૨. ફરીયાદપક્ષે શામજીભાઈ છગનભાઈ સેતાને આંક–૩૩ થી સાહેદનં.–૪ તરીકે તપાસેલ છે અને તેઓ ગુનાવાળી જગ્યાના પંચ છે અને બીજા પંચ મનસુખભાઈ નાનજીભાઈ દેસાઈની હાજરીમાં આ પંચનામુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે. વધુમાં જોઈએ તો સરતપાસથી એ હકીકત સાબિત થાય છે કે, જાગૃતીબેને બનાવવાળી જગ્યા બતાવેલ હતી તથા જે જગ્યાએ ભાવનાબેન દવારા એસીડ પીધા પછી ઉલ્ટીઓ કરવામાં આવેલ હતી તેના સુકાઈ ગયેલા ડાઘ જોવા મળેલ હતા અને તે જગ્યા સાફ કરી નાખેલ હતી તે તમામ હકીકતોને તેમણે સમર્થન આપતો પુરાવો આપેલ છે. જાગૃતીબેને સ્યુસાઈડ નોટ બતાવેલી અને આ સ્યુસાઈડ નોટમાં આરોપી સાગર તેને ખુબજ હેરાન પરેશાન કરતો હતો અને તુ સરખી રીતે વાત ન કરે તો તારા ભાઈઓને પતાવી દઈશ તેવી ધમકી આપતો હતો અને જો તુ કોઈને કહીશ તો તને અને તેના ભાઈઓને મારી નાખશે તેથી તે ડરી ગયેલ હતી અને સાગર

ગોહીલે બધુ રેકોર્ડીંગ કરી રાખેલ હતુ અને અવાર નવાર આ સાગર ઘરની બહાર જતો હતો અને ધમકી આપતો હતો તેવી હકીકતને સમર્થન આપેલ છે તેનો ભાઈ મેડીકલ જતો હતો ત્યારે રસ્તામાં ઉભો રાખી ધોકા વડે માર મારેલ તેથી ડરી ગયેલ અને કોઈને વાત કરેલ નહી અને અઢી માસ પહેલા બાજુના ઘરમાંથી ઠેકડો મારી આવેલો તેથી બધાને વાત કરેલી અને હેરાન પરેશાન કરતો હતો અને આ વાત કોઈને કહીશ તો તારા પાંચેય ભાઈઓને મારી નાખીશ ભલે તેને જેલમાં જવુ પડે પોલીસ કશુ બગાડી શકે નહી તેવી વાત કરેલ અને તેના માનસીક ત્રાસના કારણે આત્મહત્યા કરેલી તેવુ સ્યુસાઈડ નોટમાં લખેલ છે તેની સહીઓને પણ તેણે ઓળખી બતાવેલ છે તથા એસીડની બોટલને મુદ્દામાલ આર્ટીકલ તરીકે કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેને પોલીસ દવારા જપ્ત કરવામાં આવેલ છે તેને સમર્થન આપેલ છે તથા સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણવાળો ચોપડો અસલ આ કામે કબજે કરેલ છે તે તમામને સમર્થન આપતો પુરાવો આપેલ છે તેથી સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણવાળો ચોપડાને સમર્થનકારી પુરાવો આપેલ હોય તેથી તેને ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. સ્યુસાઈડ નોટમાના લખાણને જોતા આરોપી સાગરની ધાક ધમકીના કારણે અને હેરાન પરેશાન કરતો હોવાના કારણે ભાવનાબેન દવારા એસીડ પી ગયેલ તેને સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં જોઈએ તો આ કામે આરોપી સાગર દવારા જે કાઈ પણ રેકોર્ડીંગ કરવામાં આવેલ છે તે આરોપીના મોબાઈલમાં હતુ અને આ રેકોર્ડીંગ એફ. એસ. એલ. ના પુરાવામાં ત.ક.અ. દવારા મોબાઈલ કબજે લેવામાં આવેલ હતા ત્યારે કબજે લેવામાં આવેલ હતુ અને તેની સીડી. બનાવી એફ. એસ. એલ. મુકામે રજુ કરવામાં આવેલ હતી અને તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, ભાવનાબેન દવારા સ્યુસાઈડ આરોપીની ધાક ધમકીના કારણે અને હેરાન પરેશાન કરવાના કારણે એસીડ પી જવાથી કરવામા આવેલ હતુ

અને સારવાર દરમ્યાન તેનુ મોત થયેલ હતુ અને આ રેકોર્ડીંગ ત.ક.અ.દવારા કબજે કરવામાં આવેલ છે તે રેકોર્ડીંગ એફ. એસ. એલ.માં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ હતુ તેની સીડી આ કામે રજુ કરવામાં આવેલ હતી તેમા અમુક રેકોર્ડીંગની કલીપો કોર્ટ દવારા ચેક કરતા તેમ આરોપી ભાવનાબેનને વારંવાર બહાર આવવા અને વાતો કરવા ધમકી આપતો હતો અને બિભત્સ ગાળો બોલતો હતો અને જો તે મળવા ન આવે તો તેના ઘરે આવીને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેનુ નુકશાન ભાવનાબેનને થવાનુ હતુ તેવી ધમકી આપતો હતો. તેવા સંજોગોમાં આ સીડીઓના પુરાવા ઉપર આરોપીપક્ષના વિ.વ.શ્રીએ પણ આધાર રાખેલ છે અને આંક–૬૫ ના સર્ટી.ને સમર્થન આપેલ છે તો તેવા સંજોગોમાં ઈમેજીસનો જે બચાવ લેવામાં આવેલ છે કે, આરોપી અને ભાવનાબેનને પ્રેમ સબંધ હતો તેથી તેના ત્રાસના કારણે ભાવનાબેનને આત્મહત્યા કરેલ નથી પરંતુ ઓડીયો કલીપ સીડીમાં રજુ કરવામાં આવેલ છે તેનાથી સાબિત થાય છે કે, આરોપી ભાવનાબેનને ધાક ધમકી આપતો હતો અને ગાળો બોલતો હતો અને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે તે સાબિત થાય છે તેથી તેવા સંજોગોમાં સ્યુસાઈડ નોટ આપોઆપ સાબિત થાય છે અને એફ. એસ. એલ.ના પૃથ્થકરણમાં ગુજરનાર ભાવનાબેનના શરીરમાંથી એસીડની હાજરી મળી આવેલ છે તે પણ સાબિત થતી હોય અને સ્યુસાઈડ નોટના લખાણ પણ ભાવનાબેનના સાબિત થતા હોય તેવા સંજોગોમાં બનાવવાળી જગ્યાનુ પંચનામુ આપોઆપ સાબિત થતુ હોય તેવા સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પી આત્મહત્યા કરેલ છે તે સાબિત થાય છે તેને પંચ વિટનેશની જુબાનીથી તેને સમર્થન મળે છે અને તે રીતે આંક–૩૭ નુ પંચનામુ સદરહું પંચ શામજીભાઈ છગનભાઈ સેતાની જુબાનીથી સાબિત થાય

છે અને તેઓએ સરતપાસમાં ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે તેથી તેને ન માનવા માટે કોઈ કારણ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેઓનુ ઘર મરનારના ઘરની એક જ દીવાલે આવેલ છે. આ પંચનામા પહેલા તેઓ મરનારના ઘરે ગયેલ છે. મરનારના ઘરની ઉગમણી બાજુ ઉત્તર–દક્ષીણનો રોડ આવેલો છે. તેમના ઘરની ઉગમણી બાજુ ઘરમાં પ્રવેશવાનો દવાર આવેલો છે. મરનારના ઘરમાં જવું હોય તો ઉગમણી દીશામાં આવેલી ખડકીમાંથી જ જવુ પડે. તેમાંથી અંદર દાખલ થતાં બે માળનું મકાન આવે છે. નીચેના માળે સામાન પડેલો હોય છે, ત્યાં કોઈ રહેતું નથી. બનાવ વખતે મરનારની સાથે તેમની બહેન, ભાઈ અને માતા રહેતાં હતા. તેમનું રહેણાંક ઉપલા માળે હતું. ઉપલા માળે રુમ અને રસોડું આવેલ છે. તે સીવાય રહેણાંક માટે ઉપલા માળે કઈ નથી. આ મકાન ઉપર અડધા ભાગમાં સ્લેબ અને અડધા ભાગમાં નળીયા આવેલા છે. મરનારના ઘરમાં ઉપલા માળે પહેલા ધાબાવાળો રુમ આવે છે, તેની પશ્ચીમે રસોડું છે, તેની ઉપર સીમેન્ટના પતરા છે અને તેની પછી નળીયાના છાપરાવાળો બીજો રુમ આવેલો છે. મરનારના ધાબાની પશ્ચીમ બાજુ તેઓનુ ધાબુ આવેલું છે. તેઓના ધાબા અને મરનારના ધાબા વચ્ચે જે દીવાલ છે તે દીવાલ એકબીજાને જોઈ ના શકાય એ રીતે દસથી બાર ફુટ ઉંચી છે. તેઓની અને મરનારના મકાનની વચ્ચેની કોમન દીવાલ જે છે તે મરનારના મકાનની દક્ષીણ દીશામાં આવેલી છે. મરનારના મકાનની ઉત્તરની દીવાલ હીંમતભાઈ વશરામભાઈના મકાનની સાથે સંયુકત છે. ધાબાની ઉત્તર તરફની દીવાલ છે તે આશરે પાંચેક ફુટ જેટલી ઉંચાઈની છે. તેઓ મરનારના સગપણમાં કાકા મોટાબાપુના સગા થાય છે. હીંમતભાઈ વશરામભાઈ તેઓની જ્ઞાતીના છે, બીજા કોઈ સગપણમાં નથી. મરનાર

ગુજરી ગયાની જાણ તેઓને સવારના સાડા પાંચ છ વાગ્યાની આસપાસ થયેલી. મરનારનું પી.એમ. થયા બાદ તેમની લાશ આશરે બેથી અઢી વાગ્યાની આસપાસ તેમના ઘરે લાવ્યા હશે. મરનારની અંતીમવીધીની યાત્રા આશરે ત્રણેક વાગે કાઢી હશે. તેઓ તેમા ગયેલા. અંતીમવીધી પુરી થયા બાદ તેઓ આશરે પાંચ સાડા પાંચ વાગે પરત આવેલા. બીજા પંચ મનસુખભાઈનું ઘર મરનારના ઘરથી અડધો પોણો કી.મી. દુર છે. બનાવના દીવસે આશરે સાંજે પાંચ સાડા પાંચની આસપાસ પોલીસે તેઓને પંચમાં રહેવા માટે બોલાવેલા. પંચમાં રહેવા માટે બીજા પંચને ફોન કરેલો એટલે તેઓ આવી ગયેલા. તેમને ફોન કોણે કરેલો તેની તેમને ખબર નથી. મરનારના ઘરે તેઓ પંચનામા માટે આશરે સાંજના પાંચ સાડા પાંચ વાગે પહોચેલા. મરનારના ઘરે જે ધાબાવાળો રુમ છે તે માત્ર બેઠવા ઉઠવા માટે જ ઉપયોગમાં લેવાતો હતો, જમવા અને સુવાનું પાછલા રુમમાં રાખવામાં આવતું હતું. તેઓનુ, મરનારના ઘરનું તથા મરનારની એક દીવાલે આવેલ હીંમતભાઈના ઘરનો પાછળનો ભાગ મંદીરના ખુલ્લા ભાગમાં પડે છે. પંચનામું જે છે તે તેઓ ઉભા હતા અને બહેને લખાવ્યું હતું. પંચનામા વખતે જે ચીઠૃી રજું થઈ તે તેઓની રુબરુ લખાયેલી નથી. તે ચીઠૃી કયારે લખાયેલી તેનું તેઓને અંગત જ્ઞાન નથી. તે ચીઠૃી તેઓએ તે જ વખતે પહેલી વહેલી જોયેલી. તે પહેલા તે ચીઠૃી બાબતે તેઓએ કઈ સાંભળેલ ના હતું. પંચનામાનું લખાણ પુરુ થયા બાદ તે જ દીવસે તે ચીઠૃીમાં તેઓએ સહી કરેલી હતી. તેઓના કહેવા પ્રમાણે આ ચીઠૃી તેઓની હાજરીમાં એક કવરમાં મુકવામાં આવેલી અને તે પછી બંધ કરીને સીલ કરવામાં આવેલ હતું. તે વખતે બીજી કોઈ વસ્તુ સીલ કરી કબજે કરવામાં આવેલી નથી. તેઓના કહેવા પ્રમાણે કવર પેક કરતાં પહેલા કવરમાં ચીઠૃી મુકયા પછી તેઓની સહી વાળી ચીઠૃી પણ તે કવરમાં મુકવામાં આવેલી અને તે પછી સીલ કરવામાં આવેલું. સાહેદ જણાવે છે કે બીજી એક ચીઠૃી તેઓની સહી

વાળી કવર ઉપર ચોટાડેલી. તે બાદ તે કવરનું શું થયેલું તે તેઓ જાણતા નથી. તેઓએ પહેલી વહેલી ચીઠ્ઠી જોઈ અને તેઓ કહે છે તે મુજબ કબજે કરવામાં આવેલી તે દરમીયાન તે ચીઠ્ઠી તે રુમમાં જ હતી તેને બહાર લઈ જવામાં આવેલી નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામાની રૂએ તેઓની હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરવામાં આવી નથી. તેઓએ એ હકીકત નકારેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ વસ્તુ કોઈ કવરમાં નાંખી કે અન્ય રીતે સીલ કરી કબજે કરવામાં આવેલ નથી.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૩. ફરીયાદપક્ષે વિજયભાઈ દેવજીભાઈ ઢેઢીને સાહેદ નં.–૫ તરીકે આંક–૩૯ થી તપાસેલ છે અને તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે અને તેને આંક–૪૦ ના ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે. સદરહું સાહેદની જુબાનીથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપી ભાવનાબેનની મરજી વિરૂધ્ધ બોલવા માટે અને તેઓના ભાઈઓને મારી નાખવાની ધમકી આપતો હતો તેથી ગુજરનાર ભાવનાબેને માનસીક ત્રાસથી એસીડ પીધેલાનુ અને જનરલ હોસ્પિટલમાં દાખલ થયેલા અને મરણ ગયેલાની હકીકતને સમર્થન આપેલ છે અને આંક–૪૦ માં પોતાની, કાંતાબેન અને વિજયભાઈની સહીઓ પણ ઓળખી બતાવેલ છે અને આરોપીનુ આંક–૪૧ ના પંચનામાની રુએ આરોપીને અટક કરેલ હતો તેના કપડા પહેરલ હતા તેને સમર્થન આપે છે. આમ, સદરહું સાહેદે પોતાની સરતપાસમાં વધુમાં ભાવનાબેન મરણજનારનુ લાશની સ્થિતીનુ વર્ણન પણ તેઓએ કરેલ છે અને આ લાશની સ્થિતીનુ વર્ણન જે પંચનામામાં કરેલ છે તે પ્રમાણે કરેલ છે અને તેને સમર્થન આપેલ છે તથા સદર સાહેદની જુબાનીથી આરોપીના માનસીક

ત્રાસથી કંટાળીને ભાવનાબેન દવારા એસીડ પીધેલ છે તેવી હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ હોય તો તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેઓ રહે છે તે ઠકકરબાપા કોલોનીથી મહુવા સરકારી દવાખાનું કે જયાં પંચનામું કરવામાં આવેલ તે આશરે એકાદ કી.મી. દુર હશે. તેઓ દવાખાને આશરે અગીયાર વાગે આવેલા. તેઓ મરનાર ભાવનાબેનને પાંચ છ વર્ષથી ઓળખતા હતા. તેઓ બંનેની જ્ઞાતી એક છે. તેઓને પોલીસ તરફથી ફોન આવેલો કે તમારે ભાવનાબેનની ઓળખાણ આપવાની છે, દવાખાને આવો, તેથી તેઓ દવાખાને ગયેલા. દવાખાને તેઓ પહોચ્યા તેની દસેક મીનીટમાં મરનારની લાશનુ પંચનામું શરું કરવામાં આવેલું. લાશનું પંચનામું પુરુ થયા બાદ તેઓ આશરે દસ પંદર મીનીટ દવાખાને રોકાયેલા. તેઓ મરનારની અંતીમવીધીમાં ગયેલા નથી. સાંજે તેઓને જયારે ફરીથી પોલીસ સ્ટેશને બોલાવેલા તે વખતે તેઓ ઘરે હતા. તેઓને પોલીસે ફોન કરીને બોલાવેલા. પોલીસે તેઓને ફોનમાં કહેલું કે તમે પોલીસ સ્ટેશને આવો, તમારે સહી કરવાની છે, તેથી તેઓ પોલીસ સ્ટેશને ગયેલા. તેઓ સાંજે પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે લખાણ તૈયાર ના હતું, તેઓના ગયા પછી લખવામાં આવેલું. તેઓનો નંબર કોઈકે પોલીસને આપેલો તેથી તેઓને પોલીસે બોલાવેલા, બાકી તેઓને અને પોલીસને કોઈ લેવા દેવા નથી. તેઓ મરનારના ભાઈ પરેશને ઓળખતા ના હતા. જયારે મરનારના ભાઈ પરેશે સાગરના કારણે મરનારે એસીડ પીધાનું કહયું ત્યારે તેઓને જાણ થયેલી કે મરનારને અને સાગરને વાંધો હતો. તેઓના ઘરથી મરનારનું ઘર આશરે અડધો–પોણો કી.મી. દુર છે. તેમજ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની

હાજરીમાં કોઈ લાશનું પંચનામું કરવામાં આવેલ નથી કે તેઓની હાજરીમાં પરેશે તેના પાડોશી સાગરને વાંધો હોવાનું અને તેવા કારણથી એસીડ પીધેલાનું ખોટું કહે છે.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૪. ફરીયાદપક્ષે મુકેશભાઈ અરજણભાઈ સોલંકીને આંક-૪૪ થી સાહેદ નં.-૬ તરીકે તપાસેલ છે અને તેમણે એ હકીકતને સ્પષ્ટપણે સમર્થન આપેલ છે કે, ભાવનાબેનના વિશેરા તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ આંક-૪૫ થી પોતાની સરતપાસમાં જે પંચનામુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને પોતાની સહીઓ પણ કબુલ રાખેલ છે તથા આ મેડીકલ સેમ્પલો પોલીસ કોન્સ. ગૌરાંગભાઈ દલપતભાઈ દવેએ હોસ્પિટલમાંથી લાવીને ભાવનાબેન સેતાના નમુના લીધેલા જે પો.સ્ટે.માં રજુ કરેલ હતા અને આ પ્લાસ્ટીકની બોટલોમાં એક પ્લાસ્ટીકની બોટલમાં સફેદ પટ્ટી મારેલ હતી મહુવા હોસ્પિ.નુ સીલ મારેલ હતુ ભાવનાબેન સેતાનુ નામ ઉ.વ.૨૬ લખેલ હતુ અને તેમા અંગ્રેજીમાં સ્ટમક, પેટ લખેલ હતુ અને બીજી એક કાચની બોટલ હતી તેમા સફેદ પટ્ટી મારેલ હતી તેમા લીવર અને કીડનીના નમુના હતા, ત્રીજી કાચની નાની બોટલ ઉપર સફેદ પટ્ટી મારેલ હતી તેમા મરનારનુ લોહી હતુ ચોથી બોટલ હતી તેમા મરણજનારના કપડા હતા તેને સમર્થનકારી પુરાવો સદર પંચ સાહેદ દવારા સરતપાસમાં સમર્થન આપેલ છે. તેથી આંક-૪૫ નુ પંચનામુ સદરહું પંચ સાહેદની જુબાનીથી સાબિત થતુ હોય તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''મહુવા બગીચા પોલીસ સ્ટેશનની બાજુમાં જ કોર્ટ આવેલી છે. તેમને પાકકું યાદ છે કે મહુવા કોર્ટ પાસે જે પોલીસ સ્ટેશન

છે ત્યાં જ તેમને પંચમાં રહેવા માટે બોલાવેલ હતા. આ પંચનામાની તમામ કાર્યવાહી મહુવા બગીચા પોલીસ સ્ટેશન ખાતે જ કરવામાં આવેલી. તેમને એ વાતની ખબર છે કે મહુવા કોર્ટ પાસે જે પોલીસ સ્ટેશન છે તે માત્ર એક રુમની પોલીસ ચોકી છે. આ પોલીસ ચોકીથી મહુવાનું મુખ્ય પોલીસ સ્ટેશન આશરે એકથી બે કી.મી. દુર હશે. મહુવા બગીચા પોલીસ ચોકીથી તેઓનુ ઘર આશરે એકથી બે કી.મી. દુર છે. આ પંચનામા માટે તેઓ તથા બીજા પંચ અને વ્યાસ સાહેબ આ પોલીસ ચોકીએ જ ભેગા થયેલા. અત્યારે કોર્ટમાં તેઓએ જે કપડા ઓળખી બતાવેલા છે તે કપડા તેમને આ પંચનામું કરતી વખતે બતાવવામાં આવેલા. તેમને જે કપડા બતાવ્યા તે પહેલા એક સીલબંધ કોથળીમાં હતા. તેમને જે વખતે કપડા બતાવવામાં આવેલા તે એક સીલબંધ કોથળીમાંથી કાઢીને બતાવવામાં આવેલા હતા. પછી તે કપડા સીલબંધ કરેલા. તેઓએ એ હકીકત નકારેલ છે કે, વાસ્તવમાં તેઓની હાજરીમાં કોઈ પંચનામું થયેલ નથી. આ પોલીસ ચોકીમાં ટેબલ ઉપર ટાઈપ રાઈટર ઉપર પંચનામું ટાઈપ કરવામાં આવેલું. તેઓએ એ હકીકત નકારેલ છે કે, મહુવા બગીચા પોલીસ ચોકીમાં કોઈ ટાઈપ રાઈટર છે જ નહી.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૫. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૭ તરીકે શૈલેષભાઈ ધીરુભાઈ સેતાને આંક–૪૯ થી તપાસેલ છે અને તેઓએ તા.૦૭/૦૫/૨૧ ના રોજ ભાવનાબેન એસીડ પી ગયેલ છે તેથી જાગૃતીબેને તેઓને જગાડીને જાણ કરતા ભાવનાબેન જયા પડેલ હતા ત્યા ગયેલા અને ભાવનાબેને તેમને જણાવેલ કે, તેણીએ એસીડ પીધેલ છે અને બધાએ તેને પુછેલ કે, તુ શા માટે ઉલ્ટી કરે છે તો ભાવનાબેને રોતારોતા કહેલ કે તેણીને જીવવુ નથી આ સાગર તેને તેણીની સાથે વાત કરવા વારંવાર હેરાન પરેશાન

કરે છે અને તેણીની ન કરે તો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપે છે તેથી તેના માનસીક ત્રાસથી કંટાળી એસીડ પીધેલ છે તેવી હકીકત જણાવેલ છે અને ત્યારબાદ આલોક હોસ્પિટલમાં ભાવનાબેનને મોટર સાયકલ પર બેસાડી હોસ્પિટલ લઈ ગયેલા અને પાછળથી પ્રવિણભાઈ અને પરેશભાઈ આવી ગયેલા અને રસ્તામાં ભાવનાબેનને જણાવેલ કે મરી જવુ છે અને સાગરે જીંદગી જીવવા દેવી રહેવા દીધી નથી અને જાગૃતીબેને જણાવેલ કે સંચા પાસે ઘરે સ્યુસાઈડ નોટ પડેલી છે તે વંચાવજો અને ડો. કુચા સાહેબે જણાવેલ કે, ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે તેથી લાશનુ પી.એમ. કરવા મહુવા સરકારી દવાખાને લઈ ગયેલા અને પી.એમ.ની કાર્યવાહી થયેલી અને ઘરના સંચા પાસે આવીને જોતા સાદા ચોપડાના કાગળ ઉપર તેમની બેન ભાવનાના હસ્તાક્ષરમાં લખેલ સ્યુસાઈડ નોટ હતી અને તેમા લખેલ કે સાગર ગોહીલના ત્રાસથી કંટાળી એસીડ પીવા મજબુર થયેલ છે કાતીલને છોડતા નથી તેવી એક પાનાની સ્યુસાઈડ નોટ લખેલ હતી અને બધા ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલ હતી. બનાવનુ કારણ સાગર ભાવનાબેન સાથે પ્રેમ સબંધ બાંધવા અને ફોન ઉપર વાત કરવા વારંવાર દબાણ કરતો હતો અને ભાવનાબેને ચોખ્ખી ના પાડેલી તેમ છતાં હેરાન પરેશાન કરતો અને પરીવારના સભ્યોને હેરાન પરેશાન કરતો અને ભાવનાબેને એસીડ પીવા મજબુર કરેલી અને એંસીડ પીધેલુ અને સ્યુસાઈડ નોટ અને તેના અક્ષરોને ઓળખી બતાવેલ છે અને આરોપીને ઓળખી બતાવેલ છે અને આંક–૫૦ અને ૫૧ ના દસ્તાવેજી પુરાવા સ્યુસાઈડ નોટ અને ચોપડાના લખાણને સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં સ્યુસાઈડ નોટ, કુદરતી લખાણવાળો ચોપડો તથા આરોપીના ત્રાસના કારણે ગુજરનાર ભાવનાબેન દવારા એસીડ પીને આત્મહત્યા કરેલ છે તે હકીકતને સ્પષ્ટપણે સમર્થન આપતો પુરાવો આપેલ હોય તે ન માનવા માટે કોઈ

કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો સદરહું સાહેદે એમ જણાવેલ છે કે, પ્રેમ સબંધ રાખવા માટે અને મોબાઈલ પર વાતો કરવા માટે આરોપી દબાણ કરતો હતો અને હેરાન પરેશાન કરતો હતો તેથી ભાવનાબેન સાથે વાતો કરવા દબાણ કરતો તેથી પો.સ્ટે.માં ફરીયાદ કરેલી તેથી તેની દાઝ રાખી રમેશભાઈને આરોપી સાગરે તેના મિત્રની મદદથી છરી અને લાકડી વડે હુમલો કરીને ઈજા કરેલી અને તેની ફરીયાદ રમેશભાઈએ પો.સ્ટે.માં કરેલી તે હકીકતને સ્પષ્ટપણે સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે ભાવનાબેનને એસીડ પીધેલ છે તે રમેશભાઈની ફરીયાદ આધારે સ્પષ્ટપણે સમર્થન મળે છે જે હાલના સાક્ષીએ સ્પષ્ટપણે સમર્થન આપેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેઓ પહેલા વહેલો પોલીસને તા.૭/૫/૨૧ના રોજ આશરે પાંચથી સાડા પાંચ વચ્ચે તેઓના ઘરે મળેલા. તેઓનુ ઘર ડેલી બંધ મકાન નથી. જે ઘરમાં મરનાર રહેતાં હતા તે જ ઘરમાં નીચે તેઓ રહે છે. આજની તારીખે તેઓ ત્યાં જ રહે છે અને તેઓના મકાનની તે જ સ્થીતી છે જે બનાવના વખતે હતી. તેઓના ઘરમાં દાખલ થવા માટે લીલા રંગની એક જ ખડકી આવેલી છે. એ ખડકીમાં દાખલ થઈએ એટલે નીચે તેઓનું ઘર આવે છે. તેઓના ઘરમાં તેઓ ત્રણ ભાઈઓ, બે ભાઈઓની પત્નીઓ, બંને ભાઈઓના બાળકો અને મા બાપ રહે છે. ઉપરના માળે તેઓના મોટાબા, તેમની બંને દીકરીઓ ભાવનાબેન અને જાગૃતીબેન તથા પરેશ રહેતાં હતા. તેઓના ઘરની ઉપર મરનારનું રહેણાંક હતું. મરનારના રહેણાંકના સ્થળે જવા માટે સીડી હતી. તેઓના ઘરમાં દાખલ થવાની જે ડેલી છે તેમાંથી દાખલ થયા પછી મરનારન ઘરે ઉપર જવાની સીડી આવે છે. મરનારના ઘરે ઉપર જવા માટે તેઓના ઘરની કોમન ડેલીમાં દાખલ થવું ફરજીયાત છે.

તેઓના ઘરની એક બાજું તેઓના કાકા શામજીભાઈ છગનભાઈનું ઘર આવેલું છે. તેમનું ઘર અને તેઓનું ઘર એક જ દીવાલે છે. શામજીભાઈએ તેમના મકાનમાં કુલ ત્રણ માળ લીધેલા છે. તેઓની સાથે તેમની કોમન દીવાલ છે તેના ત્રીજા માળે છાપરું છે. તેઓને બીજા માળ પછી ઉપર ધાબું છે. તે ધાબાને અડીને જ શામજીભાઈના ત્રીજા માળની દીવાલ જે તેઓની સાથે કોમન છે તે આવેલી છે. શામજીભાઈના મકાનમાં ત્રણેય માળમાં બનાવ સમયે અને હાલ પણ માણસો રહે છે. તેઓની અને શામજીભાઈની જે દીવાલ છે તે તેઓના ઘરની દક્ષણી દીશામાં છે. તેઓના ઘરની ઉત્તર તરફની દીવાલ બીજા પાડોશી સાથે કોમન છે. જે વશરામભાઈનું ઘર છે. બનાવ સમયે તે ઘર બંધ હતું. તેમના ઘરમાં દાખલ થવા માટે તેઓની ડેલીની લાઈનમાં એક ડેલી આવેલી છે. બનાવના અરસામાં વશરામભાઈના ઘરમાં દાખલ થવાની ડેલીને તાળુ હતું. વશરામભાઈનું મકાન બે માળનું છે અને ત્રીજા માળે છાપરું કરેલું છે. તેમના મકાનની જે તેઓની સાથેની દીવાલ છે તેમાં છાપરા સુધી કોમન દીવાલ છે તે ચણી લેવામાં આવેલી છે. વશરામભાઈના ઘરમાં દાખલ થવા માટે પણ ડેલીમાં થી જ દાખલ થઈ શકાય. તેમના પહેલા માળે જવા માટે મુખ્ય ડેલીમાંથી દાખલ થયા બાદ ઉપર ચડવાની સીડી આવે છે. શામજીભાઈની દક્ષીણે જે મકાન છે તેની દીવાલ શામજીભાઈના ઘરની સાથે કોમન છે. વશરામભાઈની જે ઉત્તરની દીવાલ છે તે તેની પછી આવેલ મકાનની સાથે કોમન છે. આ પાંચેય મકાનની પછી રામપાસ રહો મંદીરના આંગણામાં ખુલ્લી જગ્યામાં પડે છે. આ પાંચેય મકાનમાં દાખલ થવા માટે રોડ ઉપર જ ડેલીઓ આવેલ છે. રોડની લંબાઈ ઉત્તર દક્ષીણ અને પહોળાઈ પુર્વ પશ્ચીમ છે. રોડની પહોળાઈ આશરે પંદરેક ફુટ હશે. તેઓની વાડી કે જયાં ઢોર રાખવામાં આવે છે તે કુલ ૧૮ વિઘાની વાડી છે. આ વાડીમાં તેઓના વડીલોના કુલ આઠ ભાગ પડેલા હતા. આ ૧૮ વીઘાની જમીન એવી રીતે છે કે તે જમીનમાં

ગમે તે જગ્યાએ ઉભા હોય તો વાડીનો આખો ભાગ દેખાય. આ વાડીમાં ઢોર રાખવાના ચાર છાપરા હતા. તેમાં એક છાપરુ તેઓનુ પણ હતું. તે વાડીમાં તેઓની પાસે પાંચેક ઢોર હતા, મરનારને ત્રણ ઢોર હતા, બીજા બે જણા પાસે કેટલી સંખ્યામાં ઢોર હતા તે હાલ તેમને ખયાલ નથી. આ ઢોરોનું ઘ્યાન રાખવામાં તેઓના કુટુંબમાંથી કોઈને કોઈ વ્યકતી વાડીએ હાજર રહેતું હતું. સાહેદ જણાવે છે કે, અમુક સમયે કોઈ વ્યકતી ત્યાં હાજર ના પણ હોય શકે. તે સમય રાત્રીના જમવાનો સમય હોય શકે. બાકી દીવસ દરમીયાન કોઈને કોઈ વ્યકતી ઢોરનું ઘ્યાન રાખવા હાજર હોય છે. મરનારને લઈને કુચા સાહેબના દવાખાને જયારે તેઓ પહોચ્યા ત્યારે તેઓ અને તેઓની બેન જાગૃતી, ભાવનાબેનની સાથે હતા. કુચા સાહેબ સાથે તેઓની પાછળ તરત જ આવનાર તેઓના મોટાબાપુના દીકરા પરેશભાઈ તથા તેઓનો ભાઈ પ્રવીણે વાત કરી હતી. કુચા સાહેબ સાથે જે વખતે આ બંનેએ વાત કરી તે વખતે તેઓ અને જાગૃતીબેન બંને ત્યાં હાજર જ હતા. કુચા સાહેબના દવાખાને અમે આશરે દોઢથી બે કલાક રોકાયેલા હશું. આ સમય દરમીયાન તેઓ, તેઓનો ભાઈ પ્રવીણ, જાગૃતીબેન અને પરેશભાઈ દવાખાને જ હાજર હતા. બીજા તેઓના કુટુંબીઓ આવી ગયેલા અને તેઓ પણ ત્યાં આવી ગયેલા. તેઓના કુટુંબીઓ કયારે આવ્યા હશે તે તેઓ આશરે કહી શકે તેમ નથી, આશરે અડધો કલાક–કલાક જેટલો સમય થયો હશે. કુચા સાહેબને ત્યાં તેઓન બેન ગુજરી ગયા પછી આશરે અડધો કલાક પછી સરકારી દવાખાને તેમની લાશને લઈ ગયેલા. કુચા સાહેબને ત્યાં હતા તે દરમીયાન પોલીસ આવેલી નહી. સરકારી દવાખાને પહોચ્યા ત્યારે તેઓ, પરેશભાઈ, પ્રવીણભાઈ, જાગૃતીબેન હાજર હતા અને બીજા પણ હાજર હતા. સરકારી દવાખાને પહોચ્યા તેની દસ પંદર મીનીટમાં જ પોલીસ આવી ગયેલી. મરનારની લાશનું પંચનામું કર્યુ તેની તેમને ખબર છે. પોલીસ મહુવા

દવાખાને આવ્યાના આશરે એક કલાક પછી મરનારની લાશનું પંચનામું કર્યુ હશે. મહુવા પોલીસ મહુવા સરકારી દવાખાને આવી અને લાશનું પંચનામું કર્યુ તે દરમીયાન પોલીસે પુછપરછ કરેલી, કોની કોની કરેલી તેનો તેમને ખયાલ નથી. પરેશભાઈએ ફરિયાદ કરી તે તેમને ખબર છે. મહુવા પોલીસ સ્ટેશને જઈને પી.એમ. કર્યા બાદ કરેલી. પરેશભાઈની સાથે ફરિયાદ કરવા કોણ કોણ ગયેલું તે તેમને ખયાલ નથી. બનાવની સાંજે પાંચ સાડા પાંચ વાગે પોલીસ તેમને મળી તે વખતે તેઓના ઘરમાં એટલે કે નીચેના ભાગમાં હતા. તે વખતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેઓની પુછપરછ આશરે પંદરથી વીસ મીનીટ કરેલી. તે વખતે પોલીસે તેઓની પુછપરછનું કોઈ લખાણ કરેલ નહી. તે વખતે તેઓના બેન જાગૃતીબેન, તેઓનો ભાઈ રમેશ, પ્રવીણ, પરેશભાઈની પણ પુછપરછ કરેલી. તેમની પુછપરછનું પણ કોઈ લખાણ કરેલ નહી. આ એક કલાક પુછપરછ કર્યા બાદ પોલીસ કયા ગયેલી તે તેમને ખબર નથી. ત્યારપછી તે જ દીવસે પોલીસનો તેમને ફોન આવેલો. તેઓના ઘરેથી ગયા પછી આશરે દસ પંદર મીનીટમાં પોલીસનો ફોન તેમને આવેલો. બનાવના દીવસે સાંજે પાંચ સાડા પાંચ વાગે પોલીસ આવેલી અને મકાનની નીચેના ભાગે તેઓ બધાની પુછપરછ કરેલી તે સીવાય બીજી કોઈ કાર્યવાહી પોલીસે કરેલી નહી. આ પુછપરછ કરીને પોલીસ ગઈ તે પછી આશરે પંદરથી વીસ મીનીટમાં પોલીસનો તેમને પોલીસ સ્ટેશને જવા માટેનો ફોન આવેલો. તે વખતે તેઓ એકલા જ પોલીસ સ્ટેશને ગયેલા. તેમને પોલીસ સ્ટેશને તેઓના મોટા બાપુના દીકરા પરેશભાઈએ ફરિયાદ કરી હતી તે અનુસંધાને બોલાવ્યા હતા. તેઓના ઘરે જે તેઓ બધાની એકાદ કલાક પુછપરછ કરેલી તે મરનારના બનાવ બાબતે જ કરેલી હતી. પોલીસ સ્ટેશને તેઓની પુછપરછ કરતાં પહેલા તેઓના ભાઈએ શું ફરિયાદ હકીકત લખાવેલી છે તે બાબતની તેમને જાણ કરેલી. તે પછી તેઓની તે હકીકતો

બાબતે પુછપરછ કરેલી. પોલીસ સ્ટેશનમાં તેઓની જે પુછપરછ કરેલી તે ટાઈપ કરેલી. તે સમયે તેઓ સાત સાડા સાત સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયા હતા. પોલીસ સ્ટેશનમાં તેઓની પુછપરછ કરી તે દરમીયાન તેઓના કુટુંબનું કોઈ આવેલા કે કેમ તેનો તેમને ખયાલ નથી. તેઓએ પોલીસ સ્ટેશન છોડયુ તે વખતે તેઓના કુટુંબનું કોઈ હાજર ના હતું. તે દીવસે પોલીસ સ્ટેશનેથી સીધો તેઓના ઘરે ગયેલા. તેઓના ઘરના સભ્યો તે વખતે ઘરે જ હાજર હતા. તે દીવસે ફરીથી પોલીસ તેઓના ઘરે આવી નથી. બનાવના દીવસે સાંજના પાંચ સાડા પાંચની આસપાસ તેઓના ઘરે પોલીસ તેઓની જે પુછપરછ કરવા આવેલી તે પુછપરછ કર્યા સીવાય બીજી કોઈ કાર્યવાહી માટે પોલીસ તેઓના ઘરે આવી નથી. તેમને એ વાતનો ખયાલ નથી કે મરનારનું પી.એમ. કરવામાં આવ્યું ત્યારે તેની કંઠેન્દ્રીય ખવાઈ ગયેલી હતી કે કેમ. તેઓનો જવાબ લખાયો તે વખતે ફરિયાદમાં મરનારે પોતું એસીડ પીધેલ છે, તહોમતદારના ત્રાસથી પીધેલું છે, તેવા પ્રકારના આક્ષેપો કરવામાં આવેલા છે તે બાબતની તેમને ખબર હતી. ફરિયાદ તેઓના સગા મોટાબાપુના દીકરાએ આપેલી હતી. ફરિયાદમાં જે આક્ષેપો કરવામાં આવેલા હતા તે મુજબ જ તેઓએ પોલીસને નીવેદન આપેલ હતું. ફરિયાદમાં જે આક્ષેપો કરવામાં આવેલા હતા તથા તેઓએ જે તેઓના નીવેદનમાં આક્ષેપો કરેલા છે તે તેમને આજની તારીખે પણ યાદ છે. તે આક્ષેપો મુજબ જ તેઓએ આજે જુબાની આપી છે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, મરનારે સુસાઈડ નોટ સંચાની બાજુમાં કે કોઈ જગ્યાએ મુકેલી છે તેવી કોઈ વાત તેમને કે જાગૃતીબેનને મરનારે કરેલી નથી. તેમજ એ હકીકત નકારેલ છે કે, તેઓએ સુસાઈડ નોટ જોઈ જ નથી. સુસાઈડ નોટ પોલીસ આવી હતી ત્યારે પંચનામા વખતે રજું કરી તે વખતે તેઓએ પહેલી વહેલી જોઈ હતી. સુસાઈડ નોટ કોણે લખી છે તે તેઓએ જાતે જોયેલ નથી. જે ચોપડાના બે પાના ઉપર મરનારના અક્ષરો હોવાનું

(એન/૧ અને એન/૨) તેઓએ જણાવ્યું છે તે કોણે લખ્યું છે તે તેઓએ જાતે જોયું નથી. મરનાર દસ ધોરણ ભણેલા હતા. તેઓ સાથે ભણેલા હતા. મરનાર જયારે દસમું ધોરણ ભણતા હતા ત્યારે તેઓ જોબ કરતા હતા અને તે પહેલા તેઓનું ભણવાનું પુરુ થઈ ગયેલ હતું. પંચનામા વખતે પોલીસને મરનારની ચીઠ્ઠી બતાવવામાં આવી તે પહેલા તેઓએ ચીઠ્ઠી જોઈ ના હતી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામું કર્યુ ત્યાં સુધી મરનારે ચીઠ્ઠી લખેલી છે તેવું તેઓના કુટુંબમાંથી કોઈએ જાહેર કરેલ નહી. જે વખતે પોલીસમાં ચીઠ્ઠી રજું કરી તે વખતે આ ચીઠ્ઠી મરનારે લખી છે તેમ કહી રજું કરવામાં આવેલી હતી. જે વખતે ચોપડો રજું કરવામાં આવ્યો તે વખતે તેમાં મરનારના અક્ષરો છે તેમ કહીને રજું કરવામાં આવેલ હતો. એ વાતનો તેમને ખયાલ છે કે ફેબ્રુઆરી માસમાં મરનારના તહોમતદાર સાથેના સંબંધ જાહેર થયેલા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સંબંધમાં તહોમતદાર મરનારને હેરાન કરતાં હતા તેવી જાણ થયેલી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ફેબ્રુઆરી પહેલા તેઓના કુટુંબના તથા તહોમતદારના કુટુંબ વચ્ચે સારા સંબંધો હતા. જે ફરિયાદો થઈ છે તે ફેબ્રુઆરી પછી જ થઈ છે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, તેઓએ સરતપાસમાં જણાવ્યા મુજબના કોઈ કૃત્યો કે જુલમ તહોમતદાર તરફથી મરનાર કે તેઓના કુટુંબને કરવામાં આવેલ નથી.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૬. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૮ તરીકે રમેશભાઈ ધીરુભાઈ સેતાને આંક–૫૭ થી તપાસેલ છે અને તેમણે પણ તા.૦૭/૦૫/૨૧ ના રોજ ભાવનાબેન એસીડ પી ગયેલ છે તેથી જાગૃતીબેને તેઓને જગાડીને જાણ કરતા ભાવનાબેન જયા પડેલ હતા ત્યા ગયેલા અને ભાવનાબેને તેમને જણાવેલ કે, તેણીએ એસીડ પીધેલ

છે અને બધાએ તેને પુછેલ કે, તુ શા માટે ઉલ્ટી કરે છે તો ભાવનાબેને રોતારોતા કહેલ કે તેણીને જીવવુ નથી આ સાગર તેને તેણીની સાથે વાત કરવા વારંવાર હેરાન પરેશાન કરે છે અને તેણીની ન કરે તો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપે છે તેથી તેના માનસીક ત્રાસથી કંટાળી એસીડ પીધેલ છે તેવી હકીકત જણાવેલ છે અને ત્યારબાદ આલોક હોસ્પિટલમાં ભાવનાબેનને મોટર સાયકલ પર બેસાડી તેનો ભાઈ અને જાગૃતીબેન વચ્ચે બેસાડીને હોસ્પિટલ લઈ ગયેલ અને પાછળથી પ્રવિણભાઈ અને પરેશભાઈ આવી ગયેલા અને રસ્તામાં ભાવનાબેનને જણાવેલ કે મરી જવુ છે અને સાગરે જીંદગી જીવવા દેવી રહેવા દીધી નથી અને જાગૃતીબેને જણાવેલ કે સંચા પાસે ઘરે સ્યુસાઈડ નોટ પડેલી છે તે વંચાવજો અને ડો. કુચા સાહેબે જણાવેલ કે, ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે તેથી લાશનુ પી.એમ. કરવા મહુવા સરકારી દવાખાને લઈ ગયેલા અને પી.એમ.ની કાર્યવાહી થયેલી અને ઘરના સંચા પાસે આવીને જોતા સાદા ચોપડાના કાગળ ઉપર તેમની બેન ભાવનાના હસ્તાક્ષરમાં લખેલ સ્યુસાઈડ નોટ હતી અને તેમા લખેલ કે સાગર ગોહીલના ત્રાસથી કંટાળી એસીડ પીવા મજબુર થયેલ છે કાતીલને છોડતા નથી તેવી એક પાનાની સ્યુસાઈડ નોટ લખેલ હતી અને બધા ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલ હતી. બનાવનુ કારણ સાગર ભાવનાબેન સાથે પ્રેમ સબંધ બાંધવા અને ફોન ઉપર વાત કરવા વારંવાર દબાણ કરતો હતો અને ભાવનાબેને ચોખ્ખી ના પાડેલી તેમ છતાં હેરાન પરેશાન કરતો અને પરીવારના સભ્યોને હેરાન પરેશાન કરતો અને ભાવનાબેને એસીડ પીવા મજબુર કરેલી અને એસીડ પીધેલુ અને સ્યુસાઈડ નોટના અક્ષરો ભાવનાબેનના હતા તે હકીકતને સમર્થકારી પુરાવો આપે છે તથા ભાવનાબેન તથા તે પોતે તા.૨૦/૦૪/૨૧ ના રોજ અરજી કરવા માટે પો.સ્ટે. થયેલા તેની દાઝ રાખી મહુવા બંદર રોડ ઉપર આરોપીના મિત્રની મદદથી લાકડી અને છરી

વડે માર મારેલો જે પગે અને જમણી કોણી પાસે ઈજા કરેલી તેની પણ સાગર વિરૂધ્ધ ફરીયાદ કરેલી તેમાની સહી તેણે ઓળખી બતાવેલ છે અને આંક–૫૮ ની ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે ભાવનાબેનને એસીડ પીધેલ છે તે રમેશભાઈની ફરીયાદ આધારે સ્પષ્ટપણે સાબિત થાય છે અને આરોપી માથાભારે અને જનુની સ્વભાવનો છે અને ફરીયાદ કરવા છતાં પણ સુધરેલ નથી તે હકકીત પણ સાબિત થાય છે તથા આ કામે સ્યુસાઈડ નોટ જે મળી આવેલ હતી તેમા ભાવનાબેનના હસ્તાક્ષરમા લખવામાં આવેલ હતી તેને સમર્થન આપેલ છે તથા સ્યુસાઈડ નોટમાના કન્ટેન્ટ પણ જે લખેલ હતા તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને સ્પષ્ટ જણાવેલ છે કે, આરોપી સાગર માનસીક ત્રાસ આપતો હતો અને દબાણ આપતો હતો અને પાંચેય ભાઈઓને મારી નાખશે તેવી ધમકી આપતો હતો અને સાગરના કારણે મરવા મજબુર થયેલ છુ અને કાતીલને છોડતા નહી તેવી જે હકીકતો ભાવનાબેનને સ્યુસાઈડ નોટમાં લખેલ હતી તેને સમર્થન આપતો પુરાવો હાલના સાહેદે આપેલ છે. તેથી આ સરતપાસ પરની હકીકતોને જોતા તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોતા આંક–૫૮ ની ફરીયાદ તા.૨૦/૦૪/૨૧ ના રોજ કરેલ છે તે હકીકતને તેમણે પોતાના સરતપાસમાં પણ સમર્થન આપતો પુરાવો આપેલ છે અને પોલીસ રુબરુના નિવેદનને હકીકતને પણ સમર્થન આપતો પુરાવો આપેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''ડો. કુચા સાહેબના દવાખાને તેઓ પહોચ્યા પછી એકાદ કલાકમાં તેઓની બેન ગુજરી ગયાનું જાહેર કરેલું. તે વખતે કુચા સાહેબના દવાખાને તેઓ, પરેશભાઈ, જાગૃતીબેન, શૈલેષભાઈ અને બીજા તેઓના કુટુંબીઓ હાજર હતા. ત્યાં કુચા સાહેબના દવાખાને તેઓની

વચ્ચે ભાવનાબેને એસીડ પીધું તે અગેની વાતચીત થતી હતી, કેસ બાબતની કોઈ વાતચીત થયેલી નહી. ડો. કુચા સાહેબ સાથે મરનારને શા કારણે દાખલ કરવામાં આવેલા છે તે બાબતે કોણે વાત કરેલી તેની તેમને જાણ નથી. સરકારી દવાખાને તેઓ, પરેશભાઈ, શૈલેષભાઈ, પ્રવીણભાઈ, જાગૃતીબેન અને બીજા કુટુંબી જનો હતા. ત્યાં પહોચ્યાના દસથી પંદર મીનીટના સમયમાં પોલીસ આવી ગયેલી. પોલીસે ત્યાં આવીને તેઓની બધાની પુછપરછ કરેલી. પોલીસે આ બનાવ અંગે જ તેઓની પુછપરછ કરેલી. તે પછી આશરે એકાદ કલાક બાદ ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલી. પી.એમ. આશરે દોઢ બે વાગ્યાના ગાળામાં પુરુ થયેલું. તેઓના ભાઈએ જે ફરિયાદ કરી તે આશરે એકથી દોઢ વાગ્યાના ગાળામાં કરેલી. તે વખતે તેઓ તેમની સાથે ગયેલા નહી. ફરિયાદ કરવા માટે પોલીસ સ્ટેશને કોણ કોણ ગયેલું તે તેમને ખયાલ નથી. સાંજે પાંચ સાડા પાંચ વાગે પોલીસ તેઓના ઘરે આવેલી અને લગભગ એકાદ કલાક રોકાયેલી. તે વખતે પણ પોલીસે તેઓના ઘરે જે જે હાજર હતા તેમની પુછપરછ કરેલી. તે બાદ તેમને પોણા આઠથી આઠ વાગ્યાના ગાળામાં પોલીસ સ્ટેશને બોલાવેલા. પોલીસ સ્ટેશન ગયા પહેલા બનાવની હકીકત બાબતે તેઓએ પોલીસને કે કોઈને જાણ કરેલી નહી પરંતુ તેઓ પોલીસ સ્ટેશને ગયા પછી પોલીસે તેમને જાણ કરેલી કે તેઓના પીતરાઈ ભાઈએ આ પ્રકારની ફરિયાદ આપેલી છે. તેઓએ જવાબ ફરિયાદ મુજબ લખાવેલો. સાહેદ જણાવે છે કે, તે મુજબ જ બનાવ બનેલો હતો. આ સાહેદને સવાલ પુછવામાં આવેલ કે, મરનાર તથા તહોમતદારને પ્રેમ સંબંધ હતો તેની પહેલી વહેલી જાણ તમારા કુટુંબમાં કયારે થયેલી ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, તેઓ વચ્ચે પ્રેમ સંબંધ ના હતો, પરંતુ તહોમતદાર તેઓની બેનને હેરાન કરતો હતો તેવી પ્રથમ જાણ ફેબ્રુઆરી માસમાં થયેલી. તેમને એ વાતનો ખયાલ નથી કે, ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી તેઓની બેન તરફથી

તહોમતદારને ફોન કરવામાં આવતાં હતા કે કેમ. તેઓ તેઓની બેન સાથે પોલીસ સ્ટેશનમાં અરજી કરવા ગયેલા તે બનાવના બે અઢી મહીના પહેલા બનેલ હશે. એ અરજી તેઓએ લખેલી હતી. વિપુલભાઈ કરીને કોઈ તેઓના કુટુંબમાં નથી. અરજીમાં વિપુલભાઈ નામ લખી તે છેકી નાંખી તેની નીચે તેઓનુ નામ લખવામાં આવ્યું હોય તેવું બનેલ નથી. તેઓના કહેવા મુજબ તે અરજી તેઓએ તૈયાર કરેલી હતી. પરેશ તે મરનારના ભાઈનું નામ છે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, પરેશ તરફથી ભાવના બેન સાથે જઈ કોઈ અરજી સાગર વિરુધ્ધ કરવામાં આવેલી નથી. તેમજ એ હકીકત નકારેલ છે કે, તા.૨૦/૪/૨૧ના રોજ તેમને તહોમતદાર કે તેના કોઈ મીત્રએ કોઈ લાકડી કે છરીથી મારેલ નથી. તેમને એ વાતનો ખયાલ નથી કે મરનારની જીભ ખવાઈ ગયેલા હતા કે કેમ. મરનારે સુસાઈડ નોટ લખેલી છે તેવું તેમને જાગૃતીબેને કહેલાનું તેઓએ કોઈને જણાવેલું નથી. એવું બન્યુ નથી કે સાં જે સાડા પાંચના અરસામાં જે એકાદ કલાક માટે પોલીસ આવેલી તે માત્ર પુછપરછ કરીને જતી રહેલી હતી. તેમજ એ હકીકત નકારેલ છે કે, તે વખતે કોઈ પંચનામું કરવામાં આવેલ નથી. પંચનામું થયું તે વખતે તેઓ હાજર હતા. પંચનામું છ વાગ્યા પછી શરું થયેલું. પંચનામું શરું થયુ તે વખતે તેઓના કુંટુબના તેઓ, જાગૃતીબેન, તેઓના મોટા બાપુનો દીકરો નીલેશ તથા બીજા તેઓના કુટુંબના માણસો અને પોલીસના બે માણસો હતા. તે પોલીસના માણસો કોણ કોણ હતા તે તેમને ખયાલ નથી. તેઓનો પોલીસ સ્ટેશનમાં જવાબ કોણે લીધેલો તે તેમને ખયાલ નથી. પોલીસના માણસો અને તેઓના કુટુંબના માણસો સીવાય પંચનામા વખતે પંચો હાજર હતા. પંચનામું શરું થયા પછી તેઓ નીકળી ગયેલા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામામાં શું વીધી થઈ છે તે તેમને ખબર નથી. પંચનામા વખતે સુસાઈડ નોટ તથા એસીડની બોટલ રજું કરવામાં આવેલી અને જગ્યા

બતાડવામાં આવેલી. પંચનામું શરું થયા પછી આશરે દસેક મીનીટ તેઓ રોકાયેલા. તે દરમીયાન પંચનામું લખાતું હતું. આ પંચનામું ઉપરના માળે લખાયેલું. દસેક મીનીટ પછી તેઓની વાડીએ જતા રહેલા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ સુસાઈડ નોટ કયારે લખવામાં આવેલી તેનો તેમને ખયાલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ સુસાઈડ નોટમાં ભાવનાબેનના અક્ષરો છે તેવું પચનામા વખતે પહેલું વહેલું જાહેર કરવામાં આવેલ. આ સુસાઈડ નોટ અને બોટલ પંચનામા વખતે રજું થયા તે વખતે તે સીવાય ભાવનાબેનના લખેલા બે કાગળો પોલીસ સમક્ષ રજું કરવામાં આવેલા હતા.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૭. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૯ તરીકે જાગૃતીબેન પ્રેમજીભાઈ સેતાને આંક–૬૪ થી તપાસેલ છે તેમા તેણીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, તા.૦૭/૦૫/૨૧ ના રોજ બનાવ તેમના ઘરે બનેલો. તેમની બાજુમાં રહેતો સાગર મગન ગોહીલ તેની બહેનને પ્રેમ સબંધ બાંધવા અવાર નવાર હેરાન કરતો હતો અને તેની બેને ચોખ્ખી ના પાડેલી અને તેમની બાજુના બંધ મકાનમાંથી ઠેકડો મારીને ઘરે આવેલો તેથી તેની બેન ભાવનાએ તેમના પરીવારના સભ્યો સાગર હેરાન પરેશાન કરે છે તેવી વાત કરેલી તેથી તેમના કાકાના દિકરા રમેશભાઈ તથા તેમની બેન ભાવના મહુવા પો.સ્ટે.માં સાગર વિરૂધ્ધ ફરીયાદ કરવા ગયેલા તેમ છતાં સાગર તેમના ઘર પાસે નિકળે ત્યારે તેને હેરાનગતી શરૂ હતી તેથી તેના ભાઈ પરેશે સાગર વિરૂધ્ધ મહુવા પો.સ્ટે.માં અરજી કરેલી. તેના કાકાના દિકરા રમેશ અને ભાવના પણ મહુવા પો.સ્ટે.માં અરજી કરવા ગયેલા તેની દાઝ રાખી સાગર તેના મિત્રને મદદથી રમેશભાઈ માર મારેલો જે મહુવા બંદર વિસ્તારમાં બનેલો તેની પણ સાગર વિરૂધ્ધ રમેશભાઈએ મહુવા

પો.સ્ટે.માં ફરીયાદ લખાવેલી. ત્યારબાદ તેણીએ વધુમાં એવુ જણાવેલ છે કે, તા.૦૭/૦૫/૨૧ ના રોજ તેની બેન ભાવનાએ એસીડ પી લીધેલુ. આ બનાવની જાણ તેણીની બેન તેના રુમ સામે આવેલી ગેલેરી પાસેના બાથરૂમ પાસેથી ઉલ્ટી કરતા કરતા બહાર આવેલા અને કહેલ કે તેણીએ એસીડ પીધેલ છે અને એસીડની બોટલ બાથરૂમ પાસે પડેલ છે જે અમોએ જોયેલી. પછી તે તેના ભાઈ પરેશ તથા કાકાના દિકરા શૈલેષભાઈને જગાડેલા અને બધા ભેગા થઈ જતા પુછેલ કે શુ થયુ, તુ કેમ ઉલ્ટી કરો છો જેથી તેની બેન ભાવનાબેને કહેલ કે મારે મરી જવુ છે આ સાગર મને અવાર નવાર ધમકી આપે છે અને મારા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપે છે અને તેના ત્રાસના કારણે કંટાળી એસીડ પીધેલ છે તેવુ જણાવેલ તેથી તેણીની અને તેના કાકાના દિકરા શૈલેષભાઈ ભાવનાબેનને વચ્ચે મોટર સાયકલમાં બેસાડી ડો. કુચા સાહેબને ત્યાં સારવાર માટે લઈ ગયેલા રસ્તામાં તેણીએ જણાવેલ કે મને દવાખાને લઈ જાવ મા મારે મરી જવુ છે સાગરે મારી જીંદગી જીવવા જેવી રહેવા દીધી નહી અને વધુમાં કહેલ કે આપણા ઘરના સંચા પાસે લખેલી સાગર માટે સ્યુસાઈડ નોટ છે તે તુ ઘરે બધાને બતાવજે તેમની પાછળ તેમનો ભાઈ પરેશ અને પ્રવિણ ડો. કુચા સાહેબને દવાખાને આવી ગયેલા અને સારવાર દરમ્યાન ભાવનાબેન મરણ ગયેલાનુ જાહેર કરેલ અને તેમની લાશને મહુવા સરકારી દવાખાને પી.એમ. કરવા માટે લઈ ગયેલા અને પી.એમ.ની કાર્યવાહી શરૂ થયેલી ત્યારે હું મારા ઘરે આવેલી અને ત્યાં તેના મમ્મી અને ભાઈ હાજર હતા ત્યારે સંચા પાસેથી ગોતી કાગળમાં લખેલી સ્યુસાઈડ નોટ કાઢેલી તે બધાની હાજરીમાં વાચેલી તેમા તેની બેન ભાવનાબેનને લખેલ હતુ કે હુ આત્મહત્યા કરુ છુ તેનુ કારણ એ છે કે સાગર મને હેરાન કરતો હતો અને મારા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો જો તુ મારી સાથે સરખી વાત નહી કરે તો તને જાનથી મારી નાખીશ અને તારુ ઘર રખડી

પડશે હુ કહુ તેમ કરવાનુ છે તુ મારી સાથે પ્રેમથી સરખી વાત નહી કરે તો હુ તારા ભાઈને જાનથી મારી નાખીશ તેમ કહી મારી સાથે વાત કરી રેકોર્ડીંગ કરી દીધેલુ અને મને બદનામ કરી દીધેલી તેથી હું ધમકીથી બી ગયેલી તેથી ઘરે કોઈને વાત કરેલ નહી. તેવી હકીકતો પણ પોતાની સરતપાસમાં સાહેદ જાગૃતીબેન દવારા જણાવવામાં આવેલ છે અને પોતાના નિવેદનોની હકીકતને વળગી રહેલ છે, ફરીયાદીની ફરીયાદને પણ વળગી રહેલ છે તથા તેના ભાઈને મેડીકલ જતો હતો ત્યારે રસ્તામા સાંજના પાંચ વાગ્યે માર મારેલો અને તેમના ઘર પાસેથી નિકળે ત્યારે બોલતો જતો હતો કે પાંચેયના મર્ડર કરી નાખવાના છે પોલીસ તેનુ બાઈ બગાડી શકે તેમ નથી અને ભાવનાબેનને માનસીક ત્રાસ આપતો હતો અને દબાણ આપતો અને તેઓના ભાઈઓને મારી નાખવાની ધમકી આપતો અને સાગર ગોહીલના કારણે ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે તેમ જણાવેલ છે અને ભાવનાબેને જાગૃતીબેનને જણાવેલ કે, ''હુ આત્મહત્યા કરુ છુ તેનુ કારણ એ છે કે, સાગર મારા ભાઈને અવાર નવાર જાનથી મારી નાખવાની ધમકી આપે છે તથા સ્યુસાઈડ નોટમાં કાતીલને છોડતા નહી બને તો ફાસી આપજો સાગર ગોહીલના કારણે આત્મહત્યા કરુ છુ.'' તેવુ લખેલ હતુ. સ્યુસાઈડ નોટ ભાવનાબેને લખેલ હતી તેને ઓળખી બતાવેલ છે તથા ચોપડામાના હસ્તાક્ષર જે લખેલા છે અને તેની ઝેરોક્ષ બે કાગળો કરેલ હતી તેના હસ્તાક્ષર પણ ઓળખી બતાવેલ છે જેને આંક–૫૧ આપવામાં આવેલ છે. આમ, આરોપી સાગર ગોહીલના ત્રાસના કારણે ભાવનાબેન દવારા એસીડ પીને આત્મહત્યા કરેલ છે તે હકીકતને સ્પષ્ટ સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આ ત્રાસ આપવાનુ કારણ આરોપી ભાવનાબેનને પ્રેમ સબંધ બાંધવા માટે અને વાતો કરવા માટેનુ હતુ અને જો તે ન કરે તો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપતો હતો તેથી કંટાળી જઈને ભાવનાબેન દવારા એસીડ પી આત્મહત્યા કરેલ હતી અને આત્મહત્યા કર્યા

પહેલા સ્યુસાઈડ નોટ લખેલ હતી તેને સમર્થનકારી પુરાવો આપેલ છે તથા સરતપાસમાં આરોપી સાગરને ઓળખી બતાવેલ છે. આમ, જાગૃતીબેનની જુબાની ખુબજ મહત્વપુર્ણ જુબાની છે કારણ કે મુખ્ય નજરે જોનાર સાહેદ છે અને સરતપાસ અને પોલીસ રુબરુના નિવેદનની હકીકતથી ભાવનાબેનના મરણનુ કારણ સાબિત થાય છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે અને એસીડ પીવાના કારણે ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે. સ્યુસાઈડ નોટના કન્ટેન્ટ અને સ્યુસાઈડ નોટના હસ્તાક્ષર તથા સ્યુસાઈડ નોટ સદરહું સાહેદ જાગૃતીબેનની જુબાનીથી સાબિત થાય છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''મરનાર ભાવનાબેન તેઓથી મોટા છે અને તેઓને બંનેને નજીકના બહેનપણા હતા. તેઓની બેન ભાવનાના જીવનમાં જે કઈ પ્રસંગો બનતા તેની તેઓને તેની સાથે વાતો થતી. એ વાતની તેમને ખબર નથી કે તેઓની બેન ભાવનાને સાગરે કદી ફોન કરેલો નથી. તેઓને એ વાતનો પણ ખ્યાલ નથી કે જેટલી વખત સાગર અને ભાવના વચ્ચે ફોનમાં વાત થતી તે ફોન ભાવનાબેને જ કરેલા છે. તેમને ફોન જોતાં આવડે છે. તેઓની બેન ભાવનાનો ફોન તેઓએ કયારેય ખોલીને જોયેલ નથી. તેઓની બેન ભાવના તેમને તેના ફોનમાં કોના કોના ફોન અને મેસેજીસ આવે છે તેની વાત કરતા ના હતા. સાગર સાથે તેઓની બેન ભાવનાને મોબાઈલ વ્યવહાર હતો તેની ખબર તેઓના ઘરમાં કયારે પડેલી તેની તેમને ખબર નથી. વધુમાં આ સાહેદને સવાલ પુછવામાં આવેલ કે, તમારી બેન ભાવના તથા સાગર વચ્ચે સંબંધો છે તે બાબતની જાણ તમારા ઘરનાને કયારે થયેલી ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, બનાવના આશરે અઢી મહીના પહેલા સાગર બાજુના ઘરમાંથી ઠેકડો મારીને તેઓના ઘરે આવેલો

ત્યારે તેઓની બેને જણાવેલું કે આ સાગર મને હેરાન પરેશાન કરે છે. આ સાગર જે ઠેકડો મારીને તેઓના ઘરે આવેલો તે સાંજના પાંચ સાડા પાંચ વાગે આવેલો. તેઓને અને તેઓના બંને બાજુવાળાઓ વચ્ચે કોમન દીવાલો આવેલી છે. તેઓના પાડોશીઓની જે દીવાલો છે તે છાપરા સુધીની દીવાલો છે. આ બે દીવાલો પૈકી એક સાત–આઠ ફુટ કરતા વધારે ઉંચી છે અને બીજી સાત–આઠ ફુટ ઉંચી છે. આ દીવાલો તેઓના ઘરના ધાબાને અડીને આવેલી કોમન દીવાલો છે. તેઓના ઘરની ત્રીજી દીવાલ રોડ ઉપર પડે છે. રોડથી બે માળ સુધી તેઓનું મકાન છે. ત્રીજી દીવાલ રોડથી ધાબા સુધીની છે. તેઓના ઘરની ચોથી દીવાલ રામપાસ રહો મંદીરની બાજુ પડે છે અને તે જમીનથી તેઓના છાપરા સુધીની ઉંચી છે. તેઓના ઘરમાં દાખલ થવાની જે ડેલી છે તે તેઓના ઘરની રોડ બાજુની દીવાલમાં આવેલી છે. આ ઘરમાં નીચે તેઓના કાકાના દીકરાઓને તે રહે છે અને ઉપરના ભાગે તેઓ રહે છે. તેઓના ઘરમાં કે તેઓના કાકાના ઘરમાં આવવું હોય તો આ ડેલીમાંથી જ દાખલ થવું પડે. તહોમતદાર સાગર ઠેકડો મારીને તેઓના ઘરે આવ્યા તેવું તેઓ જે જણાવે છે તેના પછી આશરે એકાદ બે દીવસ પછી તેઓના ભાઈ રમેશે સાગર વિરુધ્ધ અરજી કરેલી. શું અરજી કરેલી તેની વાત રમેશભાઈએ તેઓના ઘરમાં કરેલી. તેઓના કહેવા મુજબ સાગર ઠેકડો મારીને તેઓના ઘરમાં આવેલા તે પહેલા તેઓના ઘરમાં સાગર અને ભાવનાબેનના સંબંધ બાબતે કોઈને ખબર ના હતી. બનાવના અઢી મહીના પહેલા તેઓની બેન ભાવનાએ સાગર સાથેના સંબંધ બાબતે તેમને કોઈ જાણ કરેલી નહી. બનાવના અઢી માસ પહેલા તેઓના ઘરે સાગર અને ભાવનાના સંબંધની જાણ થઈ ત્યારથી હાલનો બનાવ બન્યો ત્યાં સુધી તેઓના લત્તામાં સાગર અને ભાવનાના સંબંધ બાબતે કોઈને કોઈ જાણ ના હતી. તેઓના કાકા શામજીભાઈની દીવાલમાં કોઈ બારી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓના ઘરનો દાદરો છે તે બાજુએ જગ્યા

છે જેથી દાદરમાંથી કોઈ આવી શકે. અગાશીમાં જવાનો તેઓનો દાદરો વશરામભાઈ બાજુની દીવાલે છે. આ વશરામભાઈના ઘરમાં દાખલ થવું હોય તો રસ્તા ઉપર આવેલી ડેલીમાંથી જ દાખલ થઈ શકાય. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, વશરામભાઈની ડેલીને તાળું હોય અથવા તો બંધ હોય તો તેમના ઘરમાં કયાયથી જઈ શકાય નહી કે તેમના ઘરમાંથી અમારા ઘરમાં પણ આવી શકાય નહી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓના ભાઈ રમેશને વાસ્તવમાં કઈ રીતે ઈજા થયેલી તે તેમને ખબર નથી. કુચા સાહેબને ત્યાં તેઓની બેન ભાવનાને તેઓને સારવાર માટે લઈ ગયા તે વખતે તેઓ અને શૈલેષભાઈ તેમની સાથે હતા. તેઓના બીજા બે ભાઈઓ પરેશભાઈ અને પ્રવીણભાઈ જે પાછળ આવેલા તે કુચા સાહેબને ત્યાં તેઓના પહોંચ્યા પછી આશરે પાંચેક મીનીટમાં આવ્યા હશે. તેઓના ભાવનાબેનને સારવારમાં શા માટે લાવવામાં આવેલા છે તે બાબતે કુચા સાહેબ સાથે વાત તેઓના ભાઈ પરેશ અને શૈલેષભાઈએ કરેલી. તે વખતે ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલું છે તેવું જણાવવામાં આવેલું. કુચા સાહેબને ત્યાં લઈ ગયાના આશરે કલાક દોઢ કલાક પછી તેઓની બેન ભાવના મરણ ગયેલી. તે વખતે તેઓના કુટુંબના બીજા સભ્યો પણ કુચા સાહેબને ત્યાં આવી ગયેલા હતા. કુચા સાહેબને ત્યાં તેઓના કુટંબીજનો જે આવી ગયેલા તે શું વાતો કરતાં હતા તેની તેમને ખબર નથી, તેઓ, તેઓની બેન પાસે અંદર હતી. તેઓ પી.એમ. માટે મહુવા સરકારી દવાખાને પહોચ્યાં ત્યારે ત્યાં પોલીસ હાજર જ હતી. તે વખતે પોલીસ ે ફરિયાદ આપનાર તેઓના ભાઈ સહીત તેઓના પરીવાર વાળા જે હાજર હતા તેમની પુછપરછ કરેલી. તે વખતે કોઈપણ વ્યકતીની પુછપરછનું લખાણ કરવામાં આવેલું નહી. તે દીવસે સાંજે આશરે પાંચ સાડા પાંચ વાગે તેઓના ઘરની નીચે તેઓના કાકાને ત્યાં પણ પોલીસ આવેલી. તે વખતે પોલીસે તેઓના પરીવારના સભ્યોની પુછપરછ

કરેલી કે કેમ તેની તેમને ખબર નથી. તે વખતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેઓની જે પોલીસે પુછપરછ કરેલ તે લખેલી ના હતી. તેઓની પુછપરછ કરી હોય અને લખેલ હોય તેવું બનાવના દીવસે સાંજે સાતેક વાગે બનેલ. તેઓની તે પુછપરછ પોલીસ સ્ટેશને કરવામાં આવેલી. તેઓની આ પુછપરછ કરવામાં આવી તે પહેલા તેઓના ભાઈએ શું ફરિયાદ લખાવેલી છે તે તેમને ખબર હતી. તેમને એ વાતનો ખયાલ નથી કે તેઓની બેન ભાવનાની જીભ એસીડના કારણે ખવાઈ ગયેલી હતી. તેમને એ વાતનો ખયાલ નથી કે તેઓની બેનની કંઠેન્દ્રીય એસીડના કારણે ખવાઈ ગયેલી હતી કે કેમ. તેઓની બેન ભાવનાએ મને વાત કરેલાનું અને સુસાઈડ નોટ લખેલાનું જણાવેલાની તેઓએ બીજાને વાત કરેલી. તે વાત કયારે કરેલી તે હાલ તેમને યાદ નથી. તેઓની બેન ભાવનાએ સુસાઈડ નોટ લખેલાની વાત કરેલાની હકીકત તેઓએ પોલીસને પહેલ વહેલી વખત સાંજે પાંચ સાડા પાંચની આસપાસ તેઓના ઘરે આવી ત્યારે કરેલી. તે પહેલા તેઓના ઘરનાને વાત કરેલી. તેઓએ એ હકીકત નકારેલ છે કે, હકીકતમાં તેઓની બેન ભાવના તેઓ તેને દવાખાને લઈ ગયા ત્યારે કે તે પહેલા બોલી શકતી જ ના હતા.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૮. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૦ મહેશકુમાર મનુભાઈ વડગામાને આંક–૬૬ થી તપાસવામાં આવેલ છે અને તેમણે પોતાની સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેઓ તા.૧/૧/૨૦૨૧ થી રાજકોટ ખાતે પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ખાતે નાયબ મુખ્ય હસ્તાક્ષર નીષ્ણાંત તરીકે ફરજ બજાવે છે. તે પહેલા તેઓ ગાંધીનગર ખાતે ડાયરોકટોરેટ ઓફ ફોરન્સીક સાયન્સ ખાતે ફરજ બજાવતા હતા. તેઓ તા.૨૧/૮/૧૯૯૫ થી ફરજ બજાવે છે. તેઓને ભારત સરકારના ગૃહ મંત્રાલય

દવારા ચાલતી સંસ્થા નેશનલ ઈસ્ટીટયુટ ઓફ ક્રિમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ નવી દિલ્હી રોહીણી ખાતેથી ડીપ્લોમા ઈન ડોકયમેન્ટ એકઝામીનેશનનુ પ્રમાણપત્ર એનાયત થયેલ છે. તાલીમના ભાગ રુપે તેઓ ભારત સરકારની ગવર્નમેન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટની કચેરી જેવી કે સીમલા, હૈદરાબાદ અને કલકતા ખાતે પ્રેકટીકલ અને થીયરી અંગેની સઘન તાલીમ મેળવેલી છે. તાલીમના ભાગ રુપે તેઓ ભારતના જુદા જુદા રાજયોની ફોરેન્સીક સાયન્સની લેબોરેટરી ખાતે પણ પ્રેકટીકલ અને થીયરી અંગેની સઘન તાલીમ મેળવેલી છે. તાલીમના ભાગ રુપે તેઓ ફોરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દહેરાદુન કરન્સી નોટ પ્રેસ નાસીક, બેંક નોટ પ્રેસ દેવાસ, સીકયુરીટી પેપરમીલ્સ હૌશંગાબાદ, થોમસન પ્રેસ ફરીદાબાદ તથા ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર ટ્રોમ્બે, મુંબઈ ખાતે પણ તાલીમ મેળવેલ છે. તેઓ રસાયણ વિજ્ઞાન વિષય સાથે માસ્ટર ઓફ સાયન્સ થયેલ છે. ગણીત વિષય વિજ્ઞાન સાથે બી.એડ. થયેલ છે. કાયદાના ત્રણ વર્ષ એટલે કે એલ.એલ.બી. પણ થયેલ છે અને ડીપ્લોમાં લી.એલ.પી. પણ થયેલ છે. તેઓએ અત્યાર સુધી અસંખ્ય દસ્તાવેજો તપાસી નિષ્ણાંત તરીકે અભીપ્રાય આપેલ છે તથા ગુજરાત રાજયની નામદાર અદાલત સમક્ષ જુબાની આપેલ છે તથા સી.બી.આઈ. કોર્ટો જેવીકે જયપુર, જોધપુર ખાતે પણ જુબાની આપેલ છે. સદરહુ કેસ એટલે કે ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનના ગુ. ર. નં. ૧૧૧૯૮૦૩૫૨૧૦૬૩૧ ઈ.પી.કો. કલમ-૩૦૬, ૫૦૬(૨), મુજબના ગુના ના કામે પોલીસ સબ ઈન્સ્પે. મહુવા પોલીસ સ્ટેશનના જા. નં. ૧૬૦૯/૨૧ તા.૨/૬/૨૦૨૧ ના પત્રની સાથે પોલીસ અધીક્ષક ભાવનગર ના પત્ર ક્રમાંક નં. આર. બી. /૯૨ / હસ્તાક્ષર / દસ્તાવેજ / ૧૧ / ૨૦૨૧, તા.૪/૬/૨૧ના પત્રની સાથે તેઓની કચેરીમાં તપાસ અર્થે આવેલા જે અંગેની તેઓએ પહોચ આપેલી

જે નિ–૭/૨૭ થી રજુ છે જે રજુ દાખલ આંક–૬૭ આપવામાં આવે છે. પોલીસ સબ ઈન્સ્પ. તથા પોલીસ અધિક્ષક શ્રીના પત્રો તેઓની સાથે અસલમાં લાવેલ જે આંક–૬૮ તથા ૬૯ થી રજુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, સદરહુ ગુનાના કામે તકરારી લખાણ ૧ લીટીવાળા કાગળ ઉપર લખેલ છે કે જેને તેઓએ લાલ પેન્સીલથી ગોળ કુંડાળુ કરી તકરારી માર્ક–ડી/૧ આપેલ છે તેઓની કચેરીનો આર. બી. કેસ નં. ૬૬/૨૦૨૧ આપેલ છે. તેમા તેઓની ટુંકી સહી છે. ઉપરોકત તકરારી દસ્તાવેજની સરખામણી કરવા માટે કુદરતી લખાણ તરીકે માર્ક–એન/૧, એન/૨ અને એન/૩ વાળા દસ્તાવેજો મોકલેલ છે જે એક પાકા પુઠાના ચોપડાની અંદર છે જેમા તેઓએ વાદળી પેન્સીલથી ગોળ કુંડાળુ કરી એન/૧, એન/૨ અન એન/૩ માર્ક આપેલ છે તથા તેઓની કચેરીનો આર.બી. કેસ નં. ૬૬/૨૦૨૧ આપેલ છે. જેમા તેઓની ટુંકી સહી છે. વધુમાં સાહેદ જણાવે છે કે, ઉપરોકત તકરારી દસ્તાવેજો((આંક–૧૯ સુસાઈડ નોટ), અને કુદરતી દસ્તાવેજો (આંક–૫૦ અને આંક–૫૧) ની સઘન અને તલસ્પર્શી પરીક્ષણ બાદ અમો એવા અભીપ્રાય ઉપર આવેલા કે ''તકરારી લખાણ અને સહી માર્ક– ડી/૧ અને કુદરતી લખાણ માર્ક–એન/૧ થી એન/૩ લખનાર વ્યકતી એક જ છે'' જે કમ્પ્યુટર ટાઈપ કરેલો અભીપ્રાય છે જેમા તેઓની સહી ઓળખી બતાવે છે તથા તેઓના સાથી કર્મચારી કવિતા એન. ચાવડાની પણ સહી છે જે ઓળખે છે. જે આંક–૭૦ થી રજુ છે. ઉપરોકત અભીપ્રાય ઉપર આવવા માટેના જરુરી વૈજ્ઞાનીક કારણો જે કુલ ૨ પાના છે જેમા દરેક પાના ઉપર તેઓની સહી છે જે આંક–૭૧ થી રજુ છે.

આમ, ઉપરોકત સંજોગોમાં સદર સાહેદે એ એફ. એસ. એલ. પ્રયોગશાળાના હસ્તાક્ષર નિષ્ણાંત છે અને તેઓએ પોતાની જુબાનીમાં સ્યુસાઈડ નોટ આંક–૧૯ તથા

કુદરતી હસ્તાક્ષરના લખાણો આંક–૫૦ અને ૫૧ ને પૃથ્થકરણ કરેલ છે અને આ લખાણો એકજ વ્યકિત ભાવનાબેનના છે અને તે અંગેનો અભિપ્રાય તેમણે આંક–૭૧ થી પોતાની સરતપાસમાં રજુ કરેલ છે અને આંક–૬૭ થી ૭૦ સુધીના દસ્તાવેજી પુરાવા જે પૃથ્થકરણ માટે આવેલ હતા તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આંક–૭૧ થી જે અભિપ્રાય રજુ કરેલ છે તેનાથી સ્પષ્ટપણે એ હકીકત સાબિત થાય છે કે, સ્યુસાઈડ નોટનુ લખાણ અને ભાવનાબેનના કુદરતી લખાણતા હસ્તાક્ષરો ભાવનાબેનના છે તેથી પાછળથી સ્યુસાઈડ નોટ ઉભી કરેલ હોય કે લખાણ ઉપજાવી કાઢેલ હોય તે સાબિત થતુ નથી તેથી આંક–૭૧ નો અભિપ્રાય ન માનવા માટે કોઈ કારણ નથી અને તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, ભાવનાબેનના હસ્તાક્ષરો અને કુદરતી લખાણ ભાવનાબેનના છે અને આંક–૧૯ થી સ્યુસાઈડ નોટ રજુ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, ભાવનાબેન દવારા સ્યુસાઈડ નોટ લખવામાં આવેલ હતી અને આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરે છે અને તેને ફાસીની સજા આપજો અને તેને છોડતા નહી તેને સમર્થન આપતો પુરાવો મળી રહે છે તેથી આ હકીકત ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેઓની પાસે જે કવર આવેલ જે પોલીસ અધીક્ષકના કવરની અંદર તકરારી દસ્તાવેજનુ કવર અને કુદરતી દસ્તાવેજોનુ કવર જે કવર ઉપર માર્ક–ડી/૧, એન/૧, એન/૨ લખેલ હતા જે સીલ બંધ કવરો હતા. એક સીલ બંધ કવરની અંદર બીજા બે સીલ બંધ કવર તેઓની પાસે મોલકવામાં આવેલ. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓની પાસે એક સીલ બંધ કવર પહોચેલુ. આંક–૬૭ ની જે તેઓના તરફથી રસીદ આપવામાં આવેલ તેમા બે સીલ બંધ પેકેટ મળ્યાનુ જે લખાણ છે ટાઈપો ગ્રાફી મીસ્ટેક હોઈ શકે. તકરારી તથા

કુદરતી લખાણવાળા જે બે નમુનાઓ મોકલવામાં આવેલા હતા તે બંને પેકેટ ઉપરના સીલ વાંચી શકાય તેવા નથી. આ બંને પેકેટ ઉપર મારવામાં આવેલા સીલ ડીસ્ટર્બ કર્યા વગર તે કવરને બીજી સાઈડથી તેઓની ઓફીસમાં ખોલવામાં આવેલ છે. મોકલનાર ઓફીસના સીલ સ્પષ્ટ રીતે વાંચી શકાતા નથી. આ બંને લખાણવાળા સીલ બંધ કવરમા લખાણ સાથે કોઈ સહીવાળી કાપલીઓ મળેલ ન હતી. જયારે તેઓની તપાસ પુરી થયા બાદ તેઓ મુદામાલ પરત મોકલે છે ત્યારે પણ તે મુદામાલ સીલ બંધ સ્થીતીમાં પરત મોકલતા હોય છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસ તરફથી ફોર્વડીંગ લેટરમા જે સ્પેસીમેન સીલ અને કવર ઉપરના સીલ સ્પષ્ટ વાચી શકાય તેવા ન હતા તેથી તે બંને એક જ પ્રકારના સીલ છે તે કહી શકાય તેમ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, અભીપ્રાય માટેના જે કારણો છે તે પોલીસને આપેલા નથી. અત્યારની હાલની પરીસ્થીતીનુ જે હેન્ડરાઈટીંગ સાયન્સ છે તે પ્રોગ્રેસીવ સાયન્સ છે. હેન્ડરાઈટીંગ સાયન્સ તે ઓબ્જર્વેશન ઉપર આધારીત સાયન્સ છે. કોઈ પણ એક ડેટા માટેના બે વ્યકતીના ઓબ્જર્વેશનના તારણો જુદા હોઈ શકે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, આ કામમાં તેઓએ હસ્તલેખનો બાબતે સાચો અભીપ્રાય આપેલો નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ જે અભીપ્રાય આપેલા છે તે તેઓની સમક્ષ રજુ કરેલા કાગળોના આધારે રજુ કરેલા છે.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૧૯. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૧ તરીકે વિજયભાઈ મનસુખભાઈ દેસાઈને આંક–૭૪ થી તપાસેલ છે અને તેમણે પોતાની સરતપાસમાં આંક–૭૫ થી જે આરોપી સાગરના બે મોબાઈલ તેના પિતાએ રજુ કરેલા અને પંચો રુબરુ તેનુ પંચનામુ કરેલુ

તે હકીકતને સ્પષ્ટપણે સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આ પંચનામાની સહીઓ તેમણે ઓળખી બતાવેલ છે તથા આ પંચનામુ મુકેશભાઈ ધીરુભાઈ વાળાંકીની હાજરીમાં કરવામાં આવેલ હતુ તે પણ હકીકતને સમર્થન આપેલ છે તેઓએ સરતપાસમાં આ મોબાઈલ એક એન્ડ્રોઈડ એમ.આઈ. કંપનીનો કાળા કલરનો હતો તેનુ મોડલ એમઆઈ મેકસ – ર હતુ તેમા સીમકાર્ડ ન હતુ અને બીજુ કાલા બ્લુ કલરનો મોબાઈલ હતો તે આઈટેલ કંપનીનો હતો તેમા સીમકાર્ડ હતુ જેનો નંબર ૭૦૪૩૭૬૬૩૧૩ હતો તે બંને મોબાઈલ તપાસ અર્થે પોલીસે કબજે કરેલ. આ બંને મોબાઈલને તેમણે કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે અને તેમાની સ્લીપોમાં જે સહીઓ છે તે પણ પંચ સ્લીપો ઓળખી બતાવેલ છે અને તેની સહીઓ ઓળખી બતાવેલ છે તેથી આ કામે આંક–૭૫ વાળુ પંચનામુ સદર પંચ સાહેદની જુબાનીથી સાબિત થયેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''બીજા પંચ મુકેશભાઈને તેઓ ૪–૫ વર્ષથી ઓળખે છે. તેઓનુ ઘર પોલીસ સ્ટેશનથી ૭–૮ કી.મી. દુર છે. બીજા પંચ મુકેશભાઈ વાળાકીનુ ઘર ૧૫ કિ.મી. દુર હશે. પંચમા રહેવા માટે તેમને પોલીસ ઈન્સ્પેકટર વ્યાસ સાહેબે તેઓના ઘરેથી બોલાવેલા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મહુવા પોલીસ સ્ટેશન ખુબ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલુ છે અને આજુ બાજુ દુકાનો અને મકાનો આવેલા છે. ભાવનાબેન તથા તેમના ભાઈને તેઓ ૭–૮ વર્ષથી ઓળખે છે. જે પંચનામામા લખેલ છે તે પ્રમાણે જ વિધી થયેલ હતી. તેઓએ ઓળખી બતાવેલા મોબાઈલ બજારમાં ઉપલબ્ધ છે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, આ જ મોબાઈલ કબજે કરેલા તેઓની સમક્ષ કબજે કરેલ તેનુ પ્રમાણ તેઓની પાસે નથી. આ બંને મોબાઈલ ઉપર કોઈ ચોકકસ

નીશાન તેઓએ જોયેલા નથી. આ બંને મોબાઈલ અત્યારે જે કવરમાથી કાઢવામા આવ્યા તેજ કવરમાં તેઓની હાજરીમા મુકવામાં આવેલા. તેઓએ એ હકીકત નકારેલ છે કે, કવરની અંદર કે મોબાઈલ ઉપર પંચ સ્લીપ મુકવામાં આવેલ હોય તેવુ પંચનામાં લખેલ નથી. તેમને આંક–૭૫ વાળુ પંચનામુ બતાવતા તે વાંચીને કહે છે કે ''કવરની અંદર કે મોબાઈલ ઉપર પંચ સ્લીપ મુકવામાં આવેલ હોય'' તેવુ પંચનામાં લખેલુ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓના પંચનામાં કવર ઉપર પંચોની તથા પોલીસની સહી વાળી કાપલી રાખીને કબજે કરવાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ મોબાઈલ કવરમાં મુકી તેના પર પંચો તથા પોલીસની સહીવાળી કાપલી રાખી ત્યાર બાદ તે મોબાઈલનુ શુ કરવામાં આવેલુ તે તેમને ખબર નથી. આ મોબાઈલમાં કોઈ રેકોર્ડીગ છે કે કેમ તેની તપાસ તે વખતે કરેલી કે કેમ તે તેમને યાદ નથી. રેકોર્ડીગ સાંભળવામાં આવેલ હોય કે તેનુ કોઈ લખાણ કરવામાં આવેલુ કે કેમ તે બાબત પણ તેમને યાદ નથી.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૨૦. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૨ તરીકે ધીરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલાને આંક–૭૯ થી તપાસેલ છે અને તેઓએ સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૭/૫/૨૧ ના રોજ તેઓ મહુવા પો.ઈન્સ. તરીકે ફરજ ઉપર હાજર હતા દરમીયાન તેઓને જાણ થયેલ કે ભાવનાબેન પ્રેમજીભાઈ સેતા એસીડ પી જતા મરણ ગયેલ હાલતમાં જનરલ હોસ્પીટલ મહુવા ખાતે લાવેલ છે જેથી તેઓ હોસ્પીટલ ખાતે પહોચેલ અને મરણ જનારની લાશ ઉપર ઈન્કવેસ્ટ ભરવા સારુ એકયુ. મેજી. શ્રીને લેખીત યાદી કરેલી જે યાદી આંક–૮૦ થી રજુ છે. ત્યાર બાદ મરણ જનારની લાશ ઉપર પંચોની હાજરીમાં એકજી. મેજી. તથા અમારા રુબરુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ તેમજ મરણોતર

ફોર્મ મરેલ. મરણજનાર લાશ પી.એમ. કરવા સારુ મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલ મહુવાને યાદી પાઠવેલ તેમજ પી.એમ. કરાવવા માટે તજવીજ કરેલ. મરણોતર ફોર્મ આંક–૮૧ થી રજુ છે જેમા તેઓની સહી છે. બાદમાં પી. એમ. થયા બાદ મરણજનારની લાશ પરીવારને સોપવા તજવીજ કરેલી તેમજ મરણ જનારના ભાઈ પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાનાઓએ પોતાની બેન ભાવનાએ સાગર મગનભાઈ ગોહીલના ત્રાસથી એસીડ પી ગયેલ હોવાના બાબતની ફરીયાદ આપતા તેઓએ ફરીયાદ લઈ એફ.આઈ.આર. નં. ૧૧૧૯૮૦૩૫૨૧૦૬૩૧/૨૦૨૧ થી આઈ.પી.સી. ૩૦૬ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પો.સ.ઈ. વ્યાસ તરફ ડેપ્યુટ કરેલી જે અંગેનો હુકમ કરેલ જે હુકમ આંક–૮૨ થી રજુ છે. આંક–૧૮ ની ફરીયાદ તેઓના રુબરુ લેવાયેલ છે. આ કામે ઉપરી અધીકારીને ગુના સબંધી ફેકસ મેસેજ કરેલો જે આંક–૮૩ થી રજુ છે. તેમને આંક–૨૨ બતાવતા જે મરનારનુ પી.એમ. કરવા માટેની યાદી છે તેમા તેઓની સહી ઓળખે છે. તેઓની સ્ટેશન ડાયરીની ખરી નકલ લાવેલ જેમા નોંધ નં. ૨૧ કલાક–૧૪–૪૦ વાગ્યે ગુનો રજી. કર્યા અંગેની નોંધ છે જે સ્ટેશન ડાયરી આંક–૮૪ થી રજુ છે. સદરહુ કામે તેઓએ અન્ય કોઈ કામગીરી કરેલી નથી તેવી હકીકતો જણાવેલ છે.

આમ, સદર સાહેદની સરતપાસ જોતા એ હકીકત જણાય છે કે, સદર સાહેદ એ મહુવા પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમણે એકઝી. મેજી.ને યાદી કરીને ઈન્કવેસ્ટ ભરવા જાણ કરી અને પંચોની હાજરીમાં એકઝી. મેજી. રુબરુ અને તેઓની રુબરુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પી.એમ. કરવા માટે જે તજવીજ કરેલી તે અંગેના આંક–૮૧ થી ૮૪ ના દસ્તાવેજી પુરાવાને સમર્થન આપતો પુરાવો આપેલ છે. આમ સદર સાહેદની જુબાનીથી મરણજનાર એસીડ પી જવાથી આપઘાત કરવાથી મરણ ગયેલ છે અને તેનુ ઈન્કવેસ્ટ પંચનામુ એકઝી. મેજી. હાજરીમાં પંચનામુ કરવામાં

આવેલ છે તેને સમર્થનકારી પુરાવો આપેલ છે તથા પરેશભાઈએ ભાવનાબેનનાઓએ સાગર મગન ગોહીલના ત્રાસથી એસીડ પી ગયેલ તે બાબતે ફરીયાદ આપેલ છે તે અંગે ફરીયાદ લઈ ગુનો નોંધી તપાસ પો.સ.ઈ. વ્યાસ તરફ ડેપ્યુટ કરેલ તેના હુકમ કરેલ તેને સમર્થન આપેલ છે તથા ભારે ગુનો હોવાથી ઉપરી અધિકારીને ફેકસ મેસેજ કરેલો તેને સમર્થન આપેલ છે અને પી.એમ. કરવા માટે યાદી કરેલી તેની નોંધ સ્ટે. ડાયરીમાં કરેલ છે તેને પણ સમર્થન આપતો પુરાવો આપેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં સદર સાહેદની જુબાનીથી ભાવનાબેન દવારા એસીડ પીને આત્મહત્યા કરેલ છે અને તેનુ ઈન્કવેસ્ટ પંચનામુ લીગલ પ્રોસીજરથી કરવામાં આવેલ છે તેને સ્પષ્ટપણે સમર્થન મળે છે અને આરોપીના માનસીક ત્રાસથી કંટાળી જઈ ભાવનાબેન એસીડ પી મરણ ગયેલ છે તે હકીકતને સ્પષ્ટ સમર્થન આપતો પુરાવો આપેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેમને ભાવનાબેન ગુજરી ગયાની જાણ થઈ તે વખતે તેઓ પોલીસ સ્ટેશને હતા. તેમને તેઓના સ્ટાફ તરફથી જાણ કરવામાં આવેલી હતી. તે પહેલા પોલીસ સ્ટેશનમાં ૬ વાગ્યે વરધી આવેલી હતી તેથી પોલીસ સ્ટેશનમાં જાણ થયેલ હતી. આ ૬ વાગ્યાની જાણ થયેલી છે તે ડો. કુચા તરફથી થયેલી હતી. કુચા સાહેબે '' આજ રોજ તા.૭/૫/૨૧ શુક્રવાર સમય–૫.૩૦ એ.એમ. એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે'' તેવી નોંધ સાથે આવેલી. આ યાદીના આધારે તેઓના પોલીસ સ્ટેશનમાં હે.કો. ડી.આર.ગોહીલને તપાસ સોપવામાં આવેલી હતી. તેમને ભાવનાબેન ગુજરી ગયાની જાણ આશરે સાડા નવની આસપાસ થયેલી. તે વખતે ભાવનાબેનની લાશ જનરલ હોસ્પીટલ મહુવામાં હતી. તેઓના પોલીસ સ્ટેશનથી જનરલ હોસ્પીટલ મહુવાનુ દોઢેક

કીમી છે તે પાંચેક મીનીટમાં કવર થઈ જાય. તેઓ જયારે પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે મહુવા જનરલ હોસ્પીટલમાં ભાવનાબેનની લાશ લાવેલાની જાણ તેઓના પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી તે તેમને ખ્યાલ ન હતો તેની જાણ તેમને પછીથી થયેલી. મહુવા જનરલ હોસ્પીટલમાંથી કરવામાં આવેલી જાણના અનુસંધાને તેની તપાસ પી.એસ.આઈ.શ્રી વ્યાસ સાહેબને સોપેલી હતી. તેઓ જનરલ હોસ્પીટલ મહુવા પહોચ્યા ત્યારે ફરીયાદી સહીત તેમના ઘણા સગાઓ હોસ્પીટલમાં હાજર હતા. ઈન્કવેસ્ટ કરતા પહેલા ફરીયાદી સહીત તેમના હોસ્પીટલમાં હાજર સગાઓની બનાવ બાબતે પુછપરછ કરવામાં આવેલી હતી. ફરીયાદી તથા તેમના સગાઓની પુછપરછ કર્યા પછી આશરે પાંચેક મીનીટ પછી ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી શરુ કરેલી. ઈન્કવેસ્ટની કાર્યવાહીમાં પ્રથમ તેઓએ એકજી મેજી. ને યાદી કરેલી. તેઓ કેટલા સમય પછી આવ્યા હશે તે ચોકકસ કહી શકે નહી. આશરે ૧૧–૦૦ વાગ્યે તેઓ આવ્યા હશે. પી.એમ. કરવા માટેની યાદી ડોકટરશ્રીને તેઓના સ્ટાફ વાળાએ આપેલી હતી. પી.એમ. કરવાની યાદી સ્ટાફને સોપીને તેઓ રવાના થયા હતા. પી.એમ. કરવાની યાદી સોપ્યા પછી આશરે ૧ કલાક પછી તેઓએ ફરીયાદ લેવાની શરુ કરી હશે. પી.એમ. કરવાની યાદી સોપ્યા પછી આશરે ૧ થી સવા એક વાગ્યાની આસપાસ તેઓએ દવાખાનુ છોડયુ હશે. તેઓ પોલીસ સ્ટેશનથી દવાખાને પહોચ્યા અને આશરે એક સવા એક કલાક વાગ્યે તેઓએ દવાખાનુ છોડયુ તે દરમીયાન તેઓ દવાખાને જ હતા. તેઓએ એ હકીકત નકારેલ છે કે, ફરીયાદમાં લખાયેલ સમયે ફરીયાદ લખવામાં આવી નથી. તેઓ દવાખાને પહોચ્યા પછી પાછળથી વ્યાસ સાહેબ આવેલા. તેઓ પહોચ્યા તે વખતે હાજર ન હતા.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૨૧. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૩ તરીકે આંક–૮૫ થી ત.ક.અ. વાય.પી.વ્યાસને તપાસેલ છે અને તેમણે પોતાની સોગંદપરની સરતપાસમાં આંક–૮૬ થી જે સ્ટેશન ડાયરી રજુ કરેલ છે તેમા પી. એસ.ઓ.ની સહી ઓળખી બતાવેલ છે તથા સદર પી. એસ. આઈ. ઝાલા રુબરુ લેવામાં આવેલ ફરીયાદ લેખીત હુકમથી તેઓને સોંપવામાં આવેલી અને તે તપાસ સંભાળી લીધેલી તે હકીકતને સમર્થન આપેલ છે. આ કામે બનાવવાળી જગ્યાનુ બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ અને ત્યાથી એક ટાઈલ્સ કલીનીંગની બોટલ, સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણનો ચોપડો મળેલો તે હકીકતને સમર્થન આપેલ છે અને આ મુદ્દામાલ સીલપેક કરી કબજે કરેલો અને આંક–૩૪ ના પંચનામાને સમર્થન આપેલ છે તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા આરોપીને અટક કરેલ તથા તપાસના કામે લોકલ એફ. એસ.એલ.ને તપાસના કામે બોલાવેલા અને બનાવવાળી જગ્યાએ તેનુ સ્થળ પરીક્ષણ સદર અધિકારી દવારા કરવામાં આવેલ છે અને તેમણે જે રીપોર્ટ આંક–૮૭ થી આ કામે રજુ કરેલ છે તે ત.ક.અ. દવારા આ કામે રજુ કરવામાં આવેલ છે અને તેને આંકે આપવા સામે આરોપીના વિ.વ.શ્રી દવારા સખત વાંધો લીધેલ છે તેથી આંક–૮૭ ને કોર્ટ દવારા વાંધા સાથે આંક આપવામાં આવેલ છે તેમા આરોપીના વિ.વ.શ્રી દવારા એવો વાંધો લીધેલ છે કે, એફ. એસ. એલ. અધિકારી દવારા લોકલ કાર્યવાહી સ્થળ પરીક્ષણ કર્યા બાદ આપેલ છે તેથી તેઓ જુબાની આપ્યા બાદ આંક પડી શકે તેવો વાંધો લીધેલ છે તેથી તે અંગે જોઈએ તો આંક–૮૭ થી લોકલ એફ. એસ. એલ. દવારા સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે તેમા જણાવેલ છે કે, બતાવેલ બે બાર વાળા મકાનના ઉપરના ભાગે બનાવ બનેલ તેમા તપાસ અધિકારીએ જણાવેલ જયા જયા રુમ તથા રવેશના ભાગે સફેદ ટાઈલ્સ ઉપર ડોલ તથા ધાબાઓ જણાયેલ છે જે ફરી સાફ કરી નાખેલ

જેથી સ્થળ પરથી કાઈ મળી શકેલ નથી તેમજ તપાસ અધિકારી સ્થળ પરથી પંચનામા દરમ્યાન લીધેલ નમુનાઓ યોગ્ય હોય તેમજ મેડીકલ ઓફીસરશ્રી લીધેલ નમુનાઓ જુનાગઢ એફ. એસ. એલ.માં મોકલવા સુપ્રત કરેલ તેમજ સ્થળ પરથી લીધેલ સ્યુસાઈડ નોટ તથા હેન્ડરાઈટીંગ તપાસ અર્થે રાજકોટ એફ.એસ. એલ. ખાતે મોકલવા સુપ્રત કરેલ અને આ આંક–૮૭ ના દસ્તાવેજની પાછળ એફ. એસ. એલ. સાયન્ટીફીક ઓફીસર દવારા સહી કરવામાં આવેલ છે તથા ત.ક.અ. વાય.પી.વ્યાસની પણ સહી કરવામાં આવેલ છે. આ ત.ક.અ. દવારા એફ. એસ. એલ. ઓફીસરને સ્થળ પરીક્ષણ અહેવાલ માટે સ્થળ પર બોલાવેલ અને તેમણે જે લોકલ ઈન્વેસ્ટીગેશન સ્થળ પર રહીને ત.ક.અ. વાય.પી. વ્યાસની હાજરીમાં કરેલ છે તેની નોંધ કરવામા આવેલ છે અને સ્થળ પરીક્ષણના અંતે ટાઈલ્સ પર સફેદ ડાઘા જોવા મળેલ છે તે સાફ કરી નાખેલ હતા અને સ્થળ પરથી કોઈ વસ્તુ મળી આવેલ નથી તેવી સ્પષ્ટ નોંધ કરવામાં આવેલ છે તથા ત.ક.અ.ના સ્થળ પરથી પંચનામા દરમ્યાન નમુનાઓ લીધેલા અને મેડીકલ ઓફીસર દવારા જે નમુના લીધેલા તે જુનાગઢ એફ. એસ. એલ. તથા સ્થળ પરથી સ્યુસાઈડ નોટ તથા હેન્ડરાઈટીંગ એફ. એસ. એલ.ને મોકલવાની જે કાર્યવાહી કરેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ સ્થળ પરથી લોકલ એફ. એસ. એલ. ઈન્વેસ્ટીગેશનમાં કોઈ વસ્તુ મળી આવેલ ન હોવાથી એફ. એસ. એલ. ઈન્વેસ્ટીગેશન સાથે પોતે ત.ક.અ.એ પણ સહી કરેલ છે તેથી જયારે કોઈ સ્થળ પરથી ચીજવસ્તુ નમુનારુપે જયા મરણજનારે ઉલ્ટીઓ કરેલ હતી તે સાફ કરી નાખેલ હોવાથી કોઈ નમુના લેવાયેલ ન હોવાથી સદરહું સ્થળ પરીક્ષણ અહેવાલ કરેલ છે અને આગળની કોઈ કાર્યવાહી લોકલ ઓફીસર દવારા કરવામાં આવેલ નથી તથા વધુમાં આ આંક–૮૭ નો સ્થળ પરીક્ષણ અહેવાલ જોઈએ તો તેમા ફરીયાદીની બહેનને આરોપી દવારા પ્રેમ સબંધ રાખવા દબાણ કરતા

તેણીએ ના પાડતા હેરાન કરેલ તેથી આરોપીના માનસીક ત્રાસના કારણે તેની બહેન દવારા મરવા મજબુર થતા જાતેથી એસીડ પીતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે તેવી પણ નોંધ કરવામાં આવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં માત્ર સ્થળ પરીક્ષણ કરનાર એફ. એસ. એલ. ઓફીસર જે સાયન્ટીફીક ઓફીસર છે તેને ન તપાસવાથી તેણે આ સ્થળ પરીક્ષણ બનાવવાળી જગ્યાનુ કરેલ નથી તેવુ કહી શકાય નહી. કારણ કે તે વખતે ત.ક.અ. પણ હાજર હતા અને તેમણે પણ અહેવાલ સ્વીકારનાર કર્મચારી તરીકે તેમણે પોતે સહી કરેલ છે અને આ સ્થળ પરીક્ષણ દરમ્યાન તેમણે જયા ડાઘા અને ઘાબા જોવા મળેલ હતા ત્યાથી કોઈ ચીજવસ્તુ મળી આવેલ ન હતી કારણ કે તે સાફ કરી નાખેલ હતા તેથી તેવા સંજોગોમા સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૮૭ નો ત.ક.અ.ની જુબાનીમાં રજુ કરી દેવા માત્રથી આરોપીપક્ષને કોઈ નુકશાન થતુ નથી. પરંતુ સ્થળ પરીક્ષણ અહેવાલ દરમ્યાન આરોપીના ત્રાસના કારણે મરણજનાર ભાવનાબેને એસીડ પીધેલ છે અને સ્થળ પરથી સ્યુસાઈડ નોટ અને હેન્ડરાઈટીંગ તપાસ અર્થે એફ. એસ. એલ.માં જે પંચનામા દરમ્યાન મળી આવેલ હતુ તે સુપ્રત કરેલ છે તે હકીકતને સમર્થન આપતો પુરાવો મળી રહેલ છે. આ કામે ત.ક.અ. દવારા આંક–૮૮ થી આંક–૧૦૭ સુધીના દસ્તાવેજી પુરાવાઓને સમર્થન આપતો પુરાવો આપેલ છે. તેમા ઈ.પી. કો. કલમ – ૫૦૬(૨) ની કલમ ઉમેરાનો રીપોર્ટ છે તથા આંક–૭૫ થી મગનભાઈ રામજીભાઈ ગોહીલનાઓએ આરોપીના બે મોબાઈલ રજુ કરેલા તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે તથા આલોક હોસ્પિટલમાંથી મરનારનુ સારવાર સર્ટી. તથા પી.એમ. રીપોર્ટ મેળવવાની યાદી તથા શબ પરીક્ષણ અહેવાલ મેડીકલ ઓફીસર પાસેથી મેળવેલ તેમજ વિશેરાના નમુના તથા કપડા પો.કો. દવારા હોસ્પિ.માંથી લાવીને રજુ કરેલ જે પંચોની હાજરીમાં કરેલ તે તથા મોબાઈલ કોલ ડીટેઈલ આપવા નોડલ ઓફીસરને કરેલ યાદી તથા એફ. એસ. એલ.

જુનાગઢને મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ તૈયાર કરી મોકલાવેલ તે નોંધ તથા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તથા હસ્તાક્ષર નિષ્ણાંત પાસેથી સ્યુસાઈડ નોટના હસ્તાક્ષર માટે અભિપ્રાય મેળવવા માટે રવાનગી નોંધ તથા એફ. એસ. એલ. ગાંધીનગર તરફ મુદ્દામાલ રવાનગી નોંધ મોકલેલ તે તથા તે અંગેની પહોંચને સમર્થન આપતો પુરાવો ત.ક.અ.એ આપેલ છે તથા વધુમાં આંક–૯૬ મોબાઈલ કોલ ડીટેઈલ, આંક–૯૭ રમેશભાઈએ મહુવા પો.સ્ટે.ને આપેલ ફરીયાદ તથા આરોપી સાગર મગનની સામે ચેપ્ટર કેસ નં.–૫૬૬/૨૧ ના કાગળો આંક–૯૮ તથા ચેપ્ટર કેસ નં.–૩૫૮/૨૧ આંક–૯૯ તથા ભાવનાબેન સેતાએ કરેલ અરજી નં.–૪૫૨/૨૧ આંક–૧૦૦ તથા એફ. એસ.એલ. જુનાગઢને કરેલ યાદી આંક–૧૦૧, એફ. એસ. એલ. ગાંધીનગરનો પત્ર આંક–૧૦૨, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ નમુના માટેનો ફોરવર્ડીંગ પત્ર આંક–૧૦૩ તથા હસ્તાક્ષર નિષ્ણાંત રાજકોટનાઓને પરીક્ષણનુ પ્રમાણપત્ર આપવા લખેલ લેટર આંક–૧૦૪ તથા આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ તે તથા આરોપીને ઓળખી બતાવેલ છે તે તથા ૬૫(બી)નુ સર્ટી. આંક–૧૦૫ થી ૧૦૭ ના વિગેરે ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન આપતો પુરાવો સદરહું ત.ક.અ. દવારા આપવામાં આવેલ છે. વધુમાં જોઈએ તો આંક–૮૭ ના દસ્તાવેજી પુરાવા પરથી એવી કોઈ હકીકત સાબિત થતી નથી કે, સ્થળ પરીક્ષણ દરમ્યાન સાયન્ટીફીક ઓફીસર દવારા કોઈ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ છે. વધુમાં જોઈએ તો આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા જે ઉલટતપાસ ત.ક.અ. વાય.પી. વ્યાસની કરવામાં આવેલ છે તેમા એવી કોઈ હકીકત સાબિત થતી નથી કે, આરોપીના ત્રાસના કારણે ગુજરનાર ભાવનાબેન દવારા એસીડ પીને આપઘાત કરેલ નથી અને મરણ ગયેલ નથી. આ કામે વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી દવારા એક સવાલ સદરહું ત.ક.અ.ને પુછેલ છે કે, ''મરનારે, તહોમતદારે તેણીને ત્રાસ

આપેલ હોવાથી એસીડ પીધેલુ તથા તેણીએ સ્યુસાઈડ નોટ લખી સંચા પાસે મુકેલ છે તેવા આક્ષેપ સાથે તહોમતદાર ઉપર કેસ કરવામાં આવેલ છે તે વાત સાચી ?'' તેના જવાબમાં મરણજનારને આરોપી તેની સાથે પ્રેમ સબંધ બાંધવા તથા બોલવા માટે દબાણ કરતો હતો અને આ અગાઉ આરોપી વિરૂધ્ધમાં મરણજનારના સગા તેમજ મરણજનારે અરજી તેમજ મારામારીનો ગુનો દાખલ કરાવેલો અને આ બનાવ બન્યા બાદ મરણજનારે સાહેદ તેમજ સગાવાલાને જાણ કરેલ હોય તેના આધારે આ ગુનો દાખલ કરેલો તેવો જવાબ આપવામાં આવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, મરણજનારને આરોપી પ્રેમ સબંધ રાખવા માટે અને બોલવા માટે સખત દબાણ કરતો હતો અને આરોપી વિરૂધ્ધ મરણજનારના સગા તેમજ મરણજનારે અરજી તેમજ મારામારીનો ગુનો દાખલ કરેલો છે તે હકીકતને સ્પષ્ટ સમર્થન આપતો પુરાવો મળી રહેલ છે અને આ તમામ દસ્તાવેજી પુરાવાઓ ત.ક.અ. દવારા આંક–૯૭ થી આંક–૧૦૦ ના રજુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપેલ છે અને તેની હકીકતોને વળગી રહેલ છે. વધુમાં જોઈએ તો મરણજનારે તહોમતદારના ત્રાસના કારણે એસીડ પીધેલુ તેવો મરણજનારનો આક્ષેપ છે અને મરણજનારે જાગૃતીબેનને પોતે સ્યુસાઈડ નોટ લખી સંચા પાસે મુકી તેવુ જણાવેલુ તેવા જે આક્ષેપ કરેલ છે તેને સ્પષ્ટપણે સમર્થન આપેલ છે અને ફરીયાદપક્ષનો આજ કેસ છે કે તહોમતદારના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પીધેલ છે અને મરણ ગયેલ છે અને મરણજનારને જાગૃતીબેનને સ્યુસાઈડ નોટ લખી સંચા પાસે મુકેલ છે અને આ હકીકતને સાબિત કરવા માટે એફ. એસ. એલ. માં સ્યુસાઈડ નોટ અને ચોપડામાનું કુદરતી લખાણ પૃથ્થકરણ માટે મોકલી આપેલ હતુ અને તે એફ. એસ. એલ.ના પૃથ્થકરણ અહેવાલમાં મરણજનારના અક્ષરો સાબિત થયેલ છે તેથી આપઘાત કરતા

અગાઉ સ્યુસાઈડ નોટ જે મરણજનારે લખેલ છે તેના કન્ટેન્ટ સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપીના ત્રાસના કારણે જ એસીડ પી ને આપઘાત મરણજનાર ભાવનાબેને કરેલ છે તથા આરોપી સતત પ્રેમ સબંધ રાખવા માટે અને બોલવા માટે દબાણ કરતો હતો અને જો તે ન બોલે તો તેના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી તથા આરોપીએ મરણજનારને જીવવા જેવી રહેવા દીધી ન હતી અને તેના કારણે આપઘાત કરેલ હતો તથા આરોપીએ મોબાઈલમાં ભાવનાબેનનુ રેકોર્ડીગ કરી રાખેલ હતુ તેથી તેને તેના કારણે સખત ત્રાસ પડતો હતો તેથી ભાવનાબેને આરોપીના ત્રાસના કારણે એસીડ પીને આત્મહત્યા કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાબિત થાય છે અને સ્યુસાઈડ નોટ પંચનામા દરમ્યાન જાગૃતીબેને રજુ કરેલ છે અને આ પંચનામાને સમર્થન આપતો પુરાવો પંચ સાહેદે તથા જાગૃતીબેને પણ આપેલ છે તથા બીજા સાહેદોએ પણ આપેલ છે જે પંચનામુ અને સ્યુસાઈડ નોટ સાબિત થયેલ છે તેથી તેવા સંજોગોમાં આ પુરાવો ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો એસીડ પીધા પછી મરનાર બોલવા સક્ષમ હતા કે કેમ તે બાબતે તપાસ કરવી જરૂરી જણાયેલ નહી અને આ બાબતે સાહેદે જણાવેલ છે કે, હા અને આવી કોઈ તપાસ તેઓએ કરેલ નથી તેટલા માત્રથી આ હકીકત સાબિત થઈ શકે નહી કે આપઘાત એસીડ પીધા પછી જાગૃતીબેનને મરણજનાર ભાવનાબેને રસ્તામાં એવી હકીકત જણાવેલ કે, તેણે સ્યુસાઈડ નોટ સંચા પાસે લખીને મુકેલ નથી. કારણ કે આ હકીકત મેડીકલ ઓફીસર સિવાય કોઈ કહી શકે નહી કે એસીડ પીધા પછી કેટલા સમય પછી માણસ બોલી શકે નહી અને આ હકીકત સાબિત કરવામાં આરોપીપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે તેવી ચર્ચા આરોપીના વિ.વ.શ્રીના બચાવમાં કરવામાં આવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં ત.ક.અ.ની જુબાનીથી એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે,

આરોપી સતત ફરીયાદીની બહેન મરણજનાર ભાવનાબેનને પ્રેમ સબંધ રાખવા માટે અને બોલવા માટે દબાણ કરતો હતો જે ભાવનાબેન ના પાડતા હતા તેમ છતાં તેણે તેણીના ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલી તથા આરોપી તેમ છતાં ન સુધરેલ તેથી ગુજરનાર ભાવનાબેનને રમેશભાઈએ પો.સ્ટે.માં આરોપી સાગર વિરૂધ્ધ અરજી કરેલી તેથી તેની દાઝ રાખીને રમેશભાઈને આરોપીએ તેના મિત્રની મદદ વડે છરી અને લાકડી વડે પગમાં અને હાથની કોણીમાં ઈજાઓ કરેલ તેથી તેની ફરીયાદ રમેશભાઈએ મહુવા પોલીસમાં કરેલી. તેમ છતાં આરોપી સુધરેલ નહી અને ત્યારબાદ આરોપીના ત્રાસના કારણે ગુજરનાર ભાવનાબેનને જીવવા જેવી રહેવા દીધેલ નહી અને મરવા મજબુર કરેલ તેથી કંટાળી જઈને ભાવનાબેને સ્યુસાઈડ નોટ આપઘાત કરતા અગાઉ ઘરના સંચા પાસે મુકેલી અને ત્યારબાદ એસીડ પી જઈને આત્મહત્યા કરેલ છે અને આ તમામ હકીકતો ફરીયાદીની ફરીયાદની હકીકતોને તથા તમામ સાહેદોને સમર્થનકર્તા પુરાવો ત.ક.અ. દવારા આપેલ છે તેથી આ હકીકતો ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''આ કામમાં સૌ પ્રથમ મરનાર ભાવનાબેનને સારવારમાં દાખલ કર્યા અંગેની યાદી કુચા સાહેબને ત્યાથી આવેલી. તે યાદીના આધારે તેઓના પોલીસ સ્ટેશનના હે.કો. ડી.આર.ગોહીલનાઓને તપાસ સોપેલી. ડી.આર.ગોહીલને જે તપાસ સોપેલી તેમણે કરેલ તપાસ અંગેના કાગળો તેઓએ મેળવેલા નથી. તેઓએ આ કામે કુચા સાહેબનો કોઈ જવાબ લીધેલ નથી. તેઓએ કુચા સાહેબે મોકલેલ યાદી આંક–૩૦ વાળી યાદી વાંચેલી છે. તે પત્રમાં ''આજ રોજ તા.૭/૫/૨૧ શુક્રવાર સમય–૫–૩૦ એ.એમ. એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ

છે'', લખેલુ છે. આ યાદી ભાવનાબેનને દાખલ કર્યા અંગેની હતી. મહુવા જનરલ હોસ્પીટલમાંથી ભાવનાબેનને મૃત હાલતમાં લાવ્યા અંગેની જાણ તેઓના પોલીસ સ્ટેશનમાં કર્યા બાદ તેમને તપાસ સોપવામાં આવેલી. તેમા જણાવ્યા મુજબ તેમને તા.૭/૫/૨૧ના રોજ ૧૦–૪૫ કલાકે તપાસ સોપવામાં આવેલી. તેમને તપાસ સોપ્યા બાદ તેઓ આશરે અડધો કલાકમાં હોસ્પીટલમાં પહોચેલા. તેઓ હોસ્પીટલ પહોચ્યો તે વખતે મરનારના ભાઈ, તેના બીજા સગા, ડી.ડી. ઝાલા સાહેબ તથા તેના રાઈટર હાજર હતા. ત્યાર બાદ તેઓ અડધો કલાક હોસ્પીટલમાં રોકાયેલા. આ સમય દરમીયાન ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ નથી. તેઓ હોસ્પીટલ પહોચ્યા તે વખતે ઝાલા સાહેબ મરનારના ભાઈની શુ થયુ તે બાબતેની પુછપરછ કરતા હતા. તેઓની હાજરીમાં બીજા કોઈની પુછપરછ થયેલી કે કેમ તે હાલ તેમને યાદ નથી. તેઓએ આ કામમાં તપાસ આશરે બપોરે ૩ વાગ્યાની આસપાસ સંભાળેલી. બનાવના દિવસે સાંજે તેઓ મરનારના ઘરે ગયેલા અને ત્યા ૫ વાગ્યે ગુનવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. મરનારનુ ઘર ઉપરના માળે છે અને નીચે મરનારના પિતરાઈ ભાઈઓ રહે છે. બનાવના પંચનામા વખતે સુસાઈડ નોટ તથા મરનારના કુદરતી લખાણ તરીકે કબજે કરવામાં આવેલા દસ્તાવેજો પંચનામામા લખ્યા મુજબની વિગતે કબજે કરેલ હતા. સુસાઈડ નોટ તથા મરનારના કુદરતી લખાણ બાબતે પંચનામુ કર્યા પહેલા તેમને કોઈ જાણ ન હતી. સુસાઈડ નોટ અને કુદરતી લખાણ જાગૃતીબેને રજુ કરેલા. મરનારે જાગૃતીબેનને સંચા પાસે સુસાઈડ નોટ મુકેલી છે તેવુ કહેલાનુ તેઓની તપાસમાં ખુલેલ છે. તેઓની તપાસ મુજબ મરનારે સુસાઈડ નોટ અંગેની વાત જાગૃતીબેનને તેઓ મરનારને કુચા સાહેબના દવાખાને લઈ જતા હતા ત્યારે કરેલી. ફરીયાદ પક્ષના કેસ મુજબ મરનારે જાગૃતીબેન અને તેના કુટુંબીજનનોને તેણે તહોમતદારના ત્રાસથી એસીડ પીધેલ છે તેવુ જણાવેલ છે.

તેઓએ પી.એમ. નોટ મેળવેલી છે અને તેનો અભ્યાસ પણ કરેલો છે. મરનાર બોલવા માટે શકતીમાન હતી કે કેમ તેવુ ડોકટરને પુછેલ નથી. ત.ક.અ.ને સવાલ પુછવામાં આવેલ કે, મરનારે, તહોમતદારે તેણીને ત્રાસ આપેલ હોવાથી એસીડ પીધેલુ તથા તેણીએ સુસાઈડ નોટ લખી સંચા પાસે મુકેલી છે તેવા આક્ષેપ સાથે તહોમતદાર ઉપર કેસ કરવામાં આવેલ છે? તે વાત સાચી. તેના જવાબમાં ત.ક.અ. જણાવે છે કે, આ કામના મરણજનારને આરોપી તેની સાથે પ્રેમ સબંધ બાંધવા તેમજ બોલવા માટે દબાણ કરતો હતો અને આ અગાઉ આરોપી વિરુધ્ધમાં મરણ જનારના સગા તેમજ મરણજનારે અરજી તેમજ મારામારીનો ગુનો દાખલ કરાવેલો અને આ બનાવ બન્યા બાદ મરણજનારે સાહેદ તેમજ સગાવાલાને જાણ કરેલ હોય તેના આધારે આ ગુનો દાખલ કરેલો. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, મરણજનારે તહોમતદારના ત્રાસના કારણે એસીડ પીધેલુ તેવુ મરનારે જણાવેલાનુ આક્ષેપ છે. આ કેસમાં એવો પણ આક્ષેપ છે કે મરનારે જાગૃતીબેનને પોતે સુસાઈડ નોટ લખી સંચા પાસે મુકેલી તેવુ જણાવેલુ. ઉપરોકત બંને આક્ષેપો જોતા એસીડ પીધા પછી મરનાર બોલવા માટે સક્ષમ હતા કે તે બાબતે તપાસ કરવી જરુરી જણાયેલ કે નહી. સાહેદ આ બાબતે જણાવે છે કે '' હા ''. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આવી કોઈ તપાસ તેઓએ કરેલી નથી. તેઓએ એ હકીકત નકારેલ છે કે, મરનાર બોલવા માટે સક્ષમ ન હતા તેવુ તેઓ જાણતા હતા તેથી તેઓએ તપાસ કરેલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામા દરમીયાન કબજે કરેલ કોઈ પણ કાગળોની ઝેરોક્ષ કરી હોય તો તેનો ઉલ્લેખ પંચનામામાં કરવો પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે અંગેનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ છે. એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામુ જેમ જેમ કાર્યવાહી થતી જાય તેમ તેમ લખવાનુ હોય છે. કાર્યવાહી કરીએ તે તરત પંચનામામાં લખવાની હોય છે. તપાસના

કાગળોમાં સુસાઈડ નોટ  તથા કુદરતી લખાણના કાગળોની ઝેરોક્ષ નકલ છે. એ હકીકત નકારેલ છે કે, પંચનામા વખતે કોઈ ઝેરોક્ષ કરવામા આવેલ નથી પરંતુ પાછલા તબકકે પંચનામુ કરવામાં આવેલ હોય તેથી પંચનામામાં કથીત સુસાઈડ નોટ તથા કુદરતી લખાણના કાગળોની ઝેરોક્ષ કરવાનો ઉલ્લેખ રહી ગયેલ છે તેવો ખોટો ખુલાસો આપે છે. એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામામાં કુદરતી લખાણ પર સર્કલ કર્યાનો કોઈ ઉલ્લેખ નથી. કુદરતી લખાણ પર પંચનામા વખતે સર્કલ કરવામાં આવ્યુ હોય તો તેનો ઉલ્લેખ પંચનામામાં કરવો જોઈએ. હસ્તાક્ષર નિષ્ણાંતને કુદરતી લખાણના કાગળો મોકલ્યા તે વખતે તેના પર સર્કલ કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે. એક વખત પંચનામુ કર્યા પછી તે પંચનામામાં કબજે કરવામાં આવેલ મુદામાલનુ સીલ ખોલવુ હોય તો તેનુ પણ પંચનામુ કરવુ પડે. પંચનામામાં હંમેશા તટસ્થ પંચો લેવા જોઈએ. આ પંચોને ફરીયાદ પક્ષ સાથે સંકળાયેલા છે કે કેમ તે બાબતે પુછેલુ. આ પંચોની વ્યવસ્થા પોલીસે કરેલી. એ વાતની તેમને ખબર નથી કે પંચ શામજીભાઈ છગનભાઈ સેતા મરનારના કાકા થાય છે. એ હકીકત સ્વીકારેલ છે કે, આ કામના તહોમતદાર બાજુના બંધ મકાનમાથી ઠેકડો મારી મરનારના ઘરમા આવેલ હોવાનો આક્ષેપ છે. આ હકીકત મરનારના બેન જાગૃતીબેન અને મરનારના માતા કુલીબેને જણાવેલી. આ બાબતે તેમના પાડોશીના નીવેદનો લીધેલા જે પૈકી એક પાડોશી બેન દવારા પણ સમર્થન કરેલુ છે. તે બેનનુ નામ કાગળો જોઈને જણાવી શકે. સાહેદ રેકર્ડ જોઈને જણાવે છે કે તે બેનનુ નામ મંજુબેન વા.ઓ. નાનજીભાઈ ભાકાભાઈ પરમાર છે. એ હકીકત સ્વીકારેલ છે કે, આ બેનનુ મકાન મરનારની એક દિવાલે નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમનુ મકાન સામે આવેલુ છે. એ હકીકત સ્વીકારેલ છે કે, મંજુબેન નાનજીભાઈ પરમાર એ મરનારના સગા છે. મંજુબેનના ઘરમાથી તહોમતદાર મરનારના ઘરમા ગયો હોય તેવો આક્ષેપ નથી. એ હકીકત

નકારેલ છે કે, મરનારના મકાનની બાજુના બંધ મકાનમાથી મરનારના ઘરમાં જવાનો કોઈ રસ્તો નથી. તેઓ ગુનાવાળી જગ્યાએ ગયા ત્યારે બાજુ વાળા બંધ મકાનની મુલાકાલ લીધેલી. એ હકીકત સ્વીકારેલ છે કે, તે મકાનમાં દાખલ થવાનો એક જ દરવાજો છે. એ હકીકત નકારેલ છે કે, બાજુનુ મકાનનો દરવાજો બંધ હોય તો અંદર જઈ શકાય નહી. તે તેઓ કહી શકે નહી કે બાજુના મકાનનો દરવાજો બંધ હોય તો કઈ રીતે દાખલ થઈ શકાય. એ હકીકત સ્વીકારેલ છે કે, મરનારની કોલ ડીટેઈલ્સ તેઓએ તપાસ દરમીયાન મેળવેલ છે. તેઓની તપાસ મુજબ મરનારનો મોબાઈલ નંબર ૮૭૮૯૩૭૭૫૬૬ અને મો. નં. ૮૬૯૦૯૧૯૫૫૯ છે. એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓની તપાસ મુજબ તહોમતદારનો મોબાઈલ નંબર– ૮૩૨૦૯૭૭૩૦૬ અને મો. નં. ૭૦૪૩૭૬૧૩૬૩ છે. એ હકીકત નકારેલ છે કે, કોલ ડીટેલ્સ પ્રમાણે આરોપીના મોબાઈલથી મરણજનારને કોઈ કોલ કરેલા હોય તેવુ નથી. હવે જણાવે છે કે કોલ ડીટેલ્સ જોતા આરોપીના ફોનમાથી મરણજનારને કોઈ કોલ ગયેલા હોય તેવુ જણાઈ આવતુ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, મરણ જનારના કોલ ડીટેલ્સ જોતા આરોપીને તેમાથી ફોન થયેલ હોય તેવુ જણાય આવે છે. તેઓએ મરનાર તથા તહોમતદારના મોબાઈલની  કોલ ડીટેલઈ માંગેલી છે તે તા.૧/૧/૨૧ થી તા.૭/૫/૨૦૨૧ સુધી માંગેલી છે અને તે મુજબની કોલ ડીટેઈલ્સ મને આપવામાં આવેલી છે. એ હકીકત સ્વીકારેલ છે કે, ફેબ્રુઆરી–૨૧ પછી કોઈ કોલ મરનારના તહોમતદારને ગયેલ નથી. તહોમતદારના બંને નંબરના મોબાઈલ તેના પિતા પાસેથી કબજે કરેલા છે. તેઓએ આ બે મોબાઈલમા શુ છે તે અંગે અભ્યાસ કરેલો નથી. આ બંને મોબાઈલમાં ભોગ બનનારના મોબાઈલ નંબરોમાથી વાત ચીત થયા અંગેની સીડી બનાવડાવવા એફ.એસ.એલ. ને મોકલેલ હતી. તેઓએ એફ.એસ.એલ.નો રીપોર્ટ જોયેલો નથી.  તેમને એ વાતની ખબર નથી કે તેઓએ ડી.એફ.એસ.ને મોકલેલ

તહોમતદારના મોબાઈલમાં રીટ્રીવ કરેલ વોટસ એપના સ્ક્રીન શોર્ટસમાં મરનાર તથા તહોમતદાર વચ્ચે પ્રેમ ભર્યા સબંધ હોવાનુ તથા તા.૧૭/૨/૨૧ થી ૨૦/૨/૨૦૨૧ દરમીયાન તેઓ ભાગીને જતા રહેવાના હોય તેવા સંદેશા પણ નીકળે છે. ડી.એસી.એફ. તરફથી આ સીડી મહુવા પોલીસ સ્ટેશનમાં મોકલેલી છે. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, ડી.એફ.એસ.માં આરોપીનો જે મોબાઈલ મોકલવામાં આવેલો તે મોબાઈલમાંથી વોટસેએપના મેસેજ રીટ્રાઈવ કરવામાં આવેલા તેનો તેઓએ અભ્યાસ કરેલો છે. તે સી.ડી.માં વોટસએપના સ્ક્રીનશોટની ઈમેજીસ મુકેલી છે. તે તેઓ કહી શકે નહી કે તેમાંથી મરનાર અને તહોમતદારને પ્રેમ સંબંધ હોવાનું ખુલે છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મરનારના મોબાઈલ નંબર–૮૬૯૦૯૧૯૫૫૯ તથા ૮૭૮૦૩૭૭૫૬૬ પરથી મોકલાયેલ સેલફોન એકઝીબીટ–એફ, જે તહોમતદારના મોબાઈલ તરીકે કબજે કરવામાં આવેલ છે તેમાંથી ઉપરોકત બંને નં બરોના વોટસએપના સ્ક્રીનશોટ કાઢી સી.ડી.માં કોપી કરી તેઓના પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલા છે. તે સી.ડી.ને એનેક્ષર–બી નામ આપવામાં આવેલું છે. ડી.એફ.એસ.એ મહુવા પોલીસ સ્ટેશનને મોકલેલી સી.ડી. તેઓએ મેળવેલી છે. તેમને ડી.એફ.એસ.એ મોકલેલ સી.ડી. કે જેની નકલ બચાવપક્ષને આપવામાં આવેલી છે અને તેમાંથી પ્રીંટ આઉટ કરેલી ૧૪ ઈમેજીસ આ કામે આંક–૧૦૯ વાળા દ.પુ. લીસ્ટથી રજું કરવામાં આવેલી છે તે બતાવતા તે માર્ક–૧૦૯/૧થી માર્ક–૧૦૯/૧૪થી રજું કરેલ ઈમેજીસ છે તે જ ઈમેજીસ છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મહુવા પોલીસ સ્ટેશનમાંથી જે સી.ડી. મેળવી અભ્યાસ કરેલો છે તે સી.ડી.માં આ ૧૪ ઈમેજીસ છે. જે ૧૪ ઈમેજીસ આંક–૧૧૦ થી ૧૨૩ સુધી રજુ છે. લોકલ એફ.એસ.એલ.એ બનાવના સ્થળે આવી કોઈ વૈજ્ઞાનીક તપાસ કરેલી કે કેમ તે તેઓ કહી શકે નહી. તેઓએ બનાવવાળી જગ્યાએ ત્યાં એસીડ

પડેલ છે કે કેમ તેની તપાસણી કરેલી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ ત્યાંથી સેમ્પલ લીધેલ છે. બનાવના સ્થળ તરીકે જે પંચનામું કરેલ છે ત્યાં કયા પ્રકારનું ભોંયતળીયુ હતું તે કહી શકે નહી. બનાવના સ્થળે જે ભોંયતળીયુ હતું તેના પર એસીડ પડવાથી કે એસીડ વાળી ઉલ્ટી થવાથી કેવી અસર થાય તે કહી શકે નહી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ભોયતળીયામાં એસીડ કે એસીડવાળી ઉલ્ટી થવાથી કોઈ પ્રકારનો તફાવત દેખાય તો તેની નોંધ પંચનામામાં કરવી જોઈએ. તેઓએ એ હકીકત નકારેલ છે કે, ભોંયતળીયામાં કોઈ ફેરફાર થયેલો હોય તેવી કોઈ નોંધ કરવામાં આવેલી નથી. નોંધ બાબતે પુછતાં સાહેદ જણાવે છે કે, '' જે રુમના મધ્ય ભાગમાં એક સુકાઈ ગયેલ ડાઘ જોવામાં આવે છે.'' આ ડાઘનું કોઈ સેમ્પલ લીધેલ નથી. આ ડાઘ શેનો હતો તે કહી શકે તેમ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ ડાઘના કારણે ફલોરીંગ ઉપર અસર થયેલી હોય તે અંગેની કોઈ નોંધ પંચનામામાં કરવામાં આવેલી નથી. પંચનામા વખતે જે બે લખાણો કબજે લઈ સીલબંધ કરવામાં આવેલાનું કહેવાઈ છે તેમાં પંચોની સહીઓ વાળી કાપલીઓ મુકવામાં આવેલી હતી. એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ લખાણ વાળા કવરોમાં પંચોની સહી વાળી કોઈ કાપલી મળી આવેલી નથી તે બાબતે ખુલાસો કરી શકે તેમ નથી. તેઓએ એ હકીકત નકારેલ છે કે, બનાવવાળી જગ્યાનું પંચનામું વાસ્તવમાં તેમાં લખેલ હકકીતો મુજબ પણ કરવામાં આવેલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મરનારનું પી.એમ. તા.૭/૫/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. મરનારના શરીરમાંથી લીધેલ નમુના સાથે કુલ ત્રણ નમુના મોકલવાનો ફોરવર્ડીંગ લેટર મેડીકલ ઓફીસર સાહેબ આપેલ તે તા.૭/૫/૨૦૨૧ના રોજનો છે. આ ફોરવર્ડીંગ લેટરમાં મરનારના કપડાનો કોઈ ઉલ્લેખ નથી. રેકર્ડ મુજબ આ ફોરવર્ડીંગ લેટરમાં વર્ણવેલ ત્રણ નમુનાઓ તથા મરનારના કપડા કબજે કરેલાનું પંચનામું તા.૧૫/૫/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ

છે. તેઓના કહેવા મુજબ આ સાત દીવસ દરમીયાન આ સેમ્પલો દવાખાને હતા. એવું બનેલ નથી કે, જે દીવસે પી.એમ. કરવામાં આવ્યું તે દીવસે જ આ તમામ સેમ્પલો પોલીસને મોકલી દેવામાં આવેલા હતા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, રેકર્ડ મુજબ આ પંચનામું પોલીસ સ્ટેશનમાં પંચોને બોલાવીને કરવામાં આવેલ છે. મહુવા પોલીસ સ્ટેશન બગીચા ચોક પોલીસ લાઈન પાસે આવેલ છે. ત્યાંથી જુની કોર્ટ બીલ્ડીંગ આશરે અડધોથી એક કી.મી. દુર છે. પોલીસ સ્ટેશન અને જુની કોર્ટ પાસે આવેલ પોલીસ ચોકી બંને જુદા લોકેશન છે. તેમને હાલ યાદ નથી કે કપડા તથા સેમ્પલો કબજે કરવાનું પંચનામું જુની કોર્ટ પાસે આવેલ પોલીસ ચોકીમાં કરવામાં આવેલ છે કે કેમ. તેઓએ એ હકીકત નકારેલ છે કે, જુની કોર્ટ પાસે આવેલ પોલીસ ચોકીમાં કોમ્પ્યુટરની વ્યવસ્થા નથી. એવું બનેલ નથી કે આ પંચનામું કરવામાં આવેલ ત્યારે કપડા છુટા હોય. પંચોને પંચનામા વખતે મરનારના છુટા કપડા બતાવવામાં આવેલા હોય તેવું બનેલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–૯૭ થી આંક–૧૦૦ સુધીના દસ્તાવેજોની તપાસ કરેલી નથી. આંક–૯૭થી આંક–૧૦૦ સુધીની અરજી કે ફરિયાદ તેઓની રુબરુ લેવામાં આવેલ નથી. આંક–૯૭ થી આંક–૧૦૦ સુધીની અરજીઓ કે ફરિયાદ સાચા હતા કે કેમ તે બાબતે અંગત રીતે કહી શકે તેમ નથી. આંક–૯૭થી આંક–૧૦૦ સુધીના દસ્તાવેજો પૈકી એકપણ દસ્તાવેજ સર્ટીફાઈડ કોપી નથી. બનાવના સ્થળેથી કબજે કરેલ બોટલ તથા મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવેલ ચાર સેમ્પલો મોકલ્યાનો ફોરવર્ડીંગ લેટર તા.૨/૬/૨૧ નો છે. કાગળો મુજબ આ પાંચ સેમ્પલો એફ.એસ.એલ.ને તા.૮/૬/૨૧–ના રોજ મળેલા છે. હસ્તાક્ષર નીષ્ણાંતને નમુનાઓ મોકલ્યાનો પત્ર તા.૨/૬/૨૧નો છે. બે મોબાઈલ એફ.એસ.એલ.ને મોકલ્યાનો પત્ર તા.૧૦/૬/૨૧નો છે. પંચનામાઓ જે સ્થળે કરવામાં આવેલાનું જણાવવામાં આવેલ છે તેનાથી દુર રહેતાં પંચોને પંચ

તરીકે રહેવામાં આવેલા છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ નંબર–૧ બનાવની જગ્યાની બાજુમાં રહે છે. એ વાતની તેમને ખબર નથી કે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ નંબર–૧ ફરિયાદીના કાકા થાય છે કે કેમ.''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૨૨. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૪ તરીકે હીતેશભાઈ જેન્તીલાલ ત્રિવેદીને આંક–૧૨૮ થી તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમાં સદર ગુનાના કામે આરોપીના બે મોબાઈલ ઈન્સ્ટ્રેમેન્ટ તેમની કચેરીને મળતા તેમની સીડી તૈયાર કરી તા.૨૩/૧૧/૨૨ ના રોજ ફોરવર્ડીંગ પત્ર સાથે તથા કલમ –૬૫(બી)(૪)(સી) ના પ્રમાણપત્ર સાથે મહુવા પોલીસ સબ ઈન્સ.શ્રીને ઉદેશી મોકલી આપેલ હતા. આ ફોરવર્ડીંગ લેટર આંક–૧૦૬ ના દસ્તાવેજને ઓળખી બતાવેલ છે તથા તેની સહી પણ તેઓએ કરેલ છે તેને સમર્થન આપેલ છે તથા ૬૫(બી) નુ સર્ટી. આંક–૧૦૭ થી આપેલ છે તેમા તેની સહીને સમર્થન આપતો પુરાવો આપેલ છે તેજ રીતે સીડી તેમની કચેરી દવારા પેક કરીને આ કામે રજુ કરેલ છે તે આંક–૧૨૯ આપવામાં આવેલ છે જે એનાલીસીસ કરેલ સીડી છે તે હકીકતને સ્પષ્ટ સમર્થન આપેલ છે તથા એનાલીસીસ દરમ્યાન ડીલીટ થયેલા ઓડીયો કર્ન્વશેસન પાછા મળેલ ન હતા તથા એનાલીસીસ દરમ્યાન કોઈપણ ઓડીય તા.૧૫/૦૨/૨૧ પછીના ન હતા. આમ ઉપરોકત સાહેદની સરતપાસ જોતા તે હકીકત જણાય છે કે, આરોપીના બે મોબાઈલ એનાલીશીસ કરવા એફ. એસ. એલ.માં મોકલેલ હતા તેમા આરોપીના ઓડીયો કન્વર્સેશન જે રેકોર્ડીંગ કરવામાં આવેલ હતુ તેની સીડી એનાલીશીસ કરવામાં આવેલ હતી જે કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે જે આંક–૧૨૯ થી અને આંક–૧૩૧ થી આ કામે

રજુ રાખેલ છે અને આ આંક–૧૨૯ માં એનેક્ષર–એ વાળી સીડીમાં કુલ ૬૬ ઓડીયો કન્વર્સેશની કલીપો રજુ રાખવામાં આવેલ છે જે આરોપીના મોબાઈલમાંથી મેળવેલ છે તે અત્રેની કોર્ટ દવારા ચેક કરતા  તેમાથી સ્પષ્ટપણે આરોપી ભોગબનનારને વાતો કરવા માટે અને બહાર મળવા માટે વારંવાર બોલાવતો હતો અને બેફામ ગાળો બોલતો હતો અને જો તે ન આવે તો તેણીના ઘરે જઈને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેણીને નુકશાન જશે તેવી ધમકી આપતો હતો અને આ હકીકત આ કોર્ટ દવારા બે–ત્રણ કલીપ રેન્ડમ્લી ચેક કરેલ છે તેનાથી સાબિત થયેલ છે જે એફ. એસ. એલ. અધિકારી દવારા આંક–૧૨૮ ની જુબાનીમાં રજુ કરવામાં આવેલ છે અને આ સાહેદને તપાસવા માટે ખુદ આરોપીના વિ.વ.શ્રી દવારા અરજી આપવામાં આવેલ છે અને તે અરજી મંજુરી કરીને મારી અગાઉના પ્રીસાઈડીંગ ઓફીસર દવારા સદરહું સાહેદને સમન્સ કરીને બોલાવવામાં આવેલ છે અને તેમાથી તેમણે જે મેસેજીસ જે આ કામે રજુ કરવામાં આવેલા છે તેની પર પોતાની ઉલટતપાસમાં આધાર રાખવામાં આવેલ છે અને તેનાથી એવી હકીકત સાબિત કરવા માંગે છે કે આંક–૧૧૦ થી આંક–૧૨૩ વાળા જે વોટસએપ ચેટની સ્ક્રીન શોટ ઈમેજીસ જે રીટ્રીવ કરેલ છે તે આરોપીના મોબાઈલમાંથી રીટ્રીવ કરેલ મોબાઈલનો એક ભાગ છે અને તેની એનેક્ષર–એ અને બી વાળી સીડી છે અને આ વોટસએપ ચેટની ઈમેજીસ છે તેનાથી ભાવનાબેન આરોપી સાથે પ્રેમ સબંધમાં હતા તેવુ દર્શાવા માંગે છે અથવા સાબિત કરવા માંગતા હતા પરંતુ આ હકીકત અગાઉ ચર્ચા કરેલ છે તે મુજબ આરોપી અવાર નવાર ધમકીઓ આપીને પ્રેમ સબંધ રાખવા માટે દબાણ કરતો હતો અને જો તે બહાર મળવા માટે ન આવે તો અને વાતો ન કરે તો તેને જેમ ફાવે તેમ ગાળો બોલતો હતો અને તેના ઘરે જઈને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેનુ નુકશાન તેણીને જશે તેવી ધમકી આપતો હતો તેથી ડરના મારે અને ભયના

મારે આરોપીના કહેવા મુજબ ભોગબનનારે આ મેસેજીસ કરેલ છે તેવુ સ્પષ્ટ જણાય છે કારણ કે સ્યુસાઈડ નોટમાં જે કન્ટેન્ટ લખવામાં આવેલ છે તેમા સ્પષ્ટપણે જણાય છે કે, આરોપીએ તેનુ રેકોર્ડીંગ કરી નાખેલ છે અને તેને જીવવા જેવી રહેવા દીધી નથી અને મરવા મજબુર કરેલ છે તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલ છે અને તેના કારણે તે આત્મહત્યા કરે છે તેવુ સ્પષ્ટ જણાવેલ હોય તેવા સંજોગોમાં માત્ર વોટસએપ ઈમેજીસના સ્ક્રીન શોટમાં જે લખાણ લખવામાં આવેલ છે તેનાથી આરોપી સાથે પ્રેમ સબંધમાં હતી અને તેના કારણે આપઘાત કરેલ નથી તે સાબિત થઈ શકે નહી. આરોપીના વિ.વ.શ્રી દવારા સદરહું સાહેદની ઉલટતપાસમાં જે હકીકતો વોટસએપ ચેટની સ્ક્રીનશોટની ઈમેજીસ એનેક્ષર–એ, બી ની સીડીથી રજુ કરેલ છે તેના પરથી આરોપી નિર્દોષ છે તેવી કોઈ હકીકત સાબિત થતી નથી તથા વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી પોતે જે ૬૫(બી) ના સર્ટીફીકેટને સમર્થન આપેલ છે અને તેના પર આધાર રાખેલ છે અને તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત સદરહું સાહેદની જુબાનીમાં બહાર આવતી નથી અને વધુમાં જોઈએ તો સીડીમાંથી જે વોટસએપ ઈમેજીસ રીટ્રીવ કરેલ છે અને જે વ્યકિતએ મેસેજીસ કરેલ છે તે વોટસએપ એકાઉન્ટ બાલા નામની વ્યકિતનુ છે જે આરોપીના વોટસએપ એકાઉન્ટમાં હતુ તે મરણજનાર ભાવનાબેનનુ જ હતુ તે હકીકત આરોપીના વિ.વ.શ્રી દવારા સાબિત કરેલ નથી તેથી ભાવનાબેને પોતાના મોબાઈલ માંથી પ્રેમ સબંધ હતો તેથી તેણીએ મેસેજીસ આરોપીને કરેલ હતા તે હકીકત સાબિત કરી શકતા નથી.

આરોપીના વિ.વ.શ્રી દવારા નીચે મુજબની ઉલટતપાસ આ સાહેદની કરવામાં આવેલ છે અને તેમા એવી હકીકતો જણાવેલ છે કે, ''તેમને મોકલવામાં આવેલ મોબાઈલમાં મોબાઈલ નં.૮૬૯૦૯૧૯૫૫૯ તથા નં. ૮૭૮૦૩૭૭૫૬૬ નંબરો માથી

જે કોઈ કોલ વ્યવહાર કે ઈમેજીજની આપલે થઈ હોય તે માટે તપાસ કરવાની હોય છે. તેમને મોકલવામાં આવેલ મોબાઈલો પૈકી મોબાઈલ માર્ક–એફ માંથી મો.નં. ૮૬૯૦૯૧૯૫૫૯ દવારા મોકલવામાં આવેલ વોટસ એપ ચેટ તથા તેમા રહેલ સ્ક્રીન શોર્ટસની ઈમેજ ફાઈલ રીટ્રીવ કરી તેની સી.ડી. બનાવી રજુ કરેલ છે. આ મટીરીચલ માટે મે ૬૫(બી)નુ સર્ટીફીકેટ આપેલ છે. આ જ સીડીની નકલ તેઓએ મહુવા પોલીસ સ્ટેશનને મોકલાવેલી. મહુવા પો.સ્ટે. મોકલાવેલ સી.ડી. માટેનુ ૬૫ (બી) નુ સર્ટીફીકેટ છે. મોબાઈલ ફોન માર્ક–એફ માથી આ તમામ કન્ટેન્ટસ રીટ્રાઈવ કરવામાં આવેલા. વોટસ એપ ચેટમાં ચેટની ડાબી બાજુ સામા પક્ષ તરફથી આવેલા સંદેશાઓ હોય છે તેમજ જમણી બાજુ મોબાઈલ ધારકે મોકલવામાં આવેલ મેસેજ હોય છે. મોકલાચેલ સંદેશામાં નીચે બે ખરાની નીશાની આવી જાય તે મેસેજ સામા વ્યકતીને મળી ગયાની નીશાની છે. તેમને આંક–૧૧૦ થી આંક–૧૨૩ વાળા દસ્તાવેજો બતાવતા તે ઈમેજીસ તેઓની સીડી માં છે તે જ ઈમેજીસ છે તે સીડી જોઈને કહે છે. આંક–૧૨૯ વાળી સી.ડી. તેનુ સીલ તોડી સાહેદને બતાવતા તે જોઈને સાહેદ જણાવે છે આ સી.ડી. એનેક્ષર– એ વાળી છે બીજી એનેક્ષર બી વાળી સીડી પણ તેઓએ મોકલાવેલ હતી સાહેદ પોતાના રેકર્ડમાથી એનેક્ષર–બી વાળી સીડી કાઢીને બતાવતા હોય અને તે આરોપીના વિ.વ.શ્રી ના લેપટોપમાં તમામની હાજરીમાં નાખવામાં આવે છે અને તે ખોલીને બતાવતા સાહેદ જણાવે છે કે આંક–૧૧૦ થી આંક–૧૨૩ વાળા ઈમેજીસ વોટસ એપ ચેટની સ્ક્રીન શોર્ટ ઈમેસીસ છે જે તેઓએ રીટ્રીવ કરી તે જ છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ ઈમેજીસ તેમને તપાસણી માટે મોકલવામાં આવેલ મોબાઈલમાથી રીટ્રીવ કરેલા મટીરીચલનો ભાગ છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ એનેક્ષર–એ અને બી વાળી બંને સીડી મહુવા પોલીસ સ્ટેશનને મોકલેલી. તેમને કોર્ટમા રજુ કરેલ તેઓના

એફ.એસ.એલ. ના સીલ કવર વાળી સીડી ખોલીને બતાવતા એ એનેક્ષર–એ વાળી સીડી છે. તેમને આંક–૧૧૦ થી ૧૨૩ વાળા ઈમેજીસ બતાવતા આવા તે એનેક્ષર–બી વાળી સીડીનો કન્ટેન્ટસ છે. ''

ઉપરોકત ઉલટતપાસની ચર્ચા આરોપીના વકીલશ્રી દવારા જે દલીલો અને બચાવ સદર કામે લેવામાં આવેલ છે તેમા વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે.

૨૩. ઉપરોકત મુજબનો પુરાવો ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ છે જે અત્રેની કોર્ટ દવારા સંપુર્ણપણે ધ્યાને લેવામાં આવેલ છે અને તેના આધારે આરોપીના વિ.વ.શ્રી દવારા જુદા જુદા ૧૩ ડીફેન્સના મુદ્દાઓ રજુ કરેલ છે તેથી પુરાવાનુ મુલ્યાંકન તે રીતે કરવામાં આવેલ છે જેથી ઉપરોકત સાહેદોની જુબાનીઓ રજુ કરેલ છે તે આખી રીપીટ ન થાય તે હેતુથી નીચે મુજબના આરોપીના વિ.વ.શ્રીના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ છે.

૨૪. આરોપીના વિ.વ.શ્રી દવારા મુખ્ય મુદ્દા નં.–૧ તરીકે એવો બચાવ દલીલમાં લેવામાં આવેલ છે કે, સાહેદો ઘરે હતા ત્યારે મરનારને પુછતા મરનારે પોતે આરોપીના ત્રાસથી એસીડ પીધેલાનુ જણાવેલ અને ત્યારબાદ દવાખાને જતા રસ્તામાં મરનારે જાગૃતીબેનને આરોપી માટે સ્યુસાઈડ નોટ લખી ઘરે સંચા પાસે મુકેલ હોવાની વાત કરેલ, પરંતુ મરનારે ડો. કુંચા સાહેબને ત્યાં અકસ્માતે એસીડ પીધેલ છે તેવી તબીબી હીસ્ટ્રી સાથે સારવારમાં દાખલ કરવામાં આવેલી જે સાબિત કરે છે કે, આરોપીને સંડોવવા પાછલા તબકકે હાલની હકીકત ઉભી કરવામાં આવેલ છે અને તેમા મુદ્દા નં.–૧(ક) માં એવુ જણાવેલ છે કે, ડો. કુંચા સાહેબને ત્યાં સારવાર માટે દાખલ કરી ત્યારે આરોપી વિરૂધ્ધ જુબાની આપનાર ફરીયાદી પરેશભાઈ તથા સાહેદો જાગૃતીબેન, શૈલેષભાઈ અને રમેશભાઈ ચારેય સાહેદો હાજર હતા અને મરનારે અકસ્માતે એસીડ પીધુ છે તેમ કહી મરનારને સારવાર માટે દાખલ કરેલી

તથા મુદ્દા નં.–૧(ખ)માં મરનારને સારવારમાં દાખલ કરતી વખતે મરનારના સગાઓએ મરનારે અકસ્માતે એસીડ પીધેલાનુ જણાવેલ તેવી હકીકતને મરનારની સારવાર કરનાર ડોકટર સાહેબે પોલીસને મોકલેલ એમ.એલ.સી. પણ સમર્થન આપેલ છે. તથા મુદ્દા નં.–૧(ગ)માં ડો. કુચા સાહેબે મરનારે અકસ્માતે એસીડ પીતા સારવારમાં દાખલ કરેલાની પોલીસને મોકલેલ એમ.એલ.સી. યાદી અનુસંધાને કરવામાં આવેલ તપાસનો કોઈ દસ્તાવેજ રેકર્ડ પર નથી કે આ એમ.એલ.સી.ની તપાસ કરનારને આ કામે તપાસવામાં આવેલ નથી તથા મુદ્દા નં.–૧ (ઘ) મુજબ ફરીયાદી સહીત મરનારના કુટુંબીજનો તેઓને આ કામે તપાસેલ છે તે તમામે કુચા સાહેબના દવાખાને મરનારની સારવાર ચાલુ હતી તે વખતે બનાવ બાબતે ચર્ચા કરેલી તથા મુદ્દા નં.–૧(ચ) મુજબ મરનારના મૃત્યુ પછી મરનારની લાશ મહુવા સરકારી દવાખાને લાવવામાં આવેલી ત્યારે મહુવા દવાખાને ઈન્કવેસ્ટ પહેલા તમામની પોલીસે પુછપરછ કરેલી તેમ છતાં તે વખતે ફરીયાદ કરવામાં આવેલ નથી જે પણ દર્શાવેલ છે કે મરનારે તહોમતદારના ત્રાસથી એસીડ પીધેલાનો આક્ષેપ ખોટો ઉભો કરવામાં આવેલ છે તથા મુદ્દા નં.–૧ (છ) મુજબ રેકર્ડ મુજબ મરનારે આત્મહત્યા કર્યાની હકીકત પ્રથમ વખતે ઈન્કવેસ્ટ વખતે જાહેર કરવામાં આવેલી તથા મુદ્દા નં.–ર મુજબ પી.એમ. વખતે એસીડ પીવાના કારણે મરનારની કંઠેન્દ્રીય, જીભ, હોઠના અંદરના ભાગ તથા મ્યુકોઝા ખવાઈ ગયેલ હતા તથા પી.એમ. કરનાર તબીબશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે કે, એસીડ પીધા પછી મરનાર બોલી શકે નહી તેથી મરનારે સાહેદને કાઈ કહેલ હોય તે સ્વીકારી શકાય નહી તેથી મુદ્દા નં.–૧, ર ઉપરથી ફલીત થાય છે કે, મરનારને એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે અને તે હકીકત ડો. કુંચા સાહેબ પાસે જાહેર કરેલ છે અને તે વખતે જુબાની આપનાર ચારેય સાહેદો હાજર હતા તેથી આરોપીના ત્રાસથી

એસીડ પીધાની કે આરોપી માટે સ્યુસાઈડ નોટ લખી સંચા પાસે મુકેલાની વાત કરી હોત તો ડોકટર શ્રીને મરનારે અકસ્માતે એસીડ પીધેલાનુ જણાવેલ ન હોત અને મરનારે આરોપીના કારણે એસીડ પીધેલાનુ જણાવેલ હોય તો મરનારે અકસ્માતે એસીડ પીધેલાનુ જણાવી સારવાર માટે દાખલ કરેલ ન હોત. મરનારનુ મૃત્યુ થયા પહેલા મરનારની આઈ.સી.યુ.માં સારવાર ચાલતી હતી ત્યારે આઈ.સી.યુ. બહાર મરનારના સગા બનાવ બાબતે વાતો કરતા હતા અને પી.એમ. અર્થે દવાખાને મહુવા હોસ્પિટલે લઈ જવામાં આવે ત્યારે ઈન્કવેસ્ટ પહેલા નામદાર કોર્ટ સમક્ષ બનાવ બાબતે તપાસેલ સાહેદો સહીત મરનારના સગાઓની બનાવ બાબતે પુછપરછ કરવામાં આવેલી જો ચાર પૈકી કોઈ સમક્ષ મરનારે આરોપીના ત્રાસથી એસીડ પીધાની કે સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલાની વાત કરી હોત તો આરોપી પ્રત્યેનો રોષ પરાકાષ્ઠાએ હોત અને તે વખતે આરોપી વિરૂઘ્ધ હકીકત જાહેર કરવામાં આવી હોત અને ફરીયાદ કરવામાં આવી હોત પરંતુ આવી કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી. મરનારના સગાની પુછપરછ કરી ઈન્કવેસ્ટ એક કલાક પછી કરવામાં આવેલ છે જો મરનારના સગાની ઈન્કવેસ્ટના એક કલાક પહેલા કોઈ ગુનાની હકીકત જાહેર થયેલ હોત તો પુછપરછ અને ઈન્કવેસ્ટના એકાદ કલાકના સમયમાં ફરીયાદ લખાયેલ હોત. ઈન્કવેસ્ટ વખતે જ આત્મહત્યાના આક્ષેપ કરવામાં આવેલ છે અને આ હકીકત ઈન્કવેસ્ટ પહેલા જાહેર કરવામાં આવેલ હકીકતોથી સંપુર્ણ વિસંગત છે જેનો કોઈ ખુલાસો સાહેદ દવારા કરવામાં આવેલ નથી તેથી પાછલી હકીકત વિસંગતતા સ્વીકારવી જોઈએ નહી. પી.એમ. કરતી વખતે મરનારની કંઠેન્દ્રીય, હોઠ, મ્યુકોઝા ખવાઈ ગયેલ હોત. તબીબશ્રીએ જણાવેલ કે એસીડ પીધા પછી મરનાર બોલી શકે નહી તેથી મરનારે સાહેદો પાસે સ્યુસાઈડ અંગે કે બનાવ અંગે કાઈ કીધેલ હોય તે સ્વીકારી શકાય નહી તેથી ઉપરોકત મુદ્દા નં.–૧ અને ૨

અન્વયે તેના સમર્થનમાં જે સાઈટિશન ૨૦૦૩ એ.આઈ.આર. (એસ.સી.)૩૫૩૦ રજુ રાખેલ છે તેને ધ્યાને લેવા અરજ કરેલ છે.

૨૫. ઉપરોકત મુદ્દા નં.–૧ અને ૨ જોઈએ તો તેમા આરોપીના વિ.વ.શ્રીએ ઘણાબધા મુદ્દાઓ બચાવમાં રજુ કરેલ છે અને તેમા તેઓઓ મુખ્ય બચાવ એવો છે કે, આરોપીને સંડોવવા માટે સ્યુસાઈડ નોટ લખેલ છે તે હકીકત ઉભી કરવામાં આવેલ છે તથા મરનારે અકસ્માતે એસીડ પીધેલ છે તે હકીકત ડોકટરની જુબાનીથી સાબિત થાય છે અને એમ.એલ.સી. સર્ટી. ઉપરથી સાબિત થાય છે તથા મરનારને સારવાર ચાલુ હતી ત્યારે બનાવ બાબતે ચર્ચા કરેલી અને તેમ છતાં ઈન્કવેસ્ટ પહેલા આવી પોલીસે પુછપરછ કરેલ હોવા છતાં ફરીયાદ કરવામાં આવેલ નથી અને ઈન્કવેસ્ટ વખતે જ આત્મહત્યા મરનારે કરેલ છે તે જાહેર કરવામાં આવેલ છે અને મરનારની કંઠેન્દ્રીય, જીભ, હોઠ તથા અંદરના ભાગ મ્યુકોઝા એસીડ પીધેલ હોવાથી ખવાઈ ગયેલ હોવાથી તે બોલી શકે નહી તેથી મરનારે સાહેદોને કાઈ કહેલ હોય તેવુ બની શકે નહી તેવો બચાવ લેવામાં આવેલ છે. પરંતુ આ બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તેના અનુસંધાને જોઈએ તો જાગૃતીબેનને ફરીયાદપક્ષે આંક–૬૪ થી તપાસવામાં આવેલ છે અને સાહેદ નં.–૯ તરીકે તપાસેલ છે તેમા તેણે સ્પષ્ટપણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૭/૦૫/૨૧ ના રોજ મારી બેન ભાવનાબેને એસીડ પીધેલુ આ બનાવની જાણ મારીબેન મારા રુમની સામે આવેલી ગેલેરી પાસેના બાથરૂમ પાસેથી ઉલ્ટી કરતા કરતા બહાર આવેલ અને કહેલ કે મે એસીડ પીધેલ છે અને એસીડની બોટલ બાથરૂમ પાસે પડેલ છે તે અમોએ જોયેલ પછી મે મારા ભાઈ પરેશ તથા કાકાના દિકરા શૈલેષને જગાડેલા અને તેઓ બધા ભેગા થઈ જતા ભાવનાબેનને પુછેલ કે શું થયુ? તુ ઉલ્ટી કેમ કરો છો જેથી મારી બેન ભાવનાબેને મારે મરી જવુ છે. આ સાગર અવાર

નવાર ધમકી આપે છે અને તેના ત્રાસના કારણે કંટાળી એસીડ પીધેલ છે તેવુ જણાવેલ તેથી હુ અને કાકાના દિકરા શૈલેષભાઈ મારી બેન ભાવનાબેનને મોટર સાયકલમાં વચ્ચે બેસાડીને ડો. કુચા સાહેબને ત્યાં દવાખાને ગયેલા અને ત્યાં રસ્તામાં મારી બેન ભાવનાએ મને વાત કરેલી કે મને દવાખાને લઈ જાવ મા મારે મરી જવુ છે સાગરે મારી જીંદગી જીવવા જેવી રહેવા દીધી નથી અને વધુમાં કહેલ કે આપણા ઘરમાં સંચા પાસે રહેલી કાગળમાં લખેલી સાગર માટે સ્યુસાઈડ નોટ છે તે તુ ઘરે બધાને બતાવજે. અમો પાછળ મારો ભાઈ પરેશ અને મારા કાકાનો દિકરો પ્રવિણ ડો. કુચા સાહેબના દવાખાને મોટર સાયકલ પર આવી ગયેલ હતા.''લગભગ આજ પ્રકારની જુબાની પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાએ આંક–૧૭ થી સાહેદ નં.–૧ નાએ આપેલ છે તેમા માત્ર સ્યુસાઈડ નોટ ભાવનાબેને લખેલ છે અને સંચા પાસે મુકેલ છે અને તે હકીકત જાગૃતીબેનને તેણીએ જણાવેલ છે તેટલી જ હકીકત માત્ર જણાવેલ નથી. પરંતુ સદરહું ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાએ પોતાની આંક–૧૭ ની જુબાનીમાં સ્યુસાઈડ નોટ આંક–૧૯ અને કુદરતી લખાણ એન–૧ થી એન–૩ રજુ કરેલ છે જેને સમર્થન આપતો પુરાવો આપેલ છે તથા મરનાર ભાવનાબેનને દવાખાને લઈ જનાર જાગૃતીબેન સાથે શૈલેષભાઈ સેતા હતા અને તેમણે પુરેપુરી આ હકીકતને સમર્થન આપતો પુરાવો આંક–૪૯ થી આપેલ છે અને જણાવેલ છે કે ભાવનાબેને સ્યુસાઈડ નોટ લખીને સંચા પાસે મુકેલ છે તેવી વાત તેણીએ જાગૃતીબેનને કરેલ છે અને આવીજ હકીકતને સમર્થન આપતો પુરાવો રમેશભાઈ ધીરુભાઈ સેતાએ પોતાની આંક–૫૭ ની જુબાનીમાં સમર્થન આપતો પુરાવો આપેલ છે કે, ભાવનાબેને સ્યુસાઈડ નોટ લખીને સંચા પાસે મુકેલ છે તેવી વાત તેણીએ જાગૃતીબેનને કરેલ છે. આમ, ઉપરોકત સંજોગોમાં પરેશભાઈ, જાગૃતીબેન,

શૈલેષભાઈ અને રમેશભાઈનાઓએ ફરીયાદપક્ષને સંપુર્ણપણે સમર્થન આપતો પુરાવો આપેલ છે. પરંતુ વધુમા જોઈએ તો આ કામે સાહેદ જાગૃતીબેન પ્રેમજીભાઈની આંક–૬૪ ની ઉલટતપાસ જે આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ છે તેમા તેમણે એવી હકીકતો એડમીટ કરેલ છે કે, ''મારા ભાવનાબેને સારવારમા શા માટે લાવવામાં આવેલ છે તે બાબતે કુચા સાહેબ સાથે વાત મારા ભાઈ પરેશભાઈ અને શૈલેષભાઈએ કરેલી. એ વાત ખરી છે કે, એ વખતે ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલુ છે તેવુ કહેલુ. એ વાત ખરી છે કે, કુંચા સાહેબને ત્યા લઈ ગયાના આશરે કલાક દોઢ કલાક પછી મારી બેન ભાવનાબેન મરણ ગયેલી.'' ઉપરોકત જે ઉલટતપાસમાં જે હકીકતો બહાર આવેલ છે તેના પરથી એવી કોઈ હકીકત સાબિત થઈ શકતી નથી કે જાગૃતીબેને ડો. કુચા સાહેબને જણાવેલ હોય કે, ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલુ છે કારણ કે ડોકટર રુબરુની હીસ્ટ્રી જે બનાવની જણાવેલ છે તે પરેશભાઈ અને શૈલેષભાઈએ કરેલી છે જાગૃતીબેને કરેલી નથી તેથી જાગૃતીબેનને ખબર ન હોય કે, ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલુ છે તેવુ તેણે ડોકટર રુબરુ લખાવેલ છે કે કેમ. વધુમાં જોઈએ તો ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલુ છે તેવુ જણાવવામાં આવેલુ છે તે હકીકત જે એડમીટ કરવામા આવેલ છે તે અનુસંધાને જોઈએ તો ભાવનાબેને એસીડ પીધા પછી ઉલ્ટી કરતા હતા તે વખતે જાગૃતીબેન ભાવનાબેન પાસે ગયેલા અને આ બનાવ તેણે નજરે જોયેલ હતો અને ભાવનાબેને જ જાગૃતીબેનને જણાવેલ હતુ કે તેણે એસીડ પીધેલ છે તેથી તેવા સંજોગોમાં અકસ્માતે એસીડ પીધેલુ છે તેવી હકીકત જે ડોકટર રુબરુ જણાવવામાં આવેલ છે તે જાગૃતીબેને જણાવેલ નથી તેમ છતાં ડોકટર રુબરુ અકસ્માતે એસીડ પીધેલ છે તે હકીકત એડમીટ કરી દેવા માત્રથી તે હકીકત સાબિત થતી નથી. કારણ કે આ હકીકત અનુસંધાને બીજી રીતે જોઈએ તો ડો. કુંચા સાહેબને ફરીયાદપક્ષે આંક–૨૯ થી તપાસવામાં આવેલ

છે અને તેમણે પોતાની જુબાનીમાં આંક–૩૦ થી ૩૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ એમ.એલ.સી. સર્ટી. તથા સારવારના પેપર્સ રજુ કરેલ છે તેને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ છે અને તેઓએ સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, દર્દીને સતત ઉધરસ આવતી હતી અને કાળા રંગની ઉલ્ટી થતી હતી તેઓના સગાને પુછતા એસીડ પીધેલાની હકીકત જણાવેલી અને આ દર્દીને મે સારવાર આપેલી. સારવાર દરમ્યાન સવારે ૮:૫૦ કલાકે દર્દી મરણ ગયેલ હતા અને આ બાબતે મે પોલીસને સારવાર સર્ટી. આપેલ છે. ઉપરોકત સાહેદની સરતપાસની સાથે સાથે ઉલટતપાસમાં જે હકીકતો બહાર આવેલ છે તે જોઈએ તો તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, ''એ વાત ખરી છે કે, મે કેસ પેપર્સમાં જે માહીતી લખી છે તે તેમના સગાના લખાવ્યા મુજબની લખી છે.'' આ હકીકત જે ઉલટતપાસમાં ડો. કુચા સાહેબ દવારા તથા સાહેદ જાગૃતીબેન દવારા જે હકીકત એડમીટ કરેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, પરેશભાઈ અને શૈલેષભાઈ દવારા ભાવનાબેનની એસીડ પીધેલાની હકીકત ડો. કુચા સાહેબ રુબરુ જણાવવામાં આવેલ છે કારણ કે આ હીસ્ટ્રીમાં જાગૃતીબેને આ હકીકત લખાવેલ છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં જોઈએ તો ડો. કુચા સાહેબ દવારા જે આંક–૩૦ થી એમ.એલ.સી. યાદી નં.–૫૭/૨૧ થી મહુવા પો.સ્ટે.ના પી. આઈ. ને કરેલ છે તે જોઈએ તો તેમા લેટરપેડ ઉપર આખુ ફોર્મ અથવા યાદી પ્રીન્ટેડ યાને છાપેલ છે તે તા.૦૭/૦૫/૨૧ ના રોજ સવારે ૬ વાગ્યે કરવામાં આવેલ છે અને તેમા આ યાદી પ્રીન્ટેડ છે તેમા એવુ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''જય ભારત સાથ જણાવવાનુ કે, <u>મહુવા</u> ગામના રહીશ શ્રી / શ્રીમતી / કુ. <u>ભાવનાબેન પ્રેમજીભાઈ સેતા</u>, ઉ.વ.<u>૨૬</u> ને આજરોજ <u>તા.૦૭/૦૫/૨૧, શુક્રવાર</u> સમય <u>૫:૩૦</u>

એ.એમ. ઝેરી ~~દવાની~~ એસીડ અકસ્માતે ~~અસર થવાથી~~ / પીધેલ હોવાથી દાખલ કરેલ છે / ~~સારવાર~~ લઈ છુટા / ~~રીફર~~ થયેલ છે. તો તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

દર્દીએ ............................................... હોસ્પિટલમાં પ્રાથમીક સારવાર લીધેલ છે.

સર્ટીફીકેટ :– દર્દી હાલ ભાનમાં છે અને અપરણીત છે.

પુરુ સરનામુ :– બારપરા મહુવા,

દાખલ તા. ૦૭/૦૫/૨૧

દવા પીવા / અસર થવાનુ સરનામુ : પોતાના ઘરે

આભાર સાથે આપનો વિશ્વાસુ

ડો. દિનેશ જી. કુંચાની સહી સીકકો મારેલ છે.

આ ફોર્મની પાછળ મહુવા પો.સ્ટે.ના પી. એસ. ઓ. દવારા હે. કો. ડી. આર.ગોહીલને આ હકીકત બાબતે જાણ કરેલ છે કે, મહુવા પો.સ્ટે. સ્ટે.ડાયરી એન્ટ્રી ડાયરી નં.૨/૨૦૨૧ ક.૦૬:૦૦ વાગ્યાના કામે આલોક હોસ્પિટલ ખાતે જઈ ઘટીત કાર્યવાહી કરશો.

આજ રીતે ડો. કુચા સાહેબ દવારા જે આંક–૩૧ થી એમ.એલ.સી. સર્ટી. નં. –૫૭/૨૧ થી મહુવા પો.સ્ટે.ના પી. આઈ. ને કરેલ છે તે જોઈએ તો તેમા લેટરપેડ ઉપર આખુ ફોર્મ અથવા યાદી પ્રીન્ટેડ યાને છાપેલ છે તે તા.૦૭/૦૫/૨૧ ના રોજ સવારે ૧૦ વાગ્યે કરવામાં આવેલ છે અને તેમા આ સર્ટી. પ્રીન્ટેડ છે તેમા એવુ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''જય ભારત સાથ જણાવવાનુ કે, મહુવા ગામના રહીશ શ્રી / શ્રીમતી / કુ. ભાવનાબેન પ્રેમજીભાઈ સેતા, ઉ.વ.૨૬ ને આજરોજ તા.૦૭/૦૫/૨૧, શુક્રવાર સમય ૮:૫૦ એ.એમ. ઝેરી ~~દવાની~~ એસીડ અકસ્માતે

~~અસર થવાથી~~ / પીધેલ હોવાથી દાખલ કરેલ છે / સારવાર ~~લઈ છુટા~~ / ~~રીફર~~ દરમ્યાન મૃત્યુ થયેલ છે. તો તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

દર્દીએ ........................................................................ હોસ્પિટલમાં પ્રાથમીક સારવાર લીધેલ છે.

સર્ટીફીકેટ :– D- Corossive poisoning with aspiration

Rx. Symptomatic and Supp. Rx and Resuccitation done but pt. expired.

પુરુ સરનામુ :– બારપરા મહુવા,

દાખલ તા. ૦૭/૦૫/૨૧

દવા પીવા / અસર થવાનુ સરનામુ : પોતાના ઘરે

આભાર સાથે આપનો વિશ્વાસુ

ડો. દિનેશ જી. કુંચાની સહી સીકકો મારેલ છે.

તેજ રીતે આંક–૩૨ થી એડમીશન શીટ રજુ કરવામાં આવેલ છે જે લેટર પેડ ઉપર છે જે છાપેલ ફોર્મમાં છે. તેમા નીચેની વિગતો છાપવામાં આવેલ છે અને લખવામાં પણ આવેલ છે.

ADDIMISSION SHEET

D.O.A. 7/5/21, 5:30 A.M. D.O.D. 7/5/21, 8:50 A.M. M.L.C. NO. 57/21 Wt.............. Kg. Ht......... cm.

Patient Name ભાવનાબેન પ્રેમજીભાઈ સેંતા

Age : 26 ye years Sex : ~~Male~~ / Female Cell No. : ..........................

Address : બારપરા, મહુવા

Probable

Corossive poisoning

Chief Complains

Ingestion toilet cleansing agent before 1/2 hour at home, vomiting 4-5 times dark colored, coughing

ત્યારબાદ આ ફોર્મમાં પાસ્ટ હીસ્ટ્રી અને પર્સનલ હીસ્ટ્રીની વિગતોમાં કોઈ વિગતો ભરવામાં આવેલ નથી.

આ સાથે લેખીત સંમતી પત્રક પ્રવિણભાઈ ધીરુભાઈ સેંતાનુ રજુ કરવામાં આવેલ છે તેમા ભાવનાબેન સેંતાને એસીડ પીધેલ તકલીફ હોવાથી ડો. દિનેશ કુચાની દેખરેખ નીચે આલોક આઈ. સી. યુ. એન્ડ નર્સિંગ હોમમાં દાખલ થવાની સંમતી પત્રક રાજીખુશીથી આપેલ છે તેમા એસીડ પીધેલાની તકલીફ ભાવનાબેનને હતી તેવુ જાહેર કરેલ છે અને તેમા પ્રવિણભાઈએ સહી કરેલ છે તથા સારવારના જે કાગળો તેની સાથે જે રજુ કરેલ છે તેમા અંગ્રેજીમાં નીચે મુજબની હકીકતો લખેલ છે જે આલોક હોસ્પિટલના લેટર પેડ ઉપર અથવા તો ટ્રીટમેન્ટ શીટમાં હકીકતો લખેલ છે. જેમા પેશન્ટનુ નામ ભાવનાબેન છે અને ડોકટરનુ નામ કુચા જણાવેલ છે તા.૦૭/૦૫/૨૧ જણાવેલ છે અને જેમા નીચેની વિગત જણાવેલ છે.

B/by cousin brother Pravinbhai Senta & others

AIHIO Ingestion of toilet cleansing agent ? Acid today at around 5:00 A.M. at her home.

-foley's koh-Trucath

-Relatives explanation about aspiration and chemical phemonities 6:45 A.M. Urine blood.

આમ, ઉપરોકત સંજોગોમાં આલોક હોસ્પિટલમાં જયા ભાવનાબેનને સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા તે આલોક હોસ્પિટલના ડો. દિનેશભાઈ કુચા

દવારા સારવાર કરવામાં આવેલ હતી અને તેમણે પોતાના છાપેલા ફોર્મ પોલીસ યાદી માટે તથા મેડીકલ સારવારના સર્ટી.માટે તથા એડમીશન શીટ માટે તથા લેખીત સંમતી પત્રકો તૈયાર રાખેલ હતા તેમા માત્ર જરૂરી પુરતી વિગતો પોતાના હસ્તાક્ષરમાં ભરવામાં આવેલ હતી અને બાકીની વિગતો જરૂરી ન હતી તે છેકવામાં આવેલ છે અને નવી વિગત લખવામાં આવેલ છે તે અંગે આંક–૩૦ થી એમ.એલ.સી. યાદી નં.–૫૭/૨૧, તા.૦૭/૦૫/૨૧ ના રોજ સવારે ૬ કલાકે મહુવા પો.સ્ટે.ના પી. આઈ. ને લખવામાં આવેલ છે અને તેમા ભાવનાબેન પ્રેમજીભાઈ સેતાને ૨૬ વર્ષને આજરોજ તા.૦૭/૦૫/૨૧ શુક્રવાર સમય ૫:૩૦ એ.એમ.એ એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે / થયેલ છે તો તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે અને દર્દી હાલ ભાનમાં છે અને અપરણીત છે તેવુ સર્ટી.ના કોલમમાં હકીકતો લખેલ છે પુરુ સરનામુ બારપરા મહુવા જણાવેલ છે દા.તા.૦૭/૦૫/૨૧ જણાવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં આ આખુ આંક–૩૦ નીએમ.એલ.સી. યાદી પોલીસને લખવામાં આવેલ છે તેમા ઝેરી દવાની જે શબ્દો લખેલ છે તેમા ચેકો મારેલ છે અને એસીડ લખેલ છે ત્યારબાદ અકસ્માત શબ્દ રહેવા દીધેલ છે અને પીધેલ હોવાથી દાખલ થયેલ તે રહેવા દીધેલ છે આમ પોતાના છાપેલ ફોર્મમાં શબ્દો પોતે ચેકીને એસીડ અકસ્માતે પીધેલ હોવાથી દાખલ કરેલ છે તેવી હકીકત લખવામાં આવેલ છે. વધુમાં જોઈએ તો આ હકીકત એટલા માટે માની શકાય તેમ નથી કારણ કે આજ ફોર્મમાં ભાવનાબેનના પુરા સરનામા અને દાખલ તારીખ પછી છેલ્લે આભાર સાથે આપનો વિશ્વાસુ ડો. કુચા કે તેમના કર્મચારી દવારા સહી કરેલ છે તેમા દવા પીવા / અસર થવાનુ સરનામુ પોતાના ઘરે જણાવેલ છે એટલે કે ફરીયાદપક્ષનો કેસ જ આખો ભાવનાબેન આરોપીના ત્રાસના કારણે એસીડ પી ગયેલ છે તેવો છે ત્યારે દવા પીવા / અસર થવાની હકીકત ફોર્મમા રહેવા દીધેલ છે. જો અકસ્માતે એસીડ પીધેલ હોત તો

દવા પીવા એસીડ પીવાનુ સરનામુ છાપેલ ફોર્મમાં હકીકત લખેલ છે તે હોત નહી. તેમા એસીડ અકસ્માતે પીધેલ હોવાની હકીકત લખેલ હોત એટલે કે, એસીડ અકસ્માતે જે જગ્યાએ પીધેલ છે તે પોતાના ઘરે પીધેલ છે તેવી હકીકત તેમણે જણાવેલ હોત પરંતુ દવા પીવા / અસર થવાની હકીકત લખેલ છે તેમા કોઈ શબ્દ ચેકેલ નથી અને દવા પીવાનુ અને અસર થવાનુ સરનામુ જે લખેલ છે તે તેમની તેમ રહેવા દીધેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, ભાવનાબેને માત્ર એસીડ પીવાથી દાખલ કરેલ છે. આ એસીડ અકસ્માતે પીધેલ છે તેવુ સાબિત થતુ નથી. વધુમાં જોઈએ તો આંક–૩૧ માં પણ એસીડ પીધેલ હોવાથી સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે તેવી હકીકત જણાવેલ છે અને તેમા ઝેરી દવાની શબ્દો ઉપર લીટી કરેલ છે અસર થવાથી ઉપર લીટી કરેલ છે અને દાખલ કરેલ છે તેની ઉપર લીટી કરેલ છે અને તેજ રીતે પુરુ સરનામુ અને દાખલ તારીખ પછી અને આભાર સાથે આપના વિશ્વાસુ નીચે સહી કરેલ છે તેની પાસે આ છાપેલા ફોર્મમા સારવાર સર્ટી. આપેલ છે અને સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે તેમા જે હકીકતો જણાવેલ છે તેમા દવા પીવા અને અસર થવાનુ સરનામુ પોતાના ઘરે જણાવેલ છે તેમા દવા પીવા ઉપર કોઈ લીટી કરેલ નથી એટલેકે એસીડ અકસ્માતે પીવાથી સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ તે માની શકાય નહી કારણ કે આવી દવાથી સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હોય તેમ જણાતુ નથી અને છાપેલા ફોર્મમાં શબ્દો ચેકીને જે હકીકતો લખેલ છે તેમા અકસ્માતે શબ્દ આંક–૩૦ અને ૩૧ માં ડો. કુચા દવારા રહેવા દેવામાં આવેલ છે તેનાથી અકસ્માતે ભાવનાબેને એસીડ પીધેલ છે તે સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો સદરહું સારવાર સર્ટી. ઉપરથી જે સારવાર ભાવનાબેનને આપવામાં આવેલ છે તેમા ભાવનાબેનને બચાવવા માટે પુરતા પ્રયત્નો કરેલ છે તેમ છતાં તે મરણ ગયેલ છે તેવી નોંધ કરેલ છે અથવા એસીડ પી ગયેલ છે તેવી પણ તેમા નોંધ કરવામાં

આવેલ છે. જે અંગ્રેજીમાં કરવામાં આવેલ છે. તેજ રીતે આંક–૩૨ થી એડમીશન શીટ રજુ કરેલ છે તે પણ છાપેલુ ફોર્મ છે તેમા પ્રોબલેમ તરીકે અંગ્રેજીમાં કોરોસીવ પોઈઝનીંગ જણાવેલ છે તથા ચીફ કમ્પલેન્ટ લખેલ છે તેની નીચે અંગ્રેજીમાં ઈન્જેશન – ટોયલેટ કલીનીંગ એજન્ટ બીફોર હાફ એન્ડ અવર હોમ, વોમીટીંગ ૪–૫ ટાઈમ ડાર્ક કલર અને કફીંગ લખેલ છે તેનાથી એ હીકકત સાબિત થાય છે કે ભાવનાબેન દવારા એસીડ પી ગયેલ છે અને આ એસીડ તેમણે પોતાના ઘરે અડઘા કલક પહેલા પી ગયેલ છે અને તેના કારણે ચાર થી પાંચ વખત ઉલ્ટી ગયેલ છે અને ઉઘરસનો પ્રોબલેમ થયેલ છે. વઘુમાં એડમીશન શીટ સાથે સંમતી પત્રક રજુ કરેલ છે તેમા ભાવનાબેન દવારા એસીડ પીઘેલ છે તેથી પ્રવિણભાઈ સેતાની રાજીખુશીથી સારવાર માટે દાખલ કરવા માટે સંમતી આપેલ છે તેવી હકીકતો છાપેલા ફોર્મમાં લખેલ છે અને આ હકીકતોમાં એસીડ પીઘેલ છે તથા ભાવનાબેન સેતાનુ નામ તથા પ્રવિણભાઈ સેતાનુ નામ હાથેથી લખવામાં આવેલ છે અને ડો. કુચાનુ નામ હાથેથી લખવામાં આવેલ છે અને પ્રવિણભાઈ સેતાની સહી કરવામાં આવેલ છે અને સાક્ષીની પણ સહી કરવામાં આવેલ છે આ લેખીત સંમતીમાં ભાવનાબેને એસીડ પીઘેલ છે તેની સારવાર માટે આલોક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે તેથી અકસ્માતે એસીડ પીઘેલ છે તેવી કોઈ હકીકત સાબિત થતી નથી. વઘુમાં જોઈએ તો આ એડમીશન શીટ સાથે ટ્રીટમેન્ટ શીટ ડો. કુચા દવારા તૈયાર કરવામાં આવેલ છે જે ભાવનાબેનની તૈયાર કરવામાં આવેલ છે તેમા સ્પષ્ટપણે જણાવેલ છે કે તેને ૫:૩૦ કલાકે દાખલ કરેલ છે અને તેમના પીતરાઈ ભાઈ પ્રવિણભાઈ સેતા અને બીજા દવારા ભાવનાબેનને લાવવામાં આવેલ છે અને એસીડ પાંચ વાગ્યાના સુમારે પીઘેલ છે તેવી સ્પષ્ટ નોંઘ કરવામાં આવેલ છે અને સદરહું ડો. કુંચા દવારા પ્રવિણભાઈ અને સગા સબંઘીને જાણ કરેલ કે એસીડ પી જવાના કારણે ફેફસામાં ભાવનાબેન

શ્વાસ લઈ શકતા નથી અને ઉધરસ આવે છે અને તેના કારણે ગુંગળામણ થાય છે તે ખુબજ ગંભીર પરીસ્થિતી છે તેના કારણે મૃત્યુ થવાની શકયતા છે તેવુ અંગ્રેજીમાં સ્પષ્ટ નોંધ કરેલ છે અને આ નોંધ સાથે ભાવનાબેનના સગાને જાણ કરેલ છે તથા સવારે ૬:૪૫ વાગ્યે ભાવનાબેનને પેશાબમાં લોહી આવતુ હતુ તેવી પણ નોંધ કરવામાં આવેલ છે આમ જલદ એસીડ પી જવાના કારણે ભાવનાબેનને શ્વાસ લઈ ન શકવાના કારણ ગુંગળામણ થતી હતી અને ફેફસા ડેમેજ થવાના કારણે અને યુરીનમાં બ્લડ આવવાના કારણે તેની હાલત ગંભીર હતી તેવી સ્પષ્ટ નોંધ કરવામાં આવેલ છે. આમ ઉપરોકત સંજોગોમાં આંક–૩૧, ૩૧, ૩૨ ની સાથેના લેખીત સંમતી પત્રક અને ટ્રીટમેન્ટ પેપર્સ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ભાવનાબેનને પ્રોપર ટ્રીટમેન્ટ ડો. કુંચા દવારા આપવામાં આવેલ છે તેમ છતાં એસીડ પી જવાના કારણે તેની ખરાબ અસર થવાના કારણે તે મૃત્યુ પામેલ છે તે સાબિત થાય છે. વધુમા ભાવનાબેન દવારા અકસ્માતે એસીડ પીધેલ છે તેવી કોઈ હકીકત આ દસ્તાવેજી પુરાવાથી સાબિત થતી નથી. પરંતુ ડો. દિનેશ કુંચા દવારા માત્ર પોતાની ઉલટતપાસમાં પોતાના મેડીકલ સર્ટી.માં અકસ્માતે દવા પીધેલ છે તેવી હકીકત જણાવેલ છે તે એડમીટ કરવા માત્રથી આ હકીકત સાબિત થઈ શકે નહી. કારણ કે પ્રોસી. નો કેસજ ભાવનાબેન આરોપીના ત્રાસના કારણે એસીડ પી ગયેલ છે તે હકીકત ઉપર આધારીત હોય તેવા સંજોગોમાં આવા એડમીશન માત્રથી આ હકીકત સાબિત થઈ શકે નહી કારણ કે કોઈપણ હકીકત કોઈપણ દસ્તાવેજ માની અડધી વંચાણે લઈ શકાય નહી તેને સમગ્રપણે દસ્તાવેજને વાંચવાનો રહે છે અને તે રીતે જ તેનુ અર્થઘટન કરવાનુ રહે છે. આમ તમામ દસ્તાવેજી પુરાવાથી એ હકીકત સાબિત થાય છે કે, અકસ્માતે જે શબ્દ લખેલ છે તે ડોકટરે પોતાના તમામ એમ.એલ.સી. યાદી અને મેડીકલ સર્ટી.માં જણાવેલ છે અને તે છાંપેલા ફોર્મ છે અને તે દરેક કેસોમાં

તે રીતે કોઈપણ સંજોગોમાં હોઈ શકે નહી અને દરેક કેસ અકસ્માતે દવા પી જવાનો હોઈ શકે નહી. કારણ કે અકસ્માતે એસીડ પીવાનુ કારણ એટલે લખેલ હોય કે કોઈપણ દર્દી દવારા એસીડ પીધેલ હોય કે દવા પીધેલ હોય તો અકસ્માત શબ્દ લખેલ હોય છે તેથી ડો. કુંચા દવારા છાપેલા ફોર્મમાં અકસ્માત શબ્દ લખેલ છે અથવા તો છાપેલ છે તેનાથી અકસ્માતે ભાવનાબેન એસીડ પી ગયેલ છે તે હકીકત સાબિત થઈ શકે નહી. વધુમાં જાગૃતીબેને ઉલટતપાસમાં આ હકીકત એડીમટ કરેલ છે કે, તેઓએ અકસ્માતે ભાવનાબેન દવારા એસીડ પીધેલ છે તેવી હકીકત પરેશભાઈ અને શૈલેષભાઈએ ડો. કુચાને જણાવેલ છે તે જે હકીકતો જણાવેલ છે તેના પરથી આ હકીકત ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલ છે તેવી હકીકત સાબિત થઈ શકે નહી. કારણ કે ડો. કુચાને ભાવનાબેન દવારા આવી કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી જેથી પ્રવિણભાઈ અને શૈલેષભાઈ દવારા જે હીસ્ટ્રી આપેલ છે તે સ્વાભાવીકપણે જાગૃતીબેનને ખબર ન હોય શકે તેથી આવી હકીકત જણાવેલ છે તેનાથી કોઈ વિપરીત અસર કેસના મેરીટ ઉપર પડી શકે નહી. વધુમાં જોઈએ તો પ્રવિણભાઈ તથા શૈલેષભાઈ દવારા બનાવની હકીકત ડો. કુચાને જણાવે છે તેમા એડમીશન શીટ તથા ટ્રીટમેન્ટના કાગળોમાં જણાવેલ કે ભાવનાબેનને એસીડ પીધેલ છે અને તેના સગા પ્રવિણભાઈ અને બીજા સગાને તેમના રુબરુ લાવવામાં આવેલ છે તેથી તેવા સંજોગોમાં કયાય અકસ્માતે એસીડ પીધેલ છે તેવી કોઈ હકીકત જણાવેલ ન હોય તેવા સંજોગોમાં એમ.એલ.સી. યાદી તથા ફોર્મમાં છાપેલા ફોર્મમાં એસીડ અકસ્માતે પીધેલાની હકીકતો જણાવેલ છે તેનાથી આરોપીને તેનો લાભ મળી શકે નહી તેનાથી એડવર્સ પ્રીઝમ્સન એ થાય છે કે, અકસ્માતે એસીડ પીધેલ છે તે શબ્દ પકડી લઈને આરોપીના વિ.વ.શ્રી દવરા પોતાની દલીલના મુદ્દા નં.–૧ માં અકસ્માતે એસીડ પીધેલ છે પરંતુ સાગરના ત્રાસના કારણે અકસ્માતે એસીડ પીધેલ

છે તેવી કોઈ હકીકત સાબિત થતી નથી તેવા જે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે અથવા તો બચાવ લેવામાં આવેલ છે તે ટકવાપાત્ર નથી પરંતુ અકસ્માતે એસીડ પીધેલ છે તે હકીકત જે છાપેલા ફોર્મ પર લખેલ છે તેનાથી તેનુ અર્થઘટન એવુ થાય છે કે, અચાનક ભાવનાબેને એસીડ પીધેલ છે તેવુ થાય છે અને તેનો લાભ પ્રોસી.પક્ષને સંપુર્ણપણે મળી રહે છે અને તેનો લાભ આરોપીપક્ષને મળી શકે નહી. વધુમાં જોઈએ તો આ કામે એમ.એલ.સી.ની યાદી  ડો. કુચા સાહેબ દવારા પોલીસને મોકલેલ છે અને તેની તપાસ ત.ક.અ.ને સોંપવામાં આવેલ હતી પરંતુ તે અંગે તપાસનો કોઈ દસ્તાવેજ રેકર્ડ પર નથી કે આ કામે એમ.એલ.સી.ની ત.ક.અ.ને આ કામે તપાસવામાં આવેલ નથી જેથી પાછળથી તબીબી હીસ્ટ્રીથી વિસંગત રજુ કરવામાં આવેલ ફરીયાદપક્ષનો કેસ ખોટો છે તેવો જે બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તે પણ ટકવાપાત્ર નથી કારણ કે ત.ક.અ. વાય.પી.વ્યાસને આંક–૮૫ થી તપાસેલ છે અને તેમણે એમ.એલ.સી. યાદીના આધારે પો.સ્ટે. હે.કો. ડી.આર.ગોહીલને તપાસ સોંપેલી અને તેમણે કરેલ તપાસ કર્યા અંગેના કાગળ તેમણે મેળવેલ નથી અને આ કામે કુંચા સાહેબનો જવાબ લીધેલ નથી અને આંક–૩૦ વાળી યાદી તેઓએ વાંચેલ છે અને તા.૦૭/૦૫/૨૧ ના શુક્રવારના સમયે ૫:૩૦ અકસ્માતે એસીડ પીધેલાની દાખલ કરેલ છે તેવી જે હકીકત એડમીટ કરેલ છે તેટલા માત્રથી અકસ્માતે એસીડ પીધેલ છે તે હકીકત સાબિત થઈ શકે નહી. કારણકે અગાઉ ચર્ચા કરી તે મુજબ છાપેલા ફોર્મ ઉપર શબ્દો ઉપર ચેકા મારીને હકીકત લખવામાં આવેલ હોય તેવા સંજોગોમાં તે હકીકત માની શકાય નહી પરંતુ આ મેડીકલ યાદી સિવાય પણ એડમીશન શીટ અને ટ્રીટમેન્ટના પેપર્સ પણ વંચાણે લીધા સિવાય કોઈપણ હકીકત સાબિત થઈ શકે નહી અને ભાવનાબેન દવારા એસીડ પી ગયેલ છે તે હકીકત સ્પષ્ટપણે એડમીશન શીટ અને ટ્રીટમેન્ટના પેપર્સ

ઉપરથી સાબિત થાય છે માત્ર ડી.આર.ગોહીલને એમ.એલ.સી. યાદીની તપાસ સોંપેલી અને તેના કાગળો ત.ક.અ. વ્યાસ દવારા મેળવેલ નથી અને કુચા સાહેબનો જવાબ લીધેલ નથી તેટલા માત્રથી ડીફેકટીવ ઈન્વેસ્ટીગેશનનો લાભ મળી શકે નહી કારણ કે તેનાથી કેસના રુટને કોઈ અસર થતી નથી અને આ મેડીકલ પેપર્સ ત.ક.અ. ડી. આર. ગોહીલ દવારા કબજે જ કરેલ નથી અને મેડીકલ ઓફીસર ડો. કુંચા સાહેબનુ આ સબંધે કોઈ નિવેદન લેવાનુ રહેતુ નથી. કારણ કે તે ડોકટર એકસપર્ટ વિટનેશ છે અને તેના તમામ પુરાવાને સમર્થન આપતો પુરાવો ત.ક.અ. વ્યાસ દવારા પોતાના પુરાવામાં રજુ કરેલ છે અને સમર્થન આપેલ છે તેથી આવો લુલો બચાવ કોઈપણ સંજોગોમાં ટકી શકે નહી. વધુમા જોઈએ તો આ કામે ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાને આંક–૧૭ થી તપાસેલ છે તેમા તેમણે ઉલટતપાસમાં એ હકીકત એડમીટ કરેલ છે કે, મારી બેન જાગૃતી જે વખતે ડો. કુચા સાહેબના દવાખાને હાજર હતા તે વખતે મારી ગુજરનાર બહેનની સારવાર આઈ.સી.યુ.માં ચાલુ હતી અને અમે બધા બહાર હતા તે વખતે મારી બેન બાબતે અમો વાતો કરતા હતા. આમ ઉપરોકત સંજોગોમાં કોઈપણ સગા સબંધી હોય અને આવો બનાવ બને તો અંદરો અંદર વાતો તો કરેજ પરંતુ આ જે વાતો કરેલ હોય તેને ચર્ચા કરેલી કહી શકાય નહી અને આરોપીના વિ.વ.શ્રી દવારા મોઘમ પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમા એવો જવાબ આપવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, તે વખતે અમે મારી બહેનની બાબતે વાત કરતા હતા. પણ શું વાતો કરતા હતા તે કાઈ પુછેલ નથી અથવા તો બનાવ અંગે વાતો કરતા હતા તેવુ પણ કાઈ પુછેલ નથી આમ, મોઘમ પ્રશ્નનો જવાબ જે આપવામાં આવેલ છે તેના પરથી માત્ર ગુજરનાર બહેન ભાવનાબેનને આઈ. સી. યુ. બહાર વાતો કરતા હતા તેટલી હકીકત સાબિત થવાથી તેના મૃત્યુના કારણ અને બનાવ અંગેની ચર્ચા કરતા હતા તે હકીકત સાબિત થઈ શકે નહી. આ કામે વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી

દવારા ઈન્કવેસ્ટ પહેલા તમામ સાહેદોની પોલીસે પુછપરછ કરેલી તેમ છતાં ફરીયાદ લેવામાં આવેલ નથી તેથી તહોમતદારના ત્રાસથી મરનારે એસીડ પીધેલ છે તે આક્ષેપ ઉભો કરવામાં આવેલ છે તેના અનુસંધાને તેઓએ પરેશભાઈની આંક–૧૭ ની જુબાનીનો સહારો લીધેલ છે અને રમેશભાઈ ધીરુભાઈ સેતાની આંક–૫૭ ની જુબાની તથા જાગૃતીબેનની આંક–૬૪ ની જુબાનીમાં જે હકીકતો એડમીટ કરવામાં આવેલ છે તેની કોર્ટને રીફર કરવામાં આવેલ છે. પરંતુ આ કામે માત્ર ઈન્કવેસ્ટ પહેલા પોલીસે પુછપરછ કરેલ છે તેમ છતાં ફરીયાદ લીધેલ નથી તેવી હકીકતનુ એડમીશન આવવા માત્રથી તહોમતદારના ત્રાસથી એસીડ પીધાનો આક્ષેપ ઉભો કરવામાં આવેલ છે તેવી હકીકત સાબિત થઈ શકે નહી. કારણ કે અગાઉ ચર્ચા કરી તે મુજબ ડો. કુચા સાહેબ આલોક હોસ્પિટલ દવારા ભાવનાબેનની એડમીશન શીટ અને ટ્રીટમેન્ટના પેપર્સમાં નોંધ કરવામાં આવેલ છે કે ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે માત્ર એમ.એલ.સી. યાદી આંક–૩૦ અને એમ.એલ.સી. સર્ટી. આંક–૩૧ ના છાપેલા ફોર્મને આધાર બનાવી અકસ્માતે એસીડ પીધેલ છે તે હકીકત સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો ઈન્કવેસ્ટ પહેલા ફરીયાદ નોંધવામાં આવેલ નથી તે જે ડીફેન્સ અથવા બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તેનાથી કેસના મેરીટને કોઈ અસર પડતી નથી કારણ કે આ કોઈ ખુન કેસ નથી કે જેના કારણે ઈન્કવેસ્ટ પંચનામુ કર્યા બાદ ફરીયાદ કરવામાં આવેલ હોય તો પુરાવા જોઈને ફરીયાદમાં સુધારો વધારો કરી શકાય અથવા તો પુરાવાના ધ્યાને લઈને ફરીયાદ કરી શકાય. વધુમા જોઈએ તો આ કામે ઈન્કવેસ્ટ પહેલા ફરીયાદ નોંધવામાં આવેલ નથી અને તે પછી ફરીયાદ નોંધવામાં આવેલ છે તે અંગે વધુમાં જોઈએ તો આ કામે ડો. કુચા સાહેબના મેડીકલ યાદી આંક–૩૦ જોઈએ તો તેમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, મરનાર ભાવનાબેનને તેઓની હોસ્પિટલમાં તા.૦૭/૦૫/૨૧ ના રોજ સવારે ૫:૩૦

વાગ્યે એડમીટ કરેલ છે અને આંક–૩૧ વાળા મેડીકલ સર્ટી. જોઈએ તો તેમા સવારે ૮:૫૦ કલાકે સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે તેવુ જણાવવામાં આવેલ છે અને એડમીશન શીટમાં પણ સ્પષ્ટપણે ડેટ ઓફ એડમીશનની તા.૦૭/૦૫/૨૧ ૫:૩૦ સમય જણાવેલ છે અને સર્ટી.માં પણ તા.૦૭/૦૫/૨૧ અને મરણનો સમય ૮:૫૦ કલાકનો સમય દર્શાવેલ છે તેથી તા.૦૭/૦૫/૨૧ ના રોજ ૮:૫૦ કલાકે સારવાર દરમ્યાન ભાવનાબેનનુ મૃત્યુ કરેલ છે અને એડમીશન શીટ અને લેખીત સંમતી પત્રક અને ટ્રીટમેન્ટ શીટ રજુ કરેલ છે તેમા સ્પષ્ટપણે એસીડ પીધેલાની હકીકત જણાવેલ છે અને એસીડ પીવાથી ભાવનાબેનને ઉધરસ ચડેલી અને ફેફસા અને હદયને ગંભીર નુકશાન પહોચાડેલ છે અને તેની જાણ તેના સગાને કરેલ છે તેવી નોંધ કરેલ છે અને આ પરીસ્થિતી ખુબ ગંભીર છે તેમ પણ જણાવેલ છે તેથી તેવા સંજોગોમાં તથા જાગૃતીબેન, ફરીયાદી પરેશભાઈ, સાહેદ શૈલેષભાઈ, પ્રવિણભાઈ, રમેશભાઈ તથા ત.ક.અ.એ પણ સ્પષ્ટપણે પોતાના પોલીસ રુબરુ નિવેદન, ફરીયાદ તથા જુબાનીમાં એ હકીકતને વળગી રહેલ છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પીધેલ છે અને આ હકીકત જયારે તમામ સાહેદો જણાવતા હોય, ત.ક.અ. જણાવતા હોય તેવા સંજોગોમાં પોલીસે પુછપરછ સાહેદોની કરેલ હોય તેમ છતાં તેણે ફરીયાદ લીધેલ ન હોય તો તેના કારણે ઈન્કવેસ્ટ પછી ફરીયાદ આપેલ હોય તો તેવા સંજોગોમાં ઈન્કવેસ્ટ પંચનામુ ફરીયાદ પહેલા કરી દેવા માત્રથી પુરાવો ભાવનાબેને એસીડ પીધેલાની હકીકત અંગેનો બદલાય જતો નથી કે તે નાશ પામતો નથી કે તેના સ્વરૂપમાં કોઈ ફેર પડતો નથી તેથી તેવા સંજોગોમાં ઈન્કવેસ્ટ પહેલા પુછપરછ સાહેદોની કરેલ હોવા છતાં ફરીયાદ કરેલ નથી અને ઈન્કવેસ્ટ કર્યા બાદ ફરીયાદ કરેલ છે તેટલી હકીકત રેકર્ડ પર આવવા માત્રથી તેનો લાભ આરોપીને મળી શકે નહી. જો ઈજા અંગેનો કેસ હોય, ખુન કેસ હોય, રેપ કેસ હોય અથવા અન્ય કોઈ

કેસ હોય કે જેના પુરાવા ધ્યાને લઈને ઈન્કવેસ્ટ કર્યા પહેલા ફરીયાદ લેવામાં આવેલ ન હોય અને ઈન્કવેસ્ટ પછી ફરીયાદ લીધેલ હોય તો તે પુરાવા આધારે જો ફરીયાદ લખવામાં આવેલ હોય તો તે ઉપજાવેલી કાઢેલી ફરીયાદ લીધેલ હોય તેવુ માનવાનુ રહે છે અને તેનો લાભ આરોપીને મળી શકે છે. પરંતુ હાલના કેસમાં ફરીયાદપક્ષનો કેસ જ એવો છે કે, સવારે પાંચ વાગ્યે તા.૦૭/૦૫/૨૧ ના રોજ સાગર આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલ છે તે સ્ટોરી મેડીકલ ઓફીસર રુબરુ પણ આપેલ છે કે ગુજરનાર ભાવનાબેન દવારા એસીડ પીધેલછે જે તેના કેસ પેપર્સ પરથી સાબિત થાય છે અને આ હકીકત ફરીયાદ તથા પોલીસ રુબરુના નિવેદનમા એકજ પ્રકારનો પુરાવો આવતો હોય અને એફ. એસ.એલ. વિશેરાનો રીપોર્ટ પૃથ્થકરણ માટે મોકલેલ છે તેમા પણ એસીડના તત્વો મરનારની હોજરીમાંથી પ્રાપ્ત થયેલ છે તથા પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરની જુબાનીથી પણ આ હકીકત સાબિત થાય છે. તેથી માત્ર ઈન્કવેસ્ટ કર્યા બાદ ફરીયાદ કરેલ છે તેનાથી તેના પુરાવાનો નાશ થઈ શકે કે તેના સ્વરૂપમાં ફેર ફાર થઈ શકે છે તેવા સંજોગોમાં તેવો બચાવ લઈને આવવાથી તેનો લાભ આરોપીને મળી શકે નહી. વધુમાં જોઈએ તો આખો કેસ જ આરોપીના ત્રાસના કારણે મરનાર ભાવનાબેન દવારા એસીડ પીધેલાનો કેસ છે તે સિવાયની બીજી કોઈ હકીકત રેકર્ડ પરથી આવતી નથી તેવા સંજોગોમાં ઈન્કવેસ્ટ પહેલા કરેલ છે અને ફરીયાદ પછી કરેલ છે તેનો લાભ મળી શકે નહી કારણ કે ભાવનાબેનના એસીડ પી જવાથી મૃત્યુ થયેલ છે તે રેકર્ડ પરથી સાબિત થાય છે અને તેને સમર્થન મળે છે અને તેના પુરાવામાં ઈન્કવેસ્ટ કર્યા પહેલા અને પછી કોઈપણ પ્રકારનો ફેરફાર થતો નથી તેથી ફરીયાદ કર્યા પહેલા ઈન્કવેસ્ટ કરવામાં આવેલ છે તે બચાવનો લાભ આરોપીને મળી શકે નહી. આરોપીના વિ.વ.શ્રી દવારા વધુમા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદી

પરેશભાઈ દવારા ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, લાશના ઈન્કવેસ્ટ પંચનામા પહેલા જયારે તેની પુછપરછ કરવામાં આવેલી ત્યારે બનાવ શા કારણે બનેલો તે બાબતે પોલીસને કાઈ કહેલ નહી તેથી તેવા સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલાની જે હકીકત જણાવેલ છે અને સ્યુસાઈડ નોટની હકીકત જણાવેલ છે તે પાછળથી ઉભી કરેલ છે. પરંતુ ઉપરોકત બચાવ આરોપીપક્ષનો ટકવાપાત્ર નથી કારણ કે, ફરીયાદી પરેશભાઈને આરોપીના વિ.વ.શ્રી દવારા મોઘમ પ્રશ્ન પુછવામાં આવેલ કે લાશના ઈન્કવેસ્ટ પહેલા પુછપરછ કરવામાં આવેલી ત્યારે બનાવ શા કારણે બનેલ તે બાબતે મે પોલીસને કાઈ કહેલ નહી તેનો જવાબ હા આપેલ છે. પરંતુ ગામડા ગામના માણસોને એ ખબર ન હોઈ શકે તે તેમની પોલીસ દવારા પુછપરછ કરવામાં આવેલ છે તે પોતે જયારે નિવેદન આપતા હતા ત્યારે તે જે હકીકતો પોલીસને જણાવતા હોય તેને જ પુછપરછ કહેવાય. હાલના કેસમાં પુછપરછ એટલે વાતોચીતો ફરીયાદી પરેશભાઈ સમજેલા હોય તેમ જણાય છે અને તેના કારણે તેઓએ આવો જવાબ આપેલ છે. માત્ર કોઈપણ હકીકતનુ અર્થઘટન કરતી વખતે શબ્દોને પકડી શકાય નહી અને તેના આધારે કોઈપણ પુરાવાનુ મુલ્યાંકન થઈ શકે નહી. આમ પુછપરછ શબ્દને આધાર બનાવીને જે હકીકત આરોપીના વિ.વ.શ્રી દવારા બચાવ તરીકે લઈને આવેલ છે તે સાબિત થઈ શકે નહી. કારણ કે આ કામે જાગૃતીબેનની જુબાની ફરીયાદપક્ષ દવારા આંક–૬૪ થી આ કામે રેકર્ડ કરવામાં આવેલ છે તે પણ જોવી જરૂરી જણાય છે અને તેણે પોતાની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ભાવનાબેને તેણીને જણાવેલ છે કે, મે એસીડ પીધેલુ છે અને એસીડની બોટલ બાથરૂમ પાસે પડેલ છે તે તેઓએ જોયેલી તે પછી પરેશભાઈ અને શૈલ ેષભાઈને ઉઠાડેલા અને તે બધાને પુછેલ કે ભાવનાબેનને શું થયેલુ ? તુ કેમ ઉલ્ટી

કરે છો ? તેથી મારીબેન ભાવનાબેને કહેલકે મારે મરી જવુ છે, આ સાગર મને અવાર નવાર ધમકી આપે છે અને મારા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપે છે અને તેના ત્રાસના કારણે કંટાળીને એસીડ પીધેલ છે તેવુ જણાવેલ. આમ જાગૃતીબેન પોતે સ્પષ્ટપણે પોતાની જુબાનીમાં આ હકીકત જણાવતા હોય અને આજ હકીકત તેઓ ઉલટતપાસમાં પણ આ હકીકતને વળગી રહેલ છે. માત્ર ઉલટતપાસમાં તેના ભાઈ પરેશ અને પ્રવિણભાઈએ ડો. કુચા સાહેબને વાત કરેલી અને તે વખતે ભાવનાબેને અકસ્માતે એસીડ પીધેલ છે તેવુ જે જણાવેલ છે તે તેમણે પોતે જણાવેલ નથી પરંતુ તેમના ભાઈ પરેશ અને પ્રવિણે જણાવેલ છે તે છાપેલા ફોર્મે આધારે જણાવેલ છે તેથી અકસ્માતે એસીડ પીધેલ છે અને આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલ નથી તે હકીકત સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો આ કામે પરેશભાઈએ પોતાની સરતપાસ આંક-૧૭ થી આપેલ છે તેમા પણ તેમણે સ્પષ્ટપણે સોગંદપર જણાવેલ છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને કંટાળીને એસીડ પીધેલ છે તેવી હકીકત તેમણે જણાવેલ છે તેજ રીતે શૈલેષભાઈ ધીરુભાઈ સેતા પણ પોતાની જુબાની આંક-૪૯ માં જણાવેલ છે કે, ''આ સાગર મને તેની સાથે વાત કરવા વારંવાર હેરાન પરેશાન કરે છે અને જો હુ વાત નહી કરુ તો મારા ભાઈને મારી નાખવાની ધમકી આપે છે તેના માનસીક ત્રાસથી કંટાળી એસીડ પીધેલ છે.'' તેજ રીતે રમેશભાઈ ધીરુભાઈ સેતાએ પણ આંક-૫૭ થી પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, ભાવનાબેને રોતા રોતા કહેલ કે સાગર મને તેની સાથે વાત કરવા ધમકી આપે છે અને જો હુ વાત નહી કરુ તો તમો પાંચેય ભાઈઓને મારી નાખવાની ધમકી આપે છે અને તેના ત્રાસથી કંટાળી મે એસીડ પીધેલ છે. આમ, આ ચારેય સાહેદોએ સ્પષ્ટપણે પોતાની સરતપાસમાં જે હકીકતો જણાવેલ છે તેના પરથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપીના ત્રાસના કારણે ગુજરનાર

ભાવનાબેન દવારા એસીડ પીધેલ છે તેથી આ હકીકતોને માત્ર ડો. કુચા સાહેબના છાપેલા ફોર્મમાં અકસ્માતે એસીડ ભાવનાબેને પીધેલ છે તે હકીકતને સમર્થન મળી શકે નહી.

૨૬. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, પી.એમ.મા મરનારે એસીડ પી જવાના કારણે કંઠેન્દ્રીય, હોઠ, જીભ, અંદરનાભાગ તથા મ્યુકોઝા ખવાઈ ગયેલા હતા અને પી.એમ. કરનાર તબીબશ્રીએ જણાવેલ કે એસીડ પીધા પછી મરનાર બોલી શકે નહી તેવુ આંક–૨૪ થી પી.એમ. નોટના કોલમ નં.–૧૭ પરથી સાબિત થાય છે. તથા કોલમ નં.–૨૦ માં પણ કંઠેન્દ્રીય, શ્વાસનળી અને કલોમ સામે લખાયેલ છે કે, ''ઈનર સાઈડ ઓફ મ્યુકોઝા ઈરોડેડ બ્લેક કલર...... પાર્ટીકલ્સ પ્રેઝન્ટ'' અને આ બાબતે પી.એમ. કરનાર ડો. પ્રફુલભાઈ સોલંકીને આંક–૨૧ થી તપાસેલ છે અને તેઓએ જુબાનીમાં એ હકીકત એડમીટ કરેલ છે કે, મરનારની કંઠેન્દ્રીયની તપાસ કરેલ હતી અને તેનુ મ્યુકોઝા લેવલ ખવાઈ ગયેલ હતુ અને કંઠેન્દ્રીય ખવાઈ ગયેલ હતી અને કંઠેન્દ્રીય બોલવા માટેનુ મુખ્ય અવયવ છે કંઠેન્દ્રીય ખવાઈ જાય ત્યારે તેના અવયવ કામ કરતા નથી અને ખવાઈ ગયેલાની સ્થિતી તે જલદ એસીડ લેવાયાની સ્થિતી બચાવે છે આવી વ્યકિત એસીડ લીધા પછી બોલી શકે નહી. આમ એસીડ લીધા પછી બોલી શકે નહી તેવુ સ્પષ્ટ તબીબે જણાવેલ હોય તો ફરીયાદપક્ષની એ હકીકત સાબિત થઈ શકે નહી કે એસીડ પીધા પછી મરનાર કોઈ શબ્દ બોલી શકે તે શકય ન હતુ અને તેવા સંજોગોમાં મરનારે એસીડ પીધા પછી તેણીએ ઘરના સભ્યોને કાઈ કહેલ હોય તેવુ ફરીયાદપક્ષનુ કથન સ્વીકારી શકાય નહી તેથી સ્યુસાઈડ નોટ ભાવનાબેને લખીને સંચા પાસે મુકેલાની હકીકત ખરી નથી અને તે ઉપજાવી કાઢેલી છે. પરંતુ આ હકીકત એટલા માટે કન્કલુઝીવ એવીડન્સ બની શકે નહી કારણ કે આમા પણ આરોપીના વિ.વ.શ્રી દવારા મોઘમ પ્રશ્નો પુછવામાં

આવેલ છે અને એવા કોઈ પ્રશ્નો પુછવામાં આવેલ નથી કે એસીડ પીધા પછી કોઈપણ વ્યકિત કેટલો સમય પછી બોલી શકે નહી કે મરણજનારે એસીડ પીધુ અને તાત્કાલીક તેની કંઠેન્દ્રીયને નુકશાન થયેલ હોય તો તાત્કાલીક તેઓ બોલી શકે તેવી સ્થિતીમાં આવી ગયેલ હોય કે બોલી શકેલ ન હોય તેવા કોઈ સવાલો પુછવામાં આવેલ નથી. મેડીકલ ઓફીસર દવારા સદર મરણજનારના બોલવાના મુખ્ય અવયવો કેટલા સમય પછી કામ કરતા બંધ થઈ ગયેલ તે સબંધેની હકીકત આરોપીપક્ષ દવારા કે મેડીકલ ઓફીસર દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેથી જ મરણજનાર ભાવનાબેનને એસીડ પીધુ ત્યારે તાત્કાલીક એસીડ શુ કામ પીધુ હતુ અને એસીડ પીવાનુ કારણ શુ હતુ તેવા પ્રશ્ન ન પુછવાથી તેણીએ આરોપીના ત્રાસથી કંટાળી એસીડ પીધેલ હતુ તેવુ સ્પષ્ટ સાબિત થાય છે. વધુમાં જોઈએ તો આ કામે આરોપીપક્ષ દવારા સદર મરણજનાર ભાવનાબેન ચોકકસ કેટલા સમય પછી બોલી શકેલ ન હતા તેવી હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. માત્ર એસીડ પીધા પછી ભાવનાબેનની કંઠેન્દ્રીય અને મ્યુકોઝા, જીભ, હોઠ ખવાઈ ગયેલ હતા તેથી ભાવનાબેન બોલી શકે તેવી પરીસ્થિતીમાં ન હતા તે હકીકત કેટલા સમય પછી એસીડ પીધા પછી થાય તે હકીકત અંગેનો ચોકકસ પુરાવો જયા સુધી રેકર્ડ પર ન આવે ત્યા સુધી એસીડ પીધા પછી તાત્કાલીક આ અસર થાય તે હકીકત સાબિત થઈ શકે નહી. વધુમા જોઈએ તો એસીડ જે ભાવનાબેન દવારા પીવામાં આવેલ છે તે અંગેના મેડીકલ પેપર્સ સારવારના ડો. કુચા સાહેબ દવારા રજુ કરવામાં આવેલ છે તેમા ભાવનાબેનનુ મૃત્યુ ૮:૫૦ કલાકે સવારે થયેલ છે એટલે કે સવારે પાંચ વાગ્યે ભાવનાબેને એસીડ પીધુ ત્યારપછી ત્રણ કલાક અને પચાસ મીનીટ સુધી આસરે જીવેલા છે અને ત્યા સુધી તેમણે કોઈજ હકીકત કોઈપણને ન જણાવેલ હોય તેવુ બની શકે નહી. વધુમા જોઈએ તો આરોપીના ત્રાસના કારણે તે આત્મહત્યા

કરે છે તે હકીકત પોતાની સ્યુસાઈડ નોટમાં પણ જણાવેલ છે. જે સ્યુસાઈડ નોટના ભાવનાબેનના અક્ષરો અને ભાવનાબેનના ચોપડામાં લખવામાં આવેલ કુદરતી લખાણ એફ. એસ. એલ.ના રીપોર્ટમાં મેચ થઈ ગયેલ છે તેથી પાછળથી આ હકીકત ઉપજાવી શકાય નહી અને આ સ્યુસાઈડ નોટમાં આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરવા મજબુર કરી દીધેલ છે તે જે હકીકત લખેલ છે તે તથા વારંવાર તેને વાત કરવા માટે ધમકી આપતો હતો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપતો હતો તે હકીકતો ઉપજાવી કાઢેલ છે તે માની શકાય નહી. આમ આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે તે માનવાને કારણ રહે છે અને ભાવનાબેનને આત્મહત્યા કર્યા પછી જાગૃતીબેનને ડો. કુચા સાહેબને ત્યા લઈ જતા હતા ત્યારે જણાવેલ કે સંચા પાસે તેઓએ સ્યુસાઈડ નોટ મુકેલ છે અને તે પંચનામા દરમ્યાન કબજે કરવામાં આવેલ છે અને આ સ્યુસાઈડ નોટ અને કુદરતી ચોપડામાનુ લખાણ એફ. એસ. એલ.માં સાબિત થયેલ છે તેથી આ હકીકતોથી પણ ભાવનાબેને આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરેલ છે અને સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલાની હકીકત રેકર્ડ પરથી સાબિત થતી હોય તેવા સંજોગોમાં આ હકીકત પાછળથી ફરીયાદપક્ષ દવારા ફરીયાદ પુરાવાને અનુરૂપ ઉભી કરવામાં આવેલ છે તે હકીકત સાબિત થતી નથી. વધુમા જોઈએ તો સ્યુસાઈડ નોટની હકીકત ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. પરંતુ આ હકીકત માત્ર ફરીયાદમાં જણાવેલ નથી તેટલા માત્રથી ભાવનાબેને જાગૃતીબેનને રસ્તામાં સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલ છે તેવી હકીકત જણાવેલ નથી તેવી હકીકત સાબિત થઈ શકે નહી કારણ કે ભાવનાબેનને જાગૃતીબેન સાથે મોટર સાયકલ પર લઈ જતા હતા તે વખતે પરેશભાઈ મોટર સાયકલ ચલાવતા ન હતા પરંતુ શૈલેષભાઈ મોટર સાયકલ ચલાવતા હતા અને તેની પાછળ ભાવનાબેન

અને તે પછી જાગૃતીબેન પાછળ બેસેલ હતા એટલે કે પરેશભાઈ અને પ્રવિણભાઈ પાછળથી પોતાની મોટર સાયકલ લઈને ડો. કુચા સાહેબને ત્યાં ગયેલ છે તેથી ભાવનાબેને મોટર સાયકલ ઉપર ભાવનાબેને સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલ છે તેની જાણ તેને કરેલ હોય તો તેની જાણ પ્રવિણભાઈ અને પરેશભાઈને સ્વાભાવીક રીતે ન હોય તેથી પંચનામા સમયે સ્યુસાઈડ નોટ કબજે કરવામાં આવેલ છે અને તે હકીકત પાછળથી ઉભી કરવામાં આવેલ છે તે ખોટી ઉભી કરવામાં આવેલ છે તે માની શકાય નહી. તેજ રીતે સાહેદ શામજીભાઈ છનગભાઈ સેતાને આંક–૩૩ થી તપાસેલ છે તેમા ચીઠ્ઠી તેઓની રુબરુ લખાયેલ નથી તે સાચીજ હકીકત છે કારણ કે ગુજરનાર ભાવનાબેને પોતે જાતે તેના સમયે આ સ્યુસાઈડ નોટ લખેલ હોય શામજીભાઈની હાજરીમાં સ્યુસાઈડ નોટ લખેલ ન હોય તે સ્વાભીક વાત છે ચીઠ્ઠી કયારે લખાયેલ તે તેને ખબર ન હોય અને આ ચીઠૃ તેણે પહેલીવાર જોયેલ છે અને આ ચીઠ્ઠી બાબતે તેઓએ સાંભળેલ ન હતુ તે સાચીજ હકીકતો જણાવેલ છે. કારણ કે સ્યુસાઈડ નોટની જાણ ભાવનાબેને જાગૃતીબેનને કરેલ હતી બીજા કોઈને કરેલ ન હતી તેથી તેવા સંજોગોમાં આ સ્યુસાઈડ નોટ ઉભી કરવામાં આવેલ છે તે હકીકત સાબિત નથી. શૈલેષભાઈ ધીરુભાઈ સેતાની આંક–૪૯ ની જુબાનીમાં પણ જાગૃતીબેનને મરનારે સ્યુસાઈડ નોટ સંચાની બાજુમાં મુકેલી છે તેવી વાત કરેલ નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે સ્યુસાઈડ નોટ જોયેલ નથી તેનો પણ ઈન્કાર કરેલ છે. સ્યુસાઈડ નોટ પોલીસ આવી પંચનામુ કરેલ તે વખતે જોયેલ હતી તેના પરથી એવી કોઈ હકીકત સાબિત થઈ શકે નહી કે, જાગૃતીબેને તેને સ્યુસાઈડ નોટ અંગેની હકીકતો શૈલેષભાઈને જણાવેલ હોય. પરંતુ પોલીસ આવ્યા પછી જ તેને પંચનામા વખતે ખબર પડેલ છે. ચોપડામાં અક્ષરો એન–૧ એન–૨ બે પાના પર કોણે લખેલ છે તે તેઓએ જોયેલ નથી. પંચનામા પહેલા ચીઠ્ઠી તેણે જોયેલ ન હતી

અને મરનારે ચીઠ્ઠી લખેલ છે તેવુ પંચનામુ કર્યુ ત્યા સુધી તેમના કુટુંબમાંથી જાહેર કરેલ નથી તથા પોલીસમાં ચીઠ્ઠી રજુ કરેલ તે વખતે મરનારે ચીઠ્ઠી લખેલ તે રીત રજુ કરેલ અને ચોપડો રજુ કરલ તે મરનારે લખેલ હતો તેવી જે હકીકતો એડમીટ કરેલ છે તેનાથી સ્યુસાઈડ નોટ પાછળથી ઉભી કરવામાં આવેલ તે માની શકાય નહી કારણ કે સદર સ્યુસાઈડ નોટ ભાવનાબેને ઘરના સંચા આગળ લખેલી પડેલી છે તેવુ જાગૃતીબેનને કહેલ છે તે સ્પષ્ટપણે શૈલેષભાઈએ પોતાની સરતપાસમાં જણાવેલ છે અને આ વાત મોટર સાયકલ પર કરેલ હતી તેનાથી એવી હકીકત સાબિત ન થઈ શકે કે આ સ્યુસાઈડ નોટ ઘરે આવ્યા બાદ વાંચેલ હોય, જોયેલી હોય. કારણ કે જયારે આવો આત્મહત્યાનો કેસ બને ત્યારે ઘરના સભ્યો માણસના મૃત્યુ પછી તુરંત સ્યુસાઈડ નોટ લખવા બેસે કે શોધવા બેસે તેવુ બની શકે નહી કારણ કે તે ભારે શોકમાં હોય છે તેથી તેવા સંજોગોમાં આવી સ્યુસાઈડ નોટની જાણ જાગૃતીબેનને કરેલી તે હકીકત સાબિત થાય છે પરંતુ પંચનામા વખતે આ સ્યુસાઈડ નોટ જોયેલ હતી તેથી એ હકીકત સાબિત ન થઈ શકે કે આ સ્યુસાઈડ નોટ પાછળથી ઉભી કરવામાં આવેલ છે તથા વધુમા જોઈએ તો સ્યુસાઈડ નોટ તથા ચોપડામાંનુ લખાણ આપોઆપ ઉદભવી શકે નહી કારણ કે એફ. એસ. એલ.માં પૃથ્થકરણમાં આ લખાણ મેચ થયેલ છે અને ભાવનાબેનના અક્ષરો સાબિત થયેલ છે. વધુમાં જોઈએ તો રમેશભાઈ ધીરુભાઈ સેતાએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, મરનારે સ્યુસાઈડ નોટ લખેલ છે તે જાગૃતીબેને કહેલાનુ મે કોઈને જણાવેલ નથી અને તેની સાથે જાગૃતીબેને આ સ્યુસાઈડ નોટ પંચનામા વખતે બધાની હાજરીમાં કાઢેલ અને બધાની હાજરીમાં વાંચેલ તેથી આ હકીકત વાંચી કાઢયાની અને સ્યુસાઈડ નોટ મળી આવ્યાની વાત ઉપજાવી કાઢેલ છે તે માની શકાય નહી કારણ કે જયારે સ્યુસાઈડ નોટ જાગૃતીબેને વાંચેલ હોય ત્યારે રમેશભાઈની હાજરીમાં

આ સ્યુસાઈડ નોટ વાંચેલ હોય તેવુ બનેલ ન હોય તેથી પાછળથી આ સ્યુસાઈડ નોટ ઉભી કરેલ છે તે માની શકાય નહી. પી.એમ.ની કાર્યવાહી શરૂ હતી અને જાગૃતીબેન ઘરે આવેલા અને સ્યુસાઈડ નોટ કાઢી તેના માતા–પિતાની હાજરીમાં કાઢી બતાવેલ છે પરંતુ આ કથન બીજા સાહેદોની જુબાનીથી વિસંગત અને ખોટુ છે તેવો બચાવ લેવામાં આવેલ છે અને તે માટે જાગૃતીબેનના સગા ભાઈ પરેશભાઈની જુબાની અને તેના પીતરાઈ ભાઈ શૈલેશભાઈ અને શામજીભાઈની જુબાનીનો આધાર લીધેલ છે પરતુ આ હકીકતનો બચાવનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે સ્યુસાઈડ નોટ પી.એમ. દરમ્યાન વાંચી સંભળાવેલ અગત્યની નથી કારણ કે સ્યુસાઈડ નોટના લખાણ અને કુદરતી લખાણના અક્ષરો એક છે કે નહી તે મહત્વની બાબત છે અને આ હકીકત પ્રોસી.પક્ષે એફ. એસ. એલ.ના રીપોર્ટ અને તમામ સાક્ષીની જુબાનીથી સાબિત કરેલ છે કે ગુજરનાર ભાવનાબેનનુ સ્યુસાઈડ નોટમાનુ લખાણ અને તેના કુદરતી લખાણ એજ છે તેથી ઉપરોકત બચાવનો લાભ આરોપીને મળી શકે નહી. ઓળખીતા પંચોનો ઉપયોગ કરીને સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણ કબજે કર્યાનું પંચનામુ આંક–૩૭ થી કબજે કરેલ છે તે અન્ય પુરાવાથી વિસંતગ છે તેથી સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ ઉભા કરવામાં આવેલ છે અને તે અનુસંધાને તેઓએ શામજીભાઈ સેતા આંક–૪૩ ની જુબાનીથી તટસ્થ પંચોની જુબાનીથી આંક–૩૭ નુ પંચનામુ કરેલ નથી ફરીયાદીના સગા સબંધીનો ઉપયોગ કરવામાં આવેલ છે તેવો બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે. પરંતુ આ બચાવ ટકવાપાત્ર નથી કારણ કે કોઈપણ વ્યકિતના અવસાન પછી તેનુ કુદરતી લખાણ કે સ્યુસાઈડ નોટનુ લખાણ કોઈપણ સંજોગોમાં ઉભુ કરી શકાય તેમ નથી તેથી તટસ્થ પંચોની હાજરીમાં આંક–૩૭ નુ પંચનામુ કરવામાં આવેલ નથી અને તે મૃતકના સગા છે તેથી તેનો લાભ મળી શકે નહી. પંચનામા સમયે પોલીસ

શૈલેષભાઈના ઘરે પુછપરછ કરતી હતી તેથી તે વખતે કથીત પંચનામુ તૈયાર કરવુ શકય નથી તેથી આવુ પંચનામુ પાછળથી ઉભુ કરવામાં આવેલ છે તેવો બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લીધેલ છે અને તેના આધારે શૈલેષભાઈ ધીરુભાઈની આંક–૪૯ ની જુબાની તથા જાગૃતીબેન પ્રેમજીભાઈ સેતાની આંક–૬૪ ની જુબાનીનો આધાર લીધેલ છે. પરંતુ માઈનોર તફાવત પંચનામા અને તપાસ કરતી વખતેનો સમય આવવા માત્રથી સ્યુસાઈડ નોટમાનુ લખાણ બદલાઈ શકે નહી અથવા તો પંચનામા વખતે સ્યુસાઈડ નોટ કબજે કરવામાં આવેલ છે તે ખોટી ઠરી શકે નહી. કારણ કે એફ. એસ. એલ.માં આ હકીકત અંગે ગુજરનાર ભાવનાબેનના અક્ષરો અને કુદરતી લખાણમાંના અક્ષરો સાબિત થયેલ છે તેથી આ બચાવનો લાભ આરોપીને મળી શકે નહી એટલે કે, પંચનામાનો સમય અને પુછપરછનો સમય અંગેનો જે તફાવત આવેલ છે તેનો લાભ તેઓને મળી શકે નહી. કારણ કે કોઈ પક્ષકાર ગામડા ગામના માણસ હોય તો ચોકકસ સમયની ખબર ન રહે અને તેના કારણે ચોકકસ સમય અંગેના જવાબની અપેક્ષા કોઈપણ વ્યકિત રાખી શકે નહી કે આપી શકે નહી તેથી તેનો સમય અંગેનો લાભ મળી શકે નહી. વધુમા જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લીધેલ છે કે, સ્યુસાઈડ નોટનુ લખાણ અને કુદરતી લખાણ પંચનામા વખતે કબજે કરેલ છે પરંતુ આ લખાણ સ્વીકારી શકાય નહી અને તે માટે તેમણે પંચ શામજીભાઈએ તેઓની જુબાનીમાં કથીત પંચનામા વખતે મરનારના હસ્તાક્ષર ધરાવતો ચોપડો રજુ કર્યાનુ જણાવેલ નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ નથી તેથી મરનારના કથીત હસ્તાક્ષરના નમુના રજુ કર્યાનુ સ્વીકારી શકાય નહી તેવો બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે પરતુ આ બચાવનો લાભ પણ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે, શામજીભાઈ છગનભાઈ સેતાએ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે અને તેઓને

આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે અને તેમણે પોતાની સરતપાસમા મુદ્દામાલ આર્ટીકલ–ર  વાળી સ્યુસાઈડ નોટ તથા મુદ્દામાલ આર્ટીકલ–૩ વાળા ચોપડો આંક–૫૦ અને ૫૧ તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે અને તેમા તેમણે એવુ પણ જણાવેલ છે આ અંગેની કાર્યવાહી અમારી રુબરુ કરવામાં આવેલી અને ભાવનાબેનને પોલીસ પુછીને લખતી હતી અને અમોએ લખાણમાં સહી કરી વાંચેલી. પરંતુ જુબાનીમાં ભાવનાબેન લખેલ છે તે ટાઈપોગ્રાફી એરર છે કારણ કે સ્યુસાઈડ નોટ અને ચોપડો જાગૃતીબેને રજુ કરેલ છે એટલે શરતચુકથી સબંધીત કલાર્ક દવારા જાગૃતીબેનની જગ્યાએ ભાવનાબેન લખેલ છે તેનો લાભ આરોપીને મળી શકે નહી કે જાગૃતીબેને ચોપડો રજુ કરેલ નથી. કારણ કે જાગૃતીબેને જુબાનીમાં જણાવેલ છે કે તેઓ પોતે સ્યુસાઈડ નોટ પંચનામા દરમ્યાન પોલીસને રજુ કરેલ છે આમ કલીચરીકલ ટાઈપોગ્રાફીકલ એરરનો લાભ આરોપીપક્ષને મળી શકે નહી. વધુમાં જોઈએ તો પંચ સાહેદની ઉલટતપાસમા આરોપીના વિ.વ.શ્રી દવારા સીલીંગ પેકીંગની તકરાર ઉઠાવેલ છે અને તેમા સદરહું સાહેદે એવી હકીકત એડમીટ કરેલ છે કે, પંચનામાનુ લખાણ પુરુ થયા બાદ તે દિવસે ચીઠ્ઠીમાં સહી કરેલ હતી અને આ ચીઠ્ઠી મારી હાજરીમાં એક કવરમાં મુકવામાં આવેલી અને તે પછી બંધ કરીને સીલ કરવામાં આવેલ હતુ તે વખતે બીજી કોઈ વસ્તુ સીલ કરી કબજે કરવામાં આવેલ ન હતી. આમ સદરહુ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરેલ નથી તેથી તેનો લાભ આરોપીને મળી શકે નહી કારણ કે સાહેદ દવારા પંચનામાને લગતી જે કોઈ હકીકતો સ્યુસાઈડ નોટ અને ચોપડો કબજે કર્યાની હકીકતો જે મુખ્ય છે જે તકરારી છે તે સ્પષ્ટપણે પોતાની જુબાનીમાં સમર્થન આપતા હોય તો જેટલો ભાગ જુબાનીને સમર્થન આપતો હોય તેટલો ભાગ કોર્ટ દવારા માનવાનો રહે છે અને જેટલો ભાગ સમર્થન આપતો નથી તે કોર્ટે ધ્યાને લેવાનો રહેતો નથી. પરંતુ જેટલો ભાગ પુરાવાને સમર્થન

આપે છે તે ચોકકસપણે કોર્ટે ધ્યાને લેવાનો રહે છે. કારણ કે મોટા ભાગના પંચનામાના પંચો હોસ્ટાઈલ થતા હોય અને કેસને સમર્થન આપતા ન હોય ત્યારે આવા પંચો જે થોડીઘણી હકીકત કેસને સમર્થન આપતા હોય તો ચોકકસપણે તે ધ્યાને લેવાની રહે છે. હાલના કેસમાં પણ પંચનામા કરતી વખતે સ્યુસાઈડ નોટ અને ચોપડો તેઓની હાજરીમાં જાગૃતીબેને રજુ કરેલો અને તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે તે પાયાની તકરારી હકીકતને સમર્થન આપે છે તે મહત્વનો પુરાવો છે તે કોઈપણ સંજોગોમાં ઈગ્નોર કરી શકાય નહી તે કેસના રુટમાં જાય છે અને તે કેસને સમર્થનકારી છે તેવા સંજોગોમાં તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો આ સ્યુસાઈડ નોટ અને ચોપડામાના કુદરતી લખાણો એફ. એસ. એલ. પૃથ્થકરણમાં મેચ થયેલા છે તેથી ભાવનાબેનના સ્યુસાઈડ નોટના લખાણો છે તે મેચ થતા હોય તેથી પંચનામાની રુએ કબજે કરેલ સ્યુસાઈડ નોટ અને ચોપડો સાબિત થતા હોય ત્યારે તે ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમા જોઈએ તો પંચ શામજીભાઈએ પોતાની ઉલટતપાસમાં એક સીલબંધ કવર તૈયાર કરીને પંચોની કાપલીમાં સહી કરીને કવરમાં મુકવામાં આવેલ છે જયારે ત.ક.અ. વાય.પી.વ્યાસ દવારા પોતાની ઉલટતપાસમાં પંચનામા વખતે બે લખાણો કબજે કરી સીલ બંધ કરેલાનુ જણાવેલ છે અને પંચોની સહીવાળી કાપલીઓ મુકવામાં આવેલ હતી અને એફ. એસ. એલ.ને મોકલવામાં આવેલ લખાણવાળા કવરમાં પંચોની સહીવાળી કોઈ કાપલી મળી આવેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કરી શકેલ નથી તે હકીકત એડમીટ કરેલ હોય તેવા સંજોગોમાં આંક–૩૭ ના પંચનામા બાબતે લખાયેલ હકીકતને એફ. એસ. એલ. નિષ્ણાંતની જુબાની ખોટી સાબિત કરે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીના વિ.વ.શ્રીનો આ બચાવનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે પંચ શામજીભાઈએ પોતાની સહીવાળી કાપલી એક કવરમાં જે તૈયાર કરવામાં

આવેલ હતી તેમા મુકવામાં આવેલ હતી અને પછી સીલ કરવામાં આવેલ હતી તે સમર્થનકારી પુરાવો આપેલ હોય તેવા સંજોગોમાં આ પુરાવો કોર્ટ અવગણી શકે નહી કે તેને ડીસ્કાર્ડ કરી શકે નહી કારણ કે એફ. એસ. એલ. અધિકારીએ પણ આજ હકીકત જણાવેલ છે કે, તેમને એક સીલબંધ કવર મળેલુ અને તેમાથી બે નાના કવરો મળેલા તેથી એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, જે પંચ સાહેદ શામજીભાઈએ જણાવેલ છે કે, એક સીલબંધ કવર તેમની હાજરીમાં પંચોની સહીવાળી કાપલી મુકી તૈયાર કરેલુ તો તે કવરમાં બે નાના વરો હતા તે હકીકત સાબિત થાય છે અને તેમની હાજરીમાં સીલ કરવામાં આવેલ હતા તે પણ સાબિત થાય છે અને આજ સીલબંધ કવર એફ. એસ.એલ. અધિકારીને મળેલ છે તે હકીકત પણ સાબિત થાય છે તેથી સીલબંધ કવર ત.ક.અ. દવારા મોકલવામા આવેલ નથી અથવા તો પાછળથી છેડછાડ કરવામાં આવેલ છે તે સાબિત થઈ શકે નહી અને તેનો લાભ આરોપીને મળી શકે નહી. આરોપીના વિ.વ.શ્રી દવારા વધુમા એવો બચાવ લેવામાં આવેલ છે કે, કથીત સ્યુસાઈડ નોટ પરથી કુંડાળુ દોરેલા વાળી સ્યુસાઈડ નોટ કબજે કરેલ છે. પરંતુ તે હકીકત પંચ શામજીભાઈ દવારા સરતપાસમાં જણાવેલ નથી તેથી સ્યુસાઈડ નોટની ચીઠ્ઠી પંચનામાની રુએ કબજે કર્યાનુ સ્વીકારી શકાય નહી અને તે અંગે આંક–૩૭ ના પંચનામા અંગે કબજે કરેલ સ્યુસાઈડ નોટમાં તેની લખાણ ફરતે વર્તુળ કરેલ છે અને માર્ક–ડી આપેલ છે તેવી હકીકત નોંધેલ છે પરંતુ શામજીભાઈએ પોતાની જુબાનીમાં સમર્થન આપેલ નથી તેથી આંક–૩૭ ના પંચનામા અંગે કબજે કરેલ સ્યુસાઈડ નોટમાના હસ્તાક્ષરોનો અભિપ્રાય સ્વીકારી શકાય નહી. પરંતુ ઉપરોકત બચાવનો લાભ પણ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે આંક–૩૭ ના પંચનામા અંગે સ્યુસાઈડ નોટ કબજે કરેલ છે તે હકીકતને પંચ સાહેદ શામજીભાઈ દવારા સમર્થન આપેલ છે અને સાથે સાથે ભાવનાબેનના હસ્તાક્ષર વાળો કુદરતી લખાણનો ચોપડો

પણ કબજે કરેલ છે તે હકીકતને જયારે સ્પષ્ટ સમર્થન આપતા હોય ત્યારે માત્ર બનાવવાળી જગ્યાના પંચનામામાં સ્યુસાઈડ નોટના લખાણને ફરતે વર્તુળ કરીને માર્ક–ડી૧ આપેલ છે તે જે હકીકતો પંચનામામાં જણાવેલ છે તે પંચ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ નથી તેટલા માત્રથી સ્યુસાઈડ નોટ કબજે કરેલ નથી અને સ્યુસાઈડ નોટ અંગેના હસ્તાક્ષરનો અભિપ્રાય ના સાબિત થઈ શકે નહી કારણ કે મૃત વ્યકિતના કુદરતી લખાણ અને તેની સ્યુસાઈડ નોટના લખાણ પાછળથી તેના જ અક્ષરોમાં કોઈપણ વ્યકિત લખી શકે નહી અને આવા લખાણ પાછળથી ઉભા કરવામાં આવેલ હોય તો તુરંત જ તે પૃથ્થકરણમાં ફેર આવી શકે છે પરંતુ ભાવનાબેનના સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણ મેચ થયેલ છે તે મરનારના છે અને તે હસ્તાક્ષર નિષ્ણાંત દવારા સાબિત કરેલ છે તેથી સ્યુસાઈડ નોટ સાબિત થાય છે.

૨૭. આરોપીના વિ.વ.શ્રી દવારા વધુમા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, આંક–૩૭ ના પંચનામામાં સ્યુસાઈડ નોટ અને કથીત હસ્તાક્ષર વાળો ચોપડો જુદા જુદા કવરમાં મુકીને પંચોની તથા પોલીસની સહીવાળી કાપલીમાં મુકવામાં આવેલ છે અને ત.ક.અ.વાય.પી.વ્યાસ તે મુજબ જુબાની આપે છે. પરંતુ હસ્તાક્ષર નિષ્ણાંતે તેઓના પુરાવામાં તેઓને પોલીસ તથા પંચોની કાપલી મળી આવેલ નથી તે બાબતે ત.ક.અ. કોઈ ખુલાસો આપી શકેલ નથી તે સાબિત કરે છે કે, કથીત સ્યુસાઈડ નોટ તથા હસ્તાક્ષરવાળો ચોપડો બનાવવાળી જગ્યાના પંચનામાએથી પંચોની હાજરીમાં કબજે કરેલાનુ સ્વીકારી શકાય નહી. પરંતુ ઉપરોકત બચાવ ટકવાપાત્ર નથી કારણ કે હસ્તાક્ષર નિષ્ણાંત સાહેદ નં.–૧૦ મહેશકુમાર વડગામાની જુબાની જે જણાવેલ છે તેમા ઉલટતપાસમાં તેણે એવી હકીકતો જણાવેલ છે કે, ''મારી પાસે જે કવર આવેલ જે પોલીસ અધિક્ષકના કવરની અંદર તકરારી દસ્તાવેજનુ કવર

અને કુદરતી દસ્તાવેજનુ કવર જે કવર ઉપર માર્ક ડી–૧, એન–૧, એન–ર લખેલ હતા જે સીલબંધ કવર હતા એક સીલબંધ કવરની અંદર બીજા બે સીલબંધ કવર અમારી પાસે મોકલવામાં આવેલ. એ વાત ખરી છે કે, મારી પાસે એક સીલબંધ કવર પહોચેલુ. એ વાત ખરી છે કે, આંક–૬૭ ની રસીદ આપવામાં આવેલ તેમા જે બે સીલબંધ કવરનુ લખાણ છે તે ટાઈપોગ્રાફીકલ મીસ્ટેક હોઈ શકે.'' તથા આ જુબાનીની સાથે સાથે આંક–૬૮ થી મહુવા પો.સ્ટે. દવારા હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ એફ.એસ.એલ. ગાંધીનગરને હસ્તાક્ષર તપાસણી થવા બાબતે જે કવરો મોકલવામાં આવેલ હતા તે પોલીસ સબ ઈન્સ. મહુવા પોલીસ સ્ટે. દવારા મોકલવામાં આવેલ હતા તેમા બીડાણમાં એવી હકીકત જણાવેલ છે કે, મોટા સીલબંધની અંદર બે નાના સીલબંધ કવર. ઉપરોકત હકીકતની સાથે વાય.પી. વ્યાસ ત.ક.અ.ને આંક–૮૫ થી તપાસેલ છે તેમા તેમણે બે સીલબંધ કવર મોકલ્યા બાબતે કોઈ ખુલાસો કરી શકેલ નથી અથવા તો હસ્તાક્ષર નિષ્ણાંતને મળેલ કવરમાં પોલીસ કે પંચોની કોઈ કાપલી મળી આવેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. તે અંગે વધુમાં જોઈએ તો હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ મહેશકુમાર મનુભાઈ વડગામા દવારા બંને લખાણવાળા સીલબંધ કવર સાથે કોઈ સહીવાળી કાપલીઓ મળેલ ન હતી તથા ત.ક.અ. વાય. પી. વ્યાસે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''પંચનામા વખતે જે બે લખાણો કબજે લઈ સીલબંધ કરેલાનુ કહેવાય છે તેમા પંચોની સહીવાળી કાપલીઓ મુકવામાં આવેલ હતી અને એફ. એસ. એલ.માં મોકલેલ લખાણવાળા કવરમાં પંચોની કાપલી મળી આવેલ નથી તેનો ખુલાસો કરી શકુ તેમ નથી.'' આ જે હકીકતો રેકર્ડ પરથી આવેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, ત.ક.અ. વાય. પી. વ્યાસ દવારા એક મોટા સીલબંધ કવરમાં બે નાના સીલબંધ કવરો ડી–૧ અને એન–૧, એન–ર પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ હતા પરંતુ આ બે સીલબંધ કવરોમાંથી પંચોની

કાપલી મળી આવેલ ન હતી તેટલા માત્રથી કુદરતી લખાણ જે ભાવનાબેન દવારા કરવામાં આવેલ હતુ તે એન—૧ અને એન—૨ અને સ્યુસાઈડ નોટનુ લખાણ ડી—૧ જે મેચ થયેલ છે તેના મેરીટને કોઈ અસર થતી નથી જો કોઈ ઈનરેગ્યુલારીટી માઈનોર તપાસમાં રહી ગયેલ હોય તો તેનો લાભ આરોપીને મળી શકે નહી. આમ ઉપરોકત સંજોગોમાં એકજ સીલબંધ કવર મોકલવામાં આવેલ છે અને તેની અંદર નાના બે સીલબંધ કવર કરવામાં આવેલ છે તે પંચ શામજીભાઈએ સમર્થન આપેલ છે એટલે કે તેણે જે એક સીલબંધ કવરની હકીકત જણાવેલ છે તે સાચી છે પરંતુ સ્વાભાવીક રીતે એક સીલબંધ કવરમાં બે સીલબંધ કવર મુકેલ હતા તે યાદ ન હોઈ શકે. વધુમાં પંચ શામજીભાઈએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે પંચોની સહીવાળી કાપલીઓ આ સીલબંધ કવરમાં મુકવામાં આવેલ હતી તેવા સંજોગોમાં જો એફ. એસ. એલ. અધિકારી એમ કહેતા હોય કે તેઓને પંચોની સહીવાળી કાપલી મળેલ નથી તો તેનો લાભ આરોપીને મળી શકે નહી કારણ કે તેના કારણે મૃતક ભાવનાબેના હસ્તાક્ષરમાં કોઈ ફેર પડી શકે નહી.

૨૮. વધુમાં જોઈએ તો આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામા આવેલ છે કે, સ્યુસાઈડ નોટ તથા ચોપડાના હસ્તાક્ષરમાના લખાણો જે કુદરતી લખાણો છે તે ઝેરોક્ષ કરવા માટે પંચનામા દરમ્યાન બહાર મોકલેલ નથી તેથી કથીત લખાણવાળો કાગળ બહાર ઝેરોક્ષ કરવા મોકલ્યાની હકીકત પંચનામામા શરતચુકથી લખ્યાનુ રહી ગયેલ હોવાનુ ત.ક.અ.નો ખુલાસો સ્વીકારી શકાય નહી. તે દર્શાવે છે કે પંચનામુ તથા કથીત લખાણો પાછલા તબકકે ઉભા કરવામાં આવેલ છે અને તે અનુસંધાને તેઓએ શામજીભાઈ છગનભાઈ સેતાની આંક—૩૩ ની જુબાનીનો આધાર લીધેલ છે અને તેઓએ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, ''મે પહેલી વહેલી ચીઠ્ઠી જોઈ તે મુજબ કહુ છુ કે તે કબજે કરવામા આવેલી તે દરમ્યાન તે ચીઠ્ઠી

તે રુમમાં હતી તેને બહાર લઈ જવામાં આવેલ નથી.'' આમ પંચની આ જુબાની જોતા પંચનામા વખતે કથીત સ્યુસાઈડ નોટ ઉપર પંચોની સહી કરાવી તે ચીઠૃી બહાર ઝેરોક્ષ કરવા મોકલ્યાનુ સ્વીકારી શકાય નહી તેવી અરજ કરેલ છે તથા વાય.પી.વ્યાસ ત.ક.અ. એ પણ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પંચનામા દરમ્યાન કબજે કરેલ કોઈ કાગળોની ઝેરોક્ષ કરી હોય તો તેનો ઉલ્લેખ પંચનામામાં કરવો પડે સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, તેનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ છે. પંચનામુ જેમ જેમ કાર્યવાહી થતી જાય તેમ તેમ લખવાનુ હોય છે. કાર્યવાહી કરે તે તરત લખવાની હોય છે. તપાસના કાગળોમાં સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણના કાગળોની ઝેરોક્ષ નકલ છે. પરંતુ આ જે બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તે જરા પણ ટકવાપાત્ર નથી. કારણ કે ફરીયાદપક્ષ દવારા પંચ શામજીભાઈની જુબાનીમાં સ્યુસાઈડ નોટ મુદ્દામાલ આર્ટીકલ નં.–ર અને ૩ વાળા ચોપડામા સ્ટેપલ પીનથી લગાડેલ કાગળો અને ચોપડો આ કામે રજુ કરવામાં આવેલ છે અને તે પંચ સાહેદ દવારા ઓળખી બતાવેલ છે જેમા પંચ નં.–૧ તરીકે તેઓની સહી કબુલ રાખેલ છે. આમ અસલ સ્યુસાઈડ નોટ તથા અસલ ચોપડો જેમા કુદરતી લખાણ મૃતક ભાવનાબેન દવારા લખવામાં આવેલ છે તે અસલ રજુ કરવામાં આવેલ છે જે તેની હાજરીમાં જ કબજે કરવામાં આવેલ છે જે સ્યુસાઈડ નોટ અને ચોપડામાનુ કુદરતી લખાણ સાથે સ્યુસાઈડ નોટને સ્ટેપલ પીન સાથે લગાડેલ છે તેમા પોતાની સહી સ્યુસાઈડ નોટમાની પંચ સાહેદ ઓળખી બતાવે છે અને તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે તેજ રીતે ચોપડામાનુ કુદરતી લખાણ કબજે કરવામાં આવેલ છે તે તથા સ્યુસાઈડ નોટને આંક–૧૯ આપેલ છે અને આ કુદરતી લખાણ એન–૧, એન–ર, એન–૩ જોઈએ તો તેમા પણ પોતાની પંચ સાહેદ તરીકેની સહી ઓળખી બતાવે છે. વધુમાં જોઈએ તો સદરહું સ્યુસાઈડ નોટ

જે અસલ આ કામે રજુ કરવામાં આવેલ છે તે પંચ સાહેદની જુબાનીમાં રજુ કરવામાં આવેલ છે જે ચોપડા સહીત રજુ કરવામાં આવેલ છે અને ચોપડામાં કુદરતી લખાણનો પણ સમાવેશ કરવામાં આવેલ છે અને આ સ્યુસાઈડ નોટ સમગ્રપણે વંચાણે લઈએ તો આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરવા મજબુર કરેલ છે તેથી તેણે આત્મહત્યા કરેલ છે તથા તેના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો તેથી ડરી ગયેલ છે તેવુ પણ ફલીત થાય છે અને આ સ્યુસાઈડ નોટને ફરીયાદીએ પોતાની આંક–૧૭ ની જુબાનીમાં સરતપાસમાં તમામ ઝેરોક્ષ કાગળો સાથેના જે કુદરતી લખાણ અને સ્યુસાઈડ નોટ રજુ કરેલ છે તેને જે સંયુકત આંક જે ૧૯ આપેલ છે તેમા પણ આજ હકીકતો જણાઈ આવેલ છે. તેથી સ્યુસાઈડ નોટ પાછળથી ઉભી કરવામાં આવેલ છે તેવુ કહી શકાય નહી. વધુમાં જોઈએ તો મુખ્ય તકરાર આરોપીના વિ.વ.શ્રીની એ છે કે ઝેરોક્ષ કરવા માટે સ્યુસાઈડ અને ચોપડામાનુ કુદરતી લખાણ બહાર ઝેરોક્ષ કરવા મોકલેલ નથી તેથી શરતચુકથી પંચનામામાં લખવાનુ રહી ગયેલ છે તેનો લાભ આપવા અરજ કરેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ સ્યુસાઈડ નોટ જે અસલ આ કામે પંચ સાહેદ શામજીભાઈની જુબાનીમાં રજુ કરવામાં આવેલ છે અને ચોપડામાં કુદરતી લખાણ એન–૧, એન–૨, એન–૩ રજુ કરવામાં આવેલ છે તે એફ. એસ. એલ. અધિકારીના રીપોર્ટમાં સ્યુસાઈડ નોટમાં અક્ષરો મેચ ખાય છે અને તે કુદરતી લખાણો અને સ્યુસાઈડ નોટમાના લખાણો એકજ છે તેવો રીપોર્ટ કરેલ છે તેથી જો શરતચુકથી માત્ર પંચનામામાં આ સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણની ઝેરોક્ષ પૃથ્થકરણ માટે કરીને મોકલી આપેલ છે તેટલી હકીકત ન લખવા માત્રથી સ્યુસાઈડ નોટ ખોટી છે તેવુ સાબિત થઈ શકે નહી. કારણ કે સ્યુસાઈડ નોટમાં આરોપીના ત્રાસના કારણે આપઘાત કરેલ છે તેવુ ભાવનાબેન દવારા અગાઉથી લખીને મુકેલ છે તે પંચોની હાજરીમાં કબજે કરેલ છે અને આ

હકીકતને ફરીયાદી પરેશભાઈએ પણ સમર્થન આપેલ છે તથા જાગૃતીબેને પણ આ સ્યુસાઈડ નોટ પંચનામા કરતી વખતે રજુ કરેલ હોય અને ભાવનાબેને તેને સારવારમાં લઈ જતા હતા તે વખતે જાગૃતીબેનને જાણ કરેલ કે સ્યુસાઈડ નોટ સંચા આગળ મુકેલ છે તે તમામ હકીકતો જયારે પુરાવા રુપે સાહેદોએ સમર્થન આપેલ હોય તેવા સંજોગોમાં માત્ર પંચનામામાં સ્યુસાઈડ નોટનુ અને કુદરતી લખાણનુ ઝેરોક્ષ કરવા માટે બહાર મોકલેલ હતી તે લખવાનુ રહી ગયેલ છે તો તેના કારણે કેસ ફેટલ થઈ શકે નહી અને તેનો લાભ મળી શકે નહી. કારણ કે કુદરતી લખાણ અને સ્યુસાઈડ નોટના લખાણના અક્ષરો કોઈપણ વ્યકિતના ગુજરી ગયા પછી બદલી શકાય નહી. આમ, શરતચુકથી ઈન્વેસ્ટીગેશનમાં કોઈ ખામી રહી ગયેલ હોય તો તેનો લાભ આરોપીને મળી શકે નહી. કારણ કે સ્યુસાઈડ નોટ પાછળથી ઉભુ કરવાનુ કારણ જ આ કેસમાં જણાતુ નથી. કારણ કે મૃતક ભાવનાબેન દવારા એસીડ પીને આપઘાત કરેલ છે અને છેલ્લે સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે. વધુમાં જોઈએ તો આ લખાણ કુદરતી લખાણ ફરતે અને સ્યુસાઈડ નોટના લખાણ ફરતે જે કુંડાળુ કે સર્કલ કરેલ છે તેનો અર્થ એ થાય છે કે, આ લખાણ જ એફ. એસ. એલ.ના અધિકારીને મેચ કરવાનુ છે એટલે કે સ્યુસાઈડ નોટમાનુ લખાણ ડી–૧ અને એન–૧ થી ૩ ના કુદરતી લખાણ છે તેની સાથે આ લખાણ મેચ કરવાનુ છે જેથી સરળતાથી એફ. એસ. એલ. અધિકારી આ કુદરતી લખાણના હસ્તાક્ષરો અને સ્યુસાઈડ નોટના લખાણનુ પૃથ્થકરણ કરી શકે તેથી કુદરતી લખાણ અને સ્યુસાઈટના લખાણ ફરતે સર્કલ કરેલ અને તે પંચનામામાં જણાવેલ નથી કે પંચ સાહેદ શામજીભાઈની જુબાનીમાં આ હકીકત જણાવેલ નથી તેવો પણ આરોપીપક્ષનો બચાવ જરા પણ ટકવાપાત્ર નથી.

૨૯. મુદ્દામાલ કથીત થયા બાદ ૨૫ દિવસ પછી ફોરવર્ડીંગ લેટરથી હસ્ત લેખીત નિષ્ણાંતને મોકલેલ મુદ્દામાલ અને સીલ અને સ્પેશીમેનશીલ એકજ પ્રકારના હતા તે બાબતે હસ્ત લેખન નિષ્ણાંત કહી શકેલ નથી તેથી તે મુદ્દામાલ અંગેનો અભિપ્રાય સ્વીકારવાપાત્ર નથી અને તેઓએ આ માટે આરોપીપક્ષના વિ.વ.શ્રીએ એફ. એસ. એલ. અધિકારી મહેશકુમાર વડગામાની જુબાની આંક–૬૬ પર આધાર રાખેલ છે અને ઉલટતપાસમાં સદર અધિકારીએ કબુલ કરેલ છે તેમા પોલીસ તરફથી ફોરવર્ડીંગ લેટરમાં સ્પેશીમેન શીલ તથા કવર ઉપરના સીલ વાંચી શકાય તેમ ન હતા તેથી બંને એક પ્રકારના શીલ છે તે કહી શકાય નહી તેથી મુદ્દામાલ સાથે ચેડા થયાનુ નકારી શકાય નહી પરંતુ આ બચાવ પણ આરોપીના વિ.વ.શ્રી દવારા ટકવાપાત્ર નથી કારણ કે હસ્તાક્ષર નિષ્ણાંત અધિકારીએ કબુલ કરેલ છે તેમા એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, પોલીસ તરફથી ફોરવર્ડીંગ લેટરમાં જે સ્પેશીમેન શીલ અને કવર ઉપરના શીલ સ્પષ્ટ વાંચી શકાય તેવા ન હતા તેથી બંને એકજ પ્રકારના શીલ છે તે કહી શકાય નહી.'' આ જે હકીકત ઉલટતપાસમાં એ હકીકત બહાર આવેલ છે તેનાથી એ હકીકત સ્પષ્ટ જણાય છે કે, સ્પેશીમેન શીલ તથા કવર ઉપરના શીલ વાંચી શકાય તેવા ન હતા પરંતુ સીલ તો હતા અને આવા સ્પેશીમેન શીલ તથા કવર ઉપરના શીલ એફ. એસ. એલ.માં પૃથ્થકરણ માટે પોલીસ ડીપાર્ટમેન્ટ સિવાય કોઈ ડીપાર્ટમેન્ટ તરફથી મોકલી આપવામાં આવતા નથી અને જો કોઈ ડીપાર્ટમેન્ટ દવારા મોકલી આપવામાં આવે તો તેની ફી અલગથી એફ. એસ. એલ. દવારા લેવામાં આવે છે અને તેની નોંધ કરવામાં આવે છે. પરંતુ ઉપરોકત જુબાનીથી એ હકીકત પણ સાબિત થાય છે કે, ફોરવર્ડીંગ લેટરમાં સ્પેશીમેન શીલ તથા કવર ઉપરના શીલ મોકલવામાં આવેલ છે તે પોલીસ તરફથી મોકલવામાં આવેલ છે તે કબુલ કરેલ છે તેથી હાલના

ત.ક.અ. દવારા આ કાર્યવાહી કરવામાં આવેલ છે તે સ્પષ્ટપણે સાબિત થતી હોય તેવા સંજોગોમાં ઉપરોકત બચાવ આરોપીના વિ.વ.શ્રીનો ટકવાપાત્ર નથી.

૩૦. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે મરનારના ઘરે મરનારે એસીડ પીધેલુ અને ઉલ્ટી કરેલી તેનો માત્ર મૌખિક પુરાવો આપેલ છે તેનો વૈજ્ઞાનિક પુરાવો નથી તેથી કથીત જગ્યાએ બનાવ બનેલાનુ સ્વીકારી શકાય નહી અને લોકલ એફ. એસ. એલ.ને તપાસવામાં આવેલ નથી અને તેને તપાસ્યા વિના રીપોર્ટને આંક પાડવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી તથા ઉલ્ટીના દાગનુ વૈજ્ઞાનિક પરીક્ષણ કરેલ નથી તેથી મરનારે કરેલ ઉલ્ટીનો દાગ હતો તે કહી શકાય નહી તેથી કથીત જગ્યાએ મરનારે એસીડ પીધેલુ તે સાબિત થાય નહી. પરંતુ આ બચાવ પણ આરોપીના વિ.વ.શ્રીનો ટકવાપાત્ર નથી કારણ કે આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક–૩૭ થી કરવામાં આવેલ છે જે પંચો રુબરુ કરવામાં આવેલ છે અને તેમા સ્પષ્ટપણે જાગૃતીબેન દવારા બનાવવાળી જગ્યા બતાવવામાં આવેલ છે અને તેમા એવુ જણાવવામાં આવેલ છે કે, ''સદરહું જગ્યાએ એસીડ પીધેલાનુ હાજર સાહેદ જણાવે છે અને પ્રથમ પુર્વ–પશ્ચિમ દરવાજા વાળી રુમ વાટે બહાર નિકળી સીડીની બહાર રસોડુ આવેલ છે તેની સામે એક સુકાઈ ગયેલ ડાઘ જોવામાં આવેલ છે જે બાબતે હાજર સાહેદને પુછતા જણાવેલ છે કે, આ કામના મરણજનાર વોમીટ કરેલ હતી જે જગ્યા સાફ કરી નાખેલાનુ જણાવે છે તેમજ પુર્વ બારનુ વિલાયતી નળીયાવાળુ રુમ આવેલ છે તે રૂમના મધ્ય ભાગમાં એક સુકાઈ ગયેલ ડાઘ જોવામાં આવે છે જે બાબતે આ કામના હાજર સાહેદ મરણજનારે વોમીટ કરેલાનુ અને સાફ સફાઈ કરી નાખેલાનુ જણાવે છે.'' તથા આ પંચનામાની સાથે સાથે સદરહું પંચ સાહેદને આંક–૩૩ થી શામજીભાઈ છગનભાઈ સેતાને તપાસેલ છે તેઓએ સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''ત્યાં હાજર જાગૃતીબેને આગળ

ચાલી જગ્યા બતાવેલી. આ જગ્યા મકાનના ઉપરના બીજા માળે આવેલી હતી, ત્યાં પુર્વ દિશા બાજુ ટોઈલેટ હતું. ટોઈલેટની બાજુમાં એક પ્લાસ્ટીકની બોટલમાં પીળા રંગનું પ્રવાહી હતું. આ બોટલ ઉપર અંગ્રેજીમાં લખેલ હતું અને તે પ્રવાહીને ટાઈલ્સ કલીનર કહેવામાં આવે છે. આ બોટલને લાખનું સીલ મારી તેઓ પંચોની સહી વાળી કાપલી બનાવી બોટલ પર ચોંટાડી આ બોટલ પોલીસે કબજે લીધેલી. આગળ જતાં જાગૃતીબેને ભાવનાબેને એસીડી પીધેલું તે જગ્યા બતાવેલી. ત્યાંથી આગળ પુર્વ પશ્ચીમ દિશામાં સીડી(દાદર)ની બાજુમાં એક રસોડું આવેલ હતું ત્યાં આગળ એક સુકાઈ ગયેલો ડાઘો તેઓને જોવા મળેલો., ત્યાં જાગૃતીબેન એવું બોલેલા કે, ભાવનાબેન અહીં વોમીટ કરેલા હતા. આ વોમીટનું નીશાન જાગૃતીબેને સાફ કરી નાં ખેલાનું જણાવેલું. ત્યાંથી આગળ એક પશ્ચીમ દિશા તરફ વીલાયતી નળીયાનો એક રુમ આવેલો હતો. રુમના મધ્ય ભાગે પણ એક સુકાઈ ગયેલો વોમીટ કરેલાનો ડાઘો જોવા મળેલો.'' આમ સદરહું પંચ સાહેદ દવારા આંક–૩૭ ના પંચનામાને સંપુર્ણપણે સમર્થન આપતો પુરાવો આપેલ છે અને જે જગ્યાએ મૃતક ભાવનાબેન દવારા એસીડ પીધા પછી ઉલ્ટીઓ કરવામાં આવેલ હતી તે જગ્યાએ ડાઘા પડી ગયેલ હતા અને તેની સાફસુફી કરવામાં આવેલ હતી તેમ છતાં ત્યાં ડાઘા પડી ગયેલ હતા તેવુ પંચનામામાં સ્પષ્ટ નોંધ કરવામાં આવેલ છે અને તે હકીકતને સાહેદ શામજીભાઈએ સમર્થન આપેલ છે તેથી આ હકીકત ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો લોકલ એફ. એસ. એલ.ને તપાસેલ નથી અને માત્ર એફ. એસ. એલ.નો રીપોર્ટ આંકે પાડી દીધેલ છે તે માન્ય રાખી શકાય નહી તે જે બચાવ લેવામાં આવેલ છે તે પણ માન્ય રાખી શકાય નહી કારણ કે પંચનામામાં સ્પષ્ટપણે મૃતક ભાવનાબેન દવારા વોમીટ કરેલાની હકીકત જણાઈ આવેલ છે અને તે હકીકતને સમર્થન આપતો પુરાવો પંચ સાહેદે આપેલ હોય તેવા સંજોગોમાં

વોમીટ કરેલ તે જગ્યાએ ડાઘ પડી ગયેલ હતો તેવા સંજોગોમાં જે જગ્યાએ એસીડ પીધા પછી મૃતક દવારા વોમીટ કરેલ હોય તો કોઈપણ માણસ આવી જગ્યાને પંચનામુ થાય ત્યાં સુધી સાફસુફી ન કરે તે બની શકે નહી અને તેવા સંજોગોમાં જયારે સાફસુફી વોમીટવાળી જગ્યા કરેલ હોય તેથી લોકલ એફ. એસ. એલ.ના રીપોર્ટમાં કોઈ ચીજવસ્તુ મળી આવવાનો કે તે જગ્યાએથી નમુનો લેવાનો પ્રશ્ન રહેતો નથી. તેથી લોકલ એફ. એસ. એલ.ને તપાસેલ ન હોય તેટલા માત્રથી ભાવનાબેન દવારા બનાવવાળી જગ્યાએ એસીડ પીધા પછી ઉલ્ટી કરેલ નથી તે હકીકત સાબિત થઈ શકે નહી અને આ અંગેની વિગતવારની ચર્ચા ત.ક.અ.ની જુબાનીમાં કરી દેવામાં આવેલ છે.

૩૧. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, ડી.એફ.એસ.એલ.એ મરનાર તથા આરોપી વચ્ચેના વોટસએપ ચેટના રીટ્રીવ કરેલ સ્ક્રીન શોટ પુવાર કરેલ છે કે, મરનાર અને આરોપી વચ્ચે તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી વોટસએપ મેસેજ ચાલુ હતા અને તેઓ વચ્ચે ઘણો પ્રેમ સબંધ હતા તેથી આરોપી મરનારને ત્રાસ આપતો હતો તેવો આક્ષેપ ટકી શકે નહી તે માટે તેઓએ જે આરોપીના મોબાઈલ માથી વોટસએપ મેસેજની સ્ક્રીન શોટની રીટ્રીવ કરવામાં આવેલી તે ઈમેજીસ પુરાવા અધિનિયમ ૬૫(બી) મુજબ ગ્રાહ્ય છે તેવો બચાવ લીધેલ છે અને ત.ક.અ. વાય.પી.વ્યાસની જુબાનીનો આધાર તથા ડી.એફ.એસ.એલ. ત્રિવેદી સાહેબની જુબાનીનો આધાર લીધેલ છે અને જણાવેલ છે કે, ત.ક.અ. વાય.પી.વ્યાસનાઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, મોબાઈલ સ્ક્રીન શોટની ઈમેજીસ રીટ્રાઈવ કરવામાં આવેલી તેનો અભ્યાસ કરેલો જે ડી.એફ.એસ.માં મોબાઈલ મોકલેલ તે આરોપીના હતા તે અંગે તેઓએ હા પાડેલ છે પરંતુ પ્રેમ સબંધ મરનાર સાથે હોવાનુ ખુલેલ છે તે તેઓ કહી શકે નહી અને આરોપીના સેલફોન

એકઝી.–એફ હતા તે મોબાઈલ નં.– ૮૬૯૦૯૧૯૫૫૯ તથા ૮૭૮૦૩૭૭૫૬૬ ના હતા તેમાથી કબજે કરવામાં આવેલ છે અને તે બંને નંબરોના વોટસએપ સ્ક્રીન શોટ કાઢી સીડી બનાવી પો.સ્ટે. માં મોકલેલા જે સીડીને એનેક્ષર–બી આપેલો અને ડી.એફ.એસ. એ મહુવા પો.સ્ટે.ને મોકલેલ સીડી તેઓએ મેળવેલી અને તેની એક નકલ બચાવપક્ષને આપેલી તેમાથી પ્રીન્ટઆઉટ કરેલી ૧૪ ઈમેજીસ આંક–૧૦૯ થી રજુ કરીને બતાવવામાં આવેલ છે તે જોઈને તેઓએ કહેલ છે કે, માર્ક–૧૦૯/૧ થી ૧૦૯/૧૪ થી રજુ કરેલ ઈમેજીસ છે તે તેજ છે તેનો તેમણે સીડી મેળવી અભ્યાસ કરેલ છે જે ફરીયાદપક્ષના વાંધા સાથે આંક–૧૧૦ થી આંક–૧૨૩ આપેલ છે અને આ અંગે ડી.એફ. એસ. એલ.ના સાહેદ દિનેશભાઈ જેન્તીલાલ ત્રિવેદીને આંક–૧૨૮ થી તપાસેલ છે તેમા વોટસએપ ઈમેજીસ અને ૬૫(બી)ના સર્ટીને સમર્થન આપેલ છે અને મોબાઈલ ફોન માર્ક–એફ માંથી આ કન્ટેન્ટ રીટ્રીવ કરવામાં આવેલ હતા અને આરોપીના વિ.વ.શ્રીના લેપટોપમાંથી સદર સાહેદને આ ઈમેજીસ ખોલીને બતાવેલ છે તે આંક–૧૦૧ થી ૧૧૦ વાળી ઈમેજીસ છે તે તેઓએ રીટ્રીવ કરી તે ઈમેજીસ છે તેવુ જણાવેલ છે. તેથી આંક–૧૧૦ થી ૧૨૩ ના ચેટનો અભ્યાસ કરતા ફલીત થાય છે કે, તેઓ બંને વચ્ચે ગહન પ્રેમ સબંધ હતો અને ફેબ્રુઆરી–૨૧ થી છ મહીના રાહ જોવાની હતી જે વોટસએપ ચેટ ગુજરાતી ભાષાની છે પરંતુ લીપી અંગ્રેજીની છે તેના પરથી સાબિત થાય છે અને આ સાથે આરોપીના વિ.વ.શ્રી દવારા આંક–૧૧૦ થી આંક–૧૨૩ ની વોટસએપ ચેટની ઈમેજીસની ચેટ લેખીત દલીલમાં રીફર કરેલ છે. પરંતુ આ તમામ હકીકતો પરથી એ હકીકત સાબિત થતી નથી કે આ વોટસએપ ચેટની ઈમેજીસ જે રીટ્રીવ એફ. એસ. એલ. અધિકારી દવારા કરવામાં આવેલ છે તેના પરથી આરોપી અને મરનાર વચ્ચે પ્રેમ સબંધ હતો. આવો ઉપરોકત બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દવારા જે ઉપરોકત બચાવ મરનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હોવાનો જણાવેલ છે તે બચાવ કોઈપણ રીતે ટકવાપાત્ર નથી કારણ કે, આ કામે ત.ક.અ. વાય.પી.વ્યાસ દવારા પોતાની જુબાનીમાં આંક–૮૫ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, હુ તે કહી શકુ નહી કે મરનાર અને તહોમતદારને પ્રેમ સબંધ છે. આ હકકીત સાચી એટલા માટે છે કે, ફરીયાદી પરેશભાઈ દવારા સ્પષ્ટપણે પોતાની સરતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેમના બેન ભાવનાબેન એસીડ પી ગયેલ હતા તેથી તેમના બેન જાગૃતીબેને તેઓને જગાડેલ અને જાગૃતીબેને કહેલ કે જલ્દી ઉભો થા ભાવનાબેન એસીડ પી ગયેલ છે તેથી તેણે જાગીને જોયુ તો ભાવનાબેન ઉલ્ટી કરતા હતા તેથી તેણે ભાવનાબેનને જણાવેલ કે શું થયુ બહેન અને તુ ઉલ્ટી કેમ કરે છો ? તો ભાવનાબેને તેને જણાવેલ કે હવે મારે નથી જીવવુ અને આ સાગર તેને તેની સાથે વાત કરવા અવાર નવાર ધમકી આપે છે અને હુ વાત નહી કરુ તો મારા ભાઈને મારી નાખવાની ધમકી આપેલ છે તેથી તેના (સાગર મગનભાઈના) ત્રાસથી કંટાળીને મે એસીડ પીધેલ છે....... આ બનાવનુ કારણ અમારા ઘરની બાજુમા રહેતો સાગર મગનભાઈ ગોહીલ તેના બેન ભાવનાબેન સાથે પ્રેમ સબંધ રાખવા દબાણ કરતો હતો અને તેના બહેને આ બાબતે ના પાડી દીધેલ હતી તેમ છતાં તેના બેનને હેરાન પરેશાન કરતો હતો અને તેના પરીવારના સભ્યોને હેરાન પરેશાન કરતો હતો તેથી તેના ત્રાસના કારણે તેના બેને એસીડ પીને આત્મહત્યા કરેલી તથા ............ તા.૨૦/૦૪/૨૧ ના રોજ તેના બેન ભાવનાબેનને આરોપી સાગર વિરૂઘ્ધ મહુવા પો.સ્ટે.માં અરજી આપેલી તે અરજી સાથે તેમના કાકાના દિકરા રમેશભાઈ ધીરુભાઈ સેતા ગયેલા તેની દાઝ રાખી સાગર મગનભાઈ ગોહીલે તથા તેની સાથેના અન્ય વ્યકિતએ તેના કાકાના દિકરા રમેશભાઈ ધીરુભાઈ ઉપર છરી વડે હુમલો કરી ઈજા પહોચાડેલ અને તે બાદ

મહુવા પો.સ્ટે.માં સાગરભાઈ વિરૂધ્ધ રમેશભાઈને માર મારવા બાબતે ફરીયાદ થયેલી. હું મારા ભાઈ રમેશભાઈ ધીરુભાઈની સહી ઓળખુ છુ અને માર્ક – ૭/૩૫ બતાવવામાં આવે છે જેમા મારા ભાઈ રમેશભાઈની સહી છે જે હુ ઓળખુ છુ. આ ઉપરોકત જે હકીકતો સરતપાસમાં જણાવેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેન એસીડ પી ગયેલ છે અને તેમા એ પણ હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, જો ભાવનાબેન તેની સાથે વાત ન કરે તો તેના ભાઈઓને મારી નાખશે તેવી ધમકી આપેલ છે. આમ જો ભાવનાબેન આરોપી સાગર સાથે સરખી રીતે વાત ન કરે તો તેના ભાઈને મારી નાખશે તેવી ધમકી આપેલ હોય તેથી તેમણે આ ધમકીના ડરના કારણે આરોપી સાથે વોટસએપમાં આવા પ્રકારના મેસેજ જે ત.ક.અ. અને એફ. એસ. એલ. અધિકારી દવારા રીટ્રીવ કરેલ છે તે કરેલ છે. વધુમાં જોઈએ તો સદરહું પરેશભાઈ દવારા આંક–૧૯ થી સ્યુસાઈડ નોટ જે રજુ રાખવામાં આવેલ છે તેમા પણ ''આરોપી સાગર ગોહીલના કારણે આત્મહત્યા કરવાનુ કારણ થયેલ છે અને આરોપી સાગર ગોહીલ તેને બહુ હેરાન કરતો હતો અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને તેમા એવુ પણ જણાવેલ કે, તે એમ કહેતો વારંવાર કે તારા ભાઈને હું મારી નાખીશ અને તમારુ ઘર રખડી જશે એટલે વાત હું કહુ તેમ તારે કરવાનુ એવી રીતે મને વારંવાર ધમકાવતો તુ મારી સાથે પ્રેમથી સરખી વાત ન કર તો હું તારા ભાઈને હમણા અથા રસ્તામાં નિકળશે એટલે તેને પતાવી દઈશ એવી રીતે ધમકાવી મારી સાથે સરખી વાત કર તેમ કહી બધુ રેકોર્ડીગ કરી લીધુ અને મને બદનામ કરી દીધી અને તારા ઘરે કોઈને કે તો તને મારી નાખીશ હું એની ધમકીથી બી ગઈ એટલે મે ઘરે કોઈને વાત ન કરી..... એક દિવસ મારો ભાઈ મેડીકલ જતો સાંજના પાંચ વાગ્યે ત્યાં રસ્તામાં આડો ઉભો બડીયો લઈને મારા ભાઈ ખુબ મારો અને હજી ઘરની બાજુમાંથી નિકળે એટલે બોલતો

જાય પાંચેય ભાઈનુ મર્ડર કરી નાખવાનુ છે પછી ભલે મારે જેલમાં જવુ પડે પરંતુ પાંચેયને મેકવાના નથી પોલીસ મારુ કાઈ બગાડી ન શકે. સાગર ગોહીલે મને આત્મહત્યા કરવા મજબુર કરી દીધી એટલે આત્મહત્યા કરુ છુ. પરંતુ કાતીલને કોઈ દી છોડતો નહી બને તો ફાસી આપજો સાગર ગોહીલને એના લીધે હું આત્મહત્યા કરુ છુ.'' આમ ઉપરોકત જે સ્યુસાઈડ નોટમાં હકીકતો જણાવેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, પ્રેમથી જો આરોપી સાથે સરખી રીતે જો તેણીની તેની સાથે વાત ન કરે તો તેના ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલ છે અને તે રીતે ધમકાવીને તેની સાથે સરખી રીતે વાત કરાવીને બધુ રેકોર્ડીગ કરી દીધેલ છે અને તેને બદનામ કરી દીધેલ હતી. આમ ઉપરોકત સંજોગોમાં કોઈપણ એક નાની ઉંમરની જુવાન છોકરીને તેના વોટસએપ મેસેજીસ ઉપર પ્રેમથી સરખી રીતે વાત કરવાની ધમકી આપેલ હોય અને જો તેમ ન કરે તો તેમના ભાઈઓને અને તેણીને મારી નાખવાની ધમકી આપેલી અને તેના કારણે તે બી ગયેલ હોય અને તે રીતે તે કારણે વોટસએપ ચેટ કરીને પ્રેમ ભરી જો વાતો કરેલ હોય તો તે આરોપીની ધમકીના કારણે ડરી ગયેલ હોવાથી આવી વોટસએપ ચેટ કરેલ હોય તો તેના કારણે આરોપી અને મરણજનાર વચ્ચે પ્રેમ સબંધ હતા તેવુ કહી શકાય નહી કે સાબિત થઈ શકે નહી. કારણ કે આવી વોટસએપ ચેટના કારણે તેણીને આરોપીએ બદનામ કરી દીધેલ હતી અને આવી વોટસએપ ચેટ અને રેકોર્ડીગ આરોપીએ કરી રાખેલ હતા અને તેને બ્લેકમેલ કરતો હતો તેવી હીકકત સ્પષ્ટપણે રેકર્ડ પરથી સાબિત થાય છે. તેથી તેવા સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે મરણજનાર આત્મહત્યા કરવા મજબુર થઈ ગયેલ હોય અને આત્મહત્યા કરતા પહેલા આરોપીને ફાસી આપજો તેને છોડતા નથી તેવી હકીકત જણાવેલ હોય તેથી કોઈપણ સંજોગોમાં મરણજનાર ભાવનાબેન આરોપી સાથે

પ્રેમ સબંધમાં હતા તેવુ વોટસએપ ઈમેજીસના કારણે સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો આ સ્યુસાઈડ નોટમાના અક્ષરો અને ચોપડામાના કુદરતી લખાણ મેચ થયેલ છે તે આપઘાત કર્યા પછી એફ. એસ. એલ.ના પૃથ્થકરણમાં મેચ થયેલ છે તથા સાહેદ શૈલેષભાઈ ધીરુભાઈ સેતાની આંક–૪૯ ની જુબાનીમાં પણ આજ હકીકતોને સમર્થન આપેલ છે કે આરોપીના ત્રાસના કારણે ભાવનાબેન એસીડ પી ગયેલ છે અને સ્યુસાઈડ નોટની હકીકતને સમર્થન આપેલ છે તથા તેજ રીતે રમેશભાઈ ધીરુભાઈ સેતાએ આંક–૫૭ થી પણ આજ હકીકતોને સમર્થન આપેલ છે તેજ રીતે જાગૃતીબેન સેતાએ આંક–૬૪ થી આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પીધેલ છે તે હકીકતને સમર્થન આપેલ છે અને આ તમામ સાહેદોએ ભાવનાબેને એસીડ પીધેલ છે તે નજરો નજર જોયેલ છે આ તમામ સાહેદોએ મૃતક ભાવનાબેનને હોસ્પિટલમાં દાખલ કરેલ છે અને તેની સારવાર કરાવેલ છે અને ડો. કુચા સાહેબે પણ સમર્થન આપેલ છે કે ભાવનાબેને એસીડ પીધેલ છે તેથી તેવા સંજોગોમાં ભાવનાબેન આરોપીના પ્રેમમાં હતા કે તેમની વચ્ચે પ્રેમ સબંધ હતો તે વોટસએપ ચેટની ઈમેજીસ ઉપરથી કોઈપણ પ્રકારે સાબિત થઈ શકે નહી. કારણ કે વોટસએપ ચેટમાં જે ભાવનાબેને પ્રેમ સબંધની વાત કરેલ છે તે આરોપીના ધમકીના કારણે કરેલ છે તથા તેના કોલ અને વોટસએપ ચેટ રેકોર્ડ કરી દીધેલ હતી અને તેને બ્લેકમેલ કરવામાં આવતી હતી તે સ્યુસાઈડ નોટ પરથી સાબિત થાય છે અને તેના કારણે ભાવનાબેન બદનામ થઈ ગયેલ હતા અને આરોપીની ધમકીના કારણે જ આ વોટસએપ ચેટ ભાવનાબેન કરતા હતા તેવુ સ્પષ્ટ સાબિત થાય છે તેથી ૬૫(બી) સર્ટીફીકેટ જે બચાવપક્ષ દવારા ડી.એફ. એસ. એલ.ના અધિકારીને તપાસીને રજુ કરેલ છે અને આંકે પાડવામાં આવેલ છે તેના પરથી આ હકીકત સાબિત થઈ શકે નહી કે ભાવનાબેનને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો. વધુમાં

જોઈએ તો આ કામે અત્રેની કોર્ટ દવારા એનેક્ષર–એ થી જે સીડી એફ. એસ. એલ. અધિકારી દવારા રજુ કરવામાં આવેલ છે તેમા ઓડીયો કલીપ કુલ ૬૬ મળી આવેલ છે તેમાથી રેન્ડમ્લી બે–ત્રણ ઓડીયો કલીપ ચેક કરીને સાંભળતા તેમા સ્પષ્ટપણે એ હકીકત જણાઈ આવે છે કે, એક પુરુષ દવારા વારંવાર કોઈ એક સ્ત્રીને બહાર મળવા માટે અને વાતો કરવા માટે દબાણ કરે છે અને તેણીને જેમફાવે તેમ બેફામ ગાળો બોલે છે અને તે સામેની સ્ત્રી ના પાડે તો પણ તેના ઘરે આવીને ઝઘડો કરવાની ધમકી આપે છે અને તેમા તે સ્ત્રીને જ નુકશાન થશે તેવુ સ્પષ્ટ જણાવે છે. આમ, આરોપીના વિ.વ.શ્રી આ સીડી ઉપર આધાર રાખતા હોય અને ૬૫(બી) ના સર્ટી. ઉપર આધાર રાખતા હોય તો આ અવાજ આરોપીનો જ છે કે કેમ અને સામેની સ્ત્રી વાત કરે છે તે ભાવનાબેનનો છે કે કેમ તે સ્પષ્ટપણે એટલા માટે સાબિત થઈ ન શકે કેમ કે આ બંનેના વોઈસ એનાલીસીસ કરવામાં આવેલ નથી અથવા તો બીજી રીતે જોઈએ તો આ બંને વ્યકિત આરોપી અને મૃતક ભાવનાબેન છે તો આરોપી સાગર વારંવાર ભાવનાબેનના ઘરે આવીને ઝઘડો કરવાની વાતો કરીને ધમકાવે છે અને તેમા ભાવનાબેનને નુકશાન થશે તેવુ સ્પષ્ટ જણાવે છે જો તેણીની તેની સાથે વાતો ન કરે અથવા તો મળવા ન આવે તો આમ આવા સંજોગોમાં આરોપી વારંવાર મૃતક ભાવનાબેનને ધમકી આપતો હતો અને તેના ત્રાસના કારણે ભાવનાબેન દવારા એસીડ પી ગયેલ છે તે હકીકત સાબિત થાય છે. વધુમાં જોઈએ તો આરોપીના ત્રાસના કારણે જ અને ધમકીના કારણે જ ભાવનાબેન તેની સાથે વોટસએપ ચેટ કરતા હતા અને પ્રેમભરી વાતો કરતા હતા તે સ્પષ્ટપણે સાબિત થાય છે અને આ વોટસએપ ચેટથી એ હકીકત સાબિત ન થઈ શકે ભાવનાબેન અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો. વધુમાં જોઈએ તો આ કામે આરોપીના બે મોબાઈલ ત.ક.અ. દવારા કબજે કરવામાં આવેલ હતા પરંતુ

વોટસએપ ઈમેજીસ જે ડી. એફ. એસ. એલ.  દવારા જે સ્ક્રીન શોટની ઈમેજીસ ચેટની રીટ્રીવ કરેલ છે તે મરણજનાર ભાવનાબેનની હતી તે સાબિત થઈ શકે તેમ નથી કારણ કે જે વોટસએપ ચેટ આરોપીના મોબાઈલમાંથી  રીટ્રીવ કરવામાં આવેલ છે તેમા વોટસએપ મોકલનાર વ્યકિત તરીકે બાલો વ્યકિત હતુ અને તે ભાવનાબેનનુ જ વોટસએપ એકાઉન્ટ હતુ તે હકીકત સાબિત થઈ શકે નહી. જયા સુધી બાલા નામના વ્યકિતનુ એકાઉન્ટ ભાવનાબેનનુ એકાઉન્ટ હતુ અને તેઓએ વોટસએપ મેસેજ કરેલ હતા તે હકીકત સાબિત ન થાય ત્યા સુધી ભાવનાબેને પ્રેમ સબંધના કારણે વોટસએપ ચેટ કરેલ હતુ તે હકીકત સાબિત થઈ શકે નહી અને એફ. એસ. એલ. અધિકારી દવારા અને ત.ક.અ. દવારા આવી કોઈ હકીકત સાબિત કરેલ નથી કે આરોપીના મોબાઈલમાં બાલા નામના વ્યકિતનુ વોટસએપ એકાઉન્ટ હતુ તે ભાવનાબેનનુ હતુ. આમ ઉપરોકત સંજોગોમાં ઓડીયો કલીપ જે રીટ્રીવ ડી.એફ. એસ. એલ. દવારા કરેલ છે અને સીડી આપેલ છે તેમાથી સ્પષ્ટપણે એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે પુરુષ વ્યકિતનો અવાજ આવતો હતો તે સ્ત્રી વ્યકિતને મળવા માટે બોલાવતો હતો અને વાતો કરવા જણાવતો હતો અને સામેની વ્યકિત ગભરાયેલી હતી અને વાતો કરતી હતી અને તે સ્ત્રી ઘરે ન આવે તો ઝઘડો કરવાની વાતો કરતો અને તેનુ નુકશાન તેણીને જશે તેવી ધમકી આપતો હતો. આમ ઉપરોકત સંજોગોમાં માત્ર વોટસએપ ઈમેજીસને આધાર બનાવની આરોપી અને મૃતક ભાવનાબેનને પ્રેમ સબંધ હતો તેવી હકીકત સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, એ હકીકત સાબિત થાય છે કે, આરોપીને મરનાર ભાવનાબેન દવારા સામેથી વોટસએપ મેસેજ કરવાની ના પાડેલ હતી અને તેણીએ જ સામેથી મોટા ભાગના મેસેજ કરેલ હતા તેથી આરોપી મરનારને સબંધ રાખવા દબાણ કરતો હતો તેવુ સ્વીકારી શકાય નહી અને તેને સમર્થન

આપવા માટે તેણે કોલ ડીટેઈલ ત.ક.અ. એ ભાવનાબેનના મૃત્યુ સમય સુધીની માંગેલી અને તેનો ત.ક.અ. એ આંક–૪૬ થી તે રજુ રાખેલ છે જેનો અભ્યાસ કરતા ફલીત થાય છે કે, ૧'લી જાન્યુઆરી –૨૧ થી ૨૪ ફેબ્રુઆરીના સમયગાળા દરમ્યાન મરનારના મોબાઈલ નં.–૮૭૮૦૩૭૭૫૬૬ માંથી આરોપીને કુલ ૪૩ કોલ થયેલ છે. પરંતુ આ બચાવનો લાભ પણ આરોપીને મળી શકે નહી કારણ કે આરોપીએ જ ધમકી આપતો હતો કે તુ પ્રેમ ભરી વાતો નહી કરે અથવા તો સરખી રીતે વાતો નહી કરે તો તેના ભાઈઓને મારી નાખશે તેવુ સ્યુસાઈડ નોટ પરથી ફલીત થાય છે તથા સાહેદ રમેશભાઈ સેતાની જુબાનીમાં એ હકીકત સાબિત થયેલ છે કે ગુજરનાર ભાવનાબેનને આરોપી સાગર હેરાન કરતો હતો તેથી ભાવનાબેન સાથે પો.સ્ટે. ફરીયાદ કરવા ગયેલો તેની દાજ રાખીને આરોપીને રમેશભાઈને તેના મિત્રની મદદ લઈ છરી અને લાકડી વડે માર મારેલ છે અને તેની ફરીયાદ રમેશભાઈએ પો.સ્ટે.માં કરેલ છે તે ફરીયાદને રમેશભાઈની જુબાની અને ત.ક.અ.ની જુબાનીમાં આંક પડેલ છે તથા ઓડીયો કલીપથી પણ એ હકીકત સાબિત થાય છે કે, આરોપી સાગર તેને વાતો કરવા માટે અને મળવા માટે બહાર બોલાવતો હતો અને જો તેણીની ન આવે તો તેના ઘરે જઈને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેનુ નુકશાન મૃતક ભાવનાબેનને થશે તેવી પણ ધમકી આપતો હતો અને તેની સાથે બેફામ ગાળો બોલતો હતો તેથી ડરી જઈને તેવા સંજોગોમાં પ્રેમભરી વાતો કરવા માટે મૃતક ભાવનાબેન મજબુર થઈ ગયેલા અને તેની વોટસએપ ચેટ અને કોલનુ રેકોર્ડીંગ તેણે કરી નાખેલ અને બદનામ કરતો હતો અને આવા ત્રાસના કારણે તેણી આપઘાત કરવા મજબુર થયેલ છે અને તેના કારણે આપઘાત કરુ છુ તેવી સ્પષ્ટ હકીકત સ્યુસાઈડ નોટ અને કેસના રેકર્ડ પરથી સાબિત થતી હોય તેવા સંજોગોમાં વોટસએપ ચેટમાં આરોપીના કહેવા મુજબ જે ઈમેજીસ ભાવનાબેનને કરેલ

છે તે ભાવનાબેને કરેલ હોય તો તે આરોપીના ધમકી અને દબાણને વશ થઈને કરેલ છે તેથી આરોપીના ત્રાસના કારણે મૃતકે આપઘાત કરેલ નથી તેવી કોઈ હકીકત સાબિત થઈ શકે નહી.

૩૨. આરોપીના વિ.વ.શ્રીએ એવો બચાવ લીધેલ છે કે, ફેબ્રુઆરી – ૨૧ પહેલા મરનારના કુટુંબ અને આરોપી સાગરના કુટુંબ વચ્ચે સારા સબંધો હતા અને માર્ચ–૨૧ થી આ સબંધો પુર્ણ થઈ ગયેલ હતા અને તેના અનુસંધાને ફરીયાદી પરેશભાઈ પ્રેમજીભાઈ સેતાની જુબાની પર આધાર રાખેલ છે અને તેણે આ હકીકતોને સમર્થન આપેલ છે તેવો બચાવ લીધેલ છે. પરંતુ ફેબ્રુઆરી –૨૧ પહેલા આરોપીના કુટુંબ સાથે સારા સબંધો હતા તેટલા માત્રથી તેનો લાભ આરોપીને મળી શકે નહી કારણ કે મરણજનાર ભાવનાબેન દવારા આરોપી ત્રાસ આપતો હતો તેવી વાત જયારે ઘરના સભ્યોને ફેબ્રુઆરી મહીનામાં ખબર પડેલી અને તેના વિરૂધ્ધ રમેશભાઈએ, પરેશભાઈએ ફરીયાદો પો.સ્ટે.માં કરેલી અને તેમ છતાં આરોપી સાગર માનેલો નહી અને રમેશભાઈને છરી અને લાકડી વડે તેના મિત્રની મદદથી માર મારેલ છે તેથી આ સબંધો પુરા થઈ ગયેલા તેવુ સ્પષ્ટપણે રેકર્ડ પરની હકીકત પરથી સાબિત થાય છે તેથી ઉપરોકત સંજોગોમાં ઉપરોકત હકીકતનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

૩૩. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, મરનારના ઘરની પરીસ્થિતી જોતા બાજુના બંધ ઘરમાંથી મરનારના ઘરમાં આવવુ શકય નથી તેમ છતાં આરોપી બાજુના બંધ ઘરમાંથી ઠેકડો મારી મરનારના ઘરમાં આવેલો તેવો આક્ષેપ ઉપજાવી કાઢેલ છે અને ત.ક.અ. બાજુના ઘરમાંથી મરનારના ઘરમાંથી આવવાનુ ઈરાદા પુર્વક ખોટુ બોલે છે તેથી બાજુના બંધ ઘરમાંથી મરનારના ઘરે આવવુ શકય નથી તેવુ જાગૃતીબેનની જુબાની પરથી ફલીત થાય છે અને જાગૃતીબેન દવારા

જે ઉલટતપાસમાં એડમીટ કરેલ છે તેનુ કોર્ટને ઘ્યાન દોરેલ છે. પરંતુ ઉપરોકત બચાવ પણ આરોપીના વિ.વ.શ્રીનો ટકવાપાત્ર નથી કારણ કે સદર જાગૃતીબેને પોતાની ઉલટતપાસમાં કેટલીક હકીકતો એડમીટ કરેલ છે અને કેટલીક હકીકતો ડીનાઈલ પણ કરેલ છે કે, ''એ વાત ખરી છે કે, મારા કાકા સામજીભાઈની દિવાલમાં કોઈ બારી નથી. એ વાત ખરી નથી કે, અમારી બાજુમાં વશરામભાઈ છે તેની અમારી સાથે જે કોમન દિવાલ છે તે છાપરા સુધી સળંગ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, અમારા ઘરનો દાદરો છે તે બાજુએ જગ્યા છે જેથી દાદરમાંથી કોઈ આવી શકે. અગાશીમાં જવાનો અમારો દાદરો વશરામભાઈની બાજુની દિવાલે છે. એ વાત ખરી છે કે, આ વશરામભાઈના ઘરે દાખલ થવુ હોય તો રસ્તામાં આવેલી ડેલીમાંથી દાખલ થઈ શકાય. એ વાત ખરી છે કે, વશરામભાઈની ડેલીએ તાળુ હોય અથવા તો બંધ હોય તો તેમના ઘરમાંથી કયાય જઈ શકાય નહી કે તેમના ઘરમાંથી અમારા ઘરમાં આવી શકાય નહી. એ વાત ખરી નથી કે, તહોમતદાર અમારા ઘરમાં વશરામભાઈના ઘરેથી ઠેકડો મારીને આવેલો તેવી હકીકત ઈરાદાપુર્વક ખોટી જણાવુ છુ.'' આજે હકીકતો ઉલટતપાસમાં બહાર આવેલ છે તેના પરથી એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, તેમના ઘરની બાજુમાં વશરામભાઈ છે તેની દિવાલ અને જાગૃતીબેનના ઘરની દિવાલ કોમન છે તે છાપરા સુધી સળંગ નથી એટલે કે વશરામભાઈના ઘરમાંથી ઉપરના ભાગેથી સરળતાથી ભાવનાબેનના ઘરમાં જઈ શકાય છે તથા જે સાહેદે સ્વચ્છાએ હકીકત જણાવેલ છે તેનાથી પણ એ હકીકત સાબિત થાય છે કે, તેમના ઘરમાં દાદરો છે તેની બાજુએ જગ્યા છે જેથી દાદરમાંથી પણ કોઈ આવી શકે અને અગાસીમાં જવાનો તેમનો દાદરો વશરામભાઈની બાજુની દિવાલે છે તેથી તેવા સંજોગોમાં દાદરની જગ્યામાંથી પણ ભાવનાબેના ઘરે જઈ શકાય છે અને વશરામભાઈની દિવાલેથી પણ ભાવનાબેનના ઘરે જઈ શકાય છે તેથી

જાગૃતીબેન દવારા તથા બીજા સાહેદો દવારા અને ફરીયાદપક્ષ દવારા જે હકીકત રેકર્ડ પર મુકવામાં આવેલ છે કે આરોપી સાગરે ઠેકડો મારીને ભાવનાબેનના ઘરે ગયેલો તો તે હકીકત સાચી છે તેથી તે હકીકત ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં જોઈએ તો ત.ક.અ.ની જુબાનીનો આધાર આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે અને ઉલટતપાસમાં આ સાહેદ દવારા એવી હકીકતો જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે મરનારના મકાનની બાજુના બંધ મકાનથી મરનારના ઘરમાં જવાનો કોઈ રસ્તો નથી. હું ગુનાવાળી જગ્યાએ ગયો ત્યારે બાજુવાળા બંધ મકાનની મુલાકાત લીધેલી. એ વાત ખરી છે કે, તે મકાનમાં દાખલ થવાનો એકજ દરવાજો છે.'' પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ જાગૃતીબેને સ્પષ્ટપણે જયારે પોતાની ઉલટતપાસમાંથી સ્વૈચ્છા પુર્વક જણાવેલ છે કે, બાજુની દાદરો છે તેની બાજુએ જે જગ્યા છે જેથી દાદરમાંથી કોઈ આવી શકે અને અગાસીમાં જવાનો તેમનો દાદરો વશરામભાઈની બાજુની દિવાલ ` છે અને વશરામભાઈ તેમની બાજુમાં છે અને તેમની સાથે જે કોમન દિવાલ છે તે છાપરા સુધી નથી તે જે હકીકતો રેકર્ડ પર આવેલ છે તેના પરથી માત્ર ત.ક.અ. ની જુબાની પર આધાર રાખી શકાય નહી. પરંતુ જે નજરે જોનાર સાહેદો છે તેની જુબાની માનવાની રહે છે અને તેની જુબાની કોર્ટે જોવાની રહે છે અને તે જોતા આરોપી ઠેકડો મારીને ભાવનાબેનના ઘરે આવેલો તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. તેથી મરનારની બંને તરફ કોમન દિવાલેથી ભાવનાબેનની ઘરની ડેલીમાંથી દાખલ થવાનો કોઈ રસ્તો નથી તે હકીકત સાબિત થઈ શકે નહી.

૩૪. આરોપીના વિ.વ.શ્રી દવારા આંક-૯૭ થી આંક-૧૦૦ ના દસ્તાવેજો ભારતીય પુરાવા અધિનીયમની કલમ – ૬૧ મુજબ પુરવાર થયેલ ન હોવાથી તેમા લખેલ હકીકતો આરોપી સામે ઉપયોગમાં લેવા જોઈએ નહી અને આ કેસો ખોટા કેસો કરેલ છે અને ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે તેને સમર્થન આપવા માટે તેમણે ત.ક.અ.

વાય. પી. વ્યાસની જુબાની પર આધાર રાખેલ છે અને આંક–૯૭ થી તેમણે રમેશભાઈ ધીરુભાઈ સેતાએ મહુવા પો.સ્ટે.માં ફ. ગુ. ર. નં.–૩૩/૨૧ ની ફરીયાદ તથા તેના કાગળો રજુ કરેલ છે તથા ચેપ્ટર કેસ નં.–૫૬૬/૨૧ ના કાગળો આંક–૯૮ થી રજુ કરેલ છે તથા ચેપ્ટર કેસ નં.–૩૫૮/૨૧ ના કાગળો આંક–૯૯ થી રજુ કરેલ છે અને ભાવનાબેન સેતાએ કરેલ ઈન્વર્ડ અરજી નં.–૪૫૨/૨૧ ને આંક–૧૦૦ આપેલ છે અને આ દસ્તાવેજોની તપાસ ત.ક.અ.એ કરેલ નથી તેવુ ઉલટતપાસમાં કબુલ કરેલ છે તેની ફરીયાદ પણ તેઓની રુબરુ લેવામાં આવેલ નથી અને આંક–૯૭ થી ૧૦૦ ની અરજીઓ અને ફરીયાદ સાચા હતા કે કેમ તે બાબતે તેઓ કહી શકે નહી અને આ દસ્તાવેજો સર્ટીફાઈડ કોપી નથી તેથી આરોપીના વિ.વ.શ્રી આ દસ્તાવેજો સાબિત થતા ન હોવાથી તેનો લાભ આરોપીને આપવા અરજ કરેલ છે અને તે સાબિત થયેલા કહી શકાય નહી તેવી અરજ કરેલ છે તથા આંક–૯૯ ની અરજી સર્ટીફાઈડ નકલ ન હોવાથી તે પુરાવામાં ગ્રાહય નથી તથા આંક–૧૦૦ ની અરજી અન્વયે ફરીયાદી પરેશભાઈએ જુબાનીમાં કાઈ જણાવેલ નથી તથા સાહેદ રમેશભાઈએ આંક–૫૭ થી તેમની જુબાનીમાં આરોપી ભાવનાબેનને હેરાન કરતો હોવાથી ભાવનાબેન સાથે તે મહુવા પો.સ્ટે.મા ગયેલો અને સાગર વિરૂઘ્ઘ અરજી કરેલી તથા શૈલેષભાઈ ધીરુભાઈએ આંક–૪૯ ની જુબાનીમાં આરોપી સાગર ભાવનાબેનને પ્રેમ સબંઘ બાંઘવા અને વાતો કરવા દબાણ કરતો જેથી ભાવનાબેને ચોખ્ખી ના પાડેલી તેથી બે માસ પહેલા ભાવનાબેન અને રમેશભાઈ આરોપી વિરૂઘ્ઘ ફરીયાદ કરવા ગયેલા પણ સાગર સુઘરેલ નહી અને જાગૃતીબેને આંક–૬૪ માં આવી હકીકતો જણાવેલ છે. તેથી જયારે ફરીયાદી પરેશભાઈ દવારા પોતાની જુબાનીમાં રમેશભાઈ, શૈલેષભાઈ, જાગૃતીબેનના કથનો મુજબની કોઈ હકીકત જણાવેલ નથી તથા માત્ર મરનારે આરોપીને કોલ કરેલ છે તેથી આરોપી મરનારને પ્રેમ સબંઘ બાંઘવા

માટે અને ફોન વાતો કરવા દબાણ કરતો હતો તે હકીકત સાબિત થાય નહી તથા જાગૃતીબેના આક્ષેપ મુજબ ઠેકડો મારી બંધ મકાનમાંથી આરોપી ભાવનાબેનના ઘરે આવેલો અને તેમના પરીવારને હેરાન પરેશાન કરેલ અને તેના કારણે રમેશભાઈ ભાવનાબેન સાથે મહુવા પો.સ્ટે.મા ગયેલા અને ફરીયાદ કરેલ તે હકીકત ખોટી પુરવાર થાય છે.

પરંતુ ઉપરોકત આ બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તે બચાવ ટકવાપાત્ર નથી કારણ કે ફરીયાદી પરેશભાઈ દવારા પોતાની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મહુવા પો.સ્ટે.માં તા.૨૦/૦૪/૨૧ ના રોજ ભાવનાબેન આરોપી સાગર વિરૂધ્ધમાં અરજી આપેલી અને તેની સાથે રમેશભાઈ ધીરુભાઈ ગયેલા તેની દાઝ રાખીને આરોપી સાગરે તેની સાથેના અન્ય એક વ્યકિતને રમેશભાઈ ઉપર છરી વડે હુમલો કરી ઈજા કરેલી તે બાદ મહુવા પો.સ્ટે.માં માર મારવા બાબતે ફરીયાદ કરેલી તે હકીકતને સમર્થન આપેલ છે. એટલે કે રમેશભાઈએ જે ફરીયાદ આરોપી વિરૂધ્ધ માર માર્યાની કરેલ છે તેને સમર્થન આપેલ છે અને તેની સાથે સાથે આરોપી સાગર ભાવનાબેનને ત્રાસ આપતો હતો તે પણ સાબિત થાય છે. માત્ર પરેશભાઈએ જે ફરીયાદ પોતે તા.૧૦/૦૪/૨૧ ના રોજ આરોપી સાગર વિરૂધ્ધ આપેલ છે તે ફરીયાદ અન્વયે તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ નથી તેથી આરોપી ભાવનાબેનને ત્રાસ આપતો ન હતો તે હકીકત સાબિત થઈ શકે નહી. વધુમાં જોઈએ તો આ દસ્તાવેજી પુરાવાની નકલ ત.ક.અ. દવારા પોતાની જુબાનીમાં રજુ કરેલ છે તેને આંક–૯૮ પડેલ છે અને આ નકલ સર્ટીફાઈડ ન હોવાથી તે ચોકકસપણે પુરાવામાં વંચાણે લઈ શકાય નહી. પરંતુ આ કામે ફરીયાદી પરેશભાઈ દવારા સાહેદ રમેશભાઈ સેતા દવારા આરોપીની સામે જે પોલીસ ફરીયાદ કરેલ

છે તેને સમર્થન આપેલ છે તથા વધુમાં જોઈએ તો આ કામે સાહેદ રમેશભાઈ સેતા દવારા આંક–૫૭ થી જે જુબાની સોગંદપર આપેલ છે તેમા તેણે ભાવનાબેન સાથે પો.સ્ટે.માં જઈને આરોપી વિરૂધ્ધ અરજી આપેલી ત્યારબાદ આરોપી તેમના પરીવારના સભ્યોને હેરાન કરવા લાગેલો અને તા.૨૦/૦૪/૨૧ ના રોજ ભાવનાબેન સાથે તે અરજી કરવા ગયેલો તેની દાઝ રાખીને સાગરે તેને મહુવાના બંદર રોડ ઉપર તેના કોઈ મીત્રની મદદથી લાકડી અને છરી વડે માર મારી તેને પગે તથા જમણા હાથે કોણીના ભાગે ઈજા કરેલી તેથી સાગર વિરૂધ્ધ મહુવા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી જે ફરીયાદને આંક–૫૮ આપવામાં આવે છે અને આ આંક–૫૮ માંની ફરીયાદમાની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. આંક–૫૮ જોઈએ તો તે ઝેરોક્ષ ફરીયાદ હોય તેવુ જણાય છે. તેમા આરોપી દવારા પો.સ્ટે.માં જે ફરીયાદ આરોપી વિરૂધ્ધ આપેલી તેમા તેણે સહી કરેલ છે જયારે આંક–૫૮ ને આંક આપવામાં આવેલો તે વખતે આરોપીના વિ.વ.શ્રી દવારા ઝેરોક્ષ ફરીયાદને આંકે પાડવા સામે કોઈ વાંધો તકરાર લીધેલ નથી અને એ ફરીયાદને આંક–૫૮ આપવામાં આવેલ હોય તે વખતે આ ફરીયાદમાના તમામ કન્ટેન્સન ફરીયાદપક્ષ સાહેદ રમેશભાઈની જુબાનીથી સાબિત કરતા હોય તેવા સંજોગોમાં એ હકીકત સાબિત થાય છે કે, રમેશભાઈએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ પો.સ્ટે.માં આપેલી તેની દાઝ રાખીને તેના મિત્રની મદદથી લાકડી અને છરી વડે માર મારેલ છે તથા પગે તથા જમણા કોણીના ભાગે ઈજા કરેલ છે અને આ હકીકત પોતાની આંક–૫૮ ની ફરીયાદમાં પણ જણાવેલ છે તેથી જયારે આંક–૫૮ ના કન્ટેશન જુબાનીમાં સાબિત કરેલ હોય તેવા સંજોગોમાં આ ફરીયાદ ખોટી છે તેવુ કહી શકાય નહી. વધુમાં જોઈએ તો આંક–૫૮ ની ફરીયાદ અંગેની હકીકતો તેણે પોતાના પોલીસ રુબરુ ના નિવેદન તા.૦૭/૦૫/૨૧ માં જણાવેલ છે અને ત.ક.અ. વાય.પી. વ્યાસ

દવારા આંક–૮૫ થી જુબાની આપેલ છે તેમા પણ આંક–૯૭ થી જે રમેશભાઈ ધીરુભાઈ સેતા દવારા તા.૨૦/૦૪/૨૧ ના રોજ મહુવા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ છે તેને સમર્થન આપેલ છે જેને આંક–૫૮ પણ આપેલ છે જે એફ. આઈ. આર. હોય તેવુ જણાય છે અને તે એફ. આઈ. આર.ની ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરવામાં આવેલ છે અને તેને આંકે આપતી વખતે આરોપીના વિ.વ.શ્રી દવારા વાંધો લીધેલ છે અને તે દસ્તાવેજી પુરાવાને ટેન્ટેટીવ આંક–૯૭ આપેલ છે તેથી આ દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ શકાય કારણ કે આ દસ્તાવેજ આંક–૯૭ થી રજુ કરવામાં આવેલ છે તેની અસલ ફરીયાદની ઝેરોક્ષ નકલને આંક–૫૮ થી સાહેદ રમેશભાઈ સેતાની જુબાનીમાં રજુ કરવામાં આવેલ છે અને તેને આંક–૫૮ આપતી વખતે આરોપીપક્ષે કોઈ વાંધો લીધેલ નથી અને તેને જો આંક પડી ગયેલ હોય અને તેમાની સહી અને કન્ટેશન સાહેદ રમેશભાઈ દવારા સાબિત કરેલ હોય તો આંક–૯૭ ની જે ફરીયાદ ની એફ. આઈ. આર.ની ઝેરોક્ષ રજુ કરેલ છે તેમા આજ કન્ટેશન છે અને તેજ હકીકતોને સદર ત.ક.અ. દવારા સાબિત કરેલ છે તેથી માત્ર વાંધો લેવા માત્રથી આ હકીકત સાબિત ન થઈ શકે કે તે ઝેરોક્ષ ફરીયાદ હોવાથી અને સર્ટીફાઈડ ન હોવાથી પુરાવામાં વંચાણે લઈ ન શકાય પરંતુ આંક–૫૮ થી આંક–૯૭ ફરીયાદપક્ષે સાબિત કરેલ હોય તેવા સંજોગોમાં આંક–૫૮ એ આંક–૯૭ની ફરીયાદનો ભાગ છે અને તેમા મહુવા પો.સ્ટે. દવારા ૫૬૫/૨૧ તા.૧૨/૦૪/૨૧ ના રોજ એકઝી. મેજી. રુબરુ અટકાયતી પગલા લેવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે તે ન માનવા માટે કોઈ કારણ નથી અને આંક–૫૮ સાબિત કરેલ હોય અને તેની ઝેરોક્ષ ફરીયાદ આંક–૯૭થી રજુ કરેલ હોય તેથી તે સર્ટીફાઈડ ન હોવાથી તે સેકન્ડરી એવીડન્સ તરીકે ભારતીય પુરાવા ધારાની જોગવાઈ મુજબ સાબિત થઈ શકે નહી તે બચાવ ટકી શકે નહી. વધુમાં જોઈએ તો આ કામે આંક–૯૯ થી ચેપ્ટર કેસ નં.–૩૯૯/૨૧ ની કાર્યવાહી કરવા

માટે મહુવા પોલીસ ઈન્સ. દવારા એકઝી. મેજી. મહુવાને આગળની કાર્યવાહી કરવા માટે અને સારી ચાલ ચલગતના તથા લાંબી મુદૃતના તથા મોટી રકમના જામીન તથા જાત મુચરકા લેવા અરજ કરેલ છે અને તે અન્વયે તેની સાથે મહુવા પો.સ્ટે.ના કર્મચારી એ.એલ. ભટ્ટી દવારા એકઝી. મેજી.શ્રીને સધ્ધર જામીન લેવા માટે આરોપી સામે આગળની કાર્યવાહી કરવા માટે સાધનીક કાગળો સાથે લખીને મોકલવામાં આવેલ છે. પરંતુ આ તમામ દસ્તાવેજો સર્ટીફાઈડ કોપી ન હોય અને આઈ. ઓ.ની જુબાનીમાં રજુ કરી દેવા માત્રથી તે હકીકત સાબિત થઈ શકે નહી કે આ ચેપ્ટર કેસની કાર્યવાહી મહુવા પોલીસ દવારા કરવામાં આવેલ હતી. પરંતુ આંક–૯૯ સાથેના સાધનીક કાગળો વંચાણે લઈએ તો તેમા આરોપી ભાવનાબેનને અવાર નવાર ફોનમાં ગાળો બોલે છે જયા મળે ત્યાં રુબરુ ગાળો આપે છે. અરજદારના ઘરે વંડી ટપી આવી જોર જોરથી ગાળો બોલે છે. અરજદાર હેરાન પરેશાન થઈ ગયેલ છે તથા પોલીસમાં જાણ કરશે તો મારી નાખશે તેવી ધમકી આપે છે. અવાર નવાર પૈસાની માંગણી કરે છે તથા અરજદારનો પીછો કરેલ છે તથા તેની સાથે માથાકુટ કરે તેવી દહેશત હોય અને તે સામાવાળા માથાભારે અને જનુની સ્વભાવના હોવાથી આગળની કાર્યવાહી કરવા માટે અરજી આપેલ હતી તે આંક–૧૦૦ થી રજુ કરવામાં આવેલ છે તેના અનુસંધાને આંક–૯૯ ની ચેપ્ટર કેસની કરવામાં આવેલ છે અને આ અરજી વંચાણે લઈએ તો વિપુલભાઈનુ નામ ચેકી રમેશભાઈ લખવામાં આવેલ છે અને ભાવનાબેન સેતાએ સહી કરી મહુવા પોલીસ ઈન્સ.ને અરજી કરેલ છે. પરંતુ આંક–૧૦૦ ની અરજી તથા આંક–૯૯ ના અરજીના પેપર્સ સર્ટીફાઈડ કોપી ન હોવાથી ત.ક.અ. તેના પોતાના પુરાવામાં રજુ કરી દેવા માત્રથી સાબિત થઈ શકે નહી. પરંતુ જુદા જુદા સાહેદો દવારા તે અરજીને સમર્થન આપેલ છે તેમા સાહેદ રમેશભાઈ ધીરુભાઈ સેતાએ સ્પષ્ટપણે જણાવેલ કે જેથી હુ મારી

બેન ભાવના સાથે મહુવા પો.સ્ટે. ગયેલો અને સાગર વિરૂધ્ધ ફરીયાદ કરેલી તેજ રીતે સાહેદ શૈલેષભાઈ ધીરુભાઈ સેતાએ જણાવેલ છે કે, આ બનાવના બે માસ પહેલા મારા બેન ભાવનાબેન અને રમેશભાઈએ સાગર મગનભાઈ વિરૂધ્ધમાં અરજી કરવા ગયેલા પરંતુ સાગર સુધરેલ નહી અને હેરાન કરતો હતો આમ શૈલેષભાઈએ ભાવનાબેન અને રમેશભાઈ બંને જણાએ મહુવા પો.સ્ટે.માં અરજી કરેલ હતી તે હકીકતને સમર્થન આપેલ છે. તેજ રીતે જાગૃતીબેને પણ પોતાની જુબાનીમા સ્પટષ્ટપણે જણાવેલ છે કે, ભાવનાબેન અને રમેશભાઈ મહુવા પો.સ્ટે.માં સાગર વિરૂધ્ધ ફરીયાદ કરવા ગયેલા તે હકીકતને તેમણે સમર્થન આપતો પુરાવો આપેલ છે. આમ રમેશભાઈ અને ભાવનાબેન બંને જણા સાગર વિરૂધ્ધ પો.સ્ટે.માં ફરીયાદ કરવા ગયેલા તે હકીકતને સમર્થન આપેલ હોય તેવા સંજોગોમાં ભલે આ આંક–૯૯ અને ૧૦૦ ના દસ્તાવેજી પુરાવા સાબિત ન થાય પરંતુ તેમા રહેલ કન્ટેશન પરથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપી અવાર નવાર ભાવનાબેનને હેરાન પરેશાન કરત હતો, પૈસાની માંગણી કરતો હતો, ધાક ધમકી આપતો હતો. વધુમાં જોઈએ તો માત્ર સર્ટીફાઈડ કોપી રજુ કરેલ નથી તેથી આ આંક–૧૦૦ ની ફરીયાદ ઉભી કરવામાં આવેલ છે તેવુ કહી શકાય નહી. રમેશભાઈએ જો ઉલટતપાસમાં એવુ કબુલ કરેલ હોય કે અરજીમાં વિપુલભાઈનુ નામ ચેકીને રમેશભાઈ લખેલ હોય તેવુ બનેલ નથી કે અરજી તેણે તૈયાર કરેલ હતી તેટલી હકીકત જણાવવા માત્રથી આ હકીકત સાબિત થઈ શકે નહી કે આ અરજી આંક–૧૦૦ વાળી પાછળથી ઉભી કરવામાં આવેલ છે કારણ કે આંક–૧૦૦ ની અરજી કરવામાં આવેલ છે તેમા સહી ભાવનાબેને કરેલ છે કે કેમ તે ભાવનાબેન પોતે જ કરી શકે પરંતુ તેમણે આપઘાત કરેલ હોવાથી તે હકીકત સાબિત થઈ શકતી નથી. તેથી માત્ર આંક–૧૦૦ ની ફરીયાદ ભાવનાબેને કરેલ છે તે હકીકત સાબિત થઈ શકે નહી તથા તેને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ સદરહું આંક–

૧૦૦ નો પુરાવો સર્ટીફાઈડ ન હોવાથી તે સાબિત થયેલો કહી શકાય નહી પરંતુ તેના કન્ટેશન આંક પડેલ હોવાથી વંચાણે લઈ શકાય છે. કારણ કે આંક–૧૦૦ ના કન્ટેશન અંગે જુદા જુદા સાહેદોએ પોતાની જુબાનીમાં સમર્થન આપેલ છે. વધુમાં જોઈએ તો શૈલેષભાઈ ધીરુભાઈ સેતાએ આંક–૪૯ થી રમેશભાઈએ તથા ભાવનાબેને પો.સ્ટે.માં જે અરજી કરવા ગયેલા તેમ છતાં સાગર સુધરેલ નહી અને હેરાન પરેશાન કરતો હતો તેના પરથી એ હકીકત સાબિત થાય છે કે, આટલી બધી અરજીઓ ભાવનાબેન તથા રમેશભાઈએ કરેલ છે અને તે અનુસંધાને ચેપ્ટર કેસ કરેલ છે તેમ છતાં આરોપી સુધરેલ નથી અને તેમ છતાં આરોપી સાગરે રમેશભાઈને તેના મિત્રની મદદ વડે માર મારેલ છે અને તેની પણ ફરીયાદ રમેશભાઈએ કરેલ હોવાથી આરોપી સાગર માથાભારે સ્વભાવનો છે અને જનુની સ્વભાવનો છે અને તેના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે તે રેકર્ડ પરની હકીકતથી સ્પષ્ટ સાબિત થાય છે તથા આ હકીકત શૈલેષભાઈની જુબાનીથી પણ સાબિત થાય છે અને આ હકીકતને જાગૃતીબેને આંક–૬૪ થી જુબાની આપેલ છે તેનાથી પણ આ હકીકત સાબિત થાય છે. વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રીદવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, રમેશભાઈની ફરીયાદ સાબિત થતી નથી તેનાથી સાહેદોની જુબાની સ્વીકારવા પાત્ર નથી અને તે ફરીયાદમાં સહી બાબતે રમેશભાઈ ઈરાદાપુર્વક ખોટી જુબાની આપે છે તે દર્શાવે છે કે ફરીયાદ શંકાસ્પદ અને ખોટી છે અને તે અનુસંધાને રમેશભાઈની ફરીયાદ અંગે વાય.પી.વ્યાસ ત.ક.અ.ની આંક–૮૫ ની જુબાની પર આધાર રાખેલ છે તેમા કોર્ટનુ ધ્યાન દોરેલ છે કે, મહુવા પો.સ્ટે. ફ. ગુ. ર. નં.–૩૩/૨૧ થી રમેશભાઈ ધીરુભાઈ સેતાએ આપેલ ફરીયાદ તથા તેના તપાસના કાગળો તેમણે આ ગુનાની તપાસ દરમ્યાન મેળવેલા તેને આંક–૯૭ આપેલ છે. એફ. આઈ. આર.ના ફોર્મેટમાં કોમ્પ્યુરથી ટાઈપ કરેલ

અનસર્ટીફાઈડ દસ્તાવેજ છે તે અસલ કે સર્ટીફાઈડ દસ્તાવેજ ન હોય ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૬૧ મુજબ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી તથા આંક–૯૭ ની ફરીયાદના કારણ બાબતે સાહેદો ખોટી જુબાની આપે છે તે બાબતે રમેશભાઈની જુબાની પર આધાર રાખેલ છે અને તેમા તેઓએ જણાવેલ છે કે તા.૨૦/૦૪/૨૧ ના રોજ ભાવનાબેન સાથે હુ ફરીયાદ કરવા ગયેલો તેની દાઝ રાખી સાગરે તેના મિત્રની મદદથી લાકડી અને છરી વડે માર મારી પગે તથા જમણા હાથે કોણી પાસે ઈજા કરેલી અને તેની મહુવા પો.સ્ટે.માં ફરીયાદ કરેલ છે તથા આ સાહેદની ઉલટતપાસ જોતા સદર ફરીયાદના આક્ષેપો ખોટા છે પરંતુ સદરહુ રમેશભાઈની ફરીયાદ જે આંક–૯૭ થી આ કામે રજુ કરવામાં આવેલ છે તે ત.ક.અ.ની જુબાનીમાં રજુ કરેલ છે તે સર્ટીફાઈડ દસ્તાવેજ નથી અને તેને આંક–૯૭ આપેલ છે અને ઉપરોકત હકીકતનો લાભ આપવા આરોપીના વિ.વ.શ્રી દવારા અરજ કરેલ છે. પરંતુ આરોપીના વિ.વ.શ્રીનો આ બચાવ પણ ટકવાપાત્ર નથી કારણે કે અગાઉ ચર્ચા કરી તે મુજબ રમેશભાઈએ પોતાની જુબાનીમાં આંક–૫૮ થી પોતાની ફરીયાદને સમર્થન આપતો પુરાવો આપે છે તેમા સાગર અંગે ભાવનાબેને હેરાન કરતો હોવાની પો.સ્ટે.માં ફરીયાદ કરેલી તેની દાઝ રાખીને સાગરે તેના મિત્રની સાથે મળીને છરી વડે માર મારી ડાબા હાથની કોણીએ અને લાકડાના ધાકા વડે પગના ગોઠણ પર ઈજા કરેલાની હકીકત ધરાવતી ફરીયાદ આંક–૫૮ થી ફરીયાદ કરે છે તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આંક–૫૮ ની ફરીયાદ આંકે આપતી વખતે આરોપીના વિ.વ.શ્રી દવારા કોઈ વાંધો તકરાર ન હોવાથી અને રમેશભાઈએ તેને સમર્થનકારી પુરાવો આપેલ હોવાથી આરોપી સાગર માથાભારે હતો અને વાંરવાર ભાવનાબેનને ત્રાસ આપતો અને કંટાળી ભાવનાબેને એસીડ પીધેલ છે અને રમેશભાઈને માર મારેલ છે અને તે અંગે ચેપ્ટર કેસ ૫૬૬/૨૧ મહુવા પોલીસમાં કરવામાં આવેલ છે તે સાબિત થાય છે આંક–૯૭

અને ૫૮ ની ફરીયાદ સ્પષ્ટપણે સાબિત થતી હોય તેવા સંજોગોમાં રમેશભાઈ દવારા પુરાવો આપેલ છે તે કોઈપણ સંજોગોમાં અવગણી શકાય નહી અને તે આપઘાત ભાવનાબેન દવારા કરેલ છે તેને સમર્થનકારી પુરાવો ડાયરેકટ મળી રહે છે તથા રમેશભાઈની ઉલટતપાસ દરમ્યાન આરોપી સાગરે તેના મિત્ર સાથે મળી માર મારેલ નથી તથા તેને ઈજા થયેલ નથી અને ખોટી રીતે આરોપી વિરૂધ્ધ અરજી કરેલ છે તે હકીકતોની સંપુર્ણપણે રમેશભાઈ દવારા ઈન્કારી કરેલ છે તેથી ઉલટતપાસમાં એવી કોઈ હકીકત બહાર આવતી નથી કે રમેશભાઈ દવારા ખોટી અરજી પો.સ્ટે.માં કરેલ છે તથા રમેશભાઈની અરજી ઉપરથી એવી પણ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, ભાવનાબેનના ભાઈઓને તે માર મારતો હતો અને તેણે જે અગાઉ ભાવનાબેનને ધમકીઓ આપેલ હતી કે તે તેઓના ભાઈઓને મારી નાખશે તે આ ફરીયાદથી આવી ધમકીઓ સાબિત થાય છે. વધુમાં જોઈએ તો આંક–૯૭ ની અરજીમાં જે ટાઈપ સેતા રમેશ ડી. એવુ ટાઈપ થયેલ છે તેમ છતાં રમેશભાઈ પોતાની સહી હોવાનો ઈન્કાર કરેલ છે તે આરોપીપક્ષનો બચાવ માની શકાય નહી કારણે કે આંક–૫૮ ની અરજીમાં તેજ રીતે રમેશભાઈએ પોતાની સહી કરેલ છે અને તેનુ પ્રીન્ટેડ વર્ઝન એફ. આઈ. આર. તરીકે આંક–૯૭ થી રજુ કરેલ છે તેમા તેની આંક–૫૮ માં સહી કરેલ છે તે પ્રમાણે કોમ્પ્યુટરથી લખેલ છે તેથી આંક–૯૭ નો દસ્તાવેજ ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી અને તેજ પ્રમાણે રમેશભાઈએ સહી કરેલ છે અને આરોપીપક્ષ આ પુરાવો ખોટો છે તે સાબિત કરી શકેલ નથી તેથી તે સહી રમેશભાઈની છે તે ન માનવા માટે કોઈ કારણ નથી કારણ કે રમેશભાઈએ આંક–૫૮ ની સહી ઓળખી બતાવેલ છે અને અગાઉ આંક–૫૮ આપતી વખતે આરોપીના વિ.વ.શ્રી દવારા કોઈ વાંધો તકરાર લેવામાં આવેલ નથી તેથી પણ આ બચાવ ટકવાપાત્ર નથી અને પાછળથી આવો બચાવ ટકી શકે નહી.

૩૫. વધુમા જોઈએ તો આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા ફરીયાદના સંજોગો શંકાસ્પદ છે તથા બનાવના સાહેદો પૈકી તમામ સાહેદો મરનારના નજીકના સગા છે તથા ફરીયાદ તથા નિવેદન શંકાસ્પદ સંજોગોમાં લેવામાં આવેલ છે અને તેના અનુસંધાને તેઓએ એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે ઈન્કવેસ્ટ કર્યા પહેલા મહુવા હોસ્પિટલે મરનારના સગાઓએ પુછપરછ કરેલ હોવાનુ ફરીયાદ લેનાર પોલીસ ઈન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલાએ પોતાની જુબાનીમાં જણાવેલ છે તેમા રેકર્ડ મુજબ ત્યારબાદ ઈન્કવેસ્ટ કરવામાં આવેલુ અને લાશ પી.એમ. માટે મોકલેલ અને ત્યારબાદ ફરીયાદ લેવામાં આવેલી. ફરીયાદપક્ષના કથન મુજબ બનાવ બન્યો પ્રથમ તબકકે બનાવ બાબતે પુછપરછ કરવામાં આવેલ ત્યારે ફરીયાદ લેવામા કેમ ન આવેલ છે અને આટલુ મોડુ શા માટે થયેલ છે તે તમામ સંજોગો દર્શાવે છે કે ફરીયાદ શંકાસ્પદ સંજોગોમાં લેવામાં આાવેલ છે અને તે હકીકત ઉભી કરવા ફરીયાદપક્ષને સમય આપવામાં આવેલ છે અને તે અંગે ફરીયાદીની જુબાની ઉપર આધાર રાખેલ છે તથા શૈલેષભાઈ ધીરુભાઈ સેતાની જુબાની પર આધાર રાખેલ છે અને રમેશભાઈ ધીરુભાઈ સેતાની જુબાની પર આધારે રાખેલ છે અને તેજ રીતે જાગૃતીબેનની જુબાની ઉપર પણ આધાર રાખેલ છે.

પરંતુ ઉપરોકત આરોપીના વિ.વ.શ્રીનો બચાવ ટકવાપાત્ર નથી કારણ કે, એક તબકકે એવુ માની લેવામાં આવે કે રેકર્ડ પરથી એવી હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, બનાવ બન્યા પછી સાહેદોની મહુવા હોસ્પિટલે પુછપરછ કરવામાં આવેલી ત્યારબાદ ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલુ ત્યારબાદ ફરીયાદ કરવામાં આવેલ છે. પરંતુ અગાઉ આ બાબતે ચર્ચા કરી તે મુજબ હોસ્પિટલમાં એકબીજા સાહેદો સાથે વાતો કરવા માત્રથી તેને બનાવ બાબતે ચર્ચા કરી ન કહેવાય તથા ફરીયાદપક્ષની શરૂઆતથી ફરીયાદ એવી છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેન દવારા એસીડ

પી ગયેલ છે અને તે દર્શાવવા માટે આંક–૯૭ અને ૫૮ થી રમેશભાઈએ આરોપી સામે ફરીયાદ કરેલ છે તે સાબિત કરવામાં આવેલ છે તથા આ ફરીયાદો અને હાલની ફરીયાદ ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપી સાગર પ્રેમ સબંધ બાંધવા માટે ભાવનાબેનને અવાર નવાર હેરાન પરેશાન કરતો હતો અને તેના ત્રાસના કારણે ભાવનાબેને એસીડ પી ગયેલ છે અને આરોપી સાગર અવાર નવાર આ બનાવ પહેલા હેરાન પરેશાન કરતો હતો તે બાબતે પો.સ્ટે.માં ફરીયાદ આપેલ છે અને તે બાબતે રમેશભાઈએ આરોપી માથાભારે અને જનુની સ્વભાવનો હોવાથી તેઓને માર મારેલ છે અને ઈજા પહોચાડેલ છે અને ચેપ્ટર કેસ થયેલા છે અને આ તમામ સંજોગોની સાથે સાથે મેડીકલ ઓફીસર ડો. કુચા દવારા મેડીકલ પેપર્સ અને એડમીશન શીટ રજુ કરવામાં આવેલ છે તે સંજોગો જોઈએ સવારે ૮:૫૦ કલાકે તા.૦૭/૦૫/૨૧ ના રોજ એસીડ પીવાથી ભાવનાબેનનુ મૃત્યુ થયેલ છે તેથી ભાવનાબેને આરોપીના ત્રાસના કારણે એસીડ પી આત્મહત્યા કરેલ હોય અને શરૂઆતથી આ હકીકત રેકર્ડ પર આવે છે અને તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે તેથી માત્ર ઈન્કવેસ્ટ પછી ફરીયાદ નોંધવામાં આવેલ છે અને જે સાહેદોના નિવેદનો પોલીસ દવારા લેવામાં આવેલ છે તે આરોપીને સંડોવવા લેવામાં આવેલ છે અથવા તો ફરીયાદપક્ષને સમય ફાળવવા આપેલ છે અથવા સ્યુસાઈડ નોટ ઉભી કરવા લેવામાં આવેલ છે તેવી તકરાર કોઈપણ સંજોગોમાં ટકી શકે નહી. જો ભાવનાબેને એસીડ પીધેલ ન હોય તો એફ. એસ. એલ. દવારા ભાવનાબેનને વિશેરા રીપોર્ટ કરવામાં આવેલ છે તે પોઝીટીવ આવે નહી અને એસીડની હાજરી ભાવનાબેનના શરીર પર અને શરીરમાં આવે નહી અને આ હકીકત પી.એમ. રીપોર્ટથી આ હકીકત સાબિત થાય છે અને મેડીકલ ઓફીસર દવારા તેને સમર્થન આપેલ છે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના

નિવેદનોને ફરીયાદ મુજબ લખવા માટે તથા ફરીયાદ કરવા માટે સમય ફાળવવા માટે ફરીયાદ મોડી કરેલ છે અને ઈન્કવેસ્ટ કરેલ છે તેનો લાભ મળી શકે નહી. કારણ કે ભાવનાબેન દવારા આરોપીના ત્રાસના કારણે એસીડ પી આત્મહત્યા કરેલ છે તે ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરેલ છે. તેવા સંજોગોમાં ઉપરોકત આરોપીપક્ષનો બચાવ કોઈપણ સંજોગોમાં સાબિત થતો નથી કે તેને લાભ મળી શકે નહી.

૩૬. આરોપીના વિ.વ.શ્રી દવારા બચાવ લેવામાં આવેલ છે કે, આંક-૪૦ નુ ઈન્કવેસ્ટ પંચનામુ તથા આંક-૪૧ નુ અટક પંચનામુ જુદા જુદા સમયે કરવામા આવેલ છે પરંતુ આવા પંચો તટસ્થ નથી પરંતુ મરનારની જ્ઞાતિના દુરના પરીચીતને બોલાવેલ છે તે અન્વયે પંચ સાહેદ વિજયભાઈ દેવજીભાઈ ઢેઢીને આંક-૩૯ થી તપાસેલ છે તેમા ઉલટતપાસમાં જે હકીકતો બહાર આવેલ છે તેની પર આધાર રાખેલ છે અને જણાવેલ છે કે, સદરહું સાહેદે પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો જણાવેલ છે કે, ''હું રહુ છુ તે ઠકકરબાપા કોલોનીથી મહુવા સરકારી દવાખાનુ કે જયા પંચનામુ કરવામાં આવેલ છે તે આશરે એકાદ કી.મી. દુર હશે..... હું ભાવનાબેનને પાંચ છ વર્ષથી ઓળખતો હતો...... એ વાત ખરી છે કે, અમારી બંનેની જ્ઞાતિ એક છે મને પોલીસ તરફથી ફોન આવેલો કે તમારે ભાવનાબેનની ઓળખાણ આપવાની છે દવાખાને આવો તેથી હું દવાખાને ગયેલો........ સાંજે મને જયારે ફરીથી પો.સ્ટે. બોલાવેલો તે વખતે હુ ઘરે હતો, મને પોલીસે ફોન કરીને બોલાવેલો, પોલીસે મને ફોનમાં કહેલ કે તમે પો.સ્ટે. આવો તમારી સહી કરવાની છે તેથી હું પો.સ્ટે. ગયેલો.'' આમ ઈન્કવેસ્ટ તથા અટક પંચનામા માટે મરનારની જ્ઞાતિના અને પરીચીતને દુરથી બોલાવી પંચ તરીકે સેવા લેવામાં આવેલ છે તેથી તટસ્થ પંચો

મળવાની શકયતા હોય ત્યારે ફરીયાદીના પરીચીતની પંચ તરીકે સેવા લેવામાં આવે ત્યારે પંચનામાની હકીકત શંકાસ્પદ બને છે.

પરંતુ આરોપીના વિ.વ.શ્રીનો આ બચાવ એટલા માટે ટકવાપાત્ર નથી કારણ કે પંચ વિજયભાઈ ઢેઢીએ ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૪૦ અને અટક પંચનામુ આંક–૪૧ થી પોતાની સરતપાસમાં રજુ કરેલ છે અને સરતપાસમાં બંને પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે અને બંને પંચનામા જુદા જુદા સમયે લખવામાં આવેલ છે જેમા ઈન્કવેસ્ટ પંચનામુ સવારે લખવામાં આવેલ છે અને અટક પંચનામુ આરોપીનો સાંજના સમયે લખવામાં આવેલ છે અને આ બંને પંચનામાને સમર્થન આપતો પુરાવો પોતાની સરતપાસમાં અને ઉલટતપાસમાં સાહેદ વળગી રહેલ છે તેથી માત્ર ઓળખીતા પંચ ફરીયાદપક્ષના છે તેથી પંચનામાની હકીકત શંકાસ્પદ બને છે તેવી દલીલ ટકી શકે નહી. વધુમાં જોઈએ તો આ કામે સદરહું પંચ સાહેદની હાજરીમાં બીજા પંચ હાજર હતા અને તેમની હાજરીમાં આ પંચનામુ કરવામાં આવેલ હતુ તે હકીકતને પણ સમર્થન આપેલ છે. વધુમાં જોઈએ તો ઉલટતપાસ ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભાવનાબેનને સદરહું પંચ ઓળખતા હતા અને એકજ જ્ઞાતિના છે પરંતુ સગપણમાં કોઈ જ સગા થતા નથી. આમ આવા સંજોગોમાં જયારે કોઈ ફરીયાદપક્ષના પંચ સાહેદ સગા થતા ન હોય અને બીજા પંચ વેલજીભાઈ રામજીભાઈ કાપડીયા પણ તટસ્થ પંચ હોય અને તટસ્થ પંચોની હાજરીમાં જયારે સદરહું પંચનામુ કરવામાં આવેલ હોય અને તે પુરાવાથી સાબિત થતુ હોય તેવા સંજોગોમાં ઉપરોકત આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલ ટકવાપાત્ર જણાતી નથી.

૩૭. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ અને દલીલ કરવામાં આવેલ છે કે, આંક–૪૫ વાળુ પંચનામુ મહુવા પો.સ્ટે.માં કરવામાં આવેલ છે પરંતુ તે અંગે

પંચ સાહેદ દવારા ઉલટતપાસમાં પંચનામાની જગ્યા બીજી બતાવેલ છે અને તેથી પંચનામુ કયા સ્થળે કરવામાં આવ્યુ તે બાબતે પંચની જુબાની અને પંચનામામાં લખેલ હકીકતમાં વિસંગતતા છે તેથી પંચનામુ પંચનામાની વિગતે લખેલાનુ સ્વીકારી શકાય નહી અને આ પંચનામાથી મરનારના પી.એમ. સેમ્પલો કબજે કરેલાનુ સ્વીકારી શકાય નહી. પરંતુ આ દલીલ અને બચાવ પણ ટકવાપાત્ર નથી કારણ કે, આંક–૪૪ થી મુકેશભાઈ અરજણભાઈ સોલંકીને ફરીયાદપક્ષ દવારા તપાસેલ છે તેમા ઉલટતપાસમાં તેમણે જે પંચનામુ કરવાની જગ્યા બતાવેલ છે તે મહુવા કોર્ટની પાસે જે પો.સ્ટે. આવેલ છે ત્યાં આગળ કરવામાં આવેલ છે અને તે જગ્યાએ માત્ર એક રૂમની પોલીસ ચોકી છે અને આ પોલીસ ચોકીથી મહુવાનુ મુખ્ય પોલીસ સ્ટેશન આશરે એક થી બે કી.મી. દુર છે તેવી જે હકીકતો કબુલ કરેલ છે તેટલામાત્રથી આંક–૪૫ નુ જે પંચનામુ વિશેરા તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ સદર સાહેદની હાજરીમાં કરવામાં આવેલ છે તે ના સાબિત ન થઈ શકે કારણ કે પંચ સાહેદો દવારા જેટલી હકીકતો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષને સમર્થનકારી જણાવે તે કોર્ટે ધ્યાને લેવાની રહે છે. કારણ કે મોટા ભાગના કેસોમાં પંચ સાહેદો હોસ્ટાઈલ થઈ જતા હોય તેથી સરતપાસમાં જે હકીકતો સમર્થનકારી પંચ સાહેદ જણાવતા હોય તે હકીકતો ધ્યાને લેવાની રહે છે. હાલના પંચનામાના અનુસંધાને આંક–૪૪ થી મુકેશભાઈ અરજણભાઈ સોલંકીને ફરીયાદપક્ષે તપાસેલ છે તેમા આંક–૪૫ થી મરનાર ભાવનાબેનના કપડા કબજે કરવામાં આવેલ છે તેને સમર્થન આપેલ છે તથા વિશેરાના નમુના લીધેલ છે તેને પણ સમર્થન આપતો પુરાવો આપેલ છે અને આ તમામ નમુનાઓ સીલબંધ હાલતમાં હતા અને તે પોલીસ કોન્સ. ગૌરાગભાઈ દલપતભાઈ દવેએ જે મેડીકલ ઓફીસર દવારા નમુના લેવામાં આવેલ હતા તેને રજુ કરેલ હતા તેને સમર્થન આપેલ છે અને આ નમુના ભાવનાબેન સેતાના લીધેલ હતા તેને સમર્થન આપે છે તેથી તેવા સંજોગોમાં

ઉલટતપાસમાં ગામડા ગામના માણસો હોસ્ટાઈલ થઈ જાય અથવા વિસંગત પુરાવો આપે તો તે ઘ્યાને લેવાનો રહેતો નથી પરંતુ આવા પંચો જો પંચનામાને જેટલો સમર્થનકારી પુરાવો આપે તો તેટલો પુરાવો ચોકકસ કોર્ટે ઘ્યાને લેવાનો રહે છે તેથી ઉપરોકત સંજોગોમાં આરોપીનો બચાવ આંક–૪૫ ને લગતા પુરાવા અંગે જે લેવામાં આવેલ છે તે જરા પણ ટકવાપાત્ર નથી. વઘુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ઉલટતપાસમાં પંચ સાહેદે કબુલ કરેલ છે કે મરનારના કપડા મેડીકલ સીલ સાથે એફ. એસ. એલ.માં મોકલવામાં આવેલ છે પરંતુ તે કપડા સીલ ખોલી બતાવી ફરી સીલ કર્યાનુ જણાવે છે. તે દર્શાવે છે કે, મેડીકલ સીલ પોલીસને ઉપલબ્ઘ હતા પરંતુ આ બચાવ એટલા માટે ટકવાપાત્ર નથી કે પંચ સાહેદને એ ખબર ન હોઈ શકે કે મેડીકલ સીલ પોલીસ અધિકારીઓ પાસે ન હોઈ શકે તથા તેણે શરતચુકથી સીલ તોડીને કપડા બતાવી ફરી સીલ કર્યાનુ જણાવેલ હોય તો આવી ભુલ સ્વાભાવીક પણે હોઈ શકે છે કારણ કે ઘણો લાંબો સમય પછી આ સાહેદ જુબાની આપતા હોય તો તેમા સ્વાભાવીક વિસંગતા હોય તે સ્વાભાવીક છે તેથી તેવા સંજોગોમાં મેડીકલ સીલ પોલીસ પાસે ઉપલબ્ઘ હતુ તે સાબિત થઈ શકે નહી તેથી મરનારના પી.એમ. સેમ્પલ માટે એફ. એસ. એલ.નો અભિપ્રાય સ્વીકારી શકાય નહી તે હકીકત પણ સાથે સાથે સાબિત થઈ શકે નહી કે તેનો લાભ મળી શકે નહી. વઘુમાં જોઈએ તો આજ બચાવને ઘ્યાને લઈને આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લીઘેલ છે કે આ મેડીકલ સેમ્પલો અને ભોગબનનારના કપડાના સેમ્પલો મોડા એફ. એસ. એલ.માં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ હતા તેથી મુદ્દામાલ વૈજ્ઞાનિક તપાસ માટે મોડા મોકલવાનુ કારણ તેમા ટેમ્પરીંગ કરવા માટેનુ હતુ અને તેમની પાસે મેડીકલ સીલ ઉપલબ્ઘ હતા તેથી એફ. એસ. એલ. નો અભિપ્રાય સ્વીકારી શકાય નહી કે તેના આઘારે કોઈ તારણ કાઢી શકાય નહી તેવો બચાવ લેવામાં આવેલ

છે અને તેના આધારે તેઓએ ત.ક.અ. વાય. પી. વ્યાસની આંક–૮૫ ની જુબાની પર આધાર રાખેલ છે અને તેમા તેમણે જણાવેલ છે કે, મરનારનુ પી.એમ. તા.૦૭/૦૫/૨૧ ના રોજ કરવામા આવેલ છે અને મરનારના શરીરમાંથી લીધેલ નમુના સાથે કુલ ત્રણ નમુના મોકલવાનો ફોરવર્ડીગ લેટર મેડીકલ ઓફીસરે આપેલ તે તા.૦૭/૦૫/૨૧ ના રોજનો છે અને આ ફોરવર્ડીગ લેટરમાં મરનારના કપડાનો કોઈ ઉલ્લેખ નથી અને રેકર્ડ મુજબ ફોરવર્ડીગ લેટરમાં ત્રણ નમુના તથા મરનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ તા.૧૫/૦૫/૨૧ ના રોજ કરેલ છે અને સાત દિવસ અંદર આ સેમ્પલ દવાખાને હતા અને એવુ બનેલ નથી કે જે દિવસે પી.એમ. કરવામાં આવેલ ત્યારે આ સેમ્પલ પોલીસને મોકલી દીધેલ હતા. બનાવ સ્થળેથી કબજે કરેલ બોટલ તથા મેડીકલ ઓફીસર સાહેબ પાસે મેળવેલ ચાર સેમ્પલો મોકલ્યાનો ફોરવર્ડીગ લેટર તા.૦૨/૦૬/૨૧ નો છે અને કાગળો મુજબ એફ. એસ.એલ.ને તા.૦૮/૦૬/૨૧ ના રોજ મળેલા છે તેવી હકીકતો જે બહાર આવેલ છે તેને આધાર માનેલ છે અને તેના આધારે સેમ્પલ મોડા કબજે કરેલ તે ફલીત થતુ હોય તેનો લાભ આપવા આરોપીના વિ.વ.શ્રી દવારા અરજ કરેલ છે.

પરંતુ ઉપરોકત બચાવ આરોપીના વિ.વ.શ્રીનો ટકવાપાત્ર નથી કારણ કે ગુજરનાર ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે તે પુરાવો મહત્વનો છે અને આ પુરાવો તેની સારવાર કરનાર મેડીકલ ઓફીસર ડો. કુંચા સાહેબના મેડીકલ પેપર્સ પરથી સાબિત થાય છે તથા તમામ સાહેદોની જુબાની પરથી પણ સાબિત થાય છે અને એફ. એસ. એલ. અધિકારીના પૃથ્થકરણ રીપોર્ટમાં જે અભિપ્રાય આવેલ છે તે પૃથ્થકરણના અંતે અભિપ્રાય આવેલ છે અને તેમા વિશેરાના જે નમુના લેવામાં આવેલ હતા તેમા એસીડની હાજરી જોવામાં આવેલ છે તેવુ સ્પષ્ટ તારણ આપેલ છે આમ કોઈપણ રીતે એફ. એસ.એલ.ના રીપોર્ટની અંદર વિસંગતતા કયાય આવતી

નથી અને આજ હકીકત પર ફરીયાદપક્ષનો કેસ છે અને શરૂઆતથી ફરીયાદપક્ષનો કેસ એવો છે કે ભાવનાબેને સવારે પાંચ વાગ્યે એસીડ પીધેલ છે જો આવુ એસીડ પીવામાં ન આવેલ હોત તો વિશેરાના નમુનામાં એસીડની હાજરી જોવા મળેલ ન હોત તેથી તેવા સંજોગોમાં ભાવનાબેનનો વિશેરાનો નમુનો લેવામાં આવેલ હોય અને તે હકીકત પંચનામા અને એફ. એસ. એલ.ના પૃથ્થકરણથી સાબિત થતી હોય તેથી માત્ર મોડા સેમ્પલ એફ. એસ. એલ.માં મોકલવામાં આવેલ અને મેડીકલ સીલ પોલીસને ઉપલબ્ધ છે તેના કારણે એફ. એસ. એલ.નો અભિપ્રાય સ્વીકારી શકાય નહી કે તેના આધારે તારણ કાઢી શકાય નહી તેવો બચાવ ટકી શકે નહી.

૩૮. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, આંક–૭૫ થી આરોપીના બે મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ કરવામાં આવેલ છે તે પંચનામુ તટસ્થ પંચો ઉપલબ્ધ હોવા છતાં ઘણા દુરથી પંચોને બોલાવવામાં આવેલ છે અને તે હકીકત આંક–૭૪ થી વિજયભાઈ દેસાઈને પંચ સાહેદ તરીકે ફરીયાદપક્ષે તપાસેલ છે તેમા તેમણે ઉલટતપાસમાં જણાવેલ છે કે, બીજા પંચ સાહેદ મુકેશભાઈને હું ચાર પાંચ વર્ષથી ઓળખુ છુ. મારુ ઘર પો.સ્ટે.થી ૭–૮ કી.મી. દુર છે તથા બીજા પંચ મુકેશભાઈ વાળાંકીનુ ઘર ૧૫ કી.મી. દુર હશે. પંચમાં રહેવા માટે અમોને પો.ઈન્સ. વ્યાસ સાહેબે ઘરેથી બોલાવેલા. ભાવનાબેન અને તેના ભાઈને ૭–૮ વર્ષથી ઓળખુ છુ. મોબાઈલને કવરમાં મુકી પંચોની સહીવાળી સ્લીપ કવરની અંદર કે મોબાઈલ ઉપર મુકેલાનો ઉલ્લેખ પંચનામામાં નથી તેમ છતાં તેમ કરેલાની જુબાની નામદાર કોર્ટ સમક્ષ આપે છે તથા મોબાઈલને સીલ કરી કબજે કરેલાનો ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલ નથી તેથી તેનો લાભ આપવા અરજ કરેલ છે.

પરંતુ ઉપરોકત આરોપીના વિ.વ.શ્રીનો બચાવ ટકવાપાત્ર નથી કારણ કે પંચ સાહેદે સ્પષ્ટપણે આરોપીના સીમકાર્ડ નંબર, મોડલ નંબર સહીતની જુબાની

પોતાની સરતપાસમાં જણાવેલ છે અને તે વખતે તેના સાથી પંચ મુકેશભાઈ ધીરુભાઈ વાળાંકી હાજર હતા તે હકીકતને સમર્થન આપેલ છે અને પંચનામામાં પોતાની સહી આંક–૭૫ માં કરેલ છે તેને ઓળખી બતાવેલ છે. તેજ રીતે આંક–૭૫ નુ પંચનામુ જોવામાં આવે તો તેમા જણાવેલ છે કે, બંને મોબાઈલો અલગ અલગ કવરમાં મુકી જે કવર ઉપર પંચો તથા પોલીસની સહીવાળી કાપલી રાખી તપાસ અર્થે કબજે કરેલ છે તેવુ જણાવેલ છે અને તેના અનુસંધાને જોઈએ તો તેમણે પોતાની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, બંને મોબાઈલ અલગ અલગ કવરમાં રાખી અમો પંચોની સહી કરેલી કાપલી કવરમાં મુકેલી. આમ માત્ર આ કાપલીઓ પંચોની અને પોલીસની સહીવાળી કાપલી કવરમાં મુકેલી તેવુ સાહેદ જણાવે છે જયારે પંચનામામાં કવર પર મુકેલાની આ હકીકત જણાવેલ છે. માત્ર સામાન્ય તફાવતના કારણે આખુ આંક–૭૫ નુ પંચનામુ ડીસ્કાર્ડ કરી શકાય નહી કારણ કે સદરહું પંચનામાના પંચ સાહેદે તેની હાજરીમાં આરોપીના બંને મોબાઈલ આરોપીના પિતાએ રજુ કરેલા અને તે કબજે લેવાચેલા અને આંક–૭૫ માના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે અને ભાવનાબેનને અને તેના ભાઈને તે ૭–૮ વર્ષથી ઓળખે છે તેટલા માત્રથી તે તટસ્થ પંચ સાહેદ નથી તેવી કોઈ હકીકત સાબિત થઈ શકે નહી. કારણ કે બીજા પંચ મુકેશભાઈ છે તે ફરીયાદપક્ષના કોઈપણ સાક્ષીને ઓળખતા નથી માત્ર હાલના સાહેદને ઓળખે છે. તેવા સંજોગોમાં હાલના સાહેદે પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ હોય તો તે સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપીના બંને મોબાઈલ પોલીસે પંચનામાની કાયદેસરની કાર્યવાહી કરીને પંચોની હાજરીમાં કબજે કરેલ છે તે સાબિત થાય છે કે, વધુમાં જોઈએ તો આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા આરોપીના મોબાઈલમાંથી વોટસએપ ઈમેજીસ રીટ્રીવ કરી કબજે કરેલ છે તેના પર

આધાર રાખેલ છે તેથી તેવા સંજોગોમાં આરોપીના મોબાઈલ પોલીસે કાયદેસર રીતે કબજે કરેલ નથી તેવો બચાવ તેઓ પાછળથી લઈ શકે નહી.

૩૯. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, મરનાર તેઓના ઘરે હતા અને તેમના ઘરે બનેલ કોઈ બનાવને છાવરવા પોતાની ચામડી બચાવવા અને સત્ય બહાર આવવુ અટકાવવા પાછલા તબકકે આરોપીને સંડોવવા કથીત મરણોન્મુખ નિવેદન તથા સ્યુસાઈડ નોટની હકીકતો ઉભી કરેલાની હકીકતો નિવારી શકાય નહી તે માટે તેમણે એવુ જણાવીને દલીલ કરેલ છે કે, આરોપીના ત્રાસથી એસીડ પીધેલાનુ સાહેદોએ જણાવેલ છે અને મરનારને કુંચા સાહેબને ત્યાં દવાખાને લઈ જતા હતા ત્યારે રસ્તામાં જાગૃતીબેનને આરોપી માટે સ્યુસાઈડ નોટ ઘરમાં સંચા પાસે મુકેલાનુ જણાવેલ હોત તો મરનારે અકસ્માતે એસીડ પીધેલ છે તેવી તબીબી હીસ્ટ્રી સાથે મરનારને કુચા સાહેબના દવાખાને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા ન હોત.

પરંતુ આ તકરાર અને બચાવ આરોપીના વિ.વ.શ્રીનો ટકી શકે તેમ નથી કારણ કે અગાઉ ચર્ચા કરી તે મુજબ ડો. કુચા સાહેબના લેટર પેડ ઉપર છાપેલા ફોર્મમાં અકસ્માતે શબ્દ લખવામાં આવેલ છે અને ચેકીને એસીડ પીધેલ છે તેવી હકીકત લખેલ છે તેથી તેવા સંજોગોમાં અકસ્માતે એસીડ પીધેલ છે તેવી હકીકત સાબિત થતી નથી પરંતુ મરનારે એસીડ પીધેલ છે તે હકીકત ગુજરનાર ભાવનાબેનની એડમીશન શીટ અને મેડીકલ પેપર્સ અને સારવારના સર્ટી. ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં જોઈએ તો આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, અકસ્માતે એસીડ પીધેલાની તબીબી હીસ્ટ્રી આપી શા માટે દાખલ કરવામાં આવેલ તેની કોઈ તપાસ ત.ક.અ. દવારા કરેલ નથી પરંતુ આવી તપાસ અકસ્માતે એસીડ પીધેલાની કરવાની રહેતી નથી કારણ કે શરૂઆતથી ફરીયાદપક્ષનો કેસ એવો

છે કે આરોપીના ત્રાસના કારણે ગુજરનાર ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે. અકસ્માતે ભાવનાબેન દવારા એસીડ પીધેલ છે તેવી કોઈ સ્ટોરી જ આખી ફરીયાદમાં જણાતી નથી અને આરોપીના ત્રાસના કારણે ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે તેવી હકીકત ફરીયાદપક્ષ દવારા સાબિત કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં આરોપીપક્ષનો આવો બચાવ ટકવાપાત્ર નથી. મરનારની જીભ, મરનારના હોઠ, અંદરના ભાગ, મ્યુકોઝા ખવાઈ ગયેલ હતા તેથી એસીડ પીધા પછી કોઈ વ્યકિત બોલી શકે નહી તેથી કુચા સાહેબને ત્યાં મરનારને લઈ જતા હતા ત્યારે તેણીએ આરોપી માટે સ્યુસાઈડ નોટ ઘરના સંચા પાસે મુકેલ તે હકીકત જણાવેલ તે શકય નથી આ અંગે વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે અને તેમા સ્પષ્ટપણે અત્રેની કોર્ટ દવારા જણાવેલ છે કે, આરોપીના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ નથી કે મરણજનારે એસીડ પીધુ અને તાત્કાલીક તેની કંઠેન્દ્રીયને નુકશાન થયેલ હોય તો તેઓ તાત્કાલીક તેઓ બોલી ન શકે તેવી સ્થિતીમાં આવી ગયેલ હોય કે બોલી ન શકેલ હોય તેવા કોઈ સવાલ પુછવામાં આવેલ નથી કે બચાવ લેવામાં આવેલ નથી. ડોકટરની જુબાનીમા મરણજનારના બોલવાના મુખ્ય અવયવો કેટલા સમય પછી કામ કરતા બંધ થઈ ગયેલા તે અંગેની કોઈ હકીકત આરોપીપક્ષ દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તથા મરણજનાર ભાવનાબેન ચોકકસ કેટલા સમય પછી બોલી શકેલ ન હતા તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે તેથી આરોપીના ત્રાસના કારણે એસીડ પીધેલ છે તેવી હકીકત સાબિત થતી હોય તેવા સંજોગોમાં આરોપીપક્ષનો આવો બચાવ ટકવાપાત્ર થતો નથી. તેથી તેવા સંજોગોમાં મરણજનાર દવારા જાગૃતીબેનને જે મૌખિક નિવેદન સ્યુસાઈડ નોટ અંગે જણાવેલ છે તે માનવાને કારણ રહે છે અને તે રેકર્ડ પરથી સાબિત થાય છે અને તેથી સ્યુસાઈડ

નોટની હકીકત અને મૌખિક મરણોન્મુખ નિવેદનની હકીકત જે તે વખતે જાહેર કરવામા આવેલ નહી તેથી તે હકીકત પાછળથી ઉભી કરેલ છે તે હકીકત સાબિત થઈ શકે નહી.

૪૦. આરોપીના વિ.વ.શ્રી દવારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપી મરનારને તેની સાથે પ્રેમ કરવા અને વાતો કરવા દબાણ કરતો હતો અને મરનારે ના પાડી દીધેલ તેથી મરનાર ભાવનાબેન તથા તેના પરીવારના સભ્યોને હેરાન કરવા લાગેલ તેથી આ માનસીક ત્રાસથી કંટાળી મરનારે આત્મહત્યા કરેલ તેવો આરોપી સામે કરવામાં આવેલ આક્ષેપ શંકાસ્પદ અને ખોટો છે તે દલીલના અનુસંધાને તેમણે આરોપી તથા મરનારની વોટસએપ ચેટ પર આધાર રાખેલ છે અને તેમા પ્રેમ સબંધ હોવા બાબતની વોટસએપ ચેક આંક–૧૦૦ થી ૧૨૩ સુધીની ઈમેજીસ રજુ રાખેલ છે તેની પર આધાર રાખેલ છે અને વધુમાં એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, મરનાર અને આરોપી વચ્ચેની કોલ ડીટેઈલ પુરવાર કરે છે કે મરનારના ઘરે આરોપી અને મરનારના સબંધોની જાણ થઈ તે પહેલા બંનેના મોબાઈલ વચ્ચે થયેલ તમામ કોલ મરનારે જ આરોપીને કરેલ હતા તેથી પણ આરોપી મરનારને તેની સાથે પ્રેમ કરવા અને વાત કરવા દબાણ કરતો હતો અને મરનારે ના પાડી દીધેલ તેથી મરનાર ભાવનાબેન તથા તેના પરીવારના સભ્યોને હેરાન કરવા લાગેલાના આક્ષેપ આ કોલ ડીટેઈલ અને વોટસએપ ચેટથી સાબિત થાય છે તેવો બચાવ લીધેલ છે અને તેના અનુસંધાને કોલ ડીટેઈલ જે રજુ કરવામાં આવેલ છે તેમા મરનાર દવારા ૪૩ કોલ તા.૦૧/૦૧/૨૧ થી ૨૧/૦૨/૨૧ સુધી આરોપીને કરેલ છે તેની પર આધાર રાખેલ છે તથા આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે, બંનેના સબંધોની જાણ થયા પહેલા બંને કુટુંબોના સબંધ સારા હતા અને અવર જવર હતી અને આ સબંધની જાણ થયા બાદ

બંનેના કુટુંબો વચ્ચે સબંધો બંધ થઈ ગયેલા તેનો આધાર લેવામાં આવેલ છે તથા આરોપીના વિ.વ.શ્રી દવારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે મરનાર તથા આરોપી વચ્ચેના મોબાઈલ વ્યવહાર છુપાવવા તથા આરોપી પર આક્ષેપ કરવા આરોપી બાજુના બંધ મકાનમાંથી મરનારના ઘરે આવેલાનો અશકય આક્ષેપ કરી તે મરનારના ઘરે આરોપી અને મરનારના સબંધોની જાણ થયાનુ ખોટુ જણાવે છે.

પરંતુ આ તમામ બચાવ આરોપીના વિ.વ.શ્રી દવારા લેવામાં આવેલ છે તે કોઈપણ સંજોગોમાં ટકવાપાત્ર નથી કે સાબિત થતા નથી કારણ કે અગાઉ ચર્ચા કરી તે મુજબ અત્રેની કોર્ટ દવારા જે એફ. એસ. એલ.માંથી એનેક્ષર–એ ની સીડીમાની ઓડીયો કલીપ કુલ ૬૬ છે તેમાથી રેન્ડમ્લી બે–ત્રણ ચેક કરવામાં આવેલ છે અને તેમાથી એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, પુરુષનો જે અવાજ આવતો હતો તે સામેની સ્ત્રીને વારંવાર ધમકી આપતો હતો બેફામ ગાળો આપતો હતો અને જો તે વાત ન કરે તો તેને ઘરે આવીને ઝઘડો કરવા જણાવતો હતો અને તેનાથી સામેની સ્ત્રીને નુકશાન થશે તેવુ જણાવતો હતો આમ આ હકીકત ઓડીયો કલીપથી એ હકીકત સાબિત થતી હોય ત્યારે અગાઉ ચર્ચા કરી તે મુજબ વોટસએપની ચર્ચા કરી તે મુજબ આરોપીની ઈચ્છા મુજબ ધાક ધમકીથી, આરોપીની દોરવણીથી આ વોટસએપ મેસેજીસ કરવામાં આવેલ છે અને કોલ પણ કરવામાં આવેલ છે અને આવા આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર ભાવનાબેન દવારા આત્મહત્યા કરેલ છે તેથી વોટસએપ ચેટની ઈમેજીસ આંક–૧૧૦ થી ૧૨૩ અને કોલ ડીટેઈલના ૪૩ કોલ ઉપરથી એ હકીકત સાબિત થઈ શકે નહી કે, આરોપી દવારા કોઈ ત્રાસ ગુજારવામાં આવેલ ન હતો અને આરોપી અને મરણનાર વચ્ચે પ્રેમ સબંધ હતા અને તેની જાણ પરીવારને થઈ જતા ખોટા આક્ષેપો કરેલ છે. વધુમાં જોઈએ તો ખરી રીતે આરોપીની સામે પો.સ્ટે.માં ભાવનાબેન અને રમેશભાઈએ ફરીયાદ હેરાનગતીની

તથા માર માર્યાની કરેલી તેની જાણ આરોપીને થતા આરોપી સાગરે તેના મિત્રને મદદ લઈને રમેશભાઈને છરી અને લાકડી વડે માર મારેલ છે અને તેની પણ ફરીયાદ આરોપી સામે ફરીયાદ રમેશભાઈએ કરેલ છે ત્યારપછી બંને પરીવારના સબંધો બંધ થઈ ગયેલા તેવુ રેકર્ડ પરથી જણાય છે તેથી તેવા સંજોગોમાં માત્ર પ્રેમ સબંધની જાણ થઈ જતા બંને કુંટુબના સબંધો બંધ થઈ ગયેલા તેવુ સાબિત થઈ શકે નહી પરંતુ આરોપીના ત્રાસના કારણે સબંધો બંધ થઈ ગયેલા તેવુ સાબિત થાય છે. વધુમાં આરોપી અને મરનારના મોબાઈલ છુપાવવાનો આક્ષેપ કરેલ છે અને બાજુના મકાનમાં થી ઠેકડો મારીને મરનારના મકાનમાં પ્રવેશ કરેલ છે અને ખોટો આક્ષેપ કરેલ છે તેવુ સાબિત થઈ શકે નહી કારણ કે ગુજરનાર ભાવનાબેનના મકાનના પ્રથમ માળે દાદરો અને સીડી આવેલ છે તેની બાજુમાંથી કોઈપણ વ્યકિત આવી શકે છે અને તેની બાજુના મકાનમાં જે મકાન આવેલ છે તે મકાનમાંથી કોઈપણ રીતે મરનારના મકાનમાં કે ધાબામાં સરળતાથી આવી શકાય છે તેથી તેવા સંજોગોમાં મરનારના ઘરમાં આરોપી સાંજના સમયે ઘુસી ગયેલો અને તેને સમજાવવાનો ઘણો પ્રયત્ન કરેલો તેમ છતાં તે સુધરેલ નહી તેથી આરોપી સામે ભાવનાબેન તથા રમેશભાઈએ પો.સ્ટે.માં ફરીયાદ કરેલ છે આમ આવા સંજોગોમાં આરોપીપક્ષ આવી કોઈપણ હકીકતો સાચી નથી તેવી હકીકત પુરવાર કરી શકયતા નથી તેવા સંજોગોમાં ઉપરોકત બચાવ કોઈપણ સંજોગોમાં આરોપીના વિ.વ.શ્રીનો ટકવાપાત્ર નથી. મરનાર તથા આરોપીના ફોન વ્યવહાર છુપાવવા મરનારના કોઈ મોબાઈલ કબજે કરી તેની ફોરેન્સીક તપાસ કરેલ નથી તેથી તેનો લાભ આપવા અરજ કરેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ આરોપીના મોબાઈલ માંથી જે ઓડીયો કલીપ રીટ્રીવ કરવામાં આવેલ છે તેમાથી સ્પષ્ટપણે આરોપી ગુજરનાર ભાવનાબેનને વાત કરવા અને બહાર બોલવવા જણાવતો હતો અને તેમ ન કરે તો તેને ધમકી આપતો હતો અને તેનુ

નુકશાન ભાવનાબેનને થશે તેવી ધમકી આપતો હતો તેવા સંજોગોમાં મરનારનો મોબાઈલ તપાસણી અર્થે એફ. એસ. એલ.માં મોકલેલ નથી તેથી તેવો બચાવ ટકી શકે નહી તથા આરોપીના મોબાઈલ પરથી જે ડેટા કબજે કરેલ છે તેનાથી મરનારને આરોપી ધમકી આપતો હોય તે હકીકત સાબિત થતો હોય તેથી આવો બચાવ ટકવાપાત્ર થતો નથી.

૪૧. વધુમાં દલીલના સમર્થનમાં નીચે મુજબના સાઈટેશન રજુ રાખેલ છે.

1. **2003** DGLS(SC) **391** (Supreme Court), Sadhu Ram V/s State of Rajasthan

ઉપરોકત સાઈટેશનમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા એવુ ઠરાવેલ છે કે, જે મેડીકલ એવીડન્સ રજુ કરવામાં આવેલ હતો તે ડીફેન્સ આરોપી તરફે જે લેવામાં આવેલ હતો તેને સમર્થન કરતો હતો એટલે કે, ગુજરનારનુ જે મૃત્યુ થયેલ હતુ તે અકસ્માતે આગ લાગવાથી તે દાઝી ગયેલ હતી. માલારામ સાહેદ દવારા સાધુરામની પત્નિએ સ્યુસાઈડ કરેલ છે તેવુ જણાવેલ હતુ અને તેણે એ પણ જણાવેલ હતુ કે તેણે મરનારની લાશને જોયેલ ત્યારે લટકતી જોયેલ હતી અને ત્યારબાદ તે લાશને દાઝી ગયેલી જોયેલ હતી. પરંતુ આ હકીકત મેડીકલ એવીડન્સથી સાબિત થતી ન હતી અને આરોપીના ડીફેન્સ સાથે મેડીકલ એવીડન્સ સમર્થન કરતો હતો તેથી નજરે જોનાર સાહેદનુ નિવેદન ઈનકન્સીસ્ટન્સ વર્જન જણાતુ હતુ તેથી તેનો લાભ આરોપીને આપવામાં આવેલ હતો. વધુમાં જોઈએ તો સદર સાઈટેશનના પારા નં.–૧૪ માં એવુ પણ જણાવેલ છે કે, એ.એસ.આઈ. શર્મા દવારા ક્રી.પ્રો. કોડની કલમ – ૧૭૬ મુજબ ઈન્કવાયરી કરેલ તે વખતે સાહેદોની જુબાનીમાંથી એવી હકીકત રેકર્ડ પર આવેલ કે, મરનાર એકસીડેન્ટલ ફાયરના કારણે શરીર ઉપર દાઝી જવાથી ઈજાઓ થયેલી અને તેના કારણે મૃત્યુ થયેલ હતુ અને તેના પછીનુ સ્ટેટમેન્ટ

રેકર્ડ કરવા આવેલ હતુ તે અગાઉના સ્ટેટમેન્ટ કરતા જુદુ આવતુ હતુ અને તેમા એવુ જણાવેલ હતુ કે, જયારે તે જગદીશના ઘરે ગયેલ હતો ત્યારે તેણે બે ડેડ બોડી હુક સાથે લટકતા જોયેલ હતા અને ગળા ફરતે દોરડુ વિટળાયેલ હતુ અને તે એપેલેન્ટના હેરેશમેન્ટના કારણે રુકમા દવારા આત્મહત્યા કરવામાં આવેલ હતી. આમ, સબસીકવન્સ સ્ટેટમેન્ટમાં કોઈ આક્ષેપો એપેલેન્ટની વિરૂધ્ધમાં રુકમા અને મુન્નીના મૃત્યુ અંગે કરવામાં આવેલ ન હતા અને આક્ષેપો રુકમાના સ્યુસાઈડ કરવાના કરવામાં આવેલ હતા તેથી અગાઉના સ્ટેટમેન્ટને સાહેદ વળગી રહેતા ન હોવાથી તેનો લાભ આરોપીને આપવામાં આવેલ હતો. પરંતુ ઉપરોકત સાઈટેશનમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા પ્રસ્થાપીત કરેલ છે તે હાલના કેસને લાગુ પડતી નથી કારણ કે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે ગુજરનાર ભાવનાબેન દવારા સવારે પાંચ વાગ્યે આરોપીના ત્રાસના કારણે એસીડ પી ગયેલ છે અને આરોપી પ્રેમ સબંધ બાંધવા માટે અવાર નવાર માનસીક ત્રાસ આપતો હતો અને આ હકીકત મેડીકલ એવીડન્સથી સાબિત થયેલી છે તથા તમામ સાહેદોએ આ હકીકતને સમર્થન આપેલ છે તેથી ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

2. **2013 DGLS(SC) 432** (Supreme Court), Sujit Biswas V/s State of Assam

ઉપરોકત સાઈટેશનમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા રામકુમાર પાંડે વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ, એ.આઈ.આર. ૧૯૭૫(એસ.સી.)નુ સાઈટેશન રીફર કરવામાં આવેલ છે અને તેમા એવુ ઠરાવેલ છે કે, એફ. આઈ. આર. કરવામાં આવેલ હતી તેમા ફરીયાદીનુ પ્રીવીયસ સ્ટેટમેન્ટ ડીસ્કલોઝ કરવામાં આવેલ હતુ અને તે માત્ર તેના સ્ટેટમેન્ટને કોન્ટ્રાડીકટ કરવા માટે અથવા સમર્થન કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છતાં પણ કોઈ વ્યકિત એમ કલેમ કરતી હોય કે તે હકીકત

જાણે છે અને તે ભોગબનનારના નજીકના રીલેટેડ હોય તો તે ચોકસપણે તે હકીકત તેણે એફ. આઈ. આર.માં મેન્સન કરેલ હોય પરંતુ આવી કોઈ હકીકત તેણે મેન્સન કરેલ ન હોય તો આવુ ઓમીશન ઈમ્પોર્ટન્ટ છે અને કેસની પ્રોબેબલીટીને અફેકટ કરે છે અને તે એવીડન્સ એકટની સેકશન – ૧૧ મુજબ રીલેવન્ટ ફેકટર છે. પરંતુ ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે, મરનાર ભાવનાબેનને સારવાર માટે ડો. કુચા સાહેબને ત્યા મોટર સાયકલ ઉપર લઈ જતા હતા ત્યારે રસ્તામાં તેમણે માત્ર જાગૃતીબેનને જણાવેલ કે તેણે સ્યુસાઈડ નોટ લખીને ઘરના સંચા પાસે મુકેલ છે અને ત્યારબાદ આ સ્યુસાઈડ નોટ તેમણે બનાવવાળી જગ્યાના પંચનામુ કરતી વખતે રજુ કરેલ છે અને તે હકીકતને તેણે સમર્થન આપેલ છે અને ભાવનાબેને જયારે આ સ્યુસાઈડ નોટ ઘરના સભ્યોને વાંચી સંભળાવી ત્યારે હાલના સાહેદો પૈકી ઘણા સાહેદો ન પણ હોય તેવુ બની શકે છે તેથી આવી સ્યુસાઈડ નોટ પંચનામાના સંદર્ભે મળી આવેલ નથી તે હકીકત કોઈ સાબિત થતી નથી અને બધા સાહેદોએ સમર્થન આપેલ છે કે, સ્યુસાઈડ નોટ પંચનામા વખતે મળી આવેલ છે તથા સ્યુસાઈડ નોટમાના અક્ષરો અને કુદરતી લખાણમાના અક્ષરો જે રજુ થયેલ છે તે તમામ પંચનામા વખતે રજુ થયેલ છે અને તે પંચો રુબરુ કબજે કરવામાં આવેલ છે અને એફ. એસ. એલ.માં પૃથ્થકરણ અર્થે હેન્ડરાઈટીંગ એક્ષપર્ટને મોકલી આપેલ છે અને તેમા મરનારના અક્ષરો તેના સ્યુસાઈડ નોટ સાથે કુદરતી લખાણ મેચખાય છે અને તેનો અભિપ્રાય મોકલી આપેલ છે અને સ્યુસાઈડ નોટને ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરેલ છે તેથી માઈનોર વેરીયેશન સ્યુસાઈડ નોટ અંગે મળી આવેલ છે અથવા તો જાગૃતીબેને જણાવેલ નથી અથવા તો તેણે ઘરના સભ્યો આગળ વાંચેલ નથી અથવા તો વાંચેલ છે તેવા કારણોસર તેનો લાભ આરોપીપક્ષને મળી શકે નહી અને તેના

કારણે સાહેદોની જુબાનીમાં સ્યુસાઈડ નોટ અંગે વેરીયેશન આવે છે તે સાબિત થતુ નથી. વધુમાં જોઈએ તો એફ. આઈ. આર.માં ફરીયાદીએ સ્યુસાઈડ નોટની હકીકત જાહેર કરેલ નથી અને તે હકીકત ઉલટતપાસમાં પોતે કબુલ કરેલ છે તેથી તે સ્યુસાઈડ નોટની હકીકતોને વળગી રહેલ નથી તેવુ કહી શકાય નહી.

3. **2003 DGLS(M.P.) 211** (Madhya Pradesh High Court), Bherusingh @ Raju V/s State of M.P.

ઉપરોકત સાઈટેશનમાં મરનાર દવારા ઓરલ ડાઈંગ ડીકલેરેશન સાહેદ રુબરુ તેના ઘરમાં બનાવ પછી આપવામાં આવેલ હતુ અને પો.સ્ટે. અને હોસ્પિટલમાં લઈ જતા પહેલા આપવામાં આવેલ હતુ તેમ છતાં પો.સ્ટે.માં ૯ વાગ્યે જે સ્ટેટમેન્ટ રેકર્ડ કરવામાં આવેલ હતુ તેમા આ ઓરલ ડાઈંગ ડીકલેરેશનનો કોઈ ઉલ્લેખ કરવામા આવેલ ન હતો તેથી જે મૃતક દવારા સાહેદને મૃત્યુનુ કારણ જણાવેલ છે તે પોલીસ રુબરુના રીપોર્ટમાં ડીસ્કલોઝ કરવુ જોઈતુ હતુ પરંતુ કરેલ ન હતુ તેથી તેનો લાભ આરોપીને આપવામાં આવેલ હતો. પરંતુ ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળે તેમ નથી કારણ કે મૃત્યુના કારણ માટે મૃતક ભાવનાબેન દવારા સાહેદ જાગૃતીબેનને જણાવેલ હતુ કે આરોપીના ત્રાસના કારણે તેણે આત્મહત્યા કરીને એસીડ પી ગયેલ છે અને રસ્તામા તેને સારવાર માટે લઈ જતા હતા ત્યારે સ્યુસાઈડ નોટ સંચા આગળ મુકેલ છે તે જણાવેલ છે અને આ હકીકત જાગૃતીબેન પોલીસ રુબરુ નિવેદનમાં તથા કોર્ટ રુબરુ જુબાનીમાં વળગી રહેલ છે. વધુમાં જોઈએ તો હાલની ફરીયાદ જાગૃતીબેન દવારા કરવામાં આવેલ નથી તેથી સ્વાભાવીકપણે ઓરલ ડાઈંગ ડીકલેરેશન અંગે કે સ્યુસાઈડ નોટ અંગે જે હકીકતો જણાવેલ છે તે એફ. આઈ. આર.માં આવી શકે નહી. કારણ કે આ એફ. આઈ. આર. પરેશભાઈ દવારા આપવામાં આવેલ છે. જો પરેશભાઈ આગળ જ ભાવનાબેન

દવારા સ્યુસાઈડ નોટની હકીકત ડાઈંગ ડીકલેરેશન અંગે કે મૃત્યુના કારણ અંગે જણાવેલ હોત તો તે ફરીયાદમાં જણાવેલ હોત પરંતુ તેમ જણાવેલ નથી અને ભાવનાબેને સ્યુસાઈડ નોટ સંચા પાસે મુકેલ હોવાની કોઈ વાત જણાવેલ નથી માત્ર આ હકીકત ભાવનાબેને જાગૃતીબેનને જ જણાવેલ છે તેથી માત્ર આરોપીના ત્રાસના કારણે એસીડ પી ગયેલ છે હું જીવવા માંગતી નથી તેવા જે આક્ષેપો કરવામાં આવેલ છે તે પરેશભાઈ રુબરુ કરવામાં આવેલ છે અને તે એફ. આઈ. આર. અને સોગંદપરની જુબાનીમાં વળગી રહેલ છે.

4. **2011** DGLS(SC) **401** (Supreme Court), Satyavir Singh Rathi V/s State Tr.C.B.I.

ઉપરોકત સાઈટેશન રજુ કરીને આરોપીના વિ.વ.શ્રી દવારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, કોઈપણ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ ન હોય તો તેનો પુરાવો પ્રોસી.પક્ષ દવારા એકસેપ્ટ કરવાનો રહે છે. હાલના કેસમાં પંચ સાહેદ શામજીભાઈ પોતાની સરતપાસમાં જાગૃતીબેન દવારા પોતાના હસ્તાક્ષરનો ચોપડો રજુ કરેલ હોય તેમ જણાવતા નથી. ઉલટતપાસમાં ચીઠ્ઠી સિવાય બીજી કોઈ વસ્તુ કબજે કરેલાનો ઈન્કાર કરેલ છે તેથી પંચ સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ નથી તેથી તેની જુબાની ફરીયાદપક્ષને બંધનકારક છે અને જાગૃતીબેને ચોપડો રજુ કરેલ છે તે સ્વીકારી શકાય નહી તેવી જે દલીલ કરવામાં આવેલ છે તે ટકવાપાત્ર નથી કારણ કે, સાહેદ શામજીભાઈ દવારા પોતાની જુબાનીમાં સ્યુસાઈડ નોટ અને ચોપડામાના પાનાના અક્ષરો સાથેનુ લખાણ પાનામા જે લખેલ છે તે ચોપડો અને સ્યુસાઈડ નોટ બંને હસ્તલેખન નિષ્ણાંતને પૃથ્થકરણ માટે મોકલી આપેલ છે અને તેમા સ્યુસાઈડ નોટનુ લખાણ અને ચોપડામાનુ લખાણ ભાવનાબેનનુ હતુ તે સાબિત થયેલ છે તેથી જાગૃતીબેન દવારા ચોપડો રજુ કરેલ નથી તેવુ જણાવવા માત્રથી તેની જુબાની ડીસ્કાર્ડ

કરી શકાય નહી. પરંતુ પંચ સાહેદ દવારા જેટલી હકીકત સમર્થનકર્તા આપવામાં આવેલ હોય તો તેટલી હકીકતો કોર્ટ દવારા ધ્યાને લેવાની રહે છે તેથી ઉપરોકત સંજોગોમાં ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

5. **2002 DGLS(H.P.) 238** (Himachal Pradesh High Court), Sandeep Kumar V/s State of H.P.

ઉપરોકત સાઈટેશનમાં એવી હકીકત પુરવાર થતી ન હતી કે મુદ્દામાલ અને તેનુ શીલ પ્રોપર્લી કરવામાં આવેલ હતુ અને એવુ કયાય જણાવવામાં આવેલ ન હતુ કે મુદ્દામાલ ઉપરનુ સીલ ઈન્ટેકટ હતુ તેથી આરોપી સામેનો કેસ પુરવાર થયેલો નહી. પરંતુ ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે એફ. એસ. એલ. અધિકારીની જુબાનીમાં ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, કવર પરના સીલ જે લગાવવામાં આવેલ હતા તે સીલ વાંચી શકાય તેવા ન હતા, પરંતુ તેનો અર્થ એ થતો નથી કે આ સીલ તુટેલા હતા અથવા તો તેની સાથે છેડછાડ કરવામાં આવેલ હતી અથવા તો તે મુદ્દામાલ બદલી નાખવામાં આવેલ હતો. વધુમાં જોઈએ તો આ કામે જે હેન્ડરાઈટીંગ એક્ષપર્ટને જે સ્યુસાઈડ નોટ અને લખાણને પૃથ્થકરણ માટે મોકલેલ હતુ તેમા પૃથ્થકરણના અંતે સ્યુસાઈડ નોટના લખાણ ભાવનાબેનના કુદરતી લખાણ દવારા મેચ થતા હતા અને સ્યુસાઈડ નોટ ભાવનાબેન દવારા લખેલ હતી અને તે મૃત્યુ પહેલા લખેલ હતી અને આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરી રહી છે તેવુ જણાવેલ હતુ તથા ભાવનાબેનનો વિશેરા રીપોર્ટમાં પણ તેના શરીરમાંથી એસીડની હાજરી મળી આવેલ છે તે જોતા પણ ભાવનાબેન દવારા આરોપીના ત્રાસના કારણે એસીડ પી ગયેલ છે તે હકીકત સાબિત થાય છે તેથી ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળે તેમ નથી. વધુમાં જોઈએ તો એન.ડી.પી.એસ.ના કેસમાં મુદ્દામાલ જે કબજે કરવામાં આવતો હોય છે તેમા

મુદ્દામાલનુ શીલ જે મારવામાં આવે છે તે શીલ જ અગત્યનુ છે અને તે પ્રોપર સીલીંગ અને પેકીંગ થયેલ ન હોય તો તેનો લાભ આરોપીને મળી રહે છે તે નામદાર સુપ્રિમ કોર્ટના સિધ્ધાંતો છે અને તે મેન્ડેટરી જોગવાઈ છે તેથી એન.ડી.પી.એસ. કેસમાં તેનો લાભ મળી રહે છે પરંતુ હાલના કેસમાં મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલેલ છે તેનાથી તે હકીકત સાબિત થતી નથી કે, મુદ્દામાલ સ્યુસાઈડ નોટ તથા ચોપડામાના લખાણ તથા વિશેરા જે લેવામાં આવેલ છે તે ભોગબનનારના નથી તેથી ભોગબનનારને એસીડ પીધેલ છે અને હસ્તાક્ષરો તેના મેચ થતા હોય તેવા સંજોગોમાં ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળતો નથી.

6. **2021 DGLS(Utt.) 404** (Uttarakhand High Court), Praneet Bhati V/s Central Bureau of Investigation

ઉપરોકત સાઈટેશનમાં ઓરીજનલની ઝેરોક્ષ કોપી કરવામાં આવેલ છે તે હકીકત કયાય જણાવવામાં આવેલ નથી અથવા તો આ ઝેરોક્ષ કોપી ઓરીજનલ સાથે કમ્પેર કરવામાં આવેલ છે. જયારે ઓરીજનલ સાથે ડોકયુમેન્ટ કમ્પેર કરવામાં આવેલ છે તેવી કોઈ પોસીબીલીટી નથી ત્યારે આવી ઝેરોક્ષને સેકન્ડરી એવીડન્સ તરીકે માની શકાય નહી. માત્ર ઝેરોક્ષ કોપી ઓરીજનલની છે તેમ માનીને રજુ કરવામાં આવેલ હોય તો તે ઓરીજનલની કોપી છે તેવુ માની શકાય નહી. અથવા તો તે ઓરીજનલ સાથે કમ્પેર કરેલ છે તેવુ કહી શકાય નહી અને આવી ઝેરોક્ષ કોપી પુરાવામાં માન્ય નથી તેવુ નામદાર ઉતરાખંડ હાઈકોર્ટ દવારા પારા – ૩૬ માં ઓબ્જર્વ કરવામાં આવેલ છે. પરંતુ આ સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે હાલના કામે ભાવનાબેન મરણજનારનુ ઓરીજનલ લખાણ ધરાવતી સ્યુસાઈડ નોટ તથા તેના કુદરતી હસ્તાક્ષર વાળો ચોપડો તથા ઝેરોક્ષ સ્યુસાઈડ નોટ તથા કુદરતી લખાણની ઝેરોક્ષ પણ આ કામે રજુ કરવામાં

આવેલ છે માત્ર ભાવનાબેનની સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણવાળા બે કાગળો ઝેરોક્ષ રજુ કરીને ફરીયાદપક્ષ દવારા પોતાનો કેસ સાબિત કરેલ નથી પરંતુ તેની સાથે સાથે અસલ સ્યુસાઈડ નોટ અને કુદરતી લખાણવાળો ચોપડો રજુ રાખેલ છે અને તેને પંચ સાહેદે સમર્થન આપેલ છે અને આ સ્યુસાઈડ નોટના અક્ષરો અને કુદરતી લખાણના અક્ષરો ગુજરનાર ભાવનાબેનના હતા તે એફ. એસ. એલ.ના પૃથ્થકરણ રીપોર્ટમાં સાબિત થયેલ છે તેથી તેવા સંજોગોમાં અસલ સાથે કમ્પેર કરવામાં આવેલ નથી અથવા તો માત્ર ઝેરોક્ષ રજુ કરેલ છે તેથી તે સાબિત થઈ શકે નહી તેવી કોઈ દલીલ ટકવાપાત્ર નથી કારણ કે આ કામે અસલ ડોકયુમેન્ટ તથા ઝેરોક્ષ ડોકયુમેન્ટ રજુ કરેલ છે તથા તેને ફરીયાદપક્ષે સાબિત કરેલ છે.

**7.** **2007(Supp.)** Bom.C.R. **294** (Bombay High Court), Ramkrishna @ Pintu @ Ramkishan & ors. V/s State of Maharashtra

ઉપરોકત સાઈટેશન રજુ કરીને આરોપીના વિ.વ.શ્રી દવારા એવી દલીલ કરવામાં આવેલ છે કે ઈન્કવેસ્ટ પંચનામુ થયુ ત્યા સુધી તથા ફરીયાદ સિવાયના સાહેદોને તેઓને સાંજે ૫:૩૦ કલાકે પુછરછ કરવામાં આવેલ ત્યારે મરણોન્મુખ નિવેદન તથા સ્યુસાઈડ નોટની હકીકત જાહેર કરવાની તક હતી પરંતુ તેમ કરેલ નથી અને ડો. કુચા સાહેદને ત્યા હાલના કેસની વિસંગત હકીકત જાહેર કરેલ છે કે, અકસ્માતે એસીડ ભાવનાબેન પી ગયેલ છે તેથી આ તમામ સંજોગોમાં ફરીયાદ સહીત તમામ સાહેદો સહીત વિશ્વાસ રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. પરંતુ ઉપરોકત સાઈટેશનનો લાભ એટલા માટે આરોપીને મળતો નથી કારણ કે ફરીયાદીને ભાવનાબેન ગુજરનાર દવારા એવી કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી કે, તેમણે તેમની સ્યુસાઈડ નોટ તેમના ઘરના સંચા આગળ મુકેલ છે પરંતુ આ હકીકત ભાવનાબેને જાગૃતીબેનને જણાવેલ છે અને તે વખતે ફરીયાદી

પરેશભાઈ ત્યાં હાજર ન હતા. વધુમાં જોઈએ તો આ મરણોન્મુખ નિવેદન અંગેની હકીકત તેથી સ્વાભાવીક રીતે ફરીયાદીને તેની જાણ હોઈ શકે નહી તથા બીજી રીતે જોઈએ તો બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલુ ત્યારે જાગૃતીબેને સ્યુસાઈડ નોટ રજુ કરેલ હતી અને આ સ્યુસાઈડ નોટ પંચનામાના કામે પંચ રુબરુ કબજે કરેલ છે તથા ફરીયાદપક્ષનો શરૂઆતથી એવો કેસ છે કે, આરોપીના ત્રાસના કારણે ભાવનાબેન દવારા એસીડ પીધેલ છે અને અકસ્માતે શબ્દ ડો. કુચા દવારા છાપેલ ફોર્મમાં આ છાપેલ છે તથા ડો. કુચા સાહેબના મેડીકલ પેપર્સ પરથી સાબિત થાય છે કે, ભાવનાબેન દવારા એસીડ પીવામાં આવેલ છે અને આ એસીડ અકસ્માતે પીધેલ નથી પરંતુ અચાનક આરોપીના ત્રાસના કારણે પી ગયેલ છે અને સ્યુસાઈડ નોટ તથા મરણોન્મુખ નિવેદન જાગૃતીબેનની જુબાનીમા તથા પંચોની જુબાનીમા સાબિત થયેલ છે અને તે હકીકત રેકર્ડ પરની હકીકત પરથી સાબિત થયેલ છે તેવા સંજોગોમાં ઉપરોકત સાઈટેશનનો લાભ મળી શકે નહી.

8. **2014 DGLS(Ori.) 372** (Orissa High Court), Bishnu Dakua V/s State of Orissa

ઉપરોકત સાઈટેશનમાં જો સમય મર્યાદામાં મુદ્દામાલ જે કબજે કરવામાં આવેલ છે તેને ત.ક.અ. દવારા સીલ કવર કરવામાં આવેલ હતો પરંતુ પૃથ્થકરણ કરવા માટે તે મોડો મોકલવામાં આવેલ હતો પરંતુ તેનુ ડીલે માટેનુ કોઈ કારણ જણાવવામાં આવેલ ન હતુ ત.ક.અ. દવારા જે કોઈપણ મુદ્દામાલ કબજે કરવામાં આવે છે તે તાત્કાલીક તેને સીલ કરીને પૃથ્થકરણ માટે મોકલવા માટેના પગલા ભરવા જોઈએ તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને સીલ ન તુટે તેની કાળજી રાખવાની હોય છે પરંતુ આવા કોઈ પ્રીકોશન લેવામાં આવેલ ન હોય તો કોર્ટ રીલાઈન્સ કરી શકશે નહી કે આવો મુદ્દામાલ લેતા પહેલા સીલ કરવાની કાળજી લેવામાં આવેલ હતી. પરંતુ

ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી કારણ કે અગાઉ ચર્ચા કરી તે મુજબ વિશેરાનો રીપોર્ટ કરવામાં આવેલ ત્યારે ભાવનાબેનના શરીર પરથી જે સેમ્પલ લેવામાં આવેલ છે તે તથા હેન્ડરાઈટીંગ એક્ષપર્ટના ઓપીનીયન માટે સ્યુસાઈડ નોટ અને લખાણ મોકલી આપેલ છે તે તમામમાં ગુજરનારના જ હસ્તાક્ષરો સ્યુસાઈડ નોટમાં મળી આવેલ છે અને તે કુદરતી લખાણ સાથે મેચ થયેલ છે તથા વિશેરાના સેમ્પલમા પણ એસીડની હાજરી જોવા મળેલ છે તેથી તેવા સંજોગોમાં માત્ર પંચ વિટનેશની જુબાની પર આધાર રાખી મુદ્દામાલ સીલ થયેલ ન હતો તેવુ સાબિત થઈ શકે નહી અથવા તો મેડીકલ હોસ્પિટલના શીલ પોલીસ પાસે હતા અને તે સેમ્પલો મોડા જાણી જોઈને મોકલેલ હતા તેવી હકીકત સાબિત થઈ શકે નહી.

9. **2021** DGLS(M.P.) **349** (Madhya Pradesh High Court), Pappu alias Dayaram V/s State of Madhya Pradesh

ઉપરોકત સાઈટેશનમાં મરણોન્મુખ નિવેદનમાં જે હકીકતો જણાવેલ હતી તે પોલીસ રુબરુ જાહેર કરવામાં આવેલ ન હતી અને પાછળથી તે જણાવવામાં આવેલ હતી તથા અગાઉ તેણે આ શા માટે જણાવેલ ન હતુ તેનુ કોઈ એક્ષ્પ્લેનેશન આપવામાં આવેલ ન હતુ તેથી આવી જુબાનીના આધારે અથવા નિવેદન આધારે કન્વીકશન કરી શકાય નહી તેવુ જણાવેલ છે. પરંતુ ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં કે પોતાની જુબાનીમાં જણાવેલ ન હતુ કે ભાવનાબેને જાગૃતીબેનને જણાવેલ હતુ કે સંચા આગળ સ્યુસાઈડ નોટ મુકેલ છે કારણ કે આ હકીકત તેઓએ એટલા માટે જણાવેલ નથી કે ભાવનાબેને પોતે સદરહું સાહેદ ફરીયાદીને જણાવેલ નથી કે, તેમણે ઘરમાં સંચા આગળ આ સ્યુસાઈડ નોટ મુકેલ છે અને આ હકીકતની જાણ તેમને રેકર્ડ પરથી સાબિત થાય છે કે, પાછળથી થયેલ છે અથવા તો પંચનામા

વખતે થયેલ છે અને પંચનામા વખતે આ સ્યુસાઈડ નોટ રજુ રાખેલ છે તથા આરોપીના ત્રાસના કારણે ભાવનાબેને આત્મહત્યા કરેલ છે તેવુ રેકર્ડ પરથી સાબિત થતુ હોય તેવા સંજોગોમાં તથા ભાવનાબેને ફરીયાદીને જણાવેલ નથી કે સ્યુસાઈડ નોટ ઘરના સંચા આગળ મુકેલ છે તેથી આ હકીકત એફ. આઈ. આર. અને ફરીયાદમાં હોઈ શકે નહી અને તેનુ એક્ષ્પ્લેનેશનુ કારણ કોઈ શકે નહી તેથી ઉપરોકત હકીકત આધારે આરોપીને તેનો લાભ મળી શકે નહી.

**10. 2002 BCI 151** (Bombay High Court), State of Maharashtra V/s Prakash Sakha & Anr.

ઉપરોકત સાઈટેશન રજુ કરીને આરોપીના વિ.વ.શ્રી જણાવે છે કે, ગુનાની જાણકારી પોલીસને આપ્યા પછી કોઈ પ્રીલીમનરી ઈન્કવાયરી કરવામાં આવેલ હોય અને ફરીયાદ આપવામાં આવેલ હોય તો પુરાવો ઉભો કરવા માટેની સગવડ કરી આપેલ છે તો તેના આધારે આરોપીની સ્ટોરી તથા તેનો આક્ષેપ આધારે આરોપીને સજા કરી શકાય નહી. ઉપરોકત સાઈટેશનનો લાભ આરોપીને મળી શકે તેમ નથી કારણ કે, ફરીયાદપક્ષનો શરૂઆતથી કેસ એવો છે કે, આરોપી પ્રેમ સબંધ બાંધવા માટે મૃતક ભાવનાબેનને માનસીક ત્રાસ આપતો હતો અને તેના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો તથા આરોપીની ઓડીયો કલીપની સીડી એનેક્ષર – એ થી રજુ કરેલ છે તેમા પણ આરોપી ભાવનાબેનને વાતો કરવા માટે તથા મળવા માટે બહાર બોલાવતો હતો અને જો તેમ ન કરે તો તેને ઘરે આવી ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને તેનુ નુકશાન ભાવનાબેનને થવાનુ હતુ તેવી ધમકી આપતો હતો તથા ભાવનાબેનને હેરાન પરેશાન કરતો હતો તે બાબતે ભાવનાબેને તથા રમેશભાઈએ પો.સ્ટે.માં અરજી કરેલી તેથી આરોપીએ રમેશભાઈને રસ્તામાં તેના મિત્રને મદદ લઈને છરી અને લાકડી વડે માર મારેલો તેની ફરીયાદ રમેશભાઈએ મહુવા

પો.સ્ટે.માં કરેલ હતી અને તે પછી પણ આરોપી સાગર સુધરેલ નહી તેથી તેના કારણે ભાવનાબેને આત્મહત્યા કરતા પહેલા સ્યુસાઈડ નોટ લખેલી અને તેમા મૃત્યુનુ કારણ આરોપીએ તેને જીવવા જેવી રહેવા દીધેલ નહી અને આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરી રહેલ છે તેવુ જણાવેલ છે. આરોપીએ મરણનારના ભાઈઓને મારી નાખવાની ધમકી આપેલી અને ત્યારબાદ આ સ્યુસાઈડ નોટ તેમણે ઘરના સંચા આગળ મુકીને વહેલી સવારે પાંચ વાગ્યે એસીડ પી ગયેલ અને આત્મહત્યા કરેલી અને સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ તેવા સંજોગોમાં પોલીસે ફરીયાદ મોડી રજીસ્ટર્ડ કરેલ છે કારણ કે, સવારે ૮:૫૦ કલાકે ડો. કુચા સાહેબની દવાખાનામાં તેનુ મૃત્યુ થયેલ છે તે જાહેર થયેલ હતુ અને તેની જાણ પોલીસને મેડીકલ ઓફીસર દવારા કરવામાં આવેલ હતી તે પછી ઈન્કવેસ્ટ પંચનામુ પોલીસ દવારા ૧૧ વાગ્યાના સુમારે કરવામાં આવેલ હતુ અને તે પછી ફરીયાદ નોંધવામાં આવેલ હતી તો તેવા કારણોસર બનાવનુ કારણ ઉભુ કરવા માટે કે બનાવ પાછળથી ઉભો કરવા માટે કે આરોપીને ખોટી રીતે સંડોવવા માટે કે સ્યુસાઈડ નોટ ખોટી રીતે ઉભી કરેલ છે તેના માટે મોડી ફરીયાદ કરેલ છે અથવા તો ખોટા પુરાવા ઉભા કરવા માટે મોડી ફરીયાદ કરેલ છે તેવુ કહી શકાય નહી કે સાબિત થઈ શકે નહી કારણ કે સવારે પાંચ વાગ્યે ભાવનાબેન દવારા આત્મહત્યા કરેલ છે તે હકીકત સવારે ૫:૩૦ વાગ્યે મેડીકલ ઓફીસર રુબરુ આવી ગયેલ છે અને તે ફરીયાદપક્ષે સાબિત કરેલ છે અને આરોપીને સંડોવવા મોડી ફરીયાદ કરેલ છે અથવા ખોટા પુરાવા ઉભા કરવા માટે પાછળથી ફરીયાદ લીધેલ છે તેવો કોઈ બચાવ ટકી શકે નહી તથા ભોગબનનારે એસીડ પીધેલ છે તે અંગેનો પુરાવો પાછળથી કોઈપણ સંજોગોમાં ઉભો કરી શકાય નહી તથા એસીડ પીધાની હકીકત એફ. એસ. એલ. રીપોર્ટ પરથી સાબિત થયેલ છે તથા સ્યુસાઈડ નોટ માનુ લખાણ સાબિત થયેલ છે અને સ્યુસાઈડ નોટમાં

આરોપીના ત્રાસના કારણે તે આત્મહત્યા કરેલ છે તે હકીકત સ્યુસાઈડ નોટ લખતા પહેલા સ્યુસાઈડ નોટમાં જણાવેલ હોય તેથી આવો કોઈપણ પુરાવો પાછળથી ઉભો થઈ શકે તેમ નથી તેથી આરોપીનો આવો બચાવ અને સાઈટેશનનો લાભ મળી શકે તેમ નથી.

૭૨. ફરીયાદપક્ષના એ.પી.પી.શ્રી દવારા પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના સાઈટેશન રજુ રાખેલ છે.

1. Bharwada Bhoginbhai Hirjibhai V/s State of Gujarat, 1983(0) aijel-sc-3468

ઉપરોકત સાઈટેશનનો લાભ ફરીયાદપક્ષને એટલા માટે મળી રહે છે કારણ કે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા એવુ ઓબ્જર્વ કરવામાં આવેલ છે કે, માઈનોર ડીશ્ક્રીપન્સી કોર્ટે જોવાની રહેતી નથી. કારણ કે મોટા ભાગના સાક્ષીઓ પાસેથી કોઈ એવી અપેક્ષા રાખી શકાય નહી કારણ કે તેમની પાસે ફોટોગ્રાફી મેમરી છે અને બનાવની સંપુર્ણ વિગતો તેઓ રીકોલ કરી શકે અને તે એવી કોઈ વસ્તુ નથી કે, માનસીક સ્ક્રીન ઉપર તે વિડીયો ટેપ રીપ્લે કરી શકાય તથા વ્યકિતએ વ્યકિતએ ઓબ્જર્વેશનનો પાવર જુદો જુદો હોય છે અને કોઈ વ્યકિત કોઈ વસ્તુને નોટીસ કરે અને ન પણ કરે અને કોઈ વસ્તુ અથવા મુવમેન્ટની હકીકત કોઈ વ્યકિત પોતાના મનમાં ઈમેજ સ્વરૂપે કરે પણ ખરો અને ન પણ કરે તથા કોઈ વ્યકિત પાસેથી એવી અપેક્ષા રાખી શકાય નહી કે તે બનાવને રીપ્રોડયુશ અથવા તો તેનુ કન્વર્જન રીકોલ તે પ્રમાણે કરે જે તેણે સાંભળેલ હોય અને બનાવમાં યુઝ થયેલા હોય તથા એકઝેટ ટાઈમ તેનો ડયુરેશન બનાવનો તથા આ બધી હકીકતો વ્યકિતઓ પોતાના અનુમાનના આધારે તપાસ દરમ્યાન જણાવતા હોય છે. તેથી કોઈપણ વ્યકિત પાસેથી ટુંકમાં અને રીલાયેબલ હકીકતો જણાવવા માટેની અપેક્ષા રાખી

શકાય નહી. ઉપરોકત સાઈટેશનમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ઓબ્ર્જવેશન કરવામાં આવેલ છે તે હાલના કેસને લાગુ પડે છે અને જે કોઈપણ માઈનોર ડીસ્ક્રીપન્સી સાહેદોના પુરાવામાં અને ત.ક.અ.ના પુરાવામાં ખામી રહેલ છે તેનાથી કેસ ફેટલ થતો નથી અને અક્ષરશ:ની જુબાની કોઈપણ સાક્ષી પાસે અપેક્ષા રાખી શકાય નહી તેથી તેવા સંજોગોમાં ઉપરોકત સાઈટેશનનો લાભ ફરીયાદપક્ષને મળી રહે છે.

2. State of Himachal Pradesh V/s Lekh Raj And Another, **(2000)1 SCC 247**

ઉપરોકત સાઈટેશન રજુ રાખીને ફરીયાદી તરફે એ. પી. પી. શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, માઈનોર ડીશ્ક્રીપન્સી પુરાવામાં આવતી હોય તો તેના કારણે કેસ ફેટલ થતો નથી અને નોર્મલ કોર્ષમાં હ્યુમન કન્ડકટ જો એવી હોય કે તે બનાવની હકીકતોને સમર્થન આપતો હોય તો આવી માઈનોર ડીસ્ક્રીપન્સી જોવાની રહેતી નથી અને જો પોપટની જેમ સ્ટેટમેન્ટ આપેલ હોય તો કોર્ટે તે જોવાનુ રહેતુ નથી. હાલના કેસમાં પણ માઈનોર ડીસ્ક્રીપન્સી ત.ક.અ.ની ઈન્વેસ્ટીગેશનમાં હોય કે તેની જુબાનીમાં હોય કે બીજા સાક્ષીઓની જુબાનીમાં આવતી હોય તો તેના આધારે કેસ ફેટલ થતો નથી તથા વધુમાં જોઈએ તો આ કામે કોઈ મેજર ડીસ્ક્રીપન્સી ફરીયાદપક્ષના પુરાવામાં જણાઈ આવતી નથી. વધુમાં જોઈએ તો ફરીયાદપક્ષે નિ:શંકપણે એ હકીકત સાબિત કરેલ છે કે, આરોપીના ત્રાસના કારણે ગુજરનાર ભાવનાબેને એસીડ પીને આત્મહત્યા કરેલ છે અને આત્મહત્યા કરતા અગાઉ તેણે સ્યુસાઈડ નોટ લખેલ હતી જે પંચનામા દરમ્યાન ત.ક.અ. દવારા કબજે કરવામાં આવેલ હતી અને તેના લખાણો એફ. એસ. એલ.માં મોકલવામાં આવેલા અને પૃથ્થકરણના અંતે મરનારના અક્ષરો સ્યુસાઈડ નોટમાં જણાય આવેલ હતા અને

સ્યુસાઈડ નોટનુ લખાણ અને કન્ટેન્ટ સાબિત કરવામાં આવેલ છે અને તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપી માથાભારે હતો અને મરણજનારને વારંવાર ધાક ધમકીઓ પ્રેમ સબંધ રાખવા માટે અને વાતો કરવા માટે આપતો હતો અને તેણી તેમ ન કરે તો તેના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને તેણીનુ રેકોર્ડીંગ તેના મોબાઈલમાં કરી રાખેલ હતુ અને બદનામ કરી નાખેલ હતી અને આ હકીકત એફ. એસ. એલ.ના પુરાવામાં આંક–૧૨૯ ની સીડી માંથી જે ઓડીયો આરોપીનો સેવ કરેલ હતો તેનુ પૃથ્થકરણ કરવામાં આવેલ હતુ તેના પરથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપી વારંવાર પ્રેમ સબંધ બાંધવા માટે ધમકીઓ આપતો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલતો હતો અને ઝઘડો કરવાની ધમકી આપતો હતો અને રમેશભાઈ અને ભાવનાબેન દવારા જે અરજીઓ પો.સ્ટે.માં અરજીઓ આપેલ હતી તેને ત.ક.અ.એ સમર્થન આપેલ છે તેને સમર્થન આપેલ છે તેથી તેવા તમામ સંજોગોમાં આરોપીના ત્રાસના કારણે મરણજનાર ભાવનાબેન મરવા મજબુર થઈ ગયેલા અને તેના કારણે તેણીએ એસીડ પીને આત્મહત્યા કરેલ છે. તેથી ઉપરોકત સંજોગોમાં ઉપરોકત સાઈટેશનનો લાભ ફરીયાદપક્ષને મળી રહે છે.

૪૩. હાલના કામે ફરીયાદપક્ષ દવારા એ હકીકત સાબિત કરવામાં સફળ રહેલ છે કે, આરોપી ભોગબનનારને તેની સાથે પ્રેમ સબંધ રાખવા માટે અને વાતો કરવા માટે ધાક ધમકી આપતો હતો અને જો તે વાત ન કરે તો તેના ભાઈઓને તેણે મારી નાખવાની ધમકી આપેલ હતી તથા મોબાઈલમાં આરોપી સાગરે બધુ રેકોર્ડીંગ કરી રાખેલ હતુ તથા આરોપીએ તેણીને જીવવા જેવી રાખેલ ન હતી અને તેણીને મરવા માટે મજબુર કરેલ હતી અને આરોપીના ત્રાસથી કંટાળીને તેણે આત્મહત્યા કરેલ છે અને આત્મહત્યા કરવા માટે તેણે એસીડનો આશરો લીધેલ હતો અને એસીડ પી

ગયેલી અને તેના કારણે તેણીને સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે અને મરતા અગાઉ તેણીએ જે સ્યુસાઈડ નોટ લખેલ હતી તે સ્યુસાઈડ નોટના કન્ટેન્ટ ફરીયાદપક્ષ દવારા સાબિત કરેલ છે અને તેમા પણ આરોપીએ તેણીને મરવા મજબુર કરેલ છે અને તેના કારણે આત્મહત્યા કરેલ છે અથવા કરી રહેલ છે તેવુ સ્પષ્ટ જણાવેલ છે અને આ હકીકતો સ્યુસાઈડ નોટમાના હસ્તાક્ષરો અને કુદરતી લખાણ જે ચોપડામાં લખેલ હતુ તેના હસ્તાક્ષરો એફ. એસ. એલ. અભિપ્રાયના રીપોર્ટમાં ગુજરનાર ભાવનાબેનના જ હતા તેવુ સાબિત થયેલ છે તથા વિશેરા રીપોર્ટમાં પણ ગુજરનાર ભાવનાબેનના શરીરમાંથી એસીડની હાજરી મળી આવેલ છે જે પુરાવામાં કોઈ જ ફેરફાર થતો નથી કે જેના કારણે ફરીયાદપક્ષ પાછળથી ઉભો કરી શકે અથવા તો બદલી શકે અને સ્યુસાઈડ નોટમાનુ લખાણ પણ ઉભુ કરી શકે અને આ હકીકત ફરીયાદપક્ષ દવારા સાબિત કરવામાં આવેલ છે અને મરતા અગાઉ અથવા તો આપઘાત કરતા અગાઉ મરણજનાર ભાવનાબેને સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીના ત્રાસના કારણે તે આત્મહત્યા કરુ છુ પણ કાતીલને કોઈ દી છોડતા નહી બને તો ફાંસી આપજો સાગર ગોહીલના લીધે હુ આત્મહત્યા કરુ છુ તેવા જયારે સ્પષ્ટ શબ્દો સ્યુસાઈડ નોટ આંક-૧૯ માં રજુ કરેલ હોય અને તેની સાથે સાથે જે કુદરતી લખાણનો ચોપડો છે તેમા અસલ સ્યુસાઈડ નોટ પણ રજુ કરેલ હોય અને તેને પણ સમર્થન આપેલ હોય અને તે આ આંક-૧૯ નુ લખાણ છે તે રેકર્ડ પરથી સાબિત થાય છે તેથી મૃત્યુ અગાઉ જો ગુજરનાર ભાવનાબેન સ્યુસાઈડ નોટ લખીને આરોપીના ત્રાસના કારણે આત્મહત્યા કરી રહેલ છે તેવુ જણાવતા હોય તો આ સ્યુસાઈડ નોટ ન માનવા માટે કોઈ કારણ જણાતુ નથી અને તેના કન્ટેન્ટ પણ ફરીયાદપક્ષે સાબિત કરેલ હોય તેવા સંજોગોમાં મૃત્યુ કે આપઘાત અગાઉ આરોપીના ત્રાસના કારણે તેણે આત્મહત્યા કરેલ છે અને તેને મરવા માટે મજબુર કરી દીધેલ

છે તેવી પણ હકીકતો જો સાબિત થતી હોય તેવા સંજોગોમાં તથા આરોપીએ તેણીના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી તેથી તેણીની સતત ભયના ઓથાર નીચે જીવતી હોય અને ડરથી જીવતી હોય તેવુ પણ જણાય છે. કારણ કે તેણે પોતાની સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીએ બધુ તેનુ રેકોર્ડીંગ કરી લીધેલ છે અને તેણીને બદનામ કરી દીધેલ છે અને ઘરમાં કોઈને કહીશ તો મારી નાખીશ તેવી ધમકી આપેલ હતી તેથી તેણી બી ગયેલ હતી. આમ સ્યુસાઈડ નોટના કન્ટેન્ટ પરથી પણ મરણજનાર ભાવનાબેન સતત ડરમાં અને ભયના કારણે આરોપીની ધમકીથી જીવતી હતી અને તેના કારણે તેણે આત્મહત્યા કરેલ છે તેવી સ્પષ્ટ હકીકતો જયારે રેકર્ડ પર ફરીયાદપક્ષ સાબિત કરવામાં સફળ થયેલ હોય તેવા સંજોગોમાં આરોપી સામે ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) નો ગુનાના તત્વો પણ ફરીયાદપક્ષ સાબિત કરવામાં સફળ થયેલ છે. વધુમાં જોઈએ તો આરોપીએ સતત ધમકીઓ આપીને ગુજરનાર ભાવનાબેનને મરવા માટે મજબુર કરી દીધેલ છે અને તેમ કરીને ભાવનાબેનને મરવા માટે સતત તેણે ઉશ્કેરણી કરેલ છે તે હકીકત પણ રેકર્ડ પરથી સાબિત થાય છે અને તેના કારણે ભાવનાબેને મૃત્યુ અગાઉ સ્યુસાઈડ નોટ લખીને ઘરના સંચા આગળ મુકેલ હતી અને ત્યારબાદ તેણીએ એસીડ પીને આત્મહત્યા કરેલ હતી અને સારવાર દરમ્યાન મરણ ગયેલ હતી. આમ, ઈ. પી. કો. કલમ – ૩૦૬, ૫૦૬(૨) ના તત્વો ફરીયાદપક્ષ દવારા રેકર્ડ પરની હકીકત પરથી નિ:શંકપણે સાબિત કરેલ છે.

૪૪. આ કામે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો ગુન્હો કરેલ હોય તે બાબત પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ ગયેલ હોય, જેથી મુદ્દા નં.–૧ નો નિર્ણય ''**હકારમાં**'' આપી મુદ્દા નં .–૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપી સાગરભાઈ મગનભાઈ ગોહીલનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હાઓ માટે દોષીત ઠરાવવામાં આવે છે.

૨. વધુમાં ઉપરોકત ગુન્હા સબબ આરોપીને સજા અંગેનો નિર્ણય કરતા પહેલા સજા અંગે સાંભળવા કાયદા મુજબ આવશ્યક હોય આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦'મી–માર્ચ, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મહુવા.
તા.૩૦–૦૩–૨૦૨૪

**(દિવ્યાંગ સી. ત્રિવેદી)**
એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર એટ મહુવા.
**કોડ નં.જીજે–૦૦૫૮૩**

## <u>સજા અંગે સાંભળ્યા</u>

સૌપ્રથમ આરોપી તરફે તેમના વિ.વ.શ્રી ડી.જે.દસાડીયાને સાંભળતાં તેઓએ જણાવેલ છે કે, રેકર્ડ પરથી સ્પષ્ટ છે કે, આ કીસ્સો તહોમતદાર અને મરનાર વચ્ચે લવ અફેરનો હતો અને છેલ્લા ત્રણ–ચાર મહીનાથી મરનારના કહેવાથી બંને વચ્ચે કોઈપણ પ્રકારનો વ્યવહાર થયેલ ન હતો. ત્યારબાદ મરનાર તેના ઘરે જ હતા. આ મોત બાબતે આરોપી કાઈ કહી શકે તેવી સ્થિતીમાં નથી. આરોપીએ લગ્ન પણ કરેલા છે, તેની પત્નિ અને બે બાળકો છે જેમા એક દિકરી તેની ઉંમર ૬ વર્ષ અને એક દિકરો ૪ વર્ષનો છે. હાલના બનાવ પછી તેની પત્નિ બાળકો સાથે પીયર જતી રહેલ છે અને તેના સસરા જ પુરુ કરે છે તથા આરોપી ૩૫ મહીનાથી જેલમાં તેની સજામાં જે કોઈપણ વધારો થાય તે તેના સસરા ઉપરની જવાબદારી અને પત્નિ અને બાળકો ઉપર અસર થાય તેવા પ્રકારનો છે. તે સંજોગોની અંદર મરનાર તથા તહોમતદારના લવ અફેરને ધ્યાને લઈ તહોમતદારને ઓછામાં ઓછી સજા થવી જોઈએ અને લગભગ ત્રણ વર્ષથી જેલમાં છે અને પત્નિ તથા બાળકોની હવે થનાર સ્થિતીને ધ્યાને લઈ તેને ભોગવેલ સજા કરવા અરજ કરેલ છે અને દયા કરવા અરજ કરેલ છે.

જયારે પ્રોસી.પક્ષના સ્પે. પી.પી. શ્રી એમ.આર.જોષીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ગુજરનાર ભાવનાબેનનુ મૃત્યુ આરોપીની ધાક ધમકીના કારણે થયેલ છે. આરોપી પરણીત અને બે સંતાનોનો પિતા હોવા છતાં કુવારી દિકરીને આત્મહત્યા કરવા પ્રેરણા આપેલ છે. આ સંજોગોમાં કાયદામાં ફરમાવેલ મહતમ સજા કરવા અરજ કરેલ છે.

ઉપરોકત વિગતે બંને તરફેની રજૂઆત સાંભળ્યા તેમજ રજુઆત જોતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપી સામે ફરીયાદપક્ષ પોતાનો કેસ

નિ:શંકપણે પુરવાર કરેલ છે આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ જે રીતે સમાજમાં દિનપ્રતિદીન ઉતરોતર વધતુ જોવા મળે છે તથા આરોપીએ લગ્ન કરેલ હોવા છતાં અને બે બાળકોનો પિતા હોવા છતાં આરોપીએ મરણજનારની સાથે વાત ન કરે તો અને પ્રેમ સબંધ ન રાખે તો અવાર નવાર તેના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ છે અને તે ત્રાસ સહન ન થતા આ કામે મરનાર ભાવનાબેનને એસીડ પીને આપઘાત કરેલ છે અને તેના કારણે તેણીને અસહ્ય પીડા થયેલ છે તેનુ શબ્દોમાં કોઈ વર્ણન થઈ શકે તેમ નથી જે સારવારના મેડીકલ પેપર્સ અને એફ. એસ. એલ.ના પૃથ્થકરણના રીપોર્ટ ઉપરથી જણાય છે તેથી તેવા સંજોગોમાં આરોપીનો ગુનો જરાપણ હળવાશથી લઈ શકાય નહી અને આવા ગુનામાં તેને જરા પણ માફ કરી શકાય નહી. આમ તમામ હકીકતને ધ્યાને લેતા આ કેસ સબબ સમાજમાં પણ આવા ગુન્હાહીત માનસીકતા ધરાવતા વ્યકિત સુધી સંદેશો પહોચે અને આવા પ્રકારના બનાવો સમાજમાં બનતા અટકે તે લક્ષમાં રાખી તથા આરોપીના કૃત્ય સબબ તેને યોગ્ય શિક્ષા મળે તે ધ્યાનમાં રાખી હાલના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬, ૫૦૬(૨) મુજબનો ગુનો ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય અને આ ગુન્હાની સજાનો પ્રશ્ન છે ત્યાં સુધી બનાવના સ્વરૂપ, સંજોગો તથા આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગને ધ્યાને લઈ આ ગુન્હા સંદર્ભે પણ આખરી હુકમ મુજબ સજા અંગે નિર્ણય કરેલ છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

૧. આ કામના આરોપી સાગરભાઈ મગનભાઈ ગોહીલનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૬ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૧૦(દશ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને રૂા.૧,૨૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ

વીસ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૬(છ) માસની સખત કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી સાગરભાઈ મગનભાઈ ગોહીલનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૬(૨) મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૬(છ) માસની સખત કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે મરણજનાર ભાવનાબેનને થયેલ શારીરીક અને માનસીક વ્યથા સબબ સી.આર.પી.સી. કલમ – ૩૫૭ અન્વયે રૂા.૧,૩૦,૦૦૦/– ની દંડની રકમમાંથી ફરીયાદીને રૂા.૧,૦૦,૦૦૦/– નું વળતર ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સી.આર.પી.સી.ની કલમ – ૪૨૭ અન્વયે આરોપીને કરવામાં આવેલ ઉપરોકત તમામ સજાઓ મુખ્ય ગુન્હાની સજા સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સી.આર.પી.સી.ની કલમ – ૪૨૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહયા છે તેટલો સમય ઉપરોકત સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીનું સજા વોરંટ તૈયાર કરી જેલ ઓથોરીટી તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૭. આ કામે કબજે કરવામાં આવેલ બિનકીંમતી મુદૃામાલનો અપીલ પીરીયડ બાદ નાશ કરવો.

૮. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલોની કાયદેસરની પ્રક્રીયા કરી હરાજી કરી તેની રકમ સરકારમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૯. સી.આર.પી.સી. ની કલમ – ૩૬૩(૧) અન્વયે હાલના કેસના ચુકાદાની એક નકલ વિના મુલ્યે આરોપીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૩૦'મી–માર્ચ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વં ાચી, સંભળાવી જાહેર કર્યો.

મહુવા.
તા.૩૦–૦૩–૨૦૨૪

**(દિવ્યાંગ સી. ત્રિવેદી)**
એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર એટ મહુવા.
કોડ નં.જીજે–૦૦૫૮૩

HRC